વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
ફેબ્રુઆરી - ૨૦૧૮
અંક : ૪૭૭

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૮૦ )

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



A NAVNEET PRODUCT
EVERYBODY HAS IDEAS.
HERE'S ALL YOU NEED TO GIVE THEM SHAPE.
Ask for the cool range of Youva stationery at a bookstore near you.
TEMPERA COLOURS PACK OF 6
COLOUR PENCIL REGULAR 24
PROTRACTOR PACK OF 10
RULER 30 CM PACK OF 10
OIL PASTELS PACK OF 50
REGULAR PLASTIC CRAYONS PACK OF 15
youva
ART of being COOL

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

# ફેમિલી-રિલેશન વિષયક અણમોલ પુસ્તકો

| | | |
|---|---|---|
| સાસુ-વહુ.કોમ | નીલમ દોશી | 200 |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| માય ડિયર સન (પત્રો) | ડૉ. રેણુકા પટેલ | 165 |
| રળિયામણા રિલેશન્સ | રોહિત શાહ | 150 |
| જિંદગી ના મિલેગી દોબારા | રોહિત શાહ | 150 |
| વહાલો દીકરો | રોહિત શાહ | 30 |
| વહાલી દીકરી | રોહિત શાહ | 30 |
| વહાલો દોસ્ત | રોહિત શાહ | 30 |
| વહાલા પપ્પા | રોહિત શાહ | 30 |
| એવરી-ડે, પૅરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 200 |
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 250 |
| પારિવારિક પ્રીત : આપણું લોકગીત | સંપા. ડૉ. ઇન્દુ પટેલ | 250 |
| સંબંધોનું આકાશ | શરીફા વીજળીવાળા | 100 |
| સંબંધોની સૃષ્ટિમાં | ઊર્મિલાબહેન શાહ | 100 |
| સુખ-સંબંધનું સરનામું | શશિકલા જોષીપુરા | 85 |
| પરિવારની પારાયણ | રાજપરમેશ્વર | 120 |
| મૂંઝવતું કુટુંબ | હરભાઈ ત્રિવેદી | 100 |
| કોઈએ નહોતું કીધું | હરભાઈ ત્રિવેદી | 45 |
| દીકરી મારી દીકરા કરતાં સવાઈ | – | 50 |
| જીવનયાત્રા | જય ઓઝા | 90 |
| સંબંધયાત્રા | જય ઓઝા | 90 |
| સમજણ | મનહર ઓઝા | 50 |
| પરિવાર | મનહર ઓઝા | 50 |
| ગેરસમજ | મનહર ઓઝા | 50 |
| જીવનસાથી | મનહર ઓઝા | 50 |

## માતૃમહિમા વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| મા એ મા | સંપા. રતિલાલ બોરીસાગર | 200 |
| મહાતીર્થ : મા | સંપા. મુનિ ભુવનહર્ષવિજયજી | 150 |
| મા | સંપા સુબોધભાઈ બી. શાહ | 100 |
| પહેલો અક્ષર - મા | સંપા. હિમાંશી શેલત | 100 |
| વહાલી મમ્મી | સંપા. રોહિત શાહ | 25 |
| શતરૂપા | સંપા. શરીફા વીજળીવાળા | 250 |
| બાની વાતું | શરીફા વીજળીવાળા | 80 |

## દામ્પત્યજીવન વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| હૈયાંનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |
| દામ્પત્યસાધના | ઊર્મિલા શાહ | 150 |
| ગીત ગાવું તો પ્રીતનું ગાવું | સંપા. રમેશ સંઘવી, સત્યમુનિ | 150 |
| પુરુષ એક સૅન્ડવીચ | રીકિન શાહ | 100 |

## વૃદ્ધાવસ્થા વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| જીવનસંધ્યાનાં તિમિર અને તેજ | ઊર્મિલા શાહ | 110 |
| અકાળે અસ્ત શા માટે ? | મૃદુલા માત્રાવાડિયા, રાવજી સવાણી | 70 |
| વૃદ્ધત્વની સમસ્યા | હિતેશકુમાર પટેલ | 125 |
| વૃદ્ધજનો માટે ચાર 'વેઈકપ કૉલ'ને બાર સંકલ્પ | દોલતભાઈ દેસાઈ | 20 |
| ચાલો, વૃદ્ધાવસ્થાને આવકારીએ ને... | દોલતભાઈ દેસાઈ | 125 |
| પાછલી વયે | મનહર ઓઝા | 50 |

## બાળઉછેર-બાળઘડતર વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| અવર ચાઈલ્ડ, અવર ચૅલેન્જ | ઊર્મિલા શાહ | 180 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં | ઊર્મિલા શાહ | 160 |
| બાળકને ઉછેરતાં શીખીએ | ઊર્મિલા શાહ | 150 |
| સંતાનને પણ કંઈક કહેવા દો | ઊર્મિલા શાહ | 150 |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી | ઊર્મિલા શાહ | 160 |
| સંતાનનું ઘડતર – એક સાધના | ઊર્મિલા શાહ | 110 |
| બાળકને ઓળખીએ | ઊર્મિલા શાહ | 90 |
| બાળકને સમજીએ (ઇનામી) | ઊર્મિલા શાહ | 150 |
| મા-બાપ સાથે ગોષ્ઠી | ઊર્મિલા શાહ | 125 |
| સંતાનોની સમસ્યાઓ | ઊર્મિલા શાહ | 160 |
| બાળપુષ્પોને મહેકવા દો | ઊર્મિલા શાહ | 170 |
| વડીલો સાથે વાતચીત | ઊર્મિલા શાહ | 150 |
| કિશોરોનું મનોરાજ્ય | ઊર્મિલા શાહ | 85 |
| બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| બાળઘડતરની પ્રયોગશાળા | હસમુખ પટેલ | 100 |
| સંતાન ઘડતરના પડકારો | બેલા ઠાકર | 110 |
| કિડ્સ-કેર | રોહિત શાહ | 100 |
| બાળઉછેરની મૂંઝવણો નિષ્ણાતોની નજરે | સંપા. ડૉ. આરતી મહેતા | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- તંત્રી લેખ ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૨

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**
- કાઠી કાઠી જે ભાર સેં ઝૂરી પોંધી ..... દુલેરાય કારાણી ..... ૮

**કચ્છી કથા**
- જાડેજા વંશની શરૂઆત ..... સ્વામી સચ્ચિદાનંદ ..... ૧૧

**કચ્છ વિશેષ**
- કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની પરિસ્થિતિ ..... અશોક મહેતા ..... ૧૩

**ધારાવાહિક નવલકથા**
- છોરાંવછોઈ – (૧૬) પોતાના રૂપથી નફરત ..... હંસરાજ સાંખલા ..... ૧૬

**વાર્તા**
- હીંચકો ..... પારૂલ ખખ્ખર ..... ૧૯

**પર્યાવરણ**
- પર્યાવરણ જાળવણીના શપથ લો ..... ૨૨
- પૃથ્વી બચાવવા હું શું કરીશ? ..... ફાલ્ગુન ભાભર ..... ૨૫

**કૃષિ વિશેષ**
- ગુજરાતમાં ખેતીનો વિકાસ ..... પ્રો. ડૉ. લુબના શેખ ..... ૨૬

**સમાજ ધર્મ**
- 'રાષ્ટ્રકથા'માં શહીદોના પરિવારોને સન્માન અને પુરસ્કાર ..... સંકલિત ..... ૩૦

**સમાજ ચિંતન**
- નાનીશી વાત ..... ઇલા કે. શાહ ..... ૩૩
- હું શું કરું? ..... ડૉ. સુધીર ચી. મોદી ..... ૩૪

**ચિંતન**
- વિચારશૂન્યતા ..... ઉમાશંકર જોશી ..... ૩૫
- પરમેશ્વરના પરોપકારને ઓળખો ..... રણછોડ શાહ ..... ૩૬

**મંથન**
- રાષ્ટ્રવાદ : દુનિયાનું દોજખ ..... મનુભાઈ પંચોળી 'દર્શક' ..... ૩૭

**સંશોધન**
- કચ્છની ધરતીની કરોડો વર્ષની ડાયરી ..... ડૉ. સુશ્રુત પટેલ ..... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## વિજ્ઞાન
- મેમલ્સ દિનચર ક્યારે થયા? ........ **વિહારી છાયા** ..... ૪૦

## સ્વાસ્થ્ય
- મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૪)
  કિશોરાવસ્થામાં હતાશાની બીમારી - સારવાર – (૨) ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૪૧
- કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવા આ વસ્તુઓનું સેવન કરો ........ ૪૩

## ગાંધી ચેતના
- ગાંધીજીની દૃષ્ટિએ વ્યક્તિ અને સમાજ ........ **યશવંત શુક્લ** ..... ૪૪

## ગાંધી વિશેષ
- 'મારા પતિના કારણે તો હું જગતમાં પૂજાઉં છું' ........ **દેવેન્દ્ર પટેલ** ..... ૪૬

## વિભૂતિ વંદના
- માદામ ભિખાઈજી કામા
  પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક શ્વાસ રાષ્ટ્રમુક્તિ કાજે ........ **રાજશ્રી મહાદેવિયા** ..... ૪૮
- સનાતન છતાં નિત્યનૂતન : વિનોબાજી ........ **વસંતભાઈ ગઢવી** ..... ૫૦

## પ્રેરણા
- સમર્પણનું સ્નેહતીર્થ ........ **જસુભાઈ કવિ** ..... ૫૨
- આચમન ........ ૫૪

## યાદગાર પત્ર
- લેટર ટુ માય ફાધર ........ **ડૉ. રંજના હરીશ** ..... ૫૬

## સંસ્થા વિશેષ
- ગુરુકુળની યાદ અપાવે તેવું વિદ્યાસંકુલ ........ **રજની વ્યાસ** ..... ૫૭

## બાળ વાર્તાઓ
- કીડીબાઈએ નાત જમાડી! ........ **ચંદ્રકાંત શેઠ** ..... ૫૮
- ખટપટી ખિસકોલી ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ..... ૫૯
- વરુ અને સારસ ........ ૬૦

## નિયમિત વિભાગો
- બાલુડેં જ્યું ગાલિયું ........ **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૧
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૬૨
- આંજો કાગર ........ ૬૨
- *Nano Nine* શબ્દ રમત-૧૩૭ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૪) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૫
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૬
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૬૭
- અખબારી આરસી ........ ૬૮
- સંસ્થા સમાચાર ........ ૬૯
- ઊડતી નજરે ........ ૭૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

'પદ્માવત' ફિલ્મના નિર્માણથી લઈ સિનેમાઘરોમાં પ્રદર્શન સુધીના વિવાદાસ્પદ ઘટનાક્રમથી આપણે સૌ વાકેફ છીએ. અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ કરવાની સરકાર અને ન્યાય તંત્રની ફરજ છે, કબૂલ. પરંતુ આવી અભિવ્યક્તિ કરવા જતાં કોઈ સમાજ કે જ્ઞાતિ સમુદાયની અસ્મિતા, ગરિમા અને સ્વાભિમાનને ઠેસ પહોંચતી હોય તો આ મુદ્દે ફૂંકી ફૂંકીને ડગ માંડવા જોઈએ, એવો બોધપાઠ આપણને આ પ્રસંગની પ્રતિક્રિયાઓ થકી સાંપડ્યો છે. ભારત જેવા બહુઆયામી સંસ્કારો ધરાવતા રાષ્ટ્ર માટે એનો ગૌરવવંતો ઈતિહાસ પણ આગવું મહત્ત્વ ધરાવે છે. ઈતિહાસ સાથે અળવીતરાં કરવાનો કોઈને પણ અધિકાર ન હોવો જોઈએ. એમાં પણ જ્યારે એ મહારાણી પદ્મિની જેવી રાષ્ટ્રનાયિકાના જીવનની કથા હોય ત્યારે તો ખાસ. મહારાણી પદ્મિની અને અલાઉદ્દીન ખીલજી, એ પરસ્પર વિરોધી પાત્રો છે. ખીલજી આક્રમણખોર વિધર્મી સુલતાન છે. એ ભારતના ઈતિહાસનું ગૌરવવંતું પાત્ર નથી. એના કટ્ટરપંથી અભિગમને કારણે જનમાનસમાં એની છાપ ખલનાયક તરીકેની રહી છે. અનેક મંદિરોને ધરાશાયી કરનારા આ આતતાયી સાથે પોતાનું શિયળ સાચવવા સેંકડો અન્ય સ્ત્રીઓ સાથે જૌહર કરનાર મહારાણી પદ્મિની, ભારતીય નારીનો સર્વોચ્ચ આદર્શ છે. એ ફક્ત ક્ષત્રિય સમાજ માટે જ નહીં બલકે સમગ્ર દેશ માટે આદરણીય ચરિત્ર હોઈ એને મનોવૈજ્ઞાનિક કે મનોરંજક દૃષ્ટિએ મનઘડંત સ્વરૂપે ચીતરવું એ રાષ્ટ્રીય અપરાધ જ ગણાય. એનો વિરોધ કરવાનો સૌને અધિકાર છે, પરંતુ જે રીતે વિરોધ કરાઈ રહ્યો છે તે તદ્દન બેહૂદો પ્રતિકાર છે. અદાલતોએ કદાચ સેન્સર બોર્ડની માન્યતાને જ છેલ્લું પ્રમાણપત્ર માની લઈ દેશભરમાં 'પદ્માવત'ના પ્રદર્શનની મંજૂરી આપી દીધી હશે; પરંતુ અદાલતથી ઉફરો પણ સમાજ છે, એની પરંપરાઓ છે. આથી જ્યારે કરણી સેના સહિતનાં રાજપૂત સંગઠનો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલાં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં એકમો 'પદ્માવત'નો વિરોધ કરે છે ત્યારે એના વાજબીપણા વિશે પ્રશ્ન કરી શકાય નહીં, પરંતુ જે રીતે એમનો વિરોધ વ્યક્ત થાય છે તે બરાબર ન જ ગણાય. વિરોધની પણ શાંત પ્રતિકાર અને અસહકાર જેવી ગાંધી પદ્ધતિઓથી આપણો દેશ અજાણ નથી. અહિંસાત્મક પ્રતિકારથી વધુ અસર પણ ઊપજી શકે. કરણી સેનાના અગ્રણીએ નિવેદન આપતાં કહ્યું કે હું આ ફિલ્મ જોવા કરતાં મરી જવું વધારે પસંદ કરીશ. ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાળીએ વાંધાજનક દૃશ્યો રદ કર્યાં હોવાનું જણાવી કરણી સેનાના આગેવાનોને આ ફિલ્મ જોવા નિમંત્રણ પાઠવ્યું હતું. ખરેખર તો જે ફિલ્મ થિયેટરોમાં રજૂ થનાર હોય એને અગાઉથી આવો વાંધો ઉઠાવનાર સમાજના પ્રબુદ્ધ પ્રતિનિધિઓને બતાવવી જોઈતી હતી. વિરોધનો વંટોળ શરૂ થઈ ગયા પછી એને શમાવવાનું કામ ઘણું અઘરું હોય છે. 'પદ્માવત'નું મૂળ નામ 'પદ્માવતી' હતું, તે બદલી નાખવાથી આ વિરોધ શમી ન જ શકે. વળી એને ઈતિહાસનાં તથ્યો સાથે કશી લેવાદેવા નહીં હોવાનું ડિસ્ક્લેમર મૂકી દેવાથી પણ પ્રશ્ન ન જ પતી જાય. પરંતુ વિરોધ જ્યારે ઝંઝાવાતનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે જે જાહેર સંપત્તિને નુકસાન થાય છે, એથી અનેક લોકોની રોજીરોટી અને દૈનિક વ્યવહારો પર અસર પડે છે, તેની ભરપાઇ કોઈ પણ રીતે થઈ શકે નહીં. આવા પાગલપણાથી બધાએ બચવું જોઈએ. આખરે આપણે આપણી જ જિંદગીને દુ:ખમય બનાવી દે એવો 'વિરોધ' તો ન જ અપનાવીએ! ■

કચ્છી રસધાર

# કાઠી કાઠી જે ભાર સેં ઝૂરી પોંધી

દુલેરાય કારાણી

આજથી ચારસો વરસ પહેલાં કચ્છના રાવ ખેંગારજી પહેલાએ અમદાવાદના એ વખતના બાદશાહ મહમ્મદ બેગડાની મદદથી કચ્છમાંથી જામ રાવળને દૂર કર્યા અને કચ્છ પર પોતાની સત્તા જમાવી. સંવત ૧૬૦૨માં જામ રાવળે જામનગરની સ્થાપના કરી અને ૧૬૦૫માં ખેંગારજીએ ભુજનગરની સ્થાપના કરી. આ ખેંગારજીના રાજ્ય-અમલ દરમિયાન ઘણા અવનવા બનાવ બન્યા હતા.

એ વખતે એમના જ કુટુંબનો ગરાસદાર જાડેજા રાયધર આમર પોતાના પિતાના ખૂનનો બદલો લેવા કચ્છ રાજ્ય સામે બહારવટે ચડ્યો હતો. બહારવટિયાનું કામ ગામની આથો વાળવાનું. ગામની ગાયો-ભેંસોના ધણનું હરણ થઈ જાય તો આખા ગામમાં રાડ ફાટી જાય. વાછરડાં-પાંડરાંની રંભોરાડ અને બાળકોની રોક્કળ આખા ગામને અસ્વસ્થ બનાવી દે. એ વખતે ગ્રામ્ય જીવનના આધારરૂપ દૂધ જ હતું.

રાયધર આમરની બહારવટિયા મંડળી બળવાન હોવાથી તેનો સામનો કરવાની કોઈની તાકાત ન હતી. કચ્છી પ્રજા રાયધરના ત્રાસથી ત્રાસી ગઈ હતી. એના રંજાડની ફરિયાદો રોજરોજ ભુજપતિ ખેંગારજી બાવાના કાને આવવા લાગી. રાયધરની લૂંટફાટમાંથી કચ્છની જનતાને મુક્ત કરવા ખેંગારજીએ લશ્કરી તૈયારી કરવા માંડી લશ્કર તો તૈયાર હતું પણ લશ્કરને દોરવણી આપનાર કોઈ સરદાર તૈયાર ન હતો. રાયધર આમરના નામ માત્રથી જ સૌનાં હાંજા ગગડી જતા.

રાવશ્રી ખેંગારજીને બે કુંવર હતા. મોટા ટિલાયત ભોજરાજજી અને નાના ફટાયા ભારમલજી. રાયધરને જેર કરવા ખેંગારજી બાવા રાજકચેરીમાં ચર્ચા ચલાવી રહ્યા હતા. બંને રાજકુમારો હાજર હતા. રાવશ્રીની ઉંમર એ વખતે પાકટ થવા આવી હતી. અર્ધી સદી ઓળંગી ગઈ હતી. એટલે એમણે આ જવાબદારી કુંવરો પર નાખવાનું મનમાં નક્કી કરી લીધું. નાના ભારમલજી તરફ એમણે નજર કરી. બંને કુમારો હવે કાંડેબળ બની ગયા હતા. ભારમલજી ખેંગારજી બાવાનો આશય સમજી ગયા. બોલી ઊઠ્યા : ‘બાવા, હું તો રાયધર આમરને કચ્છમાંથી તગડી કાઢવા તૈયાર છું, પણ મારી આંખો આવી છે, બહારના પવનથી મારી આંખો વાવલાશે તો અધવચથી મને પાછા ફરવું પડશે. છતાં આપની આજ્ઞા થશે તો હું હાજર છું.’

ભારમલજીના શબ્દોથી ખેંગારજીબાવા સમજી ગયા, કે આ તલમાં તેલ નથી. હવે એમણે પાટવી કુંવર તરફ દૃષ્ટિ દોડાવી. તરત જ યુવરાજ ભોજરાજજી ઊભા થઈ ગયા. કચેરી વચ્ચે પડી રહેલી સેનાપતિની તલવાર તેમણે ઉપાડી લીધી. બાવાને નમન કરી, આ તલવાર પોતાની ભેટ પર લટકાવી દીધી. આખી કચેરીએ ટિલાયતની આ હિંમતને વધાવી લીધી. નાછૂટકે જ એમણે ટીલાના ધણીને રાયધર આમર સામે રણસંગ્રામમાં ચડવા રજા આપી. ભોજરાજજી સમર્થ સૈનિકોને લઈને રાયધર આમરને શિકસ્ત આપવા ચડી નીકળ્યા. ભુજથી ૧૦-૧૨ માઈલ દૂર આવેલા ઝાલુછેલા પાસે જ્યાં રાયધરના વાવડ હતા, ત્યાં ભોજરાજજીએ છાવણી નાખી.

રાયધર આમર એ વખતે કચ્છનાં ગામોને ઉજ્જડ કરી રહ્યો હતો. ઘણાં ગામોની ગાયો-ભેંસોનાં મોટાં ટોળાં સાથે અહીં પડ્યો હતો. એની ફોજ પણ મોટી હતી. જ્યાં પડતો ત્યાં હાહાકાર બોલાવી દેતો.

રાયધરને જ્યારે જાણ થઈ કે દરબારી લશ્કરના ડેરાતંબૂ અહીં ખોડાઈ ગયા છે ત્યારે તેને આનંદ થયો. તેની ધારણા હતી કે દરબારી સૈન્યના સરદાર તરીકે ફટાયો કુમાર ભારમલજી જ આવ્યો હશે. ભારમલજીનો વટ ઉતારવા રાયધરનું હૃદય ઘણા વખતથી તલપી રહ્યું હતું. પણ તપાસ કરતાં જ્યારે ખબર પડી કે ભુજની સેનાના સેનાપતિ તરીકે ભારમલજી નહિ પણ કચ્છના ટીલાનો ધણી ટિલાયત કુમાર ભોજરાજ ચડી આવ્યો છે ત્યારે તે નિરાશ થઈ ગયો. ભારમલની ખો ભુલાવી દેવાની એના મનની હામ મનમાં જ રહી ગઈ. તેને થયું કે કચ્છની ગાદીના વારસદાર ભાવિ રાજવી સાથે રણસંગ્રામમાં ઊતરવું એ વાજબી નથી. તેણે પોતાની છાવણીમાં સુલેહનો વાવટો ચડાવી દીધો. પોતાના અંગત સરદારોને સાથે લઈને તે ભોજરાજજીને મળવા ઊપડ્યો.

ભોજરાજજીને જ્યારે સંદેશો મળ્યો, કે રાયધર આમર સામે ચાલીને આવે છે ત્યારે તેની નવાઈનો પાર રહ્યો નહિ. થોડી જ વારમાં રાયધર આવી પહોંચ્યો. રજા લઈને યુવરાજના તંબૂમાં દાખલ થયો. હાથ જોડી ઊભો રહ્યો. રાક્ષસ જેવા રાયધરની આ નમ્રતા જોઈને ભોજરાજજીના મનમાં પણ એને માટે માનનો સંચાર થયો. ભોજરાજજી ઊભા થઈ ગયા. બંને ભાઈઓ એકબીજાને બાથમાં લઈને પ્રેમથી ભેટી પડ્યા. રાયધરના વિનય અને વિવેકને લક્ષમાં લઈને ભોજરાજજી કહેવા લાગ્યા : ‘રાયધર

ભા, આજે તો મારા માટે સોનાનો સૂરજ ઊગ્યો. તમે ચાલીને મને મળવા આવ્યા, એથી મને ઘણો આનંદ થયો છે.'

'ભોજુ ભા, તમે તો અમારા સૂરજ છો. તમારી સામે હું હથિયાર ઉપાડું તો મારી રાજનીતિ લાજે. દરબારી હદની ઘણી આથો હું વાળી આવ્યો છું. ગાયો-ભેંસોનાં એ ટોળાં આજે તમારાં ચરણોમાં ધરવા આવ્યો છું. હવે કાંટોકઢામણી સમજીને તમે કંઈ આપો તો પણ તમે ધણી છો અને ન આપો તોપણ તમે ધણી છો. આપની આજ્ઞા મારા માથા પર ચડાવીશ.'

'રાયધર ભા, તમારી આ ઉદારતાથી મને બધું જ મળી ગયું એમ હું માનું છું. રાજની હદનો માલ પાછો વાળવાને જ હું અહીં આવ્યો છું. આમ છતાં હવે આપણે એમ કરીએ, તમારી વાળેલી આથોમાં અર્ધી તમારી અને અર્ધી અમારી! બસ, હવે રાજી ને?'

'હું તો બાવા, રાજી જ છું. હું તો બધો માલ તમને સોંપવાને જ અહીં આવ્યો છું. ઉદારતા તો તમારી છે, મારી નથી.'

ઉભય પક્ષની આ ખાનદાનીથી ઝેરવેરના આખા ઝઘડાને સાંધો આવી ગયો. વધારામાં ભોજરાજજીએ કહ્યું : 'રાયધરજી, ભુજ પહોંચીને હું તમારો ગરાસ તમને સોંપી દેવાની પણ વ્યવસ્થા કરું છું. તમે નિશ્ચિંત રહેજો અને નિરાંતની નીંદર કરજો.

ભોજરાજજીના આ શબ્દો સાંભળી રાયધર આમરને પણ સંતોષ થયો. એકબીજાની કતલ કરવા આવેલા બંને જાડેજા યુવાનો એકબીજાને હેતથી ભેટીને છૂટા પડ્યા. ઉભય પક્ષના રણવીરોએ હર્ષનાદોથી જંગલના વાતાવરણને ગજાવી દીધું. તરત જ ગાયો-ભેંસોનાં ટોળાંની વહેંચણી કરવામાં આવી. કશા મતભેદ વગર બધી આથો અર્ધોઅર્ધ ભાગમાં વહેંચાઈ ગઈ.

અહીં અચાનક એક નવી ઘટના ઘટી. રાયધર આમરના ભાગમાં આવેલી એક ગાય એક કણબીની હતી. કણબી શ્રીમંત હતો. ગાય લાડકી હતી. ગાયનો એક વાછરડો હતો. વાછરડો મોટો હતો, પણ ગાયને અને વાછરડાને એવો પ્રેમ બંધાઈ ગયો, કે આ મા-દીકરો ઘડી વાર પણ એકબીજાથી છૂટાં પડતાં ન હતાં. ગાય રાયધરના ભાગમાં ગઈ હતી અને વાછરડો રાજના ફાળામાં આવ્યો હતો. બંને પક્ષનાં ટોળાં પોતપોતાને રસ્તો ચાલવા લાગ્યાં.

એટલામાં રાયધરના ભાગની ગાય તેના ધણમાંથી ભાગીને રાજની આથો તરફ ધસી આવી. એનો વાછરડો પણ એની મા પાસે દોડી આવ્યો. ત્યાં તો રાયધરના માણસો પણ ગાયની પાછળ આવી પહોંચ્યા. મા-દીકરાને છૂટા પાડી, ગાયને ખેંચી ગયા. આથો આગળ ચાલવા લાગી. થોડી વાર થઈ ત્યાં તો ફરી ગાય ભાં-ભાં કરતી આવી પહોંચી અને ફરી તેના માણસો તેને તાણી ગયા. આમ બે-ત્રણ વાર થયું. ગાય તેના વાછરડાનો કેડો મૂકતી ન હતી અને વાછરડો ધીંગો આશાસ્પદ હોવાથી દરબારી માણસો તેને જવા દેવા તૈયાર ન હતા. આ વખતે રાયધરના એક સવારે જરા ખિજાઈને દરબારી અધિકારીને કહ્યું કે 'આ ગાય એના વાછરડા વિના રહેતી નથી અને વાછરડો એની મા પાસે આવવા ટળવળે છે. એક વાછડો આપી દેતાં તમારા રા' ક્યાં દૂબળા પડી જવાના હતા! તમને તો મફતનો માલ મળ્યો છે, તમે ક્યાં પરસેવો પાડવા ગયા હતા? કંઈક દયા તો રાખો!'

આ સાંભળી રાજના અધિકારીને ચડી ગઈ. તે બોલ્યો : 'એવા દયાવાનના દીકરા હો તો ગાયને જ અહીં મૂકી જાઓ ને! તમારો તો ચોરીનો માલ છે!'

બસ, એક જ પળમાં બધી બાજી બગડી ગઈ. તીખાં તમતમતાં વચનોએ સુલેહ-શાંતિની ગંજીમાં અગ્નિના તણખાનું કામ કર્યું. એક વાર શબ્દોની લડત ચાલી, પછી લાકડીઓ ઊપડી અને ત્યારબાદ તલવારોની મૂઠ પર હાથ આવી પડ્યા. એકાએક બંને બાજુના યુવાનો દોડી આવ્યા. શાંતિમાં અણધારી અશાંતિ આવી પડી. રાયધરના માણસોએ દરબારી અધિકારીઓની તોછડાઈની વધુ પડતી વાતો રાયધરના કાન પર મૂકી. તે સાંભળીને રાયધર છંછેડાઈ ઊઠ્યો. તલવાર તાણી યુદ્ધના મેદાનમાં આવી પહોંચ્યો. પેલી તરફ ભોજરાજજીના માણસોએ તેને કાનભંભેરણી કરી અને ભોજરાજજી પણ ઝપાઝપી વચ્ચે ઝૂકી પડ્યા. ધીંગાણું શરૂ થયું. પછી તો પૂછવાનું જ શું હોય? તલવારો અને ભાલાઓ આડેધડ ઊછળવા લાગ્યાં. આ વખતે ઉશ્કેરાયેલા રાયધરની તલવાર જાણે અજાણે ભોજરાજની ગરદન પર આવી પડી. કચ્છનો ટિલાયત ભોજકુમાર ધરણી પર ઢળી પડ્યો. એ જ વખતે રાયધરનો એક માણસ દોડ્યો. તેણે ભોજરાજજીની ભેટમાં પડેલી સુવર્ણજડિત મૂઠવાળી કટારી તેની ભેટમાંથી ખેંચી કાઢી અને એ કટારી રાયધર આમરની ભેટમાં ખોસી દીધી.

ભોજરાજજી પડતાં દરબારી લશ્કરમાં હાયકારો મચી ગયો. સૌનાં મોઢાં કાળાં પડી ગયાં, સૌની હિંમત ભાંગી પડી. દરબારી સૈનિકો વેરવિખેર થઈ ગયા.

રાયધર આમર અને ભોજરાજજીના યુદ્ધના વર્ણનમાં એક ઠેકાણે લોકકવિ આ શબ્દો રજૂ કરે છે :

***રાયધર ભોજ બાખડ્યા રુક્કે***
***સાવજ-વાઘ વકર્યા વકરાળ :***
***હટે નહીં જ્યાં પૂંઠે લાખો,***
***ખસે નહીં જ્યાં પૂંઠ ખેંગાર.***

અર્થાત્ રાયધર અને ભોજરાજ તલવાર વડે લડવા લાગ્યા. સાવજ અને વાઘ જેવા વિકરાળ વીફર્યા હતા. લાખાનો પુત્ર પણ હટે નહિ અને ખેંગારનો કુંવર ભોજ પણ ખસે નહિ.

રાયધર આમરે આવેશમાં ને આવેશમાં ભોજરાજ પર તલવારનો પ્રહાર તો કર્યો પણ પાછળથી તે પારાવાર પશ્ચાતાપમાં આવી પડ્યો. તેને થયું, કચ્છના ધણીનો ઘાત કરીને હવે કચ્છને

મોં બતાવવું પણ ભારે પડશે. ખેંગારજી બાવા સાથે વેર બાંધીને હવે કચ્છમાં રહી શકાય એમ પણ નથી એ વાત તે સમજી ગયો હતો. ગાયો-ભેંસોનાં ટોળાંને લઈ, રણ ઓળંગીને તે સિંધની સરહદ પર આવેલા રાયમાં બજાર (રહીમકી બજાર) તરફ ચાલતો થયો. ભુજના સૈનિકો તો મોટી વિમાસણમાં આવી પડ્યા હતા. કચ્છના યુવરાજને ગુમાવીને ખેંગારજી બાવા સામે ખડા થવાની હિંમત તેમનામાં પણ રહી ન હતી.

રાયધર આમર રાયમા બજાર થઈને મુલતાન ગયો. મુલતાનના લશ્કરી દળમાં ગોઠવાઈ ગયો.

★

આ સમયે બરડાના ઘૂમલી પ્રદેશ પર જેઠવાઓની આણ હતી. આ જેઠવા માથાભારે હતા. દિલ્હીના બાદશાહને પણ દાદ દેતા ન હતા. ખંડણી પણ ભરતા ન હતા. કચ્છનું લશ્કરી થાણું એ વખતે જોરદાર હતું. ઘૂમલીના જેઠવા રાજાની સાન ઠેકાણે લાવવા દિલ્હી તરફથી કચ્છના ખેંગારજી બાવા પર ફરમાન આવ્યું. શાહી ફરમાનનો અમલ કર્યા વગર છૂટકો ન હતો. ખેંગારજી બાવા કચ્છના સાત શેરડાને માર્ગે રણ ઓળંગીને સૌરાષ્ટ્રમાં આવ્યા અને કૂચકદમ ઘૂમલીની દિશામાં ઊપડી નીકળ્યા.

આ વાત મુલતાનમાં રહેલા રાયધર આમરને કાને આવી. ભોજરાજજીને મારવાનું દુઃખ તેના મનમાંથી હજુ દૂર થયું ન હતું. તેને વિચાર થયો, ખેંગારજી બાવાની સેવા કરવાનો આ સારો અવસર આવ્યો છે. રાયધર પણ સૈનિકોની ફોજ લઈને ઘૂમલી તરફ પ્રયાણ કરવા લાગ્યો.

ઘૂમલીનો કિલ્લો મજબૂત હતો. ઝટ ભેદી શકાય એવો ન હતો. એટલે ખેંગારજી બાવાનું લશ્કર ઘૂમલીને ઘેરો ઘાલીને પડ્યું હતું. કિલ્લાની મજબૂતાઈને લીધે જેઠવા રાજાને કશી ચિંતા ન હતી. દરવાજા બંધ કરીને ઘૂમલીના સૈનિકો ગઢ પર ચોકી કરી રહ્યા હતા.

રાયધર પોતાની સેના સાથે ઘૂમલી આવી પહોંચ્યો. તેણે જોઈ લીધું કે કચ્છી લશ્કર લાચાર થઈને ઘૂમલીને ઘેરો ઘાલીને પડી રહેલ છે. આવી પરિસ્થિતિમાં ખેંગારજી બાવાને હવે કઈ રીતે સહાયભૂત થવું તેનો વિચાર કરતાં રાયધરને એક નવી યુક્તિ લડાવવાનું સૂઝી આવ્યું. તેણે એક મોટી મજબૂત સીડી તૈયાર કરાવી અને અર્ધી રાત વીત્યા બાદ એ નિસરણીને ઘૂમલીના ગઢ પર ગોઠવી દીધી. રાયધરના સૈનિકો બહાદુર હતા, બળવાન હતા, એક પછી એક સેંકડો સૈનિકો ઘૂમલીના કિલ્લા પર ચડી ગયા.

ઘૂમલીના ચોકીદારો અને સરદારો નિશ્ચિંત હતા. એ બધા ઊંઘતા જ ઝડપાઈ ગયા. જે ઊઠી ઊભા થયા તેમને રાયધરના રણવીરોએ કતલ કરી નાખ્યા અને ગઢના દરવાજા પણ ખોલી નાખ્યા. ઘૂમલીના લશ્કરમાં ઓચિંતો કડાકો બોલી ગયો. કિલ્લા પર 'જિયેરા' ના ગગનભેદી અવાજો ગાજવા લાગ્યા.

શાંત રાત્રિના સમયમાં ઘૂમલીના ગઢ પરથી એકાએક 'જિયેરા' ના શબ્દો કાને આવતાં રાવશ્રીની છાવણીના વીરો ચોંકી ઊઠ્યા. તપાસ કરતાં માલમ પડ્યું કે આ તો રાયધરના માણસોએ ઘૂમલીનો કિલ્લો સર કરી લીધો છે. પછી તો કચ્છી લશ્કર પણ કિલ્લામાં દાખલ થઈ ગયું અને ઘૂમલીના અજિત ગઢ પર કચ્છનો વિજયવાવટો ફરકી રહ્યો.

વળતે દિવસે સવારમાં ખેંગારજી બાવાને ખબર મળ્યા કે રાયધર આમર બાવાની સલામે આવે છે. કચ્છ રાજયના હળાહળ દુશ્મનને સામે ચાલીને આવતો જોઈ તે ખેંગારજી બાવા વિચારમાં પડી ગયા, ચકિત થઈ ગયા.

થોડી વારમાં રાયધર આમર પોતાના બેચાર અંગરક્ષકો સાથે આવી પહોંચ્યો અને ખેંગારજી બાવાના તંબૂમાં દાખલ થયો. આવતાંવેંત તે બાવાનાં ચરણોમાં ઢળી પડ્યો. પોતાની અક્ષમ્ય અને ભયંકર ભૂલ માટે પશ્ચાતાપ કરવા લાગ્યો અને બાવાની ક્ષમા માગવા લાગ્યો. ખેંગારજી બાવા પણ જૂની વાતો જતી કરીને ઘૂમલી સર કરવાના રાયધરના પરાક્રમ માટે તેને ધન્યવાદ આપવા લાગ્યા.

થોડી સામાન્ય વાતચીત બાદ રાયધર આમર બાવાની રજા લઈને ઊભો થયો. પોતાના માણસોની સાથે તંબૂ બહાર નીકળી ગયો. એ વખતે રાયધરની ભેટમાં રાજકુમાર ભોજરાજજીની સુવર્ણજડિત મૂઠવાળી કટારી મોજૂદ હતી.

રાયધરની વિદાય પછી કચ્છી સૈન્યના બે સરદારો ખેંગારજી બાવા પાસે આવીને અરજ કરવા લાગ્યા : 'બાવા રાયધરની ભેટમાં આપણા યુવરાજની સોનાની કટારી જોઈને અમારી આંખે લોહી આવે છે. હમણાં જ અમે આ રાયધરનું માથું ઉડાવીને ખૂનનો બદલો ખૂનથી લેવા માટે જ આપની આજ્ઞા માગવા આવ્યા છીએ આપ હુકમ કરો એટલી જ વાર છે!'

એ વખતે ક્ષમાવીર ખેંગારજી બાવા શું બોલ્યા? એમણે ઠંડે પેટે કચ્છી ભાષામાં ટૂંકો જવાબ આપતાં કહ્યું : 'કાઠી કાઠી જે ભારસેં ઝૂરી પોંધી.' અર્થાત્ લાકડું લાકડાના ભારે જ ભાંગી પડશે.

ખેંગારજી બાવાનો આ ઠંડો જવાબ સાંભળી રાયધરના ખૂન માટે તલસતા સૈનિક અને સરદારો નિરાશ થયા.

રાયધર આમર રાવશ્રીના તંબૂમાંથી બહાર નીકળીને ચાલતો થયો. આગળ ચાલતાં છાવણીના એક તંબૂની દોરીમાં અચાનક તેનો પગ અટવાઈ ગયો. તે ધબ દેતો પૃથ્વી પર પટકાઈ પડ્યો. એ વખતે તેની ભેટમાં પડેલી પેલી કટારી એકાએક બહાર નીકળી પડી અને જમીન પર તૂટી પડતા રાયધરના પેટમાં પેસી ગઈ રાયધરનાં આંતરડાંનો ઢગલો તેના પેટમાંથી બહાર આવી પડ્યો અને તે જ પળે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું.

ખેંગારજી બાવાના અમૂલ્ય શબ્દો - 'કાઠી કાઠી જે ભાર સેં ઝૂરી પોંધી'ને આજે પણ કચ્છી પ્રજા યાદ કરે છે. ■

કચ્છી કથા

# જાડેજા વંશની શરૂઆત

સ્વામી સચ્ચિદાનંદ

સિંધ અને કચ્છમાં રાજપૂતોના જુદા જુદા ઘણા વંશોએ રાજ્ય કર્યું છે, પણ તેમાં જાડેજાવંશ સૌથી વધુ મહત્ત્વનો અને પ્રભાવી રહ્યો છે. જાડેજાવંશ કેવી રીતે ચાલ્યો તેની થોડી વિગત આ પ્રકરણમાં જાણવા પ્રયત્ન કરીશું.

ખરેખર તો ઇતિહાસ વ્યક્તિનો ઓછો પણ વંશોનો વધારે ચાલ્યો ગણાય છે. ક્યા વંશનું કેટલો સમય રાજ્ય ચાલ્યું તે લખાય છે અને પ્રત્યેક વંશની પોતાની આગવી મથાવટી હોય છે.

જાડેજા માટે એક દુહો કહેવાય છે :

*લાખો ને લાખિયાર, બએ જન્મ્યા જાડા,*
*વરે જો લાખો વડો, જેનું જાડેજા.*

***ભાવાર્થ :*** લાખો અને લખિયાર બંને બેલડા જન્મ્યા હતા. બેલડાને સિંધી ભાષામાં જાડા કહેવાય છે. તેથી તેમના વંશજો જાડેજા કહેવાયા.

જામ સાંધનો મોટો કુમાર જાડો નગરસમૈની ગાદીએ બેઠો, પણ તેને સંતાન ન હોવાથી તેણે તેના ભાઈ વેરાના બેલડા પુત્રોમાંથી મોટા પુત્ર લાખાને દત્તક લીધો હતો. પછી લાખો જાડાનો દત્તક પુત્ર થયો તેથી પણ જાડેજા કહેવાયા.

લાખાને દત્તક લીધા પછી મોડેમોડે જામ જાડાને ત્યાં પારણું બંધાયું અને એક પુત્ર થયો. તેનું નામ ધાહો રાખવામાં આવ્યું. કોઈ બાળકને દત્તક લીધા પછી દત્તક લેનારના ઘરમાં પારણું બંધાય તો ઘણા પ્રશ્નો ઊભા થતા હોય છે. માતા-પિતાનું પૂરેપૂરું વહાલ પોતાના બાળક ઉપર ઢળવા લાગતું હોય છે, જેથી દત્તક લીધેલા પુત્રની ઉપેક્ષા થવા લાગે છે. આ ઉપેક્ષા પાછળથી દ્વેષમાં પણ બદલાઈ શકે છે. જો દત્તક બાળકમાં દુર્ગુણો દેખાવા લાગે - ખાસ કરીને જ્યાં દ્વેષ થાય ત્યાં દુર્ગુણો દેખાવા લાગતા જ હોય છે - તો - તો ભયંકર વિખવાદ થઈ શકે છે. ખૂનામરકી પણ થઈ શકે છે. પણ જામ જાડા અને તેની રાણીએ લાખા પ્રત્યે જરા પણ પ્રેમ ઓછો ન કર્યો. બંનેને બરાબર પ્રેમ આપતાં રહ્યાં. કૌટુંબિક પ્રેમ બે પ્રકારનો હોય છે : એક તો ખરી લાગણીનો અને બીજો વ્યવહારનો - દેખાવ પૂરતો. આ બીજો પ્રેમ પણ મહત્ત્વનો હોય છે. તેનાથી બેલેન્સ સચવાતું હોય છે. આને વ્યવહારકુશળતા કહેવાય. જેનામાં આવી કુશળતા ન હોય તે વ્યવહાર બગાડી બેસે છે.

જામ જાડાના મરણ પછી ધાહાએ લાખાને અડધો ભાગ ન આપ્યો, તેથી બંને વચ્ચે કુમેળ થવા લાગ્યો. વારસો વહેંચવામાં મોટા ભાગે કલહ થતો હોય છે. મોટા મન વિના વારસાની વહેંચણી કલહ વિનાની હોતી નથી. લાખાએ ધાહાને કહ્યું : "કાં તો તું મને સરખો અડધો ભાગ આપ, નહીં તો બધો પૂરેપૂરો ભાગ તું રાખ. હું સિંધ છોડીને ચાલ્યો જાઉં છું." ખરેખર તો લાખાની આ મહાનતા જ કહેવાય. પોતાનો ભાગ છોડીને ચાલતા થવું તે પણ મોટો ત્યાગ કહેવાય. સામાન્ય રીતે આવી સ્થિતિમાં અન્યાયનો ભોગ બનનાર ત્યાં જ રહે અને ખટપટો કરતો રહે. આવી ખટપટો ખૂનામરકી સુધી પણ પહોંચે. તેના કરતાં ખસી જવું સારું. ખસી જવું એ ત્યાગબહાદુરી કહેવાય.

લાખો નગરસમૈથી પોતાનો કાફલો લઈને કચ્છમાં ઊતરી પડ્યો. કચ્છમાં ફરતો-ફરતો તે લાખિયારા વીયરા પાસે પહોંચ્યો. અહીં રબારીઓની વાંઢો હતી. થોડે જ દૂર જત લોકોની વાંઢો હતી. બંને માલધારીઓ હોવાથી બંને વચ્ચે વારંવાર અથડામણો થતી રહેતી. જત બળવાન હોવાથી તેઓ રબારીઓને હેરાન કરતા રહેતા. તેથી રબારીઓ જામ લાખાને શરણે ગયા અને અમારું રક્ષણ કરો તેવી પ્રાર્થના કરી. જત લોકો ઇસ્લામ ધર્મ પાળતા હોવાથી અવારનવાર રબારીઓનું મન દૂભવવા ગૌહત્યા પણ કરી બતાવતા હતા. કેટલીક વાર ધર્મનું પાલન ઈશ્વરપ્રીતિ કરતાં સામા પક્ષને દૂભવવા માટે પણ થતું હોય છે. જે લોકો સામા પક્ષને દૂભવવા માટે ધર્મના નામે કુકર્મ કરતા રહેતા હોય છે તેઓ કદી ધાર્મિક એકતા નથી કરી શકતા.

રબારીઓની પ્રાર્થના માનીને લાખો ત્યાં જ રોકાઈ ગયો. તેણે ત્યાં ગામ વસાવ્યું, જેનું નામ લાખિયાર વીયરો રાખવામાં આવ્યું.

જામ લાખાના ભાઈ જામ લાખિયારને સાત દીકરીઓ હતી. તેઓ ઉંમરલાયક થઈ ત્યારે તેમના માટે વરની શોધ કરવા પુરોહિત નીકળ્યો. તે બધાં રજવાડાંઓમાં ભટક્યો પણ ક્યાંય વર ન મળ્યો, તેથી નિરાશ થઈને પાછો ફર્યો. હવે શું થાય? લાખિયાર અને લાખો નિરાશ થયા. પરિવારની નિરાશાથી હતાશ

થઈને સાતે કુંવરીઓએ મરી જવાનો નિર્ણય કર્યો. છેવટે સૌને સમજાવીને આ સાત કન્યાઓએ કુંવારાપણામાં જ દેહત્યાગ કરી દીધો. ત્યારથી જાડેજાઓની કન્યાને દૂધપીતી કરવાનો રિવાજ શરૂ થયો કહેવાય છે. "અમે સમાવંશના ઉચ્ચ જાડેજાઓ છીએ, સૌ રાજપૂતોમાં ઊંચા છીએ, તેથી અમારી કન્યાઓ ઊતરતા રાજપૂતોને નહીં આપીએ" તેવા અભિમાનથી આ રિવાજ પ્રચલિત થયો લાગે છે. આ રિવાજના કારણે હજારો મહાન કન્યાઓ જન્મતાં જ મારી નંખાતી રહી. આ પ્રથાથી સૌથી મોટું નુકસાન સ્વયં જાડેજાઓને જ થયું કહેવાય, કારણ કે મહાન કન્યાઓનો મહાન વંશ આગળ વધી શક્યો નહીં. સ્ત્રીની કૂખ વખણાય છે. મહાન કૂખથી જ મહાન રત્નો પેદા થાય. પણ કૂખ જ મારી નાખવામાં આવે તો શું થાય?

જામ લાખા જાડેજાને બે રાણીઓ હતી : એક હીરાબા ઝાલા અને બીજી સજણકુંવર સોઢા. હીરાબાને સંતાન ન થયું, પણ સાજણબાને રાયધણજી કુંવર થયો. ■

## અમરતવાણી

એકવાર બાઉલ પાસે જિજ્ઞાસુ સાધક આવ્યો. કહે : 'મને થોડું સત્ય આપો.' બાઉલ કહે : 'અરે ભાઈ! જો લેવું હોય તો પૂરું સત્ય લે, થોડુંક સત્ય તું બરદાસ્ત નહીં કરી શકે.'

'એ કેવી રીતે?' આગંતુકે ખુલાસો માગ્યો.

એટલે બાઉલે તેના માથા પર બે-ત્રણ મણ વજનના પાણી ભરેલા બે હાંડા મૂક્યા. પેલાથી વજન સહન થયું નહીં એટલે બાઉલે તે હાંડા ઉતારી લીધા અને કહે, 'ચાલો મારી સાથે નદીએ.'

ત્યાં તેણે પેલાને ડૂબકી મરાવી. પછી કહે : 'અહીં પેલા બે હાંડા કરતાય વધારે પાણી માથા પર હતું છતાં તેનો ભાર ન લાગ્યો કારણકે પૂર્ણ સત્યનો ભાર નથી હોતો. પણ તેના અલગ થોડાક સત્યરૂપે લેવામાં આવે છે ત્યારે ભાર લાગે છે.'

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● મંગળવાર, તા. ૧૩-૨-૨૦૧૮ | | વયસ્ક સમિતિ | એક દિવસીય રિસોર્ટની પિકનીક. |
| ● શનિવાર, તા. ૧૭-૨-૨૦૧૮ રાત્રે ૮.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | 'શબ્દોનો મુખવટો અને લાગણીનો દેશવટો' શ્રી સુરેશ પ્રજાપતિના લેક્ચરનો કાર્યક્રમ |
| ● શનિવાર, તા. ૨૪-૨-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | સ્ત્રીઓ માટે ગર્ભધારણ કરતા પહેલાં ગર્ભસંસ્કાર તાલીમ શીખવતો કાર્યક્રમ |
| ● રવિવાર, તા. ૨૫-૨-૨૦૧૮ રાત્રે ૧૦.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ફાગણ સુદ તેરસ – પાલિતાણા છ ગાઉ યાત્રા પ્રવાસ. |
| ● શુક્રવાર, તા. ૨-૩-૨૦૧૮ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ધૂળેટીનો કાર્યક્રમ |
| ● શનિવાર, તા. ૧૦-૩-૨૦૧૮ બપોરે ૩.૩૦ વાગ્યાથી | સરદાર સ્મારક, શાહીબાગ | વયસ્ક સમિતિ | સરદાર સ્મારક ખાતે કાર્યક્રમ. મ્યુઝિયમ, ફિલ્મ તથા લાઇટ એન્ડ સાઉન્ડ શો. |
| ● એપ્રિલ-૨૦૧૮ (પ્રથમ અઠવાડિયાના ૫ દિવસ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | માર્ચ-૨૦૧૮માં પરીક્ષા આપેલ હોય તેવા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઇડન્સ વર્કશોપ |
| ● મે-૨૦૧૮ એન્ડ અથવા જૂન-૨૦૧૮ની શરૂઆતમાં | બાલી | વયસ્ક સમિતિ | બાલી ખાતેનો વિદેશ પ્રવાસ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

કચ્છ વિશેષ

# કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની પરિસ્થિતિ

અશોક મહેતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ તેમજ નર્મદા નીર - કેનાલ - કાર્યના અભ્યાસુ શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતા કચ્છ માટે નર્મદાના નીર અંગે તેમજ તે અંગે નહેર - કેનાલના ચાલતા કાર્યો અંગેનો અભ્યાસ કરી તે બાબતો અવારનવાર પ્રકાશ પાડે છે. તેમની એક જ મહેચ્છા છે કે આ દ્વારા સરકારશ્રીનું ધ્યાન ખેંચી કેમ કચ્છને નર્મદાના નીરનો વધુમાં વધુ અને જલ્દીમાં જલ્દી લાભ મળે.*

*હાલે તા. ૦૪-૦૧-૨૦૧૮ના 'કચ્છમિત્ર' સમાચાર પત્રમાં નર્મદા નીર કેનાલના કાર્યની પરિસ્થિતિનો ચિતાર આપતો શ્રી અશોક મહેતાનો લેખ પ્રસિદ્ધ થયેલ, જે અત્રે 'મંગલ મંદિર'માં સાભાર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.*

ગુજરાતમાં અલગ અલગ જિલ્લાઓમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચાડવા એક મુખ્ય કેનાલ - નર્મદા કેનાલ બનાવવામાં આવેલ છે કે જેની લંબાઈ નવાગામ ડેમથી રાજસ્થાનની હદ સુધી ૪૮૫ કિ.મી. છે. મુખ્ય કેનાલમાંથી ૩૧ જેટલી બ્રાંચ કેનાલો નીકળે છે કે જેના દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આ પાણી પહોંચે છે. આ ૩૧ બ્રાંચ કેનાલોમાંથી કચ્છ બ્રાંચ કેનાલોના કામો સૌથી છેલ્લે ચાલુ કરી શકાયા કે જેની પાછળ ભૂતકાળમાં વિવિધ કારણો હતા.

આ નર્મદા મુખ્ય કેનાલની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી.થી એટલે કે બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી ૨૨૦ ક્યુમેક્સની કેપેસિટીવાળી કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે જેની લંબાઈ કચ્છના માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી ૩૫૭ કિ.મી.ની છે. આ કેનાલ તેની લંબાઈના પ્રથમ ૧૦૫ કિ.મી. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ વગેરે જિલ્લામાંથી પસાર થાય છે, જ્યારે તેના બાકીના ૨૫૨ કિ.મી. કચ્છમાંથી પસાર થાય છે. કચ્છમાં તે રાપર તાલુકાના ફતેહગઢ ગામ પાસેથી દાખલ થાય છે કે જ્યાં તેની કેપેસિટી ૧૭૮ ક્યુમેક્સની કરવામાં આવેલ છે. માંડવીના મોડકુવા પાસે તેની કેપેસિટી ૬૦ ક્યુમેક્સની રહેવા પામશે. તદુપરાંત તેમાંથી ૩ શાખા નહેરો આયોજનમાં લેવાયેલ છે : (૧) ગાગોદર સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૫૮ કિ.મી., (૨) વાંઢિયા સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૨૩ કિ.મી. અને (૩) દૂધઈ સબ બ્રાંચ કેનાલની લંબાઈ ૭૨ કિ.મી.ની રાખવામાં આવેલ છે.

ખૂબ જ લાંબા વિવાદ પછી કચ્છ બ્રાંચ કેનાલના પ્રથમના ૫૫ કિ.મી. લંબાઈના બનાસકાંઠા વિભાગના અને ૨૦ કિ.મી. લંબાઈના કચ્છ વિભાગના એમ કુલ્લે ૭૫ કિ.મી. લંબાઈના અને રૂા. ૨૫૦ કરોડની કિંમતના વિવિધ પ્રકારના પાંચ ટેન્ડર બહાર પાડી તેના કામ વર્ષ ૨૦૦૫માં શરૂ કરાવવામાં આવ્યા પરંતુ આ કામો ધારી ઝડપે આગળ વધી શક્યા નહીં. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં નર્મદા નિગમના ચેરમેન તરીકે શ્રી ડી. રાજગોપાલનની, મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શ્રી એસ. જગદીશનની અને અન્ય અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવી. વર્ષ ૨૦૧૦માં કચ્છમાંથી શ્રી મૂકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટરપદે વરણી કરવામાં આવી. આ બધા પગલાના ફળસ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલના કામોમાં તેજી આવવા લાગી. ત્યારબાદ એકધારી ઝડપે આ કામો આગળ વધતા રહ્યા છે અને તેના પરિણામો હવે પછીના તરતના વર્ષોમાં કચ્છની જનતાને દૃષ્ટિગોચર થઈ શકવાના.

એક તરફ કેનાલના વાગડ વિભાગના કાર્યો પર વાગડ વિભાગના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા પૂરતું લક્ષ આપી રહ્યા છે તો અન્ય તરફ શ્રી મૂકેશભાઈ ઝવેરી નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે પોતાની જવાબદારી પૂરેપૂરી નિભાવી સમગ્ર કેનાલની લંબાઈમાં આવતા જમીનના પ્રશ્નો વિશે તાતી નજર રાખી તેના નિરાકરણમાં સારી એવી જહેમત લઈ રહ્યા છે. નર્મદા નિગમમાં કામ કરતા સ્ટાફના કચ્છી સભ્યો અને કચ્છી એન્જિનિયરો તેમજ અન્યો પણ હકારાત્મક અભિગમ દાખવી આ યોજનાના કાર્યોને એકધારી ઝડપે આગળ વધારી રહ્યા છે. પરિણામ સ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલ અને તેની સબ બ્રાંચ કેનાલના કામો તો હાથ પર લેવાયેલ છે પરંતુ સાથે સાથે ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોરના આયોજનો ગોઠવીને તેના કામો પણ ચાલુ કરાવી દેવામાં આવેલ છે. જેના પરિપાક સ્વરૂપે કદાચ સમગ્ર ગુજરાત કરતાં અહીં સંપૂર્ણપણે વિપરીત પરિસ્થિતિનું નિર્માણ થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. આ વિગતનો મતલબ એ થયો કે કેનાલ, સબ કેનાલ વગેરેના બાંધકામ સાથે ખેતરો સુધી આ પાણી પહોંચાડવાના આયોજનો કચ્છ વિભાગ દ્વારા હાથ પર લેવાઈ રહેલ છે. આ વિગતો સંપૂર્ણપણે હકારાત્મક

અભિગમના દર્શન કરાવે છે. આ કાર્યમાં નર્મદા નિગમની ગાંધીનગર ઓફિસનો તથા ગુજરાત સરકારશ્રીનો પણ પૂરેપૂરો સહયોગ સાંપડી રહેલ છે.

ગત લેખમાં આપણે જોયું કે મુખ્ય બ્રાંચ કેનાલની સાથે સાથે સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રીબ્યુટરી, માઇનોર, સબ માઇનોર વગેરે પ્રકારની કેનાલોના કાર્યો ન થઈ શકવાના કારણે રૂા. ૪૬,૦૦૦ કરોડના ખર્ચ પછી અને આ યોજનાના ૩૫ વર્ષના સમયગાળા પછી પણ સમગ્ર ગુજરાતની ૪૫ લાખ એકર જમીનના બદલે માત્ર ૮ લાખ એકર જેટલી જમીનમાં જ પાણી પહોંચાડી શકાયા છે. તેનાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિ કચ્છમાં નિર્માણ પામી રહી હોય તેવું દેખાય છે, જે સરાહનાને લાયક છે. આ યોજનાની કચ્છ બ્રાંચ મુખ્ય કેનાલની સાથે સાથે શાખા, પ્રશાખા, વિશાખા વગેરે કેનાલના કામ થકી મુખ્ય કેનાલનું કામ પૂર્ણ થતાની સાથે સાથે અને આયોજન મુજબ કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું દેખાય છે. આ માન્યતા પાછળના સંગીન કારણો નીચેના મુદ્દાઓના વાંચનથી ખ્યાલ આવી જશે કે જે નર્મદા નિગમની કચ્છ શાખા દ્વારા બહાર પાડવામાં આવ્યા છે.

૧. કચ્છ બ્રાંચ કેનાલના ૦ થી ૮૨ કિ.મી. લંબાઇના કાર્યો આ અગાઉ લગભગ વર્ષ ૨૦૧૨-૧૩ સુધી પૂરા કરી દેવામાં આવ્યા છે અને તે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ વગેરે જિલ્લાના છે.

૨. ૮૨ કિ.મી. (મઢુત્રા)થી ૨૧૪ કિ.મી. (ટપ્પર ડેમ) સુધી ૧૩૨ કિ.મી. લાંબી કેનાલના રૂા. ૧૦૩૧ કરોડની કિંમતના કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

૩. ૨૧૪ કિ.મી. (ટપ્પર ડેમ)થી ૩૫૭ કિ.મી. (મોડકુવા) એટલે કે ૧૪૩ કિ.મી.ની લંબાઇના કેનાલના કામો રૂા. ૧૦૧૦ કરોડના ખર્ચે હાલે ચાલુ છે કે જેમાંથી રૂા. ૭૧૩ કરોડના કામો થઈ ગયેલ છે અને રૂા. ૨૯૭ કરોડના કામો બાકી છે કે જે માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરવાની ધારણા છે. આ લંબાઇમાં ગાંધીધામ તાલુકાના શિણોય ગામની જમીનનો પ્રશ્ન ઉકેલવાનો બાકી રહે છે કે જેના કારણે આ કાર્ય પૂરું કરવાની મુદત થોડી લંબાઈ શકે.

૪. ટપ્પર ડેમથી નીચાણવાળા ભાગમાં ૧૮૦૦ મીટરની લંબાઇનું કેનાલ સાયફનનું કામ રૂા. ૧૩૪ કરોડના ખર્ચે પૂરું કરી દેવામાં આવેલ છે.

૫. ૫૮ કિ.મી. લંબાઇની ગાગોદર સબ બ્રાંચ કેનાલના કામો રૂા. ૨૧૭ કરોડના ખર્ચથી ફાળવી દેવામાં આવેલ છે કે જેમાંથી રૂા. ૧૧૦ કરોડની કિંમતના કામો પૂરા કરી દેવામાં આવેલ છે અને બાકીના કામો માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરી દેવાની ધારણા રાખવામાં આવેલ છે.

૬. ૨૩ કિ.મી. લંબાઇની વાંઢિયા બ્રાંચ કેનાલના કામો રૂા. ૪૧ કરોડના ખર્ચથી ફાળવી દેવામાં આવેલ છે કે જેમાંથી રૂા. ૩૬ કરોડના કામો પૂરા કરી દેવામાં આવેલ છે અને બાકીના કામો માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂરા કરી દેવાની ધારણા રાખવામાં આવેલ છે.

૭. ૭૨ કિ.મી. લંબાઇની દૂધઇ સબ બ્રાંચ કેનાલને બન્ની સુધી લંબાવી, તેની લંબાઇ ૧૦૦ કિ.મી.ની કરવાની ગણનાએ તેના પ્રથમ ૨૩ કિ.મી. લંબાઇના રૂા. ૨૪૦ કરોડની કિંમતના કામો કરવાની એજન્સી નક્કી કરી લેવામાં આવેલ છે અને તા. ૧૬-૧૦-૨૦૧૭થી એ કામો શરૂ કરી દેવામાં આવેલ છે. બાકી રહેતી ૭૭ કિ.મી. લંબાઇની કેનાલના ટેન્ડરો માર્ચ-૨૦૧૮ સુધી બહાર પડી જાય તેવી ગણના રાખવામાં આવેલ છે.

૮. રાપર - ભચાઉ તાલુકામાં ડિસ્ટ્રીબ્યુટરી, માઇનર અને સબ માઇનર કેનાલ માટે રૂા. ૪૦૮ કરોડના કામો મંજૂર થઈ ગયેલ છે. તેમાંથી રૂા. ૨૫ કરોડના કામો પૂર્ણ પણ થઈ ગયેલ છે. ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં બાકીના કાર્યો પૂરા કરવાની ગણના રાખવામાં આવેલ છે.

૯. ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા અને માંડવી તાલુકાની ડિસ્ટ્રીબ્યુટરી, માઇનોર અને સબ માઇનોર કેનાલોના રૂા. ૩૬૪ કરોડની કિંમતના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ છે. આ કામો જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં શરૂ કરવા અને માર્ચ-૨૦૧૯ સુધીમાં પૂરા કરાવવાના આયોજનો વિચારાયેલ છે.

૧૦. ૦ થી ૮૨ કિ.મી.ની કેનાલની બંને બાજુના ડામરના રસ્તા અગાઉ બનાવી દેવામાં આવેલ છે, જ્યારે ૮૨ કિ.મી. (મઢુત્રા)થી ૧૯૦ કિ.મી. (ભચાઉ) સુધી બંને બાજુએ ડામરના રોડ બનાવવાના રૂા. ૬૪ કરોડની કિંમતના કામો અપાઇ ગયેલ છે અને ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં આ રસ્તાઓ પૂરા કરવાના આયોજનો નક્કી કરવામાં આવેલ છે.

૧૧. આ રીતે કચ્છ શાખા નહેર, તેની પેટા કેનાલો, ૩ પમ્પિંગ સ્ટેશનોની બાકી રહેતી કાર્યવાહી, એક મોટી સાઇઝનું સાયફન અને કેનાલની બંને બાજુના ડામર રોડ પૈકી સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં કુલ રૂા. ૪૫૧૩ કરોડના ચાલુ કામો પૈકી રૂા. ૨૬૬૯ કરોડના કામો પૂર્ણ થઈ ગયેલ છે અને બાકી રૂા. ૧૮૪૪ કરોડના કામો ચાલુ છે જે મોટાભાગે ઓક્ટોબર-૨૦૧૯ સુધીમાં પૂરા કરાવવાના આયોજનો છે.

૧૨. અન્ય તરફ નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ જાતે પાણી મંડળી બનાવવાની પ્રક્રિયા હાથ પર લીધેલ છે અને તેની

કાર્યવાહી આગળ ચલાવી રહેલ છે કે જેથી આ પાણી મંડળીઓ દ્વારા ખેતરે ખેતરે પાણી પહોંચતા કરી શકાય.

નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. પાણીના કાર્યો વિશેની ઉપરોક્ત વિગતો એ સૂચવે છે કે આવતા ૨-૩ વર્ષમાં આ પાણીથી આયોજન મુજબના ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકશે. કચ્છ વતી કામ કરતી સમગ્ર નેતાગીરી તથા કચ્છ બ્રાંચ કેનાલના અધિકારીશ્રીઓની સમગ્ર ટીમને આ બાબતે અભિનંદન આપવા ઘટે.

આ તબક્કે કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની કામગીરી બાબત પણ આપણે છણાવટ કરી લઈએ.

આ કાર્ય માટે ગત બજેટમાં ગુજરાત સરકારશ્રી દ્વારા રૂા. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે તેવી ધારણા રાખવામાં આવેલ હતી પરંતુ તેના બદલે બજેટમાં માત્ર રૂા. ૭૨ કરોડની ફાળવણી કરવામાં આવેલ હતી. આ સામે વર્ષ દરમ્યાન કચ્છના વિવિધ ધારાસભ્યશ્રીઓના દબાણના કારણે નીચે મુજબની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

૧. બન્ની વિસ્તારમાં નર્મદા નદીના વધારાના પાણી ભરી શકાય તે માટે રૂા. ૩૧૨ કરોડના ખર્ચે ૩ વિશાળ જળાશયો બનાવવાના આયોજનો વિચારાયેલ છે.

૨. કચ્છમાં વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી પહોંચાડવા આ લાઈન પર આવતા ત્રણેય પમ્પિંગ સ્ટેશનોમાં ૨૦-૨૦ ક્યુમેક્સના ૫-૫ પંપો બેસાડવા માટેના રૂા. ૬૮૧ કરોડના ખર્ચે મેઘા કંપનીને કામો અપાઈ ગયેલ છે તથા એ કામો ૧૮ મહિનામાં પૂરા કરાવવાનું આ કંપનીઓને જણાવી દેવામાં આવેલ છે.

૩. ટપ્પર ડેમમાંથી નીકળતી (૧) નોર્થર્ન લીંક કેનાલ, (૨) સધર્ન લીંક કેનાલ અને (૩) હાઈ કન્ટુર સ્ટોરેજ લીંક કેનાલ માટે તા. ૧૫-૧૦-૨૦૧૭ના રોજ મળેલ કેબિનેટ મીટિંગમાં વહીવટી મંજૂરી આપી દેવામાં આવેલ છે. તે કામો માટેની નાણાંકીય જોગવાઈ માર્ચ-૨૦૧૮ના બજેટમાં કરી આ કામો ચાલુ કરાવી દેવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યવાહી કચ્છને ફાળવાયેલ વધારાના પાણી માટેની શુભ શરૂઆત કહી શકાય પરંતુ આ પ્રકારનો હકારાત્મક અભિગમ આવતા વર્ષોમાં ચાલુ રહે તો આ વધારાના પાણી થકી કચ્છની અંદાજિત બીજી ૧૦ લાખ એકર જમીનમાં ચોમાસા દરમ્યાન સુનિશ્ચિત ખેતી થઈ શકે.

આ પ્રશ્ને કાર્યરત ટીમને આપણે હકારાત્મક અભિગમ દાખવી, પ્રોત્સાહન પૂરું પાડીએ તો જરૂરથી આ કાર્યવાહી ઝડપી બની શકશે. ■


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૬)

હંસરાજ સાંખલા

## પોતાના રૂપથી નફરત

કલકત્તાથી આવતાં એના મનીઓર્ડરની રકમ બહુ ઓછી થતી ગઈ. કોઈ ઓળખીતા ઈ બાજુથી કચ્છમાં આવતા ત્યારે એને મલવા જતા તો તેની સાથે મણિલાલ બસો-પાંચસો રૂપિયા મોકલી દેતો.

રતન નિયમિત પત્ર લખાવતી. પણ હવે કલકત્તેથી એના બહુ ઓછા કાગળ આવતા; પરંતુ જ્યારે કાગળ આવતા ત્યારે એ અવશ્ય લખતો કે રજા મલશે તો હું આવતા મહિને ચોક્કસ આવીશ. ટપાલથી 'એ હવે આવશે' એની આશા બંધાતી પણ આખરે એ આશા ઠગારી જ નીવડતી. ને બદલામાં સો-બસો રૂપિયા આવતા મનીઓર્ડરથી. આવું થતું ચાલ્યું તેથી રતનની આર્થિક સ્થિતિ ખૂબ કપરી થઈ ગઈ.

ઘણી વાર નાનબાઈ રતનની વાતોથી એની સ્થિતિનો તાગ મેળવી લેતી ને વગર માગ્યે એની સાસુ અને પતિ મનસુખથી છુપાવીને માત્ર લાગણીથી ખેંચાઈને ક્યારેક ઘઉં-જવ-બાજરો, તો ક્યારેક પોતાના બચકીમાંથી પૈસા પણ આપતી.

પૈસાની અછતને લઈને રતન ઘરમાં ક્યારેય શાક ન બનાવતી. ક્યારેક કઢી તો ક્યારેક માત્ર છાશ અને ડુંગળીના સથવારે રોટલા ખાઈ લેતાં. દાણ ખાણ વગર ગાય કેટલું દૂધ આપે? એનું મોટા ભાગનું દૂધ દીકરીયું પીવામાં વપરાઈ જતું. તેથી છાશ ન થતી. છાશ તો ગામમાં મોટી ખેડવાળાનું વહેલી સવારે છાણ-વાસીદું કરીને મફત લઈ આવતી રતન.

આ સ્થિતિને પહોંચી વળવા હાકલ હોય તો રતન એક પણ દાનકી પાડતી નહીં. છતા મહિનામાં વીસ દિવસથી વધારે રોજ ભરાતાં નહીં. એક રૂપિયો રોજની દાનકી ચાલતી હતી. તેથી પાંચ જણાંના કુટુંબનો ગુજારો ચલાવતાં રતનને ખૂબ તકલીફ પડવા લાગી.

એક વખત પટેલબાપાના દીકરા નરેશભાઈએ રતનને લાગાબંધી કામે આવવાની ઓફર કરી. 'ભાભી! રોજ રોજ જુદી જુદી વાડીએ જાઓ એના કરતાં અમારી વાડીએ લાગાબંધી આવોને. અમને ઘરના માહણ મળે ને તમારા પૂરા ત્રીસ રોજ ભરાય. લાગાબંધીની દાનકી ઓછી ગણાય પણ હું તમને ઓછું નીં દઉં. ઘરના જ હો ને? ઘરનાં થૈ ને કામ કરજો ને મજૂરને કામ કરાવજો. તમારી દેરાણી જીણાં છોરાની ઝંઝાળમાંથી પરવારે તો વાડીએ આવેને? પાછી પોતે હાજી માંદી રે ને હું મારામાંથી ઊંચો ન આવું ને પટલાઈ કરતો ફરું તૌયે પાછળ તમે હો તો મને ચિંતા ન રે. ખરું ને? 'કહી નરેશભાઈ મર્માયું હસ્યો.

પટેલબાપાની વાડીએ પંદર-વીસ દિવસ ભર્યા પછી લાગાબંધીમાં જવાની રતને ના પાડી. છૂટક દાડીયે જતી થઈ તો નાનબાઈએ પૂછ્યું, 'કાં રતન! પટેલ બાપાની વાડી મૂકી દીધી?'

"હોવે, મને નરેશભાઈની નજર (દાનત) હખ્ખર ન લાગી. આમ તાં એવું કાંય નો'તું પણ મને થ્યું. બીજેય રોજ ક્યાં નથી ભરાતાં? કે એના એશાન (અહેસાન) માં રે'વું પડે! છૂટક દાનકી ભરીયે તો બધે સંબંધ તો રે! ત્યાંય જઈશ ને બધે જઈશ.' થોડું અટકી રતન બોલી, 'નાનબાઈ, તને નથી લાગતું ભગવાને મને નિરાંતે ઘડી હેં, બાઈ કૈયેંક મને એમ લાગે કે બહુ રૂપાળાપણુંયે એક હરાપ (શાપ) જ કે'વાય."

"તું તાં એમ કો'રી તને રૂપ દઈને જાણે ભગવાને તારો ગુનો કર્યો હોય." નાનબાઈએ કહ્યું.

"આવા બળ્યાં રૂપને ખેતરુની મજૂરીમાં શું કરવું તું?"

"તો થોડુંક અમને દઈ દે" રતનના ગાલ ઉપર ચૂંટલો ભરતાં નાનબાઈએ કહ્યું.

"એમ કાં કોં'રી? મારા બનેવીને તારું રૂપ ઓછં પડેર્યું કે તને ઓછું પડેર્યું એનું રૂપ?" રતન જરા રમતિયાળ થઈ ગઈ.

"આ રાત-દીની મજૂરીમાં એકબીજાનાં મોં જોવાનો (ક્યા) કેને ટેમ હે? તને એમ હશે મોટી ખેડ (ખેતી) વાળાં રાત દી મજા જ કરતાં હશું. તું તાં જુવો જ રી મને. હવારના ચાર વાગે જાગીને ચોપાંચેડાંનું (ઢોરઢાંખરનું) કરવું. તળાવે પાણી ભરવા જતું, દેણું દળવું, છોરાં છૈયાનું કરવું, શીરામ તૈયાર કરવાં, વથાણમાં ચોપાં મૂકવા જવાં ને મજૂર જોડે વાડીએ જવું. મોડે હોદી કામ કરવું. હવે કે મારી બોન, આમાં નિરાંતે કૈયેં હું એનું મોં જોઉ ને કૈયેં ઈ મારું મો જુએ? હાંજે કામ કરી થાક્યા પાક્યા આવે. હાથ પગ ધોઈ મંદિરે જાય. બે માળા કરી, ખાધું નથી કે ઘેન ચડ્યું નથી. પછી વે'લી પડે હવાર.

"હવે કે નિરાંતે મોં જોવાનો ટેમ જ ન હોય ત્યાં રૂપ જોવાની વાત ક્યાં આવેરી? આપડે કણબીની બાઈમણુંને એમ ને એમ ખેતરુંમાં માંથાં દેતાં ગેઢપણ આવી જવાનું. (આપણી પટલાણિયુંનું એમ ને એમ મજૂરીમાં આયખું પૂરું થઈ જવાનું.) નાનબાઈ બોલી.

"પણ વરહાળેતાં કામ ઓછાં હોય નેં? તૈયે ખેતરુંયે લીલાં રૂપાળાં લાગે ને ખેતરના માલિકે રૂપાળા લાગે તારે ઠેકાણે હું હૌં તો મને ય ઈ રૂપાળા જ લાગે...!"

"...બળ્યું એમાંય એવું કે વરહાળે વાડીએ હુવર શેડું (સૂવર શાહૂડી) ની ચોકી કરવા જવું પડે. પછી કેવાં મો ને કેવાં બો? મૂકને ઈ વાત. તને જ રાતની ઊંઘ નીં આવે...!' કહી વાત ટૂંકાવી એ રવાના થઈ ગઈ.

કલકત્તેથી મનીઓર્ડર આવ્યે છ-સાત મહિના થયા. વચ્ચે કોઈ હથવારા ભેગા થોડા ઘણા, નૈં જેવા પૈસા આવ્યા હતા. છતાં હવે રતનને માટે શું કરવું? એ ન'તું સમજાતું.

રોજ સાંજે બંને બહેનપણીઓ મળતી ને રતન પોતાનાં રોદણાં રોતી "નાનબાઈ, હવે તો હું થાકી ગી હૌં. મને કાંય હુઝતું નથી. હવે શું કરું? તારી કનેયે ઘડીઘડી માગતાં હવે મારી જીભ નથી ઊપડતી. તમે પેલાંની જેમ એને કાગળ લખી દ્યોને? જ્યોતિ લખેરી એમાં એને કાંય અસર નથી થતી!'

નાનબાઈએ ટપાલ લખી દીધી. ટપાલમાં નાનબાઈએ કડક શબ્દોમાં લખ્યું હતું તોય મહિનો જતાં ૩૦૦ રૂપિયા જ આવ્યા.

આ રૂપિયા તો આગળ ઉધારમાં લીધેલ રસકસ પેટે ચૂકવાઈ ગયા. નાનબાઈ કે કોઈની પાસેથી લીધેલા હાથ ઉછીના રૂપિયા, એ ન ચૂકવી શકી. બધાંને બે હાથ જોડી મુદત માગી. આમ તો રતન મીઠાબોલી ને હસમુખા સ્વભાવની હતી. આવા સમયે રતનને તેનો હસમુખો ને રૂપાળો ચહેરો અને બોલકો સ્વભાવ મદદરૂપ થતો. તેથી અત્યાર સુધી તેનું કોઈ કામ અટક્યું નતું.

એક સાંજે બાઈ ખીમજી માસ્તરને શી ખબર હું પૈસાની ભીડમાં હૌં? આજ ઈ જોતી (જ્યોતિ) ની નિશાળની સૂચના દેવાનું બાનું કરી ઘરે આવ્યો'તો. પછે કે 'કલકત્તેથી મનીઓર્ડર મોડું વેલું આવે ને પૈસાની ભીડ હોય તો મૂંઝાતાં નૈ? એ કહી ગયા હે, ક્યારેક અડે મૂંઝે ઈ કહે તો કામ કાઢજો. માણસ માણસને કામ નૈ લાગે તો કેને લાગશે?"

મેં કીધું - "ના હમણાં તો મજૂરીમાંથી હાલી જાયર્યું." કહી વાત ટૂંકાવી રવાના કર્યા.

"મને ઈ હમજણ નથી પડતી, મારી પૈસાની ભીડની ખબર ખીમજી માસ્તરને કેણે કેધી. એને આવી ખબર રાખવાની જરૂરે શું હોય?" રતને કહ્યું.

'પછી...!" નાનબાઈએ આગળ જાણવા પ્રયત્ન કર્યો.

"જરૂર પડશે તો કૈશ સાહેબ, કહી રવાના કર્યા. બાઈ વગર કેધે મુવાં ટેકો કરવા આવેર્યો એનું કારણ ન હમજું એવી ભોળી નથી. આ ભણેલા ગણેલા એકલા છડા ઘરથી છેટે નોકરીયું કરતા હોય ઈ ચોખા થોડા રે. એવાના ટેકાય મોંઘા પડે. એકલી રેતી બાઈમણને?"

એ વખતે નાનબાઈએ કહ્યું. "એવું અટકી પડે તો અમે ક્યાં નથી?" નાનબાઈ રતનના ઘરની સ્થિતિ જાણતી હતી. એની હિંમત ના તૂટે એટલા માટે આ રીતે હિંમત આપતી.

તે દિવસે રતનને પોતાની સાચી મુશ્કેલી કહેતાં જીભ ન'તી ઊપડી. કેટલાય સમયથી (જગદીશના) રસકસના બિલ પેટે કંઈ ચૂકવાયું ન'તું. તેનું બિલ સતત ખેંચાતું ને વધતું જતું હતું. જગલો કડક ઉઘરાણી તો કરતો જ હતો. પણ રતન તેને મીઠું મીઠું બોલી પ્રેમથી વાયદા કર્યે જતી.

જગલાની દુકાને જ્યારે રતન રસકસ લેવા જતી, ત્યારે પડીકા કે પૈસાની લેવડદેવડ વખતે રતનના હાથને જગલો જાણીજોઈને અડવા પ્રયત્ન કરતો. રતન બધું સમજતી હતી. છતાં સંજોગો એવા હતા, જો પોતે આટલું પણ સહન ન કરે તો તેને રસકસ ઉધારમાં કોણ આપે? છતાં એ બાબતે પોતે પૂરી સજાગ હતી.

મોટી બેબી જ્યોતિ સાતમા ધોરણમાં ભણતી હતી. જ્યોતિ ભણવામાં બહુ હોશિયાર હતી. રતનને ચિંત હતી, આવતી સાલ જ્યોતિ આઠમા ધોરણમાં આવશે. ગામમાં તો હાઈસ્કૂલ નથી, ત્યારે બાજુના ગામની સ્કૂલમાં જવા બસના પાસનો ખર્ચ અને ફી વધશે. એ એના માટે વધારાની ચિંતા હતી.

રતન ઘણી વાર કહેતી : 'થોડીક વધારે મજૂરી કરીશ પણ દીકરીયુંને ભણાવવામાં કચાશ નીં જ રાખું. જુઓને હું કેવી ઓશિયાળી થૈ જાઉરી. એને કાગળ લખવો હોય તોય કેનીક મદદ લેવી પડે. એમાં મનની કાંક ખાનગી વાત લખવી હોય તોય કેમ લખાવાય? અને એનો કાગળ આવ્યો હોય તોય બીજા કને વંચાવવા જવું પડે.

મને જે તકલીફું પડ્યું હે ઈ મારી દીકરીયુંને ન પડે એના હારું હું બધું કરીશ. એને દીકરીયુંને ભણાવવાની બહુ ઉમેદ હતી. એ કહેતી ઈ ભણીને હોશિયાર થશે તૈયે જ એને હખર ઘર મલેશેને?"

જોકે ખીમજી માસ્તર કહેતા હતા 'સ્કૂલ ફી તો માફ કરાવી દેશે. ને કોલરશીપ (સ્કોલરશીપ) પણ અપાવશે.' આવું થશે તો તો વાંધો નહીં આવે. છતાં ઘર તો ચલાવવું જ પડશે ને?

જેઠ મહિનાના પાછલા દિવસો ચાલતા હતા. હવે જેમ જેમ સમય જતો હતો તેમ તેમ પૈસા મૂકવામાં એ સો ટકા કુડપાઈ કરતા હતા એવું રતનને સતત લાગ્યા કરતું હતું.

ઘણાં બધાં સગાવહાલાં એમ કહેતાં "મણિલાલ બહુ હોશિયાર અને ધાર્યુ કામ કાઢનાર 'કટર' હે અને એનો પગાર પણ બહુ ધજ હે" એ જાણી રતને એક વખતે નાનબાઈને પૂછેલું, "બાઈ પેલાં ઇ કેટલા બધા પૈસા મૂકતા ને હવે હમોળાય નથી મૂકતા. તો ઇ પૈસા ક્યાં નાખતા હશે?" વળી ઘર હામુંયે નથી જોતા તો કેનાક ઘાઘરામાં તો નીં ફસાણા હોય ને?' રતને શંકામિશ્રિત ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

"ના ના એવું જો જે ધારતી એવા ઇ ક્યાં હોશિયાર હે કે એવું એને આવડે?" નાનબાઈને શંકા તો હતી જ, છતાં રતનની આશાના તંતુ જળવાઈ રહે માટે કહ્યું.

"તો તો જુઓને આ વરહાળે એને આવ્યે બે વરહ (વર્ષ)

થશે. હવે મને એવું જ લાગેર્યું. માહણ કેર્યા ઇ પ્રમાણે કદાચ હું કૌરી એમ જ હશે. મલી ગઈ હશે મારા જેવી કોંક નવરી. એટલે તો પૈસાય નીં ને ઇયેની.' નાનબાઈ શું જવાબ આપે? રતન આગળ બોલી, 'બાઈ હું તો જાણે ઠીક પણ એને આ ફૂલ જેવી દીકરીયુંયે નીં હાંભરતી હોય?" કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં.

"હાંભરે તોય શું કરે બિચારો? છેલા કાગળમાં એણે લખ્યું તો હતું. હમણાં કામ ઘણાં હે એટલે શેઠ રજા દેતા નથી. એટલે આવી હકાશે નીં! તો ઇ યે શું કરે? જો શેઠનું ન માને તો વળી બીજું ઠેકાણું ગોતવું પડે. આવે ટાણે શેઠિયા ક્યાં શરમ રાખેર્યા? ઇતાં ફટ દેતાં - હંભળાવી દે. "થા રવાનો! તું નીં ને તારો ભાઈ બીજો." કહી નાનબાઈએ રતનના મગજની શંકા દૂર કરવા પ્રયત્ન કર્યો. મણિલાલ, એનું મનીઓર્ડર કે એની ટપાલ આજ આવે કાલ આવે એમ કાગડોળે રતન રાહ જોતી રહી. ભાદરવો મહિનો પૂરો થવા આવ્યો. છતાં એમાંથી એકેય ન આવ્યું. આ બાજુ જેમ જેમ દિવસો જતા ગયા, તેમ તેમ રતનની મુશ્કેલીઓ વધતી ગઈ.

જે દિવસે રસકસ લેવાનું હોય તે દિવસે રતન બપોરની રીસેસ ન પાડતી ને કામ ચાલુ રાખતી જેથી સાંજે વિનંતી કરી થોડી વહેલી રજા લઈ દુકાનેથી જોઈતું રસકસ દી છતે વેળાસર લઈ શકે. ને એમ જ કરતી.

રતન આ બધું જગલાની દુકાનેથી ઘરાકોની ભીડ હોય ત્યારે જ લેવા જતી. તો એક દિવસ જગલે કીધું પણ ખરું. "ભાભી તમે કાયમ ઘરાકની આવી ભીડમાં જ લેવા આવો છો. થોડાં વહેલાં મોડાં લેવા આવતાં હો તો. મારે રોકડિયાં ઘરાક તો સચવાય. આ તો રોકડિયા ઘરાક મૂકીને પહેલું તમને ઉધારમાં દેવું પડે (છે) એ તમને સારું લાગે ર્યું?"

રતન સમજતી હતી 'જગો ઓછી ઘરાકી ટાંણે મોડું-વહેલું આવવાનું શું કામ કેર્યો? છતાં એ ભીડમાં જ જતી. એ કહેતી "જગાભાઈ મને આ એક કામ થોડું હે, મારા વીરા. રાંધવાનું તો ખરું જ. પણ બીજા યે હાંજ-હવારનાં કામ તો હોય ને? તમે ઉધારમાં આ બધું દો ર્યા ઇ તમારી ભલાઈ. તમારો એકેય પૈસો રાખીશ નીં મારા ભાઈ. એટલો વેસવાસ (વિશ્વાસ) રાખજો."

"વિશ્વાસની વાત ક્યાં છે ભાભી, આ તો એકબીજાની અડચણ સમજવાની વાત હે. મારી વાત ખોટી હે?" જગદીશે કહ્યું.

રતને કંઈ જવાબ ન આપ્યો. આવા કેટલાય પ્રશ્નોના જવાબ ન દેવાનું રતનને ફાવી ગયું હતું. રતન કોઈની સાથે આવા બનાવો કે ચર્ચાઓ થતી તે બાબતે પોતાનું દિલ હળવું કરવા રોજબરોજ રાત્રે આ બધું નાનબાઈને કહેતી. નાનબાઈ રતનની માનસિક સ્થિતિ જાણતી હતી. તેથી તેને શાંતિથી સાંભળતી અને તેને આશ્વાસન દેતી. તેથી રતનનું દિલ હળવું થતું. અને તેને કાયમ સાવધાન રહેવાનું કહેતી.

એક સાંજે નાનબાઈને રતન ખૂબ ઢીલી દેખાઈ તો પૂછ્યું.

"કાં રતન ઠીક નથી કે શું?"

"ઠીક તાં હૌં પણ તમને ખબર તો હે. આજ આઠ મહિનાથી એણે પૈસા નથી મૂક્યા. આ છૂટક મજૂરીમાંથી કેમ પૂરું કરુંરી ઈ મારું મન જાણેર્યું. નારણકાકા કને ઘડી ઘડી થોડા લેવાય? ઇ તાં ના નથી કે'તા પણ હવે મનેય શરમ થાયરી. વળી ઇ પાનુંકાકીથી લકાઈને દેર્યા. પછી કેદીક ખબર પડે તો? તને ખબર તાં હે પાનુકાકીનો સ્વભાવ કેવો હે? એટલે હવે નારણકાકા કનેથી નથી લેતી."

રતને થોડું વિચારતાં કહ્યું "બાઈ આજ ઘડીભર એવો વિચાર આવ્યો. હવે જોતિને ભણાવવાનું બંધ કરું ને મારા ભેળી દાનકીએ લઈ જઉ તો જ પૂરું થશે. વળી એમ્મે થાયર્યું ઇ હોશિયાર હે તો ભલેને ભણતી. ભણીને હોશિયાર થાય તો મારા જેમ ઊભા ઘરે તાં ન જવું પડે એને!"

આ બાજુ જગલાના બાકી પૈસા વધતા જાયર્યા. બે દિ'પેલાં એનેય ભીડો ચડાયો. પૈસા ખપે! ઇયે બિચારો હાચો હે. ઇ હામે પૈસા ભરે તૈયેં જ માલ મળેને એને. હવે કેર્યો પૈસા જમા નીં કરાવો તો રસકસ દેવાનું બંધ કરી દઈશ. હવે હું શું કરું? કહેતાં રતનની આંખમાં આંસુ આવી ગયાં. આ ચાર છોરીયું..." એ આગળ ન બોલી શકી.

તે દિવસે પણ નાનબાઈએ ફરી તેની સાસુથી છૂપી રીતે દશ દશ કિલો જેવા ઘઉં જવ આપ્યા ને પોતાની બચકીમાંથી રૂપિયા આપ્યા અને કીધું. "આ બધું આપૂરી એની કોઈને વાત ન કરતી. હું ને તું જાણીયે. ભગવાનને પણ ખબર ન પડે એમ રાખજે."

રતનને સમજતાં વાર ન લાગી. નાનબાઈ અવારનવાર આ બધું દેરી ઈ મનસુખ પટેલ અને એની હાહુથી લકાડીને દેરી.

રતને રૂપિયા જગાને ત્યાં જમા કરાવ્યા ત્યારે એણે ટકોર કરી, આવડા બાકી છે એમાં આટલા રૂપિયા શું હિસાબમાં? બીજા પૈસા માટે ગોઠવણીમાં રહેજો.

આ બાજુ રતને લખાવેલી ટપાલનો કલકત્તાથી કોઈ જવાબ ન આવ્યો અને મનીઓર્ડર પણ ન આવ્યું. હવે તો ફક્ત કલકત્તા બાજુથી ગામનું કે કોઈ સગુંવહાલું આવતું તો એની સાથે થોડા ઘણા પૈસા આવતા. એની સામે પાંચ જણાનાં પરિવારનો ખર્ચ હતો.

મજૂરી અને નાનબાઈના સહકારથી એક મહિનો તો ટૂંકો થયો પણ હવે? આ બાજુ જગાની ઉઘરાણી ચાલુ જ રહી. તકલીફ તો હતી જ હતી છતાં રતનને હવે નાનબાઈની "આપડી લેવડ દેવડ ગુપ્ત રેવી ખપે" ની વાત સાંભળ્યા પછી થયું : નાનબાઈને પણ હું હવે ધર્મસંકટમાં નીં નાખું. ક્યાંક મારે લીધે એના ઘરમાં કંકાસ થાય ને એનો રોટલો ખારો થાય એવું મને નથી કરવું. મારું મને જ ફોડી લેવું ખપે.

પોતાના મનના નિર્ણયના સરળ અમલ માટે રતને ધીમે ધીમે નાનબાઈને મલવાનું ઓછું કરી નાખ્યું.

*(ક્રમશઃ)*

વાર્તા

# હીંચકો

પારૂલ ખખ્ખર

એ ઝૂલી રહી હતી વર્ષોથી, એકધારી-સતત. ઝૂલવું એ શ્વાસ લેવા જેવી સહજ ક્રિયા હતી એના માટે. સવાર-બપોર-સાજના ભેદભાવ રાખ્યા વગર, ઋતુઓનાં બંધન સ્વીકાર્યા વગર એ ઝૂલતી રહેતી. સુંદર મજાનો બંગલો, મોટો જબ્બર પોર્ચ અને પોર્ચમાં લટકતો વાંસનો સિંગલ હીંચકો એ એની બારમાસી જગ્યા. લગભગ પંદરેક વર્ષથી એને આ 'હીંચવા' લાગુ પડ્યો હતો. ન કોઈ પડોશી સાથે સંબંધ કે ન સગાંવહાલાંઓ સાથે. કોઈ એને ત્યાં આવે નહીં ને એ કશે જાય નહીં. એને ન ટી.વી. જોવું ગમે, ન વાંચવું, ન ગાવું કે ન સાંભળવું. ટૂંકમાં એમ કહી શકાય કે મોજ-મજા-આનંદ જેવા શબ્દોને એણે શબ્દકોષમાંથી રદબાતલ કરી નાખ્યા હતા.

રાતે પોર્ચમાં હીંચકતી હોય ત્યારે અંધારામાં ઓગળી ગઈ હોય એવું લાગે. ક્યારેક એકધારું હીંચકતી જોઈએ ત્યારે હીંચકાનો પર્યાય બની ગયેલી લાગે. સાવ અવ્યવસ્થિત વસ્ત્રો, સફેદ રુક્ષ વાળ, શરીર પર એકેય શણગાર નહીં; અરે...ચાંદલો સુધ્ધાં નહીં. ન જાતને સજાવે, ન ઘરને. ન જમવાનો શોખ, ન જમાડવાનો. એમ કહોને કે બેરંગ, બેદાગ, સફેદ કાગળ જેવી જિંદગી જીવી રહી હતી. અલબત્ત એમ કહેવું વધુ યોગ્ય રહેશે કે એક રંગબેરંગી ચમકતા કાગળને રદ્દી બનાવીને જીવી રહી હતી.

આમ તો બહુ જૂની વાત નથી. માત્ર થોડાંક વર્ષો પાછળ જાઓ તો એક સુંદર ભૂતકાળ મળી આવે! ઊછળતી - કૂદતી ઝરણાં જેવી ચંચળ સંધ્યા જીગરના ઘરમાં પરણીને આવી ત્યારે ઘરનો ખૂણેખૂણો ઝળહળા થઈ ગયો હતો. ઉમંગ અને ઉત્સાહથી ફાટફાટ થતી સંધ્યા જીવનને કચકચાવીને જીવવામાં માનતી. જીવનરસનો એક એક ઘૂંટ માણવામાં માનતી. પોઝિટિવિટીનો તો જાણે લાઈફટાઈમ કોર્સ કર્યો હોય એવી વિચારધારા. એને અઢળક શોખ, એની અસંખ્ય માંગણીઓ. એની તમામ જીદ એ કેમેય કરીને પૂરી કરાવતી.

એના સીમંત પ્રસંગે એનો ઠાઠ જુઓ તો ઓળખી પણ ન શકો. શું શણગાર! શું રૂપ! આહા...! સાંજીની સાથે રાસગરબા પણ રાખ્યા.

વળી કહે, 'મારા બાળકનું સ્વાગત આમ રંગેચંગે થાય તો એ પણ મારા જેવો જીવનથી ભરપૂર થાય.'

સખીઓ એને ચીડવે : 'આ જેવો' એટલે શું? તને ખાતરી છે કે દીકરો જ આવશે?'

એ મસ્તક ટટ્ટાર કરી કહેતી, 'સંધ્યા મહેતાને ત્યાં દીકરી આવે જ નહીં. આ કરોડોની સંપત્તિનો વારસદાર આવશે જો જો...! અમારા ઘડપણનો આધાર આવશે.'

એ દિવસે હોસ્પિટલના લેબર રૂમમાં એ કણસતી હતી. ચહેરા પર એક અનોખો આત્મવિશ્વાસ હતો. અમળાતી-ગૂંગળાતી કાયાએ એક છેલ્લો પ્રયત્ન કર્યો અને કુમળા રૂદનની ગુંજ વાતાવરણમાં ભળી ગઈ. થાકીને ચૂર થયેલી સંધ્યાએ બંધ આંખે જ ડોક્ટરને કહ્યું, 'લાવો...મારા લાડકવાયું મોઢું બતાવો મને.'

ડોક્ટરે હસીને એક ફૂલ જેવો ગુલાબી દેહ સંધ્યાની બાજુમાં સુવરાવીને વધામણી આપી... 'લાડકવાયાના દિવસો ગયા. હવે તો લાડકીને વધાવો. બેટી બચાવો...બેટી પઢાઓ.'

ડૉક્ટરના શબ્દો જાણે સાંભળ્યા જ ન હોય તેમ સંધ્યા એકધારી બાજુમાં સૂતેલા માદા શરીરને જોઈ જ રહી...બસ...જોતી જ રહી. ઈશ્વર એની સાથે ક્રૂર મજાક કરી ગયો હતો અને એ સ્તબ્ધ હતી.

બસ...ત્યારની ઘડી અને આજનો દિવસ! ડૉક્ટરે બાળકીની ગર્ભનાળ કાપી કે સંધ્યાની જીવવનાળ કાપી કંઈ સમજાયું નહીં. સંધ્યા દીકરીનો જન્મ ન પચાવી શકી. એનો ઉત્સાહ-એનો ઉમંગ, એની ચાલની મસ્તી-એની આંખની ચમક બધું જ જાણે લેબરરૂમના ખાટલા પર જ સ્વાહા થઈ ગયું. શરીર પરના શણગારની સાથોસાથ જીવનતત્ત્વ પણ ખરી પડ્યું એની હયાતી પરથી. એ અચાનક ઉષામાંથી સંધ્યામાં તબદિલ થઈ ગઈ જાણે! એ સ્વીકારી જ ન શકી કે સંધ્યા મહેતાને પણ દીકરી જન્મી શકે.

બાળકી અનમોલ મોટી થતી રહી અને સંધ્યા ક્રમશઃ મરતી રહી. મા તરીકેની બધી જ ફરજો મન વગર નિભાવતી રહી. અનમોલ એવી તો વ્હાલુડી કે દુશ્મનનેય ગળે લગાડવાનું મન થાય. પણ સંધ્યાએ તો પથ્થરનાં પહેરણ પધાર્યા હતાં. દીકરીને લાડ લડાવવા, એની સાથે કાલીઘેલી વાતો કરવી, એને વાર્તાઓ કહેવી, એની સાથે રમતો રમવી આ બધી ફરજો પિતાએ અદા કરી લીધી. અનમોલ નામ પ્રમાણે અનમોલ હતી. ભણવામાં ખૂબ હોશિયાર, રમત-ગમત અને અન્ય પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેતી. સંધ્યા જેવી જ દેખાવડી અને ઉત્સાહી. જાણે સંધ્યાની જ કાર્બનકોપી ન હોય! સંધ્યાને ન એનું રૂપ પીગળાવી શક્યું,

ન એને મળેલાં ઇનામ-અકરામ. અનમોલ યુવાન થઈ રહી હતી અને સંધ્યા અકાળે વૃદ્ધ! એણે પોતાની જાતને ઈશ્વર તરફ વાળી લીધી હતી. આખો વખત વ્રત-જપ-તપમાં ડૂબેલી રહેતી. હીંચકો એનો એકમાત્ર સાથીદાર. ત્યાં બેસી એ મંત્રજાપ કરતી હશે કે ઈશ્વરને ફરિયાદ કરતી હશે, મૃત્યુ માંગતી હશે કે પોતાની હારનો વસવસો કરતી હશે એ બાપ-દીકરી માટે અટકળનો વિષય હતો. પડોશીઓ તો એને 'સાયકો' જ સમજતાં.

કોઈ અજાણી જગ્યાએ સૂતેલી સંધ્યાએ ધીમેથી આંખ ખોલવાનો પ્રયત્ન કર્યો તો અંધારું ઘેરી વળ્યું. હાથ વડે કશુંક ફંફોસવા લાગી અને શુષ્ક હોઠ પરથી 'પાણી' શબ્દ ખરી પડ્યો. અચાનક અજવાળું પથરાયું અને એક સૌમ્ય સ્પર્શ એને ઘેરી વળ્યો. બે મજબૂત હાથે એને બેઠી કરી અને પાણીનો ગ્લાસ હોઠે અડાડ્યો.

એક ફૂટડા યુવાને હસીને કહ્યું, 'પાણી પી લો, આન્ટી.'

'ત...ત...તમે કોણ છો?'

'માનો તો પોતાનો અને ન માનો તો પરાયો. હું અનમોલનો દોસ્ત આત્મન છું.'

સંધ્યા કશું ન બોલી. માત્ર આંખો ઢાળી પડી રહી.

અતિશય કઠોર તપ અને વ્રત-ઉપવાસને કારણે અપૂરતા પોષણવાળો દેહ આખરે જવાબ દઈ ગયો અને એ ઝુલા પર જ બેહોશ થઈ ઢળી પડી હતી. અત્યારે હોસ્પિટલના બિછાના પર બેસી એ શું થયું હતું એ યાદ કરી રહી હતી. પરંતુ મગજમાં જાણે શૂન્યાવકાશ પથરાઈ ગયો હતો. કંઈ જ યાદ આવતું ન હતું. નજર સામે માત્ર સ્વચ્છ ઓરડો, 'આન્ટી' નામનું મીઠું સંબોધન અને પોતાનો કહેવાનું મન થાય એવો આત્મન હતો. એ માથું પકડીને બેસી ગઈ...કેમ કશું યાદ આવતું ન હતું? હું ક્યાં હતી? મને શું થયું? હું કેમ અહીંયાં છું?

આત્મને એને હળવેથી ટેકો આપી ફરી સુવડાવતાં કહ્યું, 'આન્ટી...આટલો બધો લોડ ન લો. તમને કશું નથી થયું. અશક્તિને કારણે પડી ગયાં હતાં એટલે અહીંયાં લઈ આવ્યા છે. અંકલ અને અનમોલ નીચે ડૉક્ટર પાસે છે. ત્યાં સુધી તમારો હવાલો મારી પાસે છે. ચાલો...હવે આરામ કરો.'

અતિશય થાક લાગતો હોય તેમ એ ફરી આંખો મીંચી ગઈ.

ધીમા સાદે થતી બોલચાલથી એ ફરી જાગી ગઈ. આંખ સામેના બે ધૂંધળા આકારોને ઓળખવા મથી રહી. માંડ માંડ જીગર અને અનમોલના ચહેરા ઓળખાયા. અનમોલ તો એને આંસુભરી આંખે વળગી જ પડી. પતિ એના માથા પર વહાલભર્યો હાથ ફેરવી રહ્યા હતા. સંધ્યાને આ બન્ને સ્પર્શો સાવ અજાણ્યા લાગતા હતા. વર્ષો પછી પથ્થર પીગળવા આતુર બન્યા હતા. જાણે દીવાલની પેલે પારથી કોઈ ટકોરા મારી રહ્યું હતું અને એ ટકોરા સંધ્યાના અસ્તિત્વને નવો આકાર આપવા તત્પર બન્યા હતા.

સંધ્યાની સારવાર ઉત્તમ રીતે ચાલી રહી હતી. લોહીના બાટલા ચડાવ્યા પછી હવે તબિયતમાં સુધારો હતો. અનમોલ અને આત્મન આખો દિવસ સંધ્યાની આસપાસ હાજર રહેતાં. ફળોનો રસ, નાળિયેર-પાણી અને દવાની અસર થવા લાગી હતી. પાલક-બીટનો સૂપ એનો ચમત્કાર બતાવી રહ્યો હતો. જીગરની લાગણીભરી હૂંફનો અનુભવ કદાચ પહેલી વાર થઈ રહ્યો હતો. અનમોલનું વહાલ એને અંદર સુધી સ્પર્શી રહ્યું હતું. જીગર અને અનમોલ તો ઠીક પણ પેલો અજાણ્યો છોકરો આત્મન પણ એને આત્મીય લાગવા લાગ્યો હતો. ખબર નહીં ક્યા ઋણાનુબંધે તેના પર વહાલ આવી રહ્યું હતું! સંધ્યા વિચારી રહી હતી કે આ બધું અત્યાર સુધી ક્યાં ગાયબ હતું? એ લોકો બદલાયાં છે કે હું? કદાચ આ બધું મારા સુધી હું જ પહોંચવા દેતી ન હતી. મારી ફરતે ચણેલી દીવાલની પેલી તરફ આટલો બધો પ્રેમ હતો અને હું સાવ જ અજાણ રહી ગઈ! ક્યારેય કોઈને મારા સુધી આવવા જ ન દીધાં! દીકરાનો મોહ મને દીકરીની અવગણના સુધી લઈ ગયો! હું આટલી નિષ્ઠુર કેમ બની ગઈ?

ઘરે જવાનો દિવસ આવી ગયો. પતિ અને અનમોલે તેને સાચવીને ગાડીમાં બેસાડી. સંધ્યાની નજરો આત્મનને શોધી રહી હતી પણ એ કાલ રાતથી દેખાયો જ ન હતો. સંધ્યાએ એક સંતોષભરી નજર હોસ્પિટલના બિલ્ડિંગ પર નાખી. આ જગ્યાએ જ એને જીગર અને અનમોલના પ્રેમનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. અહીંથી એ એક નવી જિંદગી પામીને જઈ રહી હતી. રસ્તામાં અનમોલે એકાદ ફોન પર ધીમા સાદે વાતચીત કરી લીધી ત્યાં જ ઘર આવી ગયું. સંધ્યાનું મન તો હોસ્પિટલમાં વિતાવેલા પાંચ દિવસો વાગોળી રહ્યું હતું.

ગાડી ઘર પાસે ઊભી રહી. અનમોલે હાથ ઝાલી એને સાચવીને ઉતારી. ઘર તરફ નજર નાંખતાં જ સંધ્યા થંભી ગઈ! આખું ઘર ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. દરવાજા પર આસોપાલવનું તોરણ હતું. આંગણામાં રંગોળી હતી. ઘરની અંદર અસંખ્ય દીવડાઓ ઝળહળી રહ્યા હતા. એ કંઈક બોલવા જાય એ પહેલાં જ પાછળથી બે હાથ એની આંખ પર ઢંકાઈ ગયા. કોઈ એનો હાથ ઝાલી અંદર જઈ રહ્યું હતું. ધીમે ધીમે પોર્ચના પગથિયાં ચડી એ ઉપર આવી અને ત્યાં જ એની આંખ પરથી

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

હાથ હટાવી લેવામાં આવ્યા. પોર્ચમાં બે જણ બેસી શકે એવો લાકડાની સુંદર કોતરણીવાળો નવોનક્કોર હીંચકો મુકાઈ ગયો હતો. હીંચકા પર હળવેકથી બેસતાં જ અચાનક આત્મન પ્રગટ થયો. સંધ્યાની સાવ અડોઅડ બેસી તેની આંખોમાં આંખ પરોવી બોલ્યો, 'વેલકમ બૅક ટુ યૉર લાઈફ...બ્યુટીફૂલ લેડી!' સંધ્યાને અંદરથી વહાલનો ઉછાળો આવ્યો અને આંખ વાટે વહેવા લાગ્યો.

આત્મને સંધ્યાની બન્ને હથેળી પોતાના હાથમાં લઈ પૂછ્યું, 'આન્ટી, હું તમારો લાડકવાયો બની શકું?'

સંધ્યા તો બાઘી બનીને જોઈ જ રહી. હળવેથી અનમોલ આત્મનની બાજુમાં આવી ઊભી રહી. આત્મને કહ્યું, 'આન્ટી, તમારી દીકરીએ મને પસંદ કર્યો છે, હું તમારા વહાલનો વારસદાર બની શકું? મને તમારા ઘડપણની લાકડી બનવા દેશો?'

સંધ્યા આસપાસ જોવા લાગી. ધીમેથી જીગર તેની બાજુમાં આવી ઊભો રહ્યો. સંધ્યાની આંખમાં વર્ષો જૂના દરિયાઓ ઊમટી પડ્યા. પતિએ એનો ખભો ધીમેથી દબાવ્યો અને સંધ્યાએ આત્મનના બન્ને હાથ પકડીને ચૂમી લીધા. એના માથા પર, ગાલ પર હાથ પસવારવા લાગી. જાણે હમણાં જ જન્મેલો પુત્ર એના ખોળામાં કોઈ મૂકી ગયું હોય! સંધ્યાની અંદર જાણે કશુંક તૂટીને પીગળી રહ્યું હતું, કંઈક વહી રહ્યું હતું. જાણે કોઈ તૂટેલી નાળ કરી જોડાઈ રહી હતી. જાણે કોઈ સુકાયેલી ડાળખી ફરી કોળાઈ રહી હતી.

બીજી સવારે આંખો ચોળતી અનમોલ સંધ્યાના રૂમમાં આવી અને દરવાજામાં સ્થિર થઈ ગઈ. તેની આંખ સામેનું દૃશ્ય કલ્પનાતીત હતું. નવીનક્કોર સાડી પહેરેલી સંધ્યા ડ્રેસિંગ ટેબલ પર બેસીને વાળને કલર કરી રહી હતી. આસપાસ ફ્રેન્ચ પરફ્યુમની સુગંધ આવી રહી હતી. મિરરમાંથી આંખો ઉલાળી અનમોલની 'ગુડ મોર્નિંગ' કહેતી સંધ્યાને જોઈ અનમોલ હરખથી પાપાને ઉઠાડી આવી. બાપ-દીકરીએ સંધ્યાને વહાલથી ગૂંગળાવી નાંખી. ત્યારે જ દરવાજા પર મીઠડું હસતો આત્મન હાથમાં બ્રશ પકડેલી સંધ્યાને મોબાઈલની ક્લિકથી સેવ કરી લેતાં બોલ્યો : 'હાય...બ્યુટીફૂલ લેડી...જિંદગીનો નવો રંગ મુબારક હો!' આ સાંભળીને સંધ્યાના મોઢા પર ઈન્દ્રધનુષના સાતેય રંગો લીંપાઈ ગયા. એ થનગનતી ચાલે હીંચકા પર ગઈ. કશુંક ગણગણતી હીંચકવા લાગી. હીંચકો ચાલી રહ્યો હતો અને સંધ્યા દોડી રહી હતી જિંદગી તરફ...!

*'તીર્થ', ૧૫૩ ગુરૂકૃપાનગર,*
*ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧.*

# સમય વરતે સાવધાન

## એન્જિનમાં પાણી ટપકતું હતું ત્યારે ડ્રાઇવરે છત્રી સાથે ટ્રેન દોડાવી

સોશિયલ મીડિયા પર તસવીરો, વીડિયો વગેરે વાયરલ થતા રહે છે. ઝારખંડના એક વીડિયોમાં એક ટ્રેનનો લોકો પાઈલટ (ડ્રાઈવર) હાથમાં છત્રી સાથે ટ્રેન દોડાવતો દેખાય છે. તેને છત્રીની જરૂર એટલે પડી કે ટ્રેનના એન્જિનમાં પાણી ટપકી રહ્યું હતું. તેણે આસપાસ છાપાં પણ મૂક્યાં હતાં જેથી પાણી શોષાતું રહે.

લોકો પાઈલટ ટ્રેન ચલાવી રહ્યો હતો ત્યારે કેમેરાની પાછળ ઉભેલા એક શખ્સે તમામ પરેશાનીઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, વરસાદની મોસમમાં પાણી ટપકવાની તકલીફ ઘણા વર્ષોથી પડી રહી છે. આ કારણથી વધુ સતર્ક રહેવું પડે...

## ધક્કો આવતાં ડ્રાઇવરે સ્પીડ ઓછી કરી, સૂર્યનગરી તૂટેલા ટ્રેક પરથી પસાર થઈ.

સૂર્યનગરી એક્સપ્રેસ પાલનપુર પાસે તુટેલા ટ્રેક પરથી પસાર થઈ હતી. ટ્રેનના ગાર્ડ અને ડ્રાઈવરની સર્તકવાને કારણે બીજી દુર્ઘટના સર્જાતી રોકી શકાઈ હતી.

બાંદ્રા - જોધપુર સૂર્યનગરી એક્સપ્રેસ એક રાતે ૧૨-૩૦ વાગે પાલનપુરથી આગળ રવાના થયો હતો. ટ્રેન ત્યાંથી લગભગ ૧૫ કિ.મી. દૂર ચિત્રાસણી - જેઠી સ્ટેશન વચ્ચેથી કલાકના ૭૦-૮૦ કિ.મી.ની ઝડપે જઈ રહી હતી ત્યારે ટ્રેન ડ્રાઈવરને અચાનક જ જર્ક (ધક્કો) થયાનો અનુભવ થયો હતો. તેથી તરત જ ટ્રેનની ગતિ ધીમી કરી ટ્રેનને સુરક્ષિત પસાર કરી હતી. બાદ ડ્રાઈવર અને ગાર્ડે ટ્રેક ફેક્ચર (તૂટ્યો) હોવાની શંકા વ્યક્ત કરતી માહિતી ઉચ્ચ અધિકારીઓને આપતાં લગભગ રાતે એક વાગે બતાવેલ સ્થળે પહોંચી તપાસ કરતાં ટ્રેક તૂટેલો હોવાનું જાણ્યું હતું. જેના પગલે રાતે આવનારી ટ્રેનોને જે તે સ્ટેશને અટકાવી દઈ તૂટેલા ટ્રેકને રિપેર કરવામાં આવ્યો હતો. ટ્રેક રીપેર થતાં લગભગ ૨ કલાક થયા. બાદ વહેલી સવારે લગભગ ૩.૩૦ વાગે ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો.

*ફરજમાં સમયસૂચકતા રાખનાર બેઉ ટ્રેનના ડ્રાઈવર-ગાર્ડને સલામ.*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પર્યાવરણ

# પર્યાવરણ જાળવણીના શપથ લો

ફાધર વર્ગીસ પોલ

"અમે શપથ લઈએ છીએ કે, અમે હરહંમેશાં આપણા ભૂખંડને જાળવીશું અને એનું સંરક્ષણ કરીશું. અમે કોઈપણ રીતે આચારવિચારથી અને વાણીવર્તનથી એને કદી નુકસાન કરીશું નહિ કે એના પર્યાવરણને ખતરામાં નાખીશું નહિ. આપણે બધાં સાથે મળીને ધરતીમાતાનું જતન કરીએ. એટલે અહીં આપણે તંદુરસ્તીભર્યું સુદીર્ઘજીવન સાધનસંપત્તિ માણીશું."

આ શપથ કોઈ સરકારી વનીકરણ વિભાગના લોકો દ્વારા અપાયેલા સોગંદ નથી. આ શપથ તરુમિત્ર જેવા કોઈ બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાના સોગંદ પણ નથી. આ શપથ સંયુક્ત રાષ્ટ્રસંઘની રણપ્રદેશનું વનીકરણ કરવાની કોઈ યોજનાના ભાગરૂપ સોગંદ પણ નથી. પણ આ શપથ અમદાવાદ ખાતે માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ લીધેલા સોગંદ છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલના વાર્ષિક કાર્યક્રમના આમંત્રણ પત્રમાં આ સોગંદ પણ છાપેલા જોઈને મને આનંદ થયો.

હું માનું છું કે, માઉન્ટ કાર્મેલ સ્કૂલના વાર્ષિક દિનના જાહેર કાર્યક્રમમાં પર્યાવરણને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો જોઈને અને પ્રવચનો સાંભળીને ઘણી વિદ્યાર્થિનીઓ તથા તેમનાં વાલીઓ આપણું પર્યાવરણ સ્વચ્છ રાખવાનું મહત્ત્વ સમજી ગયાં હશે. તેમણે પર્યાવરણને લગતા વિવિધ કાર્યક્રમોથી પ્રભાવિત થઈને પર્યાવરણનું જતન કરવાના શપથ પણ લીધા હશે.

આજે આપણે "પર્યાવરણ સાચવો અથવા સર્વનાશ પામો" (ડુ ઓર ડાઈ સિચ્યુએશન) જેવી વિકટ પરિસ્થિતિમાં છીએ. કેવળ પર્યાવરણ જ નહિ પણ માનવજીવન તથા સર્વ જીવજંતુઓનું અસ્તિત્વ ખતરામાં છે એવા સમાચારો અને પ્રકૃતિના શોષણથી થતાં માઠાં પરિણામોના અહેવાલો આપણે વાંચીએ છીએ. છતાં મને લાગે છે કે પર્યાવરણને લગતા ખતરાથી આપણે બરાબર સભાન નથી. આપણી આસપાસ સ્વચ્છ પર્યાવરણ જાળવવા માટે તમે અને હું આપણે કંઈક કરી શકીએ એવી શક્યતાથી પણ આપણે બરાબર વાકેફ નથી!

આપણા આ પૃથ્વી-ગ્રહને આદરમાનથી આપણે ધરતીમાતા કહીએ છીએ. પોતાની માતા પ્રત્યે દરેક માણસ કેવો સંબંધ રાખે છે, કેવો પ્રેમ દાખવે છે, કેવું માયાળું વલણ અપનાવે છે, એવાં જ પ્રેમ, માયા અને આદરમાનનો સંબંધ આપણે આપણી ધરતીમાતા પ્રત્યે પણ રાખવાની જરૂર છે. હાથીના દાંત દેખાડવાના અને ચાવવાના જુદા છે તેમ આપણી જન્મદાત્રી માતા અને આપણા જીવનને નિભાવનારી ધરતીમાતા પ્રત્યે આપણે બે તદ્દન ભિન્ન વલણ અપનાવતા હોઈએ તો તે આપણને ધરતીમાતાનાં સંતાનોને - ન શોભે.

ધરતી ખરેખર આપણી માતા છે. આપણે ધરતીમાતાનાં સંતાનો છીએ. ધરતીમાતા જે બધું અનુભવે છે તેની સીધી અસર ધરતીમાતાનાં સંતાનો પર – આપણા પર થાય છે. આપણે સીધી કે આડકતરી રીતે ધરતીનો વિનાશ કરીએ તો એની અસર પણ આપણા ઉપર પડવાની જ છે. આપણે ધરતીના માલિકો નથી. આપણે દરેક જણ ધરતી પરનું એકેક પ્રાણી છીએ. આપણો ખરો માલિક તો ધરતીમાતા છે. કોઈકે કહ્યું છે કે, ધરતી આપણને આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળેલી ભૂમિ નથી, પણ આપણે આપણાં સંતાનો પાસેથી ઉછીની લીધેલી ભૂમિ છે. આપણે આ ધરતીને વ્યાજ સાથે, મતલબ કે આપણને મળી છે એના કરતાં વધુ સારી રીતે, આપણાં સંતાનોને પરત કરવા આપણે બંધાયેલાં છીએ.

બીજા શબ્દોમાં કહીએ તો આપણે નવી પેઢી માટે આ ધરતી, આપણું પર્યાવરણ હાલ છે એના કરતાં વધારે જીવવા લાયક બનાવીને આપવાના છે. પરંતુ આપણા પર્યાવરણને વધારે જીવવાલાયક બનાવવાને બદલે આપણે એને વધુ નુકસાન કરી રહ્યા છીએ!

પર્યાવરણનો વિનાશ આજે એક મોટો પ્રશ્ન બન્યો છે. રાસાયણિક દ્રવ્યો અને અન્ય મેલી વસ્તુઓ આપણી નદીઓ, દરિયાઓ અને અન્ય જળાશયોમાં રેડતા રહીને આપણે પાણીનું પ્રદૂષણ કરી રહ્યા છીએ. પરિણામે પાણી પીવાલાયક રહેતું નથી અને પાણીની માછલી સહિતનાં તમામ જળચર જીવજંતુઓનો સર્વનાશ કરીએ છીએ!

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

આપણા રસ્તા પર દોડતાં લાખો અને કરોડો વાહનો તથા આપણાં કારખાનાંઓ દ્વારા વાતાવરણ અને વાયુમંડળમાં ફૂંકાતા ઝેરીલા વાયુથી વાતાવરણને પ્રદૂષિત કરીએ છીએ. પ્લાસ્ટિક, જંતુનાશક દ્રવ્યો, કૃત્રિમ ખાતરો વગેરેના અમર્યાદિત ઉપયોગથી જમીનની નૈસર્ગિક ફળદ્રુપતાને નુકસાન પહોંચાડીએ છીએ. નાણાંથી ખરીદવાનું હોય તો કરોડો રૂપિયાના ઓક્સિજન કે પ્રાણવાયુ આપનાર વૃક્ષોને આપણે કાપી નાખીએ છીએ!

આમ, ઘણી બધી રીતે આપણે આપણા પાણી, જમીન અને વાયુનું પ્રદૂષણ કરીએ છીએ. પર્યાવરણનો ઊંડો અભ્યાસ કરનાર પર્યાવરણશાસ્ત્રીઓ જણાવે છે કે, અત્યાર સુધી માણસનું આયુષ્ય પેઢી દર પેઢી વધતું રહ્યું છે. પરંતુ પર્યાવરણનું પ્રદૂષણ હવે ધરતી પર વધતું રહે છે. તેની સામે તાત્કાલિક પગલાં લઈને પ્રદૂષણને ઘટાડવામાં ન આવે તો માનવ ઇતિહાસમાં પ્રથમવાર માનવ-આયુષ્ય આવતી પેઢીથી ઘટતું જશે!

માનવજીવન માટે જોખમી કક્ષાએ પહોંચેલા પર્યાવરણના પ્રદૂષણને ઘટાડવા અને દૂર કરવા આજે દુનિયાભરમાં દરેક રાષ્ટ્રની કક્ષાએ તેમ જ આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્રસંઘની કક્ષાએ વિવિધ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. દાખલા તરીકે, જાહેરમાં થૂંકવાની મનાઈ, ધૂમ્રપાનની મનાઈ, કચરા અને અન્ય મેલી વસ્તુઓ ગમે ત્યાં ફેંકવાની મનાઈ આપણી આસપાસના પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે છે. દરેક નાગરિક આવી બાબતોમાં સહકાર આપીને પર્યાવરણના જતનમાં પોતાનો ફાળો આપી શકે છે. ભારતની વસતિના ૬૦ થી ૬૫ ટકા વસતિ ધરાવતી યુવાપેઢી આપણા પર્યાવરણને સ્વચ્છ રાખવાની આગેવાની લે તો પર્યાવરણનું પ્રદૂષણ ઘટશે જ અને સ્વચ્છતા વધશે એમાં શંકા નથી.

પર્યાવરણ અંગેના આ લેખોમાં ડૉ. ચાર્લ્સ રોપરે લખેલી એક કવિતા "હું સાંભળું છું" (આઈ લિસન) ધ્યાનપાત્ર છે. એ કવિતાની પંક્તિઓનો અહીં ગદ્યકાવ્યમાં અનુવાદ કરું છું. ડૉ. ચાર્લ્સ રોપરની કવિતાની પંક્તિઓ છે :

***હું વૃક્ષોને સાંભળું છું અને તેઓ મને કહે છે :***

*"માથું ઊંચું રાખો, ફળવંત બનો.*
*સહિષ્ણુ બનો અને સાલસ બનો.*
*એકલા રહો કે સંગાથમાં રહો.*
*ધૈર્યવાન બનો.*
*ધીરજ રાખો.*
*સમય સાથે તમારો વિકાસ થશે."*

***હું પવનને સાંભળું છું અને તે મને કહે છે :***

*"શ્વાસોચ્છ્વાસ કરો.*
*તમારી જાતની સંભાળ રાખો.*
*શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બાબતો પર ધ્યાન આપો.*
*સમય લો.*
*શાંત બનો.*
*હૃદયનો અવાજ સાંભળો.*
*ક્ષમા બનો."*

***હું સૂર્યને સાંભળું છું અને તે મને કહે છે :***

*"બીજાની માવજત કરો.*
*બીજાને તમારી હૂંફનો અનુભવ કરવા દો.*
*કોઈ અપેક્ષા વિના તમારી જાત સોંપી દો."*

***હું સમુદ્રની સાંકડી ખાડીને સાંભળું છું અને તે મને કહે છે :***

*"આરામ કરો, પ્રવાહ સાથે જાઓ.*
*જે ખરેખર મહત્ત્વનું છે તેનું ધ્યાન રાખો.*
*અને બીજી બધી બાબતોને એની મેળે જવા દો.*
*ચાલતા રહો - આનાકાની કે ડરવાનું નહિ.*
*હળવા બનો, હસો, ખિલખિલાટ કરો."*

***હું પર્વતોને સાંભળું છું અને તેઓ મને કહે છે :***

*"જ્યાં છો ત્યાં રહો.*
*પ્રામાણિક માણસ બનો.*
*ભરોસાપાત્ર બનો.*
*તમે જે કરવાનું કહો છો તે કરો.*
*સાચા, નિખાલસ અને વાસ્તવિક બનો.*
*ફક્ત હૃદયની વાત કરો.*
*છેતરશો નહિ."*

***હું પંખીઓને સાંભળું છું અને તેઓ મને કહે છે :***

*"તમારી જાતને મુક્તિ બક્ષો.*
*ગીત ગાઓ."*

***હું વાદળોને સાંભળું છું અને તેઓ મને કહે છે :***

*"સર્જનાત્મક બનો,*
*અભિવ્યક્ત થાઓ.*
*તમારા આત્માને મુક્ત રહેવા દો.*
*હળવા અને આનંદિત બનો.*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

*વ્યથિત થવા દો અને દુઃખી બનવા દો.*
*રડવાનું થાય તો રડો."*

***હું આકાશને સાંભળું છું અને તે મને કહે છે :***

*"ખુલ્લા રહો.*
*તમારી સુરક્ષા માટે તમે જાતે તેને ઊભા કર્યા છે*
*તે અડચણો અને સરહદોને જતા કરવા દો.*
*અનુભવો બદલાય છે*
*વિહરતા રહો."*

***હું ફૂલોને અને નાનાં છોડવાંઓને સાંભળું છું અને તેઓ મને કહે છે :***

*"નમ્ર બનો. સરળ બનો.*
*બધી નાની બાબતોમાં રહેલા સૌંદર્યને આદરમાન આપો*
*નમ્રતા અને સત્યના સૌંદર્યનું આદરમાન કરો.*
*સર્વસંપૂર્ણનો આગ્રહ છોડો.*
*તમે જેમ છો તેમ તમારી જાત પર પ્રેમ રાખો.*
*તેવું વલણ પરિવર્તનનો દરવાજો ખોલી આપે છે.*
*બધાને આવકારવાનો પ્રયાસ કરો."*

***હું મંકોડા અને ઊડતાં જીવજંતુઓને સાંભળું છે અને તેઓ મને કહે છે :***

*"કામ કરો.*
*ઉત્પાદનકર્તા બનો.*
*તમારા હાથોને કામે લગાડો.*
*તમારી સામે છે તેના પર ધ્યાન આપો.*
*ભૂતકાળને ભૂલી જાઓ.*
*ફક્ત વર્તમાનકાળ જ વાસ્તવિક છે."*

***હું ચંદ્રને સાંભળું છું અને તે મને કહે છે :***

*"પ્રેમ કરો.*
*પ્રેમમાં બીજાને ભાગીદાર બનાવો.*
*બીજા સાથે પ્રેમ કરો.*
*પ્રેમને રોમાંચક બનાવો.*
*સ્પર્શ કરો, વહાલ કરો.*
*તમારી જાતને બીજાના પ્રેમપાત્ર બનવા દો.*
*સૌમ્ય બનો, માયાળુ બનો.*
*સમજુ થાઓ.*
*મીણબત્તી વાપરો."*

***હું તારાઓને સાંભળું છું અને તેઓ પલકારો મારીને મને કહે છે :***

*"રમો, નાચ કરો.*
*રમતિયાળ બનો.*
*લ્હેરિયાં કરો."*

***હું ધરતીને સાંભળું છું અને ધરતી મને કહે છે :***

*"હું તારી માતા છું.*
*ચારે બાજુ જે છે તે બધાને આદરમાન આપો.*
*તમારી સાથે જીવ અને નિર્જીવ બધામાં સૌંદર્ય પારખો.*
*કારણ, આપણે સૌ એક છીએ.*
*વડીલો અને બાળકો સાથે ખૂબ પ્રેમથી વર્તો.*
*તેઓ બંને ભગવાનની નજીક રહે છે.*
*તમે બીજા કરતાં વધારે ઉદાત્ત જીવ છો એવી ભાવના છોડો.*
*કોઈ જીવ વધારે ઉદાત્ત નથી.*
*આપણે બધા સમાન છીએ, એટલે એક જ છીએ.*
*જ્યારે તમે મારી પાસે પરત આવો ત્યારે હું તમને આવકારીશ.*
*અને હું તમારા આત્માને મુક્ત કરીશ.*
*તમારાં બાળકો ઉપર પ્રેમ રાખો અને તેમનું પાલનપોષણ કરો.*
*તેમને છાતીસરસા વારંવાર ભેટી પડો.*
*મને પણ તમારી સાથે રાખો.*
*હું પણ તમને મારી સાથે રાખીશ.*
*અને તમને ટેકો આપીશ.*
*શ્રદ્ધા રાખો.*
*હું તમારી મદદમાં હોઈશ."*

ડૉ. ચાર્લ્સ રોપરની જેમ આપણે આપણી આસપાસની દુનિયાથી સભાન બનીએ. બધી ચેતન અને જડ વસ્તુઓને સાંભળીએ તો આપણે ઘણી બધી બાબતો સમજી શકીશું. ઈશ્વરે સર્જેલા આપણા ભૂખંડનું સૌંદર્ય પારખીશું. આપણા સમગ્ર પર્યાવરણનું સૌંદર્ય માણીશું. આપણી આસપાસના સમગ્ર પર્યાવરણથી સભાન બનીએ, તો એનું પ્રદૂષણ કરનાર બાબતો પ્રત્યે આપણે સાવચેત બનીશું અને પર્યાવરણનું જતન તથા સુરક્ષા કરવા કટિબદ્ધ બનીશું. એમાં પર્યાવરણ જાળવવાના શપથ આપણી મદદે આવશે.

***(મધુર જિંદગી, પૃ. ૫-૧૧)***

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS &
ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601,
G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

પર્યાવરણ

# પૃથ્વી બચાવવા હું શું કરીશ?

ફાલ્ગુન ભાભર

*(ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે 'પૃથ્વીને બચાવવા હું શું કરીશ' વિષય પર યોજાયેલા નિબંધ સ્પર્ધાના દ્વિતીય વિજેતા ભાભર ફાલ્ગુનનો નિબંધ અત્રે પ્રકાશિત કર્યો છે.)*

જમીન, હવા, પાણી, જંગલો અને ઊર્જા આ કુદરતી સંસાધનો આપણને કુદરત દ્વારા મળેલી અમૂલ્ય ભેટ છે. જમીન, હવા, પાણી, જંગલો અને ઊર્જા વગેરેને કુદરતી સંપત્તિ ગણીને મફત મળતી વસ્તુ તરીકે ગણવામાં આવે છે. જો આ કુદરતી સંસાધનોનો વિવેક પૂર્વક ઉપયોગ કરવામાં આવે તો ભવિષ્યની પેઢીને આ કુદરતી સંસાધનો વારસામાં આપી શકાય. આ કુદરતી સંપત્તિનો વિવેક પૂર્વક ઉપયોગ કરવો આપણા માટે હિતાવહ છે.

પર્યાવરણ અંગેની ગાંધીજીની વાતની વર્તમાન સમયમાં સુસંગતતા સ્પષ્ટ થાય છે. તેઓ કહેતા કે "તમે જે કુદરત પાસેથી લો છો તે તેને પરત આપવું જોઈએ. કુદરતને વધુમાં વધુ વાપરી નાંખવી તે વિકાસ નથી પરંતુ-કુદરતને સાચવવી, જાળવણી અને ઉત્પાદન કરવું તે વિકાસ છે."

- **પૃથ્વી બચાવવાના ઉપાયો :**

ઔદ્યોગિક વિસ્તારોમાં ઝેરી વાયુ ઓકતા કારખાનામાં વપરાતા કોલસો, ખનીજતેલ કે કુદરતી ગેસને બદલે જળવિદ્યુત, સૌરશક્તિ, પવનશક્તિ, ગોબર ગેસ કે સમદ્રની ભરતી શક્તિનો વપરાશ વધારવો જોઈએ. પરિણામે ખનીજોની બચત સાથે હવા પ્રદૂષણ પણ ઘટશે.

★ શહેરોની ગટરો દ્વારા દૂષિત પાણી અને નકામા ગંદા પદાર્થો જળાશયમાં ઠલવાય તે પહેલા જ તેમાં રહેલા હાનિકારક પદાર્થોને દૂર કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.

★ ખેતીમાં બિનજરૂરી કીટનાશક દવાઓનો ઉપયોગ ઘટાડવો.

★ ભૂમિનું સૌથી ઉપરનું પડ ખેત પ્રવૃત્તિ માટે મહત્ત્વનું છે. ઉપરના પડની જાળવણી માટે બિનજરૂરી અને વધુ પડતા રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

★ ગ્રામ્ય વિસ્તારોના નાના-નાના જંગલો માટે યોગ્ય સંરક્ષણના પગલા લેવા જોઈએ.

★ "વૃક્ષો વાવો વરસાદ લાવો" જેવા સૂત્રો દ્વારા બીજા લોકોને પણ વૃક્ષોનું મહત્ત્વ સમજાવીશ.

★ તમે પાણીનો બગાડ ઘટાડી શકો છો. જેમ કે તમારા સ્નાનનો સમય ઘટાડવો જોઈએ. ઓછા પ્રવાહવાળો સ્નાનગૃહ સ્થાપિત કરો.

★ વધુ વૃક્ષો વાવવા જોઈએ અને કોઈ પણ વૃક્ષોને કાપી નાખવાની મંજૂરી આપવી જોઈએ નહિ. જંગલમાં વસતા પ્રાણીઓને બચાવવા જોઈએ.

★ વાઘ એક મહત્ત્વપૂર્ણ અને પૃથ્વી પરનું સૌથી સુંદર પ્રાણી છે. પરંતુ તે લુપ્તતાની અણી પર છે. ભારતમાં માત્ર ગણતરીની સંખ્યામાં વાઘ અસ્તિત્વમાં છે. ચાલો, આપણે આ જાજરમાન પ્રાણીનું રક્ષણ કરવા અને તેને જમીન પર પાછો લાવવા માટે એક સાથે આવીએ. પૃથ્વી પર રહેવું એ વાઘનો અધિકાર છે. પૃથ્વી બધા જ જીવંત વસ્તુઓ માટે આશ્રય છે. આથી આપણે એ બધી જ જીવંત વસ્તુઓની કાળજી લેવી જોઈએ, જે લુપ્તતાની આરે છે.

★ આપણે શહેરો બાંધ્યા છે અને પ્રાણીઓને ઘર છોડવા ફરજ પાડી છે. આપણે આપણા શહેરોને ગંદા, વધુ પડતા પ્રદૂષિત બનાવ્યા છે જેથી પૃથ્વીનું વાતાવરણ પણ પ્રદૂષિત થયું છે. આથી આપણે જેમ બને તેમ વધેલા કુદરતી સંસાધનોનો ઉપયોગ વિવેક પૂર્વક કરવો જોઈએ.

★ વૃક્ષો સાચવવા જોઈએ, નવા વૃક્ષો રોપવા જોઈએ અને તેનું જતન કરવું જોઈએ. વનીકરણ યોજનાઓને અને પુનઃ વનીકરણને સંપૂર્ણ ટેકો આપવો જોઈએ.

★ આપણે ઓછા કાગળનો ઉપયોગ કરવો જોઈએ. વપરાયેલા કાગળ અને અન્ય કુદરતી ઉત્પાદનોના રિસાઈકલિંગ માટે વ્યવસ્થા કરવી જોઈએ.

★ કચરાને પાણીમાં નાખવો નહીં. ઓછી વીજળી અને ઓછા પ્લાસ્ટિકનો ઉપયોગ કરો. કાર્બનિક ખોરાકનો ઉપયોગ કરવો જોઈએ.

★ તમારા ઘરને વધુ ઊર્જા કાર્યક્ષમ બનાવો (અને નાણા બચાવો) તમારા એર ફિલ્ટર્સ સાફ કરો જેથી તમારી સિસ્ટમ ઓવર ટાઈમ કામ ન કરે. પ્રોગ્રામેબલ થર્મોસ્ટેટ મેળવો જેથી જ્યારે તમે ઘરે ન હોવ ત્યારે ઊર્જા નકામી ના જાય. જ્યારે તમે પલંગ પર જાઓ છો, તો થર્મોસ્ટેટ સેટિંગ ઓછું કરો. તમે ઊંઘી રહ્યાં હો ત્યાં સુધી તમે તે વધારાની ગરમી અથવા એરકન્ડિશનિંગને ચૂકી જશો નહિ.

★ દર વખતે તમારી કાર લેવાને બદલે ટૂંકા અંતર માટે ચાલવાનું પસંદ કરો. કામ કરવા માટે જાહેર પરિવહન અથવા સાઈકલનો ઉપયોગ કરો. તમે આ રીતે પ્રદૂષણ ઘટાડવામાં યોગદાન આપી શકો. તમે બળતણની બચત કરી શકો છો. આમ આપણે બધા થોડા જાગૃત થઈને પર્યાવરણને મદદરૂપ થઈ શકીશું અને પૃથ્વીને બચાવી શકીશું. ■

કૃષિ વિશેષ

# ગુજરાતમાં ખેતીનો વિકાસ

પ્રો. ડૉ. લુબના શેખ

ખેતીક્ષેત્રનો ઉદ્ભવ અને વિકાસ આદિકાળથી જ થયેલો જોવા મળે છે. આદિકાળથી માનવી પોતાની જરૂરિયાતોને પૂર્ણ કરવા જુદી જુદી નાની-નાની પદ્ધતિઓના ઉપયોગથી ખેતી કરતો આવ્યો છે. તેની છવિ કૌટિલ્યનાં અર્થશાસ્ત્ર અને વેદોમાં પણ જોવા મળે છે. ખેતી એ માનવ જીવન ટકાવી રાખવા ખૂબ જ જરૂરી છે. આટલા આધુનિક સંસાધનો ધરાવતા યુગમાં પણ એટલે કે આજની આધુનિક દુનિયામાં પણ ખેતી ખૂબ જ અગત્યતા ધરાવે છે. ખેતી વગર માનવજીવન કદાચ શક્ય જ નથી કારણકે વિશ્વની વસતિમાં બધા જ માંસાહારી નથી. શાકાહારી માનવ વસતિ માટે આજના ટેકનોલોજીથી ભરપૂર યુગમાં પણ ખેતી એટલી જ અગત્યતા ધરાવે છે, જેટલી ટેકનોલોજી ધરાવે છે. વિકાસની આંધળી દોડમાં અને ઉદ્યોગ વિકાસને જ ધ્યાનમાં રાખી ખેતી વિકાસની સતત અવગણના કરવામાં આવે છે. ઉદ્યોગની સરખામણીમાં ખેતીક્ષેત્રનો વિકાસ અને જમીનનાં પ્રમાણમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. ખેતી ક્ષેત્રનો વિકાસ હાલનાં સમયમાં ઘટ્યો છે તે સત્ય બધા જ જાણે છે. છતાં પણ ખેતીનું મહત્ત્વ માનવી સમજતો જ નથી. માનવ જીવન ટકાવી રાખવા આધુનિક સાધનોની સાથે ખેતી પણ એટલી જ અગત્ય ધરાવે છે, તેવું માનવી ક્યારે સમજશે?

ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી ખેતી ખૂબ જ મહત્ત્વની છે. ગુજરાત ભારતનો એક ભાગ હોવાને લીધે ગુજરાતની ખેતીનું પણ એટલું જ મહત્ત્વ રહેલું છે. ૧૯૬૦ પહેલાં ગુજરાત મહારાષ્ટ્ર સાથે જોડાયેલું હતું, તે અલગ રાજ્ય નહીં પરંતુ મુંબઈ રાજ્યનો એક ભાગ હતો. ૧ લી મે, ૧૯૬૦ના દિવસે ગુજરાત રાજ્યની એક અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ. ગુજરાતની સ્થાપના વખતે પણ ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રનો વિકાસ થયેલો જ હતો. કારણકે આઝાદી પછી અર્થતંત્રની ભાગદોડ ભારતનાં હાથમાં આવી. ત્યારબાદ પ્રથમ, બીજી અને ત્રીજી યોજનામાં ખેતી અને ઉદ્યોગના વિકાસને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. તે સમયે ગુજરાતની ખેતીમાં રોકડિયા પાકો કરતાં અનાજ પાકોનું ઉત્પાદન વધારે પ્રમાણમાં થતું હતું. વર્તમાન સમયમાં અનાજ પાકો કરતાં રોકડિયા પાકોનું ઉત્પાદન વધુ જોવા મળે છે.

ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેક્ટર છે. તેમાંથી ૧૮૮ લાખ હેક્ટર ઉપયોગી જમીન છે. કુલ જમીનના ૫૦% ઉપરાંત વિસ્તારનો ખેતી માટે ઉપયોગ કરનાર ભારતનાં ૧૧ રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. ગુજરાતની ૨/૩ વસતિ ખેતી પર આધારિત છે. ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડી અન્ય ક્ષેત્રોની અનાજ જેવી પ્રાથમિક જરૂરિયાતો પણ પૂર્ણ કરે છે. રાજ્યની ૫૫% જમીન ખેતીક્ષેત્ર હેઠળ લાવવામાં આવી છે. તેનાથી વધુ જમીન ખેતીક્ષેત્રે લાવી શકાય તેની શક્યતા ઓછી છે. ગુજરાતની ખેતી હેઠળની જમીનની ઉત્પાદકતા ખૂબ જ ઓછી છે. વરસાદની અનિયમિતતા અને અનિશ્ચિતતાની સાથે સિંચાઈની સગવડો પણ અપૂરતી છે. જંગલ વિસ્તાર ઓછો હોવાથી ખેતી પર તેની વિપરીત અસર પડે છે. છતાં પણ ગુજરાતમાં ખેતીક્ષેત્ર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કુલ આંતરિક ઉત્પાદનમાં ખેતીનો ફાળો અગત્યનો છે. કુલ વસતિમાંથી મોટાભાગની વસતિ ખેતીક્ષેત્રે ખેતમજૂર, ખેડૂતો, ખેત કામદારો તરીકે જોવા મળે છે. ઉદ્યોગોનાં વિકાસ માટે મુખ્યત્વે ખેતીનો વિકાસ અગત્યનો છે. અર્થાત્ ખેતીક્ષેત્રનો વિકાસ ઔદ્યોગિક વિકાસની પૂર્વશરત છે.

ગુજરાતના ખેતીક્ષેત્ર હેઠળ આવેલા પાકોમાં મુખ્ય પાકો બાજરી, જુવાર, ઘઉં, ડાંગર, મકાઇ અને કઠોળ જેવા અનાજ પાકો તેમજ મગફળી, કપાસ, તમાકુ, જીરું, શેરડી અને ફળફળાદિ જેવા રોકડિયા પાકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ધાન્ય પાકો (અનાજ) હેઠળનો વિસ્તાર ઉત્તરોત્તર ઘટતો જાય છે. સમગ્ર ભારતમાં ખેતીક્ષેત્ર હેઠળના કુલ વિસ્તારમાંથી ૭૫% વિસ્તારમાં અનાજ પાકોનું ઉત્પાદન થાય છે, જ્યારે ગુજરાતમાં ૪૦% વિસ્તારમાં ધાન્ય પાકોનું વાવેતર થાય છે.

ગુજરાતનાં વાવેતર હેઠળના વિસ્તારમાં ધાન્ય પાકોમાં પ્રથમ સ્થાન બાજરી ધરાવે છે. એ પછી ઘઉં, ડાંગર અને જુવારનો ક્રમ આવે છે. ગુજરાતમાં અનાજના કુલ ઉત્પાદનમાં બાજરીનો ફાળો ૨૫% જેટલો છે. બનાસકાંઠા જિલ્લામાં બાજરીનું સૌથી વધારે વાવેતર થાય છે. તેની સાથે સાબરકાંઠા, ખેડા, કચ્છ, મહેસાણા, જામનગર, રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં વધારે પ્રમાણમાં બાજરીનું વાવેતર થાય છે. વડોદરા, ભરૂચ અને પંચમહાલમાં તેનું વાવેતર મર્યાદિત છે. સંકરજાતિનો (સુધારેલા બિયારણ) ઉપયોગ કરવાથી હવે ઉત્પાદન વૃદ્ધિ દર વધ્યો છે. સમગ્ર દેશમાં વાવેતર વિસ્તારની દૃષ્ટિએ રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી ગુજરાત ત્રીજા ક્રમે આવે છે.

ઘઉંનો પાક ગુજરાતમાં માત્ર શિયાળામાં લેવાય છે. ભાલકાંઠાની કાળી જમીનમાં દાઉદખાની ઘઉંનો પાક ખૂબ જ સારો થાય છે. ઘઉંનો પાક મહેસાણા, અમદાવાદ, બનાસકાંઠા, રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં વધારે થાય છે. ઘઉંના કુલ ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાત ભારતમાં ૭મા ક્રમે આવે છે. પરંતુ હેક્ટરદીઠ ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાત પંજાબ અને પશ્ચિમ બંગાળ પછી ત્રીજા ક્રમે આવે છે.

વાવેતરની દૃષ્ટિએ બીજો અગત્યનો ધાન્ય પાક જુવારનો છે. તેનું વાવેતર ઉનાળા અને શિયાળા – બંને ઋતુમાં કરવામાં આવે છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં તેનું વાવેતર થાય છે. પરંતુ સુરત, ભરૂચ, વડોદરા, બનાસકાંઠા, મહેસાણા, જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વાવેતર વધુ થાય છે.

ગુજરાતની પ્રજા માટે ઘઉંની જેમ ચોખા પણ ખોરાક તરીકે સ્થાન ધરાવતા હોવા છતાં તેનું વાવેતર અને ઉત્પાદન ગુજરાતમાં મર્યાદિત છે. પંચમહાલ, ખેડા અને વલસાડ જિલ્લામાં ડાંગરનું વાવેતર વિશેષ પ્રમાણમાં થાય છે. વધુ ઉત્પાદન મેળવવા ગુજરાતમાં પંખાળી અને જીરાસાલ જેવી સુધારેલી જાતોનું વાવેતર કરવામાં આવે છે.

અન્ય ધાન્ય પાકોમાં મકાઈ, કોદરી, જવ, રાગી, ચણા, તુવેર, મગ, મઠ, અડદ જેવા કઠોળના પાકોનો સમાવેશ થાય છે. મકાઈનો પાક સાબરકાંઠામાં; કોદરી, જવ, રાગી વગેરેનો ડાંગ અને પંચમહાલમાં તેમજ તુવેરનો પાક ભરૂચ અને સુરતમાં થાય છે. પરંતુ ગુજરાતમાં ધાન્ય પાકોનો વાવેતર વિસ્તાર ઘટતો જાય છે અને રોકડિયા પાકોનો વાવેતર વિસ્તાર સતત વધતો જાય છે.

રોકડિયા પાકોમાં ગુજરાતમાં મુખ્યત્વે મગફળી, કપાસ અને તમાકુનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થાય છે. મગફળી અને કપાસનાં ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરે છે. જ્યારે તમાકુના ઉત્પાદનમાં મધ્યપ્રદેશ પછી ગુજરાત બીજો ક્રમ ધરાવે છે. રોકડિયા પાકોનાં ઉત્પાદનને લીધે ગુજરાતનાં મોટા ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ સુધરવા લાગી છે. ખેત ઉત્પાદન આધારિત ઉદ્યોગો જેવા કે તેલની મિલો, ચોખાની મિલોનો વિકાસ પણ ગુજરાતમાં વધ્યો છે. તમાકુનાં સેવનની વિરુદ્ધ સરકારે ઝુંબેશ સાધી હોવાથી તમાકુનું વાવેતર ક્રમશઃ ઘટતું જાય છે. તેને બદલે વૈકલ્પિક પાકોનું વાવેતર વધ્યું છે.

સમગ્ર ભારતમાં મગફળીનાં વાવેતર વિસ્તારમાંથી ૨૦થી ૨૫% જેટલો વિસ્તાર ગુજરાતમાં છે. મગફળીનું મોટાભાગનું ઉત્પાદન વરસાદ પર આધારિત હોવાથી તેના ઉત્પાદનમાં ગુજરાતમાં મોટી વધ-ઘટ થાય છે. જૂનાગઢ, જામનગર, અમરેલી અને રાજકોટ જિલ્લામાં મગફળીનું વાવેતર સૌથી વધારે થાય છે. ઉપરાંત ભાવનગર, બનાસકાંઠા, પંચમહાલ અને સુરત જિલ્લામાં તેનું વાવેતર ઠીક પ્રમાણમાં થાય છે. ઉત્પાદનમાં ભારતમાં સૌથી મોખરે હોવા છતાં હેક્ટર દીઠ ઉત્પાદકતાની દૃષ્ટિએ ગુજરાત ભારતમાં તામિલનાડુ, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને પંજાબ પછી આવે છે. વર્તમાન સમયમાં સંકરજાતોનાં ઉપયોગથી ઉત્પાદન વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના ખેતીવાડી ખાતાએ વર્ષ ૨૦૦૬નાં મધ્યમાં જે વિગતો જાહેર કરી તે અનુસાર પાછલાં વર્ષોમાં રાજ્યમાં કપાસનાં વાવેતરમાં ૩૦૦% વધારો નોંધાયો તેની વિપરીત અસર મગફળીનું પીલાણ કરતી મિલો પર પડી. પૂર્વના ૭૦ વર્ષમાં રાજ્યનાં સૌરાષ્ટ્ર પ્રદેશમાં મગફળીના પાકનું વર્ચસ્વ જોવા મળતું હતું. કપાસની નિકાસને કારણે તેમને સારા ભાવે મળે છે. જ્યારે વરસાદની અનિશ્ચિતતા અને અનિયમિતતા મગફળીનાં વાવેતર માટે બાધારૂપ પુરવાર થાય છે કારણકે મગફળી માટે વરસાદની નિયમિતતા આવશ્યક છે.

મગફળીની જેમ કપાસ પણ ગુજરાત માટે ખૂબ જ મહત્ત્વનો રોકડિયો પાક છે. કપાસનું વાવેતર મુખ્યત્વે વડોદરા, ભરૂચ, સુરેન્દ્રનગર, અમદાવાદ, રાજકોટ, મહેસાણા, સાબરકાંઠા અને ખેડા જિલ્લામાં વિશેષ થાય છે. ભરૂચ જિલ્લાનો "કાનમ પ્રદેશ" લાંબાતારના ઉત્તમ પ્રકારનાં કપાસનાં ઉત્પાદન માટે જાણીતો છે. કસવાળી જમીન કપાસ ઉત્પાદનને અનુકૂળ આવે છે. તેનાં ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાત સૌથી મોખરે હોવા છતાં હેક્ટરદીઠ ઉત્પાદનમાં ભારતમાં તે પંજાબ અને હરિયાણા પછી ત્રીજા ક્રમે આવે છે. હેક્ટર દીઠ ઉત્પાદન વધારવા સુધારેલા બિયારણો જેવા કે દિગ્વિજય, વિજય, દેવીરાજ જેવી જાતોનું વાવેતર વધતું જાય છે.

તમાકુ, એ ગુજરાતનો ઉજા ક્રમનો અગત્યનો રોકડિયો પાક છે. સમગ્ર ભારતમાં તમાકુના વાવેતર તેમજ ઉત્પાદનમાં ગુજરાતનો ક્રમ આંધ્રપ્રદેશ પછી બીજા ક્રમનો છે. સમગ્ર ગુજરાતમાં તમાકુના કુલ વાવેતર વિસ્તારનો લગભગ ૮૦% જેટલો વિસ્તાર માત્ર ખેડા જિલ્લામાં છે. ખેડાનાં ચરોતર પ્રદેશમાં તમાકુનું વાવેતર સવિશેષ છે. ઉપરાંત વડોદરા, મહેસાણા, પંચમહાલ અને અમદાવાદ એ ચાર જિલ્લા તમાકુની પેદાશ માટે જાણીતા છે. તમાકુના વધારે ઉત્પાદનને પરિણામે ઉત્તર ગુજરાતમાં છીંકણી અને બીડીના ઉદ્યોગોનો વિકાસ મોટા પ્રમાણમાં થયો છે. ઉપરોક્ત મુખ્ય પાકો ઉપરાંત તેલીબિયાંમાં એરંડા અને તલનું વાવેતર પણ ગણનાપાત્ર ગુજરાતમાં જોવા મળે છે. એરંડાનાં વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં ગુજરાત દેશભરમાં બીજા ક્રમે આવે છે. હવે ગુજરાતમાં શેરડી અને બટાકાનું વાવેતર પણ સતત વધતું જાય છે. ગુજરાતમાં બાગાયતી પાકોનાં વાવેતર વિસ્તારમાં પણ વધારો થયો છે. ફળફળાદિમાં ગુજરાતમાં મુખ્ય પાકો કેળાં, ચીકુ, બોર અને ખારેક છે. કેળાંની પેદાશમાં ગુજરાત ભારતમાં પાંચમા ક્રમે આવે છે. ગુજરાતમાં અન્ય રોકડિયા પાકોમાં જીરું અને ઇસબગુલ પણ અગત્યના છે. કુલ વાવેતર વિસ્તાર ઓછો હોવા છતાં છેલ્લા ૩ દાયકાઓ દરમ્યાન ગુજરાતે

ધાન્ય તેમજ રોકડિયા પાકોમાં પ્રગતિ કરી છે.

કુલ વિસ્તારનો ચોખ્ખા વાવેતર હેઠળનો વિસ્તાર ૫૦% જેટલો છે. ૧૦% વન માંથી ઉત્પાદક વન વિસ્તાર ૫૦%થી ઓછો છે. જેને લીધે રાજ્યની પરિસ્થિતિ અસમતુલિત છે. તેથી પૂર અને જમીનનું ધોવાણ તથા ઓછા વરસાદથી કૃષિ ઉત્પાદન પર વિપરીત અસર પડે છે. રાજ્યની પાક પદ્ધતિ અનાજ પાકો અને રોકડિયા પાકોના મિશ્રણવાળી છે. રોકડિયા પાકોને લીધે રાજ્યન ખેતીની આવકમાં વધારો થાય છે તેમજ હૂંડિયામણમાં વધારો અને બચત થાય છે. છતાં પણ રાજ્ય પોતાની વસતિ માટે પૂરતું અનાજ પકવવામાં નિષ્ફળ રહ્યું છે. રાજ્યની જરૂરિયાત કરતાં અનાજની ખાદ્ય સર્જાય છે. ગુજરાત ભારતમાં અગત્યનું સ્થાન ધરાવતું હોવા છતાં ખેતી ક્ષેત્રની દૃષ્ટિએ અન્ય રાજ્યોની સરખામણીમાં અત્યારે પણ પછાત જોવા મળે છે.

ગુજરાતની ખેતીની સચોટ માહિતી પ્રાપ્ત થાય તે માટે ખેતી ક્ષેત્ર હેઠળનો વાવેતર વિસ્તાર, ઉત્પાદનમાં કેવા પરિવર્તનો આવ્યા છે, તેની આંકડાકીય માહિતી આવશ્યક છે.

- **ગુજરાતમાં ખેતીક્ષેત્ર હેઠળનો કુલ વાવેતર વિસ્તાર :**

કુલ વાવેતર વિસ્તાર એટલે ગુજરાતની ખેતીક્ષેત્ર હેઠળ આવેલી જમીનમાંથી કેટલી જમીનમાં વાવણી કરવામાં આવે છે, તેનું પ્રમાણ. ગુજરાતમાં ખેતીની સાથે ઉદ્યોગોનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુલ જમીનમાંથી ખેતીક્ષેત્ર હેઠળ લાવવામાં આવેલી જમીનનું પ્રમાણ ૫૫% છે. તેનું હેક્ટરદીઠ પ્રમાણમાં ગુજરાતની સ્થાપનાથી વર્તમાન સમયમાં કેવાં પરિવર્તનો આવ્યાં છે, તેની વિગતો નીચે કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

- **ગુજરાતમાં ખેતીક્ષેત્ર હેઠળનો કુલ વાવેતર વિસ્તાર :**

| વર્ષ | કુલ વાવેતર વિસ્તાર (હેક્ટર દીઠ) |
|---|---|
| ૧૯૬૦-૬૧ | ૯૭૬૭૬ |
| ૧૯૭૦-૭૧ | ૧૦૪૯૧૯ |
| ૧૯૮૦-૮૧ | ૧૦૭૪૫૯ |
| ૧૯૯૦-૯૧ | ૧૦૬૩૪૮ |
| ૨૦૦૦-૦૧ | ૧૦૪૯૭૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૨૨૧૧૪ |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર ગુજરાતમાં કુલ વાવેતર વિસ્તાર ગુજરાતની સ્થાપના સમયે ૧૯૬૦-૬૧માં ૯૭૬૭૬ હેક્ટરથી વધીને ૧૯૭૦-૭૧માં ૧૦૪૯૧૯ અને ૧૯૮૦-૮૧માં ૧૦૭૪૫૯ હેક્ટર કુલ વાવેતર વિસ્તાર થયો. અર્થાત્ ૧૯૬૦-૬૧થી ૧૯૮૦-૮૧ સુધી વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. પરંતુ ૧૯૯૦-૯૧ અને ૨૦૦૦-૦૧માં કુલ વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ૨૦૦૭-૦૮માં વાવેતર વિસ્તારમાં ફરીથી વધારો થતો જોવા મળે છે. ૧૯૬૦-૬૧થી ૧૯૮૦-૮૧ દરમ્યાનનાં ગાળામાં હરિયાળી ક્રાંતિને પરિણામે કુલ વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. ત્યારબાદ તેના વિસ્તારમાં ઘટાડો થયેલો જોવા મળે છે.

- **ગુજરાતમાં ખેતીક્ષેત્ર હેઠળનો ચોખ્ખો વાવેતર વિસ્તાર :**

કુલ વાવેતર વિસ્તારમાં વધારો થયો તે એટલું અગત્યનું નથી પરંતુ આ વાવેતર વિસ્તારનો ખેતીક્ષેત્રમાં કેટલો ઉપયોગ થયો છે, તેનો આધાર ચોખ્ખા વાવેતર વિસ્તાર પર રહેલો છે. વાસ્તવમાં કુલ વિસ્તારમાંથી કેટલો વિસ્તાર ઉપયોગમાં લેવામાં આવે છે, તે ચોખ્ખા વાવેતર વિસ્તાર પરથી જાણી શકાય છે. ગુજરાતમાં ચોખ્ખા વાવેતર વિસ્તારની વિગતો નીચે કોષ્ટક અનુસાર છે.

- **ગુજરાતમાં ખેતીક્ષેત્ર હેઠળનો ચોખ્ખો વાવેતર વિસ્તાર :**

| વર્ષ | ચોખ્ખો વાવેતર વિસ્તાર (હેક્ટર દીઠ) |
|---|---|
| ૧૯૬૦-૬૧ | ૯૩૯૭૦ |
| ૧૯૭૦-૭૧ | ૯૭૧૩૦ |
| ૧૯૮૦-૮૧ | ૯૫૭૬૫ |
| ૧૯૯૦-૯૧ | ૯૩૫૦૨ |
| ૨૦૦૦-૦૧ | ૯૪૩૩૩ |
| ૨૦૦૭-૦૮ | ૯૯૬૫૮ |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર ૧૯૬૦-૬૧માં જે વાવેતર વિસ્તાર હતો તેમાં ૧૯૭૦-૭૧માં વધારો થયો. પરંતુ ૧૯૮૦-૮૧ અને ૧૯૯૦-૯૧માં તેમાં ઘટાડો જોવા મળે છે. ૨૦૦૦નાં વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા નવી કૃષિનીતિ બહાર પાડવામાં આવતાં

With Best Compliments From
43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE
We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India
M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

ચોખ્ખા વાવેતર વિસ્તારમાં ૨૦૦૦-૦૧ અને ૨૦૦૭-૦૮માં વધારો થતો જોવા મળે છે.

- **ગુજરાતમાં અનાજ પાકોનું ઉત્પાદન :**

વાવેતર વિસ્તારની સાથે ખેત ઉત્પાદનમાં કેવાં પરિવર્તનો આવ્યાં છે, તે પણ જાણવાં મહત્ત્વના છે. અનાજ પાકો અને બિન અનાજ પાકો (રોકડિયા પાકો)નાં ઉત્પાદનમાં કેવાં પરિવર્તનો આવ્યાં તે ગુજરાતની સ્થાપના વખતે અને અત્યારે કેવાં છે, તેની માહિતી આ પ્રમાણે છે.

- **ગુજરાતમાં કુલ અનાજ પાકોનું ઉત્પાદન :**

| વર્ષ | કુલ અનાજ પાકોનું ઉત્પાદન (હજાર ટન) |
|---|---|
| ૧૯૬૦-૬૧ | ૧૮૮૮ |
| ૧૯૭૦-૭૧ | ૪૮૪૪ |
| ૧૯૮૦-૮૧ | ૪૯૫૮ |
| ૧૯૯૦-૯૧ | ૫૦૮૩ |
| ૨૦૦૦-૦૧ | ૩૦૮૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૦૦૭૧ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે કહી શકાય કે ગુજરાતમાં અનાજ પાકોનું ઉત્પાદન ૧૯૬૦-૬૧થી ૧૯૯૦-૯૧ સુધી સતત વધતું જતું જોવા મળે છે. સુધારેલાં બિયારણ, યંત્રો, સિંચાઈની સુવિધા તેમજ હરિયાળી ક્રાંતિને કારણે ઉત્પાદનમાં વધારો નોંધાયો. પરંતુ ૨૦૦૦-૦૧માં કુલ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. ૨૦૦૦ની કૃષિ નીતિને પરિણામે ૨૦૧૦-૧૧નાં દાયકામાં ફરી ઉત્પાદન વધ્યું છે. એટલે કે અનાજ પાકોના કુલ ઉત્પાદનમાં વધારો - ઘટાડો જોવા મળે છે.

- **ગુજરાતમાં બિન અનાજ પાકોનું ઉત્પાદન :**

ગુજરાતમાં અનાજ પાકોની સાથે બિન અનાજ પાકોનું પણ ઉત્પાદન કરવામાં આવે છે. રોકડિયા પાકો અનાજની સરખામણીમાં તરત જ વેચાઈ જાય છે. તેમજ હરિયાળી ક્રાંતિને લીધે રોકડિયા પાકોનાં સુધારેલા બિયારણ મબલખ પાક આપતા હોવાને લીધે ખેડૂતોની આવક વધતા તેઓ અનાજ પાકો કરતા રોકડિયા પાકોનું ઉત્પાદન વધારે કરવા લાગ્યા છે.

- **ગુજરાતમાં બિન અનાજ (રોકડિયા) પાકોનું ઉત્પાદન (હજાર ટન)**

| વર્ષ | મગફળી | કપાસ | તમાકુ | તેલીબિયાં |
|---|---|---|---|---|
| ૧૯૬૦-૬૧ | ૧૨૧૪ | — | — | ૧૨૬૦ |
| ૧૯૭૦-૭૧ | ૧૮૬૯ | ૧૩૫૪ | — | ૧૯૪૩ |
| ૧૯૮૦-૮૧ | ૧૬૧૬ | ૧૭૩૮ | ૧૯૧ | ૨૦૦૫ |
| ૧૯૯૦-૯૧ | ૯૮૩ | ૧૫૩૧ | ૨૪૪ | ૨૦૪૪ |
| ૨૦૦૦-૦૧ | ૭૪૦ | ૧૧૬૧ | ૧૪૯ | ૧૭૩૮ |
| ૨૦૧૦-૧૧ | ૩૫૭૫ | ૯૮૨૫ | ૨૮૧ | ૫૧૪૨ |

(All Data Sources : Director of Economics and Statistics)

ઉપરોક્ત કોષ્ટકને આધારે કુલ બિન અનાજ પાકોના ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળે છે. મગફળી, એ ગુજરાતનો મહત્ત્વનો પાક હોવા છતાં તેના ઉત્પાદનમાં વધઘટ થતી જોવા મળે છે. મગફળીની સરખામણીએ કપાસનાં ઉત્પાદનમાં ખૂબ જ વધારો થયો છે. તમાકુના ઉત્પાદનમાં એકંદરે વધારો નોંધાયો છે. તેલીબિયાંના ઉત્પાદનમાં સતત વધારો થયો છે. જે દર્શાવે છે કે ગુજરાતમાં રોકડિયા પાકોનાં ઉત્પાદનમાં વધારો થયો છે.

આમ, ઉપરોક્ત માહિતીને આધારે કહી શકાય કે ગુજરાતમાં ખેતી ક્ષેત્રનો વિકાસ થયેલો જોવા મળે છે. વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે ગુજરાતમાં ઉદ્યોગોની સાથે ખેતીક્ષેત્રનો પણ વિકાસ થયો છે. પરંતુ આ ઉત્પાદનનો વધારો અનાજ પાકો કરતાં રોકડિયા પાકોમાં વધુ જોવા મળે છે. અર્થાત્ ગુજરાતમાં ખેતીનું વાણિજ્યકરણ થયેલું જોવા મળે છે. તેથી ખેડૂતો અનાજ પાકો તરફથી રોકડિયા પાકો તરફ વળ્યા છે, જે ગુજરાતમાં ખેતીનો વિકાસ જ દર્શાવે છે. ■

## અમરતવાણી

એક જર્મન વિચારક શ્રી રમણ મહર્ષિ પાસે આવ્યા અને કહે : 'હું બહુ દૂરથી આપની પાસે કંઈક શીખવા આવ્યો છું.'

મહર્ષિ કહે : 'તો તો તમે ખોટી જગ્યાએ આવ્યા છો! હું તો શીખેલું ભૂલાવી દેવાનું કામ કરું છું!'

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

સમાજ ધર્મ

# 'રાષ્ટ્રકથા'માં શહીદોના પરિવારોને સન્માન અને પુરસ્કાર

સંકલિત

સત્ય, પ્રેમ, કરુણા, ત્યાગ અને વૈરાગના સમન્વય સમા વિશ્વપ્રસિદ્ધ અને વિશ્વવંદનીય પૂ. મોરારી બાપુની કથા એટલે શ્લોક અને લોકના બે કાંઠે વહેતી નદી. બાપુની કથા સમાજના દરેક વર્ગને તૃપ્ત કરે છે. આ કથામાં સૌ પ્રકારનાં લોકો માટે બધા પ્રકારનું ભાથું પ્રાપ્ત થાય છે. બાપુએ કથાના માધ્યમથી કલા, સાહિત્ય, સમાજ, માનવતા, બંધુતા વગેરેને કોટી કોટી અક્ષત કંકુએ પોંખ્યાં છે. બાપુ માણસપ્રેમી છે, ઈશ્વરપ્રેમી છે, સંસ્કૃતિપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી છે. સમાજના વિવિધ વર્ગોને ગૌરવ અને સન્માન અર્પતી અનેક વિવિધ પ્રકારની કથાઓ બાપુએ કરી છે અને હવે તેમાં એક નવું છોગું ઉમેરાયું છે. સુરત ખાતેથી બાપુએ રાષ્ટ્રને ગૌરવ બક્ષતી 'રાષ્ટ્રકથા'નો પ્રારંભ કરીને ભારતમાતાના વીર શહીદોના ચરણોમાં એ કથા સમર્પિત કરી. ૧૯૯૩થી અત્યાર સુધીમાં બાપુએ કરેલી વિવિધ કથાઓમાં જલ, થલ અને વાયુ મુખ્ય હતી. હવે સેનાની ત્રણે પાંખના અને અન્ય શહીદ વીરો માટે બાપુએ બીજી ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી કથા યોજીને તેમને મદદરૂપ બનવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

હૈયું ભરાઈ જાય અને સલામ થઈ જાય તેવો 'રાષ્ટ્રકથા' નો નવતર વિચાર લઈ શહીદના પરિવારને મદદ કરવા માટે મારુતિવીર જવાન ટ્રસ્ટ દ્વારા ૨૫૧ કરોડ રૂપિયા એકત્રિત કરવાનો બાપુએ લક્ષ્યાંક રાખ્યો હતો અને દાતાઓએ તેમને ખોબલે ખોબલે આપ્યું પણ ખરું. આ દાનમાંથી શહીદ સૈનિકોના પરિવારજનોને ૨ લાખ ૫૧ હજાર રૂપિયા અને સન્માન અર્પણ કરાયા હતા.

પ્રથમ વખત કથામાં રાષ્ટ્રધ્વજ ફરક્યો, રાષ્ટ્રગાન થયું અને રામકથાનો પ્રારંભ થયો. આ કથામાં અનેક વીર શહીદોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા તથા પરમવીર ચક્ર વિજેતા બાનીસિંગ, સૂબેદાર રાજિન્દરસિંગ, પૂર્વ મેજર જનરલ જી.ડી. બક્ષી, બિટ્ટાસિંગ, કમાન્ડર ઉદય ભાસ્કર સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દેશભક્તિ સાથે રામભક્તિ પીરસતી પૂ. મોરારીબાપુની રામકથાના પ્રારંભે સરથાણા જકાતનાકા અનંતફાર્મથી બપોરે ૧ કલાકે ૧૦૧ કળશ સાથે પોથીયાત્રા નીકળી હતી. યાત્રાના માર્ગ પર સોસાયટીઓમાં રંગોળીઓ કરાઈ હતી. પુષ્પવર્ષા સાથે યાત્રીઓનું સ્વાગત કરાયું હતું. ઘોડેસવારો સાથે આઠ બગીઓમાં શહીદોના પરિવારોને બેસાડાયા હતા. કથાસ્થળ કર્ણભૂમિ પાર્ટી પ્લોટ પર પહોંચતા શહીદના પરિવારજનોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

પ્રથમ વખત શહીદો માટે સમર્પિત એવી મોરારી બાપુની આ ૮૦૨ મી રામકથા 'રાષ્ટ્રકથા' નો નવતર વિચાર વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામ્યો અને બાપુને નતમસ્તકે કોટી કોટી વંદન થયાં...

## મોરારી બાપુની પ્રારંભ વાણી

*કદંગદ બિચારી મન માહી, ધન્ય જટાયુ સમ કોઉ નાહી*
*રામકાજ કારન તનુ ત્યાગી, હરિ ગયઉ પરમ બડભાગી*

અર્થાત્ : અંગદે મનમાં વિચાર કરીને કહ્યું કે જટાયુ સમાન ધન્ય કોઈ નથી. રામના કાર્ય માટે શરીર છોડીને એ પરમ ભાગ્યશાળી ભગવાનના ધામ જતું રહ્યું.

આ કથાને એટલે નામ આપું છું માનસ શહીદ. વિશ્વનો પહેલો શહીદ રામાયણનો જટાયુ છે. આપણી પરંપરામાં પહેલા શહીદ તરીકે તેને બૌદ્ધિકોએ પણ સ્વીકાર્યું છે. ભગવાનની કથાના પ્રસંગો લઈ કિષ્કિંધાકાંડની બે પંક્તિ કથામાં બીજીવાર લઈ રહ્યો છું. પંજાબમાં માનસ જટાયુ કથા કરી હતી. તેમાં આ પંક્તિઓનો ઉપયોગ કર્યો હતો. અત્યાર સુધી જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન અને હવે નવું સૂત્ર આપું છું જય ઈમાન. આ શબ્દો સાથે પૂ. મોરારીબાપુએ શનિવારે સૂરતની રામકથાનો પ્રારંભ કર્યો હતો. તેમણે વ્યાસપીઠ પરથી શહીદ સૈનિકોને સલામી આપી હતી.

પૂજ્ય બાપુએ કહ્યું કે, હું વિચારતો હતો કે કથામાં વિષય કયો લેવો. વિચારતા રામકથામાં કોણે કોણે શહીદી લીધી તેનો વિચાર કર્યો. આથી આ કથાને માનસ શહીદ નામ આપું છું. ગુજરાતી ભાષા સરસ છે. આથી કથા આપણે ગુજરાતીમાં જ રાખીએ. જેને ન સમજાય તે ગુજરાતી શીખે. કથામાં બાપુએ હાલમાં વધેલી બદીઓની સામે નવું સૂત્ર આપતાં કહ્યું કે, 'જય જવાન, જય કિસાન' લાલ બહાદુર શાસ્ત્રીએ આપ્યું. અટલ બિહારી બાજપેયીએ 'જય વિજ્ઞાન' સુત્ર આપ્યું. હવે હું નવું સૂત્ર 'જય ઈમાન' આપું છું. આજે ઈમાનદારીની કમી છે. વિજ્ઞાનમાં પણ ઈમાન હોવું જોઈએ, ઈમાનદારી માટે પ્રાણ આપો. દરેક ક્ષેત્રમાં ઈમાનદારીની જરૂર છે. રાજકીય બલિદાનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય રાજ્ય માટે શહીદ થયા. પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ તાશકંદ મંત્રણામાં પ્રાણ આપ્યા હતા. આ શહીદી રાષ્ટ્ર માટે હતી.

## ત્રણ કથાઓ

- **૧૯૯૩ : જળસેના :** માનસ સેતુબંધ, બાપુએ રામેશ્વરના સેતુબંધ પાસે જહાજમાં કથા કરી હતી.
- **૧૯૯૪ : વાયુસેના :** માનસ પુષ્પક રામકથા, બાપુએ પુષ્પક વિમાનમાં કથા કરી. કથા વાયુસેનાને સમર્પિત કરી શકાય.
- **૨૦૧૧ : થલસેના :** માનસ ૭૦૦, કૈલાસ માનસરોવરની કથાને સિયાચીનમાં તૈનાત થલસેનાના સૈનિકોને સમર્પિત કરી.

મોરારીબાપુની ૮૦૧મી કથા વ્રજચોરાસીમાં પરિક્રમા પર હતી. તો ૮૦૦મી કથા માણસ મસાણ કાશીમાં હતી. ૭૯૯મી કથા જૂનાગઢમાં માનસ નગરમાં હતી. તો ૭૯૮મી કથા વિંધ્યાચલમાં માનસ શ્રીદેવીના ધ્યેયથી કરી હતી. આથી સુરતની કથા શહીદોની સ્મૃતિમાં થઈ રહી હોવાથી રાષ્ટ્રકથા નામ અપાયું છે.

## સૈનિક અને પ્રજાનો સંબંધ

શહીદ સાથે રાષ્ટ્રની પ્રજાએ કેવો સંબંધ રાખવો જોઈએ તેના સંકેતો રામ ચરિત માનસમાં છે. રાષ્ટ્રના સંતાનો છે અને આપણા રક્ષણહાર છે, તે અર્થમાં તે બાપ છે. દેશનો સૈનિક આપણો બાપ પણ છે અને મિત્ર પણ છે. તેની સાથે આપણે પ્રીતિનો સંબંધ પણ રાખી શકીએ.

## રામકથામાં શહીદો માટે ૩ મોટાં દાન, લવજી બાદશાહે ૫ કરોડ અર્પણ કર્યા.

રામકથાના એક જ દિવસમાં પંદર કરોડ રૂપિયાથી પણ વધુ રકમનો ફાળો એકઠો થયો હતો. મોરારીબાપુએ રામકથા દરમ્યાન ૨૫૧ કરોડ રૂપિયા એકઠા કરવાની નેમ રાખી હતી, જે આંકડો સ્વાભાવિક રીતે અશક્ય લાગતો હતો, પણ મોરારીબાપુએ હંમેશાં અણધાર્યા કામો કર્યા છે એટલે એ રીતે આશાવાદ પણ અકબંધ હતો. રામકથાના બીજા દિવસે નાનુભાઈ સાવલિયાના દીકરા હીરેન સાવલિયા અને અન્ય સાથી મિત્રો દ્વારા શહીદો માટે બનાવવામાં આવેલા મારૂતિ વીર જવાન ટ્રસ્ટને પાંચ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું હતું. તો સુરતના જ જાણીતા કન્સ્ટ્રક્શન ગ્રુપના અગ્રણી લવજી બાદશાહે પણ પાંચ કરોડ રૂપિયાનો ચેક બાપુને અર્પણ કર્યો હતો. હરેકૃષ્ણ એક્સપોર્ટસના રત્નકલાકારો દ્વારા એક કરોડ ત્રણ લાખ રૂપિયા ભેગા કરવામાં આવતાં હરેકૃષ્ણ એક્સપોર્ટ્સના સવજીભાઈ ધોળકિયાએ પોતાનો સહયોગ ઉમેરીને ૩ કરોડ ૧૧ લાખ રૂપિયાનો ચેક બાપુને આપ્યો હતો. આ ઉપરાંત ત્યાં અન્ય લોકો દ્વારા પણ બે કરોડથી વધુની રકમ ટ્રસ્ટના ખાતામાં આવી હતી, જે બધાનો સરવાળો પંદર કરોડથી વધુ થવા જાય છે. આમ ગઈકાલે એક દિવસમાં મોરારીબાપુની રામકથામાં પંદર કરોડ રૂપિયાથી વધુ રકમ એકઠી થઈ હતી.

## રામકથાની રત્નકણિકા

- ★ યુદ્ધ પુરુષ શાંતિરસમાંથી જન્મે છે.
- ★ યોદ્ધા કઠોર હોય, પરંતુ ક્રૂર ન હોય.
- ★ લાઓત્સે કહે છે સૈનિક યોદ્ધો હોય, પરંતુ યુદ્ધખોર નથી.
- ★ ભારતીય સેનાનો મહામંત્ર જયહિંદ છે.
- ★ વાણી અને સંયમ જીત્યા તેણે દુનિયા જીતી.
- ★ ભિક્ષાનું અન્ન ગ્રહણ કરનાર ઉપવાસી છે.
- ★ રામ યુદ્ધપુરુષ નથી, પરંતુ બુદ્ધપુરુષ છે.
- ★ મારા પરશુરામ, કબીર આ બધા બુદ્ધપુરુષ છે.
- ★ સમાજના શરીર પર ગૂમડાં થાય ત્યારે ઓપરેશન કરવાં પડે.
- ★ ગાંધીબાપુની બધામાં નકલ ન કરાય. તેઓ અપવાદ છે.
- ★ રામના બે બાપ એક જટાયુ અને એક દશરથ. બંનેને તાત કહ્યા છે.
- ★ બધું ભૂલવા નથી આવ્યા. સ્મરણ કરવા આવ્યા છીએ.
- ★ મનની ગાંઠ ગુરુ કાઢે, ધનની ઈન્કમટેક્સ.

## બાપુની એક ચિઠ્ઠી પર વડાપ્રધાન પદ જતું કરી દીધું એને સરદારની શહીદી જ કે'વાય મારા બાપ

મોરારીબાપુએ કહ્યું હતું કે શહીદી એક નહીં અનેક પ્રકારની હોય છે. બાપુની એક ચિઠ્ઠી પર પોતાને મળનારું વડાપ્રધાન પદ જતું કરી દીધું એ સરદારની એક પ્રકારની શહીદી જ કે'વાય મારા બાપ. જીવ આપવો એ પણ શહીદી છે અને પોતાની ઈચ્છા અને મહત્ત્વાકાંક્ષાને છોડીને કોઈના આદેશને સર આંખો પર ચડાવી લેવો એય શહીદી જ છે.

આજે સંતાનો માટે ઘણાં મા-બાપ પોતાનું બધું જતું કરી દે છે. આને પણ શહીદી ગણી શકાય. ઢગલાબંધ કામ વચ્ચે, પોતાના શેઠના, બોસના ને ઉપરી અધિકારીના મહેણાંટોણા સાંભળીને પણ ઘરે આવીને બધા વચ્ચે હસતાં-હસતાં રહેવા

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

માંડવું એ પણ શહીદી જ છે. મોરારીબાપુએ કહ્યું હતું કે આ રામકથા સરહદે બેઠેલા સેનાના જવાનો પણ સાંભળે છે એવી મને ખબર પડી. આ મારા માટે આનંદની વાત છે. કોઈના માટે કામ થતું હોય અને એ તેને ખબર પડે તો એક રાજીપો થાય. આ રાજીપો અત્યારે તો આપણા બધા વચ્ચે થાય છે. જવાનો ખુશ છે કે તેમને આપણે યાદ કરીએ છીએ અને આપણે ખુશ છીએ કે તેઓ આપણા માટે જાગતા બેઠા છે.

★

જટાયુએ રામના માટે શહીદી વહોરી. એક સાધુ પૂછે છે કે જટાયુ, આંખો તો ખોલો. જટાયુ કહે મારા રામ આવે છે. અંતિમ સમયે રાવણ આવી જાય તો દેખાય નહીં માટે આંખો મીંચી છે. રામને જોઈ મૃત્યુને આધીન થવું છે. મુખમાં ગંગાજળ નથી નાંખી શકવાનો પણ રામના ચરણની ગંગાનું પાન કરવું છે. જટાયુના જેવી ગતિ કોઈની નથી. સીધો હરિધામ ગયો હતો.

## રામકથામાં વેધશાળાનો વાવાઝોડાની ચેતવણીનો સંદેશો આવતાં બાપુએ કહ્યું મારો રામ પહેલો આવે કે વાવાઝોડું!

સૈનિકો ગોળીઓના વરસાદમાં જીવે છે, અહીં તો પાણી છે.

કથામાં મોરારીબાપુને વેધશાળાનો સંદેશો પહોંચાડાયો. આ વાંચી તેમણે કહ્યું કે મારા સૈનિકો સરહદ પર ગોળીઓના વરસાદમાં બારેમાસ જીવે છે. જ્યારે અહીં તો વરસાદનું જ પાણી છે. આ તો મૌસમ છે, ગમે તે ક્ષણે બદલાય. તમને અહીં દુઃખી થવા નથી બોલાવ્યા અને કોરા રહેવા પણ નથી બોલાવ્યા. ભીના થવા બોલાવ્યા છે. કોઈએ કોરા રહેવાનું જ નથી. જોઈએ વરસાદ પહેલો આવે કે મારો રામ. આવો આવો એકલધામ...આવો આવો મુશળધાર...હું તો બધાને ભીંજવવા જ બેઠો છું.

## સમાજને ડરાવવા ઘણા મંગાકાકા કાળો ધાબળો ઓઢે છે

મોરારીબાપુએ કહ્યું હતું કે સમાજમાં એવા ઘણા મંગાકાકા છે જે કાળો ધાબળો ઓઢી ડરાવી રહ્યા છે. જરૂર છે એ કાળો ધાબળો દૂર કરનારા ગુરુની. આ વાતને વિગતે વર્ણવતાં તેમણે એક સંતની પુસ્તિકાનો ઉલ્લેખ કર્યો હતો, જે પુસ્તિકામાં એક પ્રસંગનું વર્ણન છે. તેમાં એક મહોલ્લાનાં બાળકો મંગા કાકા સાથે રમે, તોફાન કરે, મંગા કાકા પણ બાળકોને ચોકલેટ આપે, રાજી રાખે. એમાં એક દિવસ બન્યું એવું કે મંગા કાકા કાળો ધાબળો ઓઢીને આવ્યા. રીંછ આવ્યું હોય તે રીતે તે મહોલ્લામાં ઘૂમ્યાં. બાળકો ડરી ગયા. એ સમયે એક બાળકના દાદા દૂર બેઠા આ દૃશ્ય જોઈ રહ્યા હતા. બાળકો ડરના માર્યા થરથર કાંપતા હતા, ત્યારે દાદા હસતા હતા. એ જોઈ બાળકોને થોડો ગુસ્સો આવ્યો, પછી બન્યું એવું કે દાદાએ મંગા કાકા ઉપરથી કાળો ધાબળો ખેંચીને દૂર કર્યો. એ સાથે જ બાળકોએ જોયું કે આ તો આપણા મંગા કાકા છે. જેવો ધાબળો દૂર થયો અને મંગા કાકાને જોયા કે તુરંત બાળકો તેમની સાથે રમવા માંડ્યા હતા.

***કથાનો બોધ :*** વાત માત્ર એટલી જ છે કે સમાજમાં આવા મંગા કાકા ધાબળા ઓઢીને ડરાવવા તો આવશે જ. જરૂર છે દાદારૂપી ગુરુની, જે આવા ધાબળા દૂર કરી તમને ડરમાંથી મુક્ત કરાવે.

## પાકિસ્તાન હવે યુદ્ધનું સાહસ કરશે તો તેના ચાર ટુકડા થશે : જી.ડી.બક્ષી

રક્ષા વિશેષજ્ઞ અને રિટાયર્ડ મેજર જનરલ જી.ડી.બક્ષીએ રામકથામાં કહ્યું હતું કે, વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિને ખતમ કરવા મંદિરોનો નાશ કરાયો. હજારો મહિલાઓ પર અત્યાચારો કરાયા. દેશના ઉત્થાનની નવી લહેરનો પ્રારંભ ગુરુ ગોવિંદસિંહે કર્યો હતો. સેનાના શહીદો માટેની આવી મદદ માત્ર ગુજરાત કરી શકે છે. આઝાદી બાદ પણ ભારતને તોડવાના પ્રયત્નો કરાયા. તેમાં બાંગ્લાદેશ યુદ્ધ તો એક ટ્રેલર હતું. પાકિસ્તાન હવે યુદ્ધનું સાહસ કરશે તો તેના ચાર ટુકડા થશે.

## લાખો લોકો આ દેશના નિર્માણમાં લાગ્યા છે : ઉદય ભાસ્કર (એર કમોડોર)

૧૦ વર્ષ પહેલાં નિવૃત્ત થયો. મારા જેવા લાખો લોકો ભારત માટે રાષ્ટ્રનિર્માણમાં લાગ્યા છે. આપણે સૌ ભગવાન રામની ખિસકોલી જેવા છીએ. ખિસકોલી ભલે નાની હતી, પરંતુ રામજીનું કાર્ય કરતી હતી. મારા જેવા લાખો લોકો આ દેશના નિર્માણમાં લાગેલા છે. સુરતની આ પહેલ અગત્યની છે. સુરતના જેવી પહેલ સમગ્ર દેશમાં થવી જોઈએ. પૂર્વસૈનિકો કે તેમના પરિવારને લાગવું ન જોઈએ કે તેઓ એકલા છે. આપણે નથી ઇચ્છતા છતાં યુદ્ધ લાદી દેવાય તો લડવું જ પડે. જેના ચિત્તમાં લોભ છે, તેને દેખાતું નથી. આથી યુદ્ધ કરવું પડે છે. સરહદે ફરતી ટુકડી પાછી આવે ત્યારે તેમાં એક ઓછો થાય તો સાથીઓને કેવું લાગતું હશે? તેની લાશ લઈ જતી વખતે તેમના મનમાં પણ યુદ્ધ ચાલતું હશે, પરંતુ આ અનિવાર્યતા છે. માટે કહું છું, કોઈપણ શહીદ થાય ત્યારે તેના પરિવાર પાસે ભેગા બેસજો.

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# નાનીશી વાત

સમાજ ચિંતન

ઇલા કે. શાહ

અને માધુરીના જીવનમાં નાનકડી જ વાતે, પહાડ જેવડું મોટું સ્વરૂપ છવાઈ જતાં પૂર્વગ્રહની આંધી આવી ગઈ.

વાત આમ બની હતી. માધુરી અને રોમેશ હજી થોડાં સમય પહેલાં જ લગ્નગ્રંથિથી જોડાયાં હતા. નૂતન જીવનસૃષ્ટિનાં મંડાણ હજી તો મંડાતા હતા. તાજગીસભર જિંદગીમાં મધુરતા, આનંદ, કોમળતા તો હોય જ ને!

પણ એક દિવસ બન્યું એવું કે રોમેશ ઑફિસેથી વહેલો ઘેર આવ્યો, સાથે સંતરાં લઈ આવેલો. આવીને સીધો જ તેની રૂમમાં ગયો. માધુરી પણ પાછળ પાછળ ત્યાં ગઈ. અને પછી બોલી : "રોમેશ, સારું થયું તું વહેલો આવી ગયો. આજે તો મને ગમતું પણ નહોતું. મમ્મીજી, બહેનજી સાથે ઘરકામમાં મન પરોવું છું, પણ તારી યાદ સતાવ્યા કરે છે."

"તું ચિંતા ન કર, ધીમે ધીમે ફાવી જશે. આજે રાત્રે આપણે નાટક જોવા જવાનું છે. લે આ સંતરાં લાવ્યો છું તે આમાંથી બે છોલીને મને આપ." એમ કહી તે પલંગમાં જરા આરામની પળોમાં ગોઠવાયો.

માધુરી દોડતી રસોડામાં ગઈ અને પ્લેટ લઈ આવી. પલંગ પર તેની સાથે બેસી વાતો કરતાં છોલવા લાગી. છોલતાં છોલતાં તેણે ખાટું કે મીઠું છે તેમ જાણવા માટે એક ચીર મોંમાં મૂકી. રોમેશે આ જોયું અને તુરત બોલ્યો, "રહેવા દે માધુરી, મને તારું એઠું નહીં ભાવે. મને એઠું ખાવાની આદત નથી." અને માધુરીના મધુર હૃદયને એક જોરદાર ઠેસ વાગી. તેણે આંચકો અનુભવ્યો. સંયુક્ત પરિવારમાં પોતાની માતા, ભાઈ-બહેનો સાથે હળીમળીને ખાનાર પતિને હું જ અળખામણી લાગી! મને ક્યાં કશો રોગ હતો! પોતે યુવાન છે, રૂપાળી છે, તંદુરસ્ત છે. પરસ્પર પ્રેમમાં તો ચાહીને એક પ્લેટમાં ભેગું જ જમે. પતિએ અપમાન કર્યું છતાં તે ફિક્કું હસી, મન કાબૂમાં રાખ્યું, આંસુ રોકી રાખ્યાં ને બોલી, "સારું, ચાલ છોલીને તુરત આપી દઉં છું બસ!"

રોમેશે વધુ ગુસ્સે થયો. તે બોલ્યો : રહેવા દે, કહ્યું ને એકવાર કે હું નહિ ખાઉં. મૂકી દે." અને માધુરીએ કકળાટ અટકે માટે પ્લેટ મૂકી દીધી. રોમેશ જોઈ રહ્યો. માધુરી રસોડામાં ચાલી ગઈ.

હકીકતમાં માધુરી રોમેશની ડિશમાંથી ખાય તેમાં વાંધો નહોતો, પણ તેની આ રીત રોમેશને ન ગમી. પરંતુ ખુલાસો ન કરાયો અને બંનેનાં હૃદય સૂમસામ થઈ ગયાં. નવીન જીવનબાગ ખીલવવામાં હજી તો પાશેરામાં પહેલી પૂણી કહેવાય. આગળ શું થશે? માધુરીનું કોમળ હૈયું ઝંખવાઈ ગયું, જાણે કે નંદવાઈ ગયું. સુંવાળા, હેતભર્યા, પ્રેમભર્યા સંબંધોની સજાવટ ન કરી. ગેરસમજ માત્ર ગૂંચવાડામાં જ રહી ગઈ. પછી તો આવી કેટલીક બાબતોમાં મન ઊંચા થવા માંડ્યા. માધુરી ખૂબ પ્રેમાળ, શાંત સ્વભાવની હોવાથી રોમેશ સાથે ફરી ક્યારેય મન મૂકી વાત કરી શકતી નહોતી. સંસારરથ ધીમે ધીમે આગળ વધતો હતો.

એક વખત શનિવારની બપોરે રોમેશનો ફોન આવ્યો : "હલ્લો માધુરી, આપણે આજે છ વાગ્યાનાં શોમાં પિક્ચર જોવા જવાનું છે, તો તૈયાર રહેજે. જેથી મોડું ન થાય. ટિકિટ આવી ગઈ છે, ને હું પણ વેળાસર આવી જઈશ." કહીને ફોન મૂકી દીધો.

માધુરી ખૂબ ખુશ થઈ કે ચાલો. ઘણા વખતે સાથે ફિલ્મ જોવા જઈશું. ક્યાં કપડાં પસંદ કરું? ડ્રેસ કે સાડી પહેરું? રોમેશને પિન્ક કલરનો ડ્રેસ ખૂબ ગમે છે. ના, તે તો હમણાં પહેર્યો હતો. હમણાં નવી ખરીદેલી લાલ કલરની સાડી સાથે મેચિંગ (ઓરનામેન્ટ્સ) દાગીના પણ છે તેથી સુંદર લાગશે. મનને મનાવીને તે લાલ કલરની સાડી અને દાગીના પહેરી ઝટપટ તૈયાર થઈ રાહ જોવા લાગી.

ખૂબ આનંદથી રાહ જોતી હતી. પણ રોમેશ છ વાગ્યા છતાં ન આવ્યો. તેને પરસેવો થઈ ગયો. ફોન પણ ઉપાડતો નથી. ક્યારે આવશે? પ્રતીક્ષામાં પગલાં ભરતી હતી, તેનો આનંદ લૂંટાઈ ગયો. જેટલી ખુશ હતી તેટલી જ મૂડલેસ (દુઃખી) થઈ ગઈ.

સાતેક વાગે રોમેશ આવ્યો. અરે રોમેશ, હું ક્યારની તૈયાર છું ને તું આટલો મોડો આવ્યો? હવે પિક્ચર શરૂ થઈ ગયું હશે, શું કરીશું?"

"ઓહો! તેમાં તારું શું બગડી ગયું? મારે અગત્યની મિટિંગમાં રોકાવું પડ્યું, તેથી મોડું થયું. હવે મૂવી જોવા નહીં જઈએ. બીજું તો શું કરું?" રોમેશે પ્રેમથી જવાબ ન આપ્યો.

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)

# હું શું કરું?

સમાજ ચિંતન

ડૉ. સુધીર ચી. મોદી

મારા બા બાપુજી મને કૉલેજમાં આગળ ભણવા ફી નથી આપતા પરંતુ મારા ભાઈને ફી આપે છે. તેને મોટર સાઈકલ પણ લાવી આપી છે અને બધી સગવડ આપે છે. મને ઘણા સમયથી જ્ઞાતિમાં યુવક સાથે પરણવાનું દબાણ કર્યા કરે છે, ભલેને મારા જેટલો ભણેલો પણ ના હોય. અત્યાર સુધી હું ઝઝુમી રહી છું. હું શું કરું?

આ બળાપો કે વેદના ૨૧ વર્ષની હર્ષિદા, નમિતાબેન પાસે કાઢતી હતી. માનવ પોતાની વેદના કોની આગળ ઠાલવે? વ્યક્તિને જ્યારે કોઈ પોતાનું લાગે અને સમજી શકે એવું લાગે ત્યારે તેની આગળ મનની વાત કરવાનું મન થતું હોય છે. તેના હૈયાની મૂંઝવણ બહાર કાઢતી હોય છે. જેમ કૂકરમાંથી સીસોટી સાથે વરાળ બહાર નીકળે તેમ મનનો ઉભરો બહાર આવે ત્યારે માણસને દમ ઘુંટાતો હોય તેમાં રાહત લાગે છે અને આવા ઉભરા કાઢવાના મુકામ તો હોવા જ જોઈએને! સાચી વાત! માણસના મન ઘણી વખત કંઈક વાતે ભરેલા થઈ જાય છે ત્યારે કોઈક સમજુને મળવાથી કાંઈક રાહત અનુભવે છે.

હર્ષિદા બી.એ.ના છેલ્લા વર્ષમાં અમદાવાદની એક સારી કૉલેજમાં ભણતી હતી. હર્ષિદા સામાન્ય ગુજરાતી છોકરી કરતાં સહેજ ઊંચી, ઘઉંવર્ણ રંગની, પાતળી, નાક અને આંખ થોડા અણિયાળા. તદ્દન સામાન્ય ડ્રેસ પહેરતી હોય પરંતુ સાદા ડ્રેસમાં પણ તેની પસંદગી જોઈ માન થાય. આપણે જોઈએ છીએ કે ઘણી વખત મોંઘા ડ્રેસ હોય અથવા છેલ્લામાં છેલ્લી ફેશનના કપડાં હોય પરંતુ શરીર પર શોભતા નથી હોતા, પણ વરવા લાગતા હોય છે. જ્યારે સાદા ડ્રેસમાં પણ વ્યક્તિનો નિખાર ખીલી ઉઠતો હોય છે. સાદા ડ્રેસને પહેરવાની રીત શરીરને અનુરૂપ હોય તો શોભી ઉઠે છે. હર્ષિદામાં આ બધી વાતો સારી દેખાતી હતી. પરંતુ તે જરાક નીચલા સ્તરના રાજપુત જ્ઞાતિની. ઘણા રાજપુતોમાં કુળ અને જાતિનું અભિમાન છલકાતું હોય છે. તેમનો સમાજ પણ તે રીતનો હોય છે.

હર્ષિદાના મમ્મી ભણેલા નહીં. બાપુજી થોડુંઘણું ભણેલા અને ડ્રાઈવર તરીકે નોકરી કરે. રાજપુત કુળનું અભિમાન ભારોભાર અને ગુસ્સો તો આસમાને. ઘરમાં ગુસ્સો વારંવાર સાતમા આસમાને પહોંચી જાય. પોતાનું ધાર્યું જ બધું થવું જોઈએ. જો કે આવું બધું તો ઘણા કુટુંબોમાં જોવા મળે છે. પુરુષ પોતાનો કક્કો જ ખરો કરતો હોય છે.

હર્ષિદાના મમ્મી નમિતાબેનના ઘરે રોજ રસોઈ કરવા આવે. તેના મમ્મી ના આવે ત્યારે હર્ષિદા રસોઇ કરવા આવે. લગભગ છેલ્લા બે વર્ષથી આ પ્રમાણે આવ્યા કરતી હતી એટલે નમિતાબેન સાથે સારું બનતું હતું અને વાતો પણ કરતી હતી. આજે હર્ષિદા નમિતાબેન પાસે આ રીતે જ વાતોથી પોતાની વેદના બહાર ઠાલવતી હતી. તેના હૈયાની મૂંઝવણ બહાર લાવતી હતી.

હર્ષિદાને ગ્રેજ્યુએટ થયા બાદ બી.એડ. ભણવું હતું. પરંતુ મા-બાપ ના પાડી પરણાવી દેવાની ઉતાવળ કર્યા કરે. હર્ષિદા અત્યાર સુધી રસોઈ કરતી, કમાતી હતી. કૉલેજની ફી અને પોતાનો ખર્ચો કાઢતી હતી. હવે આગળ પણ તેવી રીતે ભણીશ તેમ કહેતી હતી. અત્યારે પરણવાનો કે જ્ઞાતિના ગમે તે યુવક (યોગ્યતા વગરના) સાથે પરણવું ન હતું. પરંતુ અત્યારના જમાના પ્રમાણે સારી ડિગ્રી લઇને જીવનમાં આગળ વધવાની ખ્વાહિશ હતી. ત્યારે મા-બાપ તરફથી તો તેની લાગણી - મહેચ્છા સમજ્યા વગર બસ પરણાવી દેવાની ઉતાવળ હતી અને તે પણ જ્ઞાતિમાં જ! કારણકે જ્ઞાતિ બહાર પરણાવે તો જ્ઞાતિનું પંચ દંડ કરે. રાજસ્થાન બાજુના ઘણા લોકો અમદાવાદમાં નોકરી માટે આવીને રહ છે અને સ્થાયી થયા છે. પરંતુ હજી તેમનો નાતો તેમના ગામમાં અને જ્ઞાતિમાં રહેલો છે. જ્ઞાતિનો યુવક સારો ભણેલો-ગણેલો ના હોય ત્યારે માનસિક કજોડું થતું હોય છે અને સ્ત્રી માટે સંસાર દુઃખથી ભરેલો બની જાય છે. ઘણી વખત સ્ત્રી માટે ના સહેવાય કે ના કહેવાય એવી સ્થિતિ બની જાય છે.

હવે શું કરવું? હવે શું થશે? હું શું કરું? — આ બધા સવાલો હર્ષિદાના મગજમાં દિનરાત તીરની જેમ મગજના દરેક ખૂણેથી છુટતા હતા. ક્યાં સુધી અડગ રહી શકીશ? બી.એડ. પૂરું કરીશ કે નહીં? બા-બાપુજીની સામે બોલે તો નહીં પરંતુ અડગ રહેવા પ્રયત્ન કર્યા કરે. દુનિયા ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. નવી નવી શોધ થયે જ જાય છે. સ્ત્રીઓ પણ આગળ વધી રહી છે. જો સમય સાથે કદમ ના મિલાવીએ તો જીવન ઊંચું ના આવે. આ બધી વાતો સાચી, પરંતુ સમાજનો એક વર્ગ હજુ પોતાના બંધિયાર ખાબોચિયામાંથી બહાર આવી શકતો નથી. જ્ઞાતિની પકડમાંથી કે દીકરા દીકરીના ભેદભાવમાંથી બહાર આવ્યો નથી. તેના કારણે હોંશિયાર દીકરીઓનું ભવિષ્ય કેવું થશે? આ બધા અગણિત વિચારો નમિતાબેનના મગજમાં પણ ચાલ્યા કરે છે. કોઈ સમાધાન મળતું નથી.

*જાણીતા શેરની પંક્તિઓ યાદ આવે છે :*

***"દર્દની લાગણીનાં ઘણા રૂપ છે, માત્ર આંસુ જ હોવા જરૂરી નથી.***
***સ્મિત થઈને ફરકતા હશે હોઠ પર, વ્યક્ત થઈ ના શકે એવા ગમ કેટલા?"***

***૩, સમૃધ્ધ કેપીટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે, પાણીની ટાંકીવાળો રોડ,***
***સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.***

ચિંતન

# વિચારશૂન્યતા

ઉમાશંકર જોશી

વિચારશૂન્યતા એ આપણા અત્યારના સમાજજીવનનું એક મુખ્ય લક્ષણ લાગે છે.

વિજ્ઞાન કહે છે કે કુદરતને શૂન્યતા પસંદ નથી, કાંઈ ને કાંઈ આવીને શૂન્યતાને ભરી દેવા પ્રયત્ન કરે છે. અત્યારની વિચાશૂન્યતાને ભરી દેવા મથતી બે વસ્તુઓ જોવા મળે છે : એક તો, આપણે જૂના સમયથી મળેલાં ધાર્મિક સત્યોનું પોપટની પેઠે સહેલાઈથી કશા જ સંકોચ વગર રટણ કર્યે જઈએ છીએ. બીજું, જેઓના હાથમાં સત્તા અને ધન એ મોટાં સાધનો છે તેઓ પછી ગમે તેવા વિચારોનો રગડો પ્રજાને પાઈ દે છે.

આજની આપણી સ્થિતિમાં મહાન ધાર્મિક સત્યોનું પોપટિયા ઉચ્ચારણ કદરૂપું લાગે છે. પ્રાચીન અને મધ્યકાળના મહાન ધર્મપુરુષોએ ઉપદેશેલાં મૂલ્યોની વાતો - હૃદયના ધબકારા વિનાની નરી વાતો - આપણને હાસ્યાસ્પદ બનાવે છે. આધ્યાત્મિકતાનો આ ખોટો અંચળો જેટલો વહેલો ફગાવી શકાય તેટલું સારું. જે પ્રજા ખોરાકની ચીજોમાં ભેળસેળ કરી શકે છે અને જાહેર વહીવટમાં જેના ગોટાળા કરોડના હિસાબે હોય છે તે આધ્યાત્મિક હોવાનો દાવો કઈ છાતીએ કરી શકે? વિચારશૂન્યતાને આવા ખોટા આધ્યાત્મિક નશાથી ભરવા કરીએ છીએ એમાંથી આપણે ઝટપટ બચવાની જરૂર છે.

બીજી બાજુ ધન અને સત્તાનામ સાધન દ્વારા રજૂ થતા ગમે તેવા વિચાર-રગડાના ભોગ બનવાનું થાય છે તેને બદલે, સ્વતંત્ર વિચારશક્તિ પ્રજાએ ખીલવવી જોઈએ. આજે જો બધા વિચારો રાજકીય નેતાઓ પાસેથી મેળવવા ટાંપી રહીશું તો ચાલવાનું નથી. ૧૯૪૭ સુધી એ ચાલ્યું. '૪૭ સુધી કેવળ રાજકારણ (પોલિટિક્સ) ન હતું, રાષ્ટ્રપ્રેમ (પૅટ્રિઑટિઝમ) હતો. પરરાજ્યને કાઢવું એ જ એક સર્વોપરી વિચાર હતો. હવે '૪૭ પછી લોકશાહી સ્થિર કરવાની છે. '૪૭ સુધી રાષ્ટ્રજાગૃતિનો કાળ હતો, હવે રાષ્ટ્રનિર્માણ લોકશાહી ઢબે કરવાનું છે. દરેક નાની નાની વસ્તુ વિચાર માગી લેવાશે. લોકશાહીમાં એકથી વધુ રાજકીય પક્ષો હોય. રાજકીય પક્ષોના નેતાઓની નજર પક્ષબળ ટકાવવા-વધારવા ઉપર વિશેષ હોય તો એ સ્વાભાવિક છે. એમના વિચારોમાં સત્યવાદ કરતાં પક્ષ-વાદ વધારે આવી જાય તો તે બનવાજોગ છે. સમગ્ર રાષ્ટ્રના, બલકે આખા જગતસમાજના, હિતની દૃષ્ટિથી પ્રેરાયેલા વિચારોનો સતત સંચાર દરેક જીવતી પ્રજા માટે આવશ્યક છે. પ્રજામાં વિચારોની પ્રયોગશાળારૂપ અનેક કેન્દ્રો હોવાં જોઈએ : તે વ્યક્તિઓ હોય, મંડળો - સંસ્થાઓ હોય, સાપ્તાહિકો કે સામયિકો હોય. પક્ષીય રાજકારણથી પર જઈને - પર રહીને - સ્વસ્થપણે વિચારો રજૂ કરી શકનાર આવાં કેન્દ્રો જે પ્રજામાં હોય, તે પ્રજાનું કાળજું ઠેકાણે છે એમ કહી શકાય. પ્રજાને પચેલા વિચારોમાંથી પ્રજાની માગણી પ્રમાણે પછી રાજકીય પક્ષો ઘડાય, અને નહિ કે રાજકીય પક્ષો પ્રજાના વિચારો ઘડે. જે પ્રજા રાજકીય પક્ષોને ત્યાં મગજ ગીરો મૂકે તેનો જયવારો થાય નહીં.

આપણે આજે લોકશાહીનો એકડો ઘૂંટીએ છીએ, ત્યારે સત્ય અને અહિંસા જેવા મોટા મોટા શબ્દો વાપરવાને બદલે લોકશાહી વર્તન માટે વધુ ચીવટ રાખીએ તો શુભ શરૂઆત થાય. વ્યક્તિપૂજાનો આપણને વળગાડ લાગેલો છે, જે લોકશાહીને ઘાતક છે. કોઈ પણ પછી ગમે તેવી - વ્યક્તિને નહિ એના વિચારને ફેંકી દેતાં ખચકાઈએ નહિ એવા એવા લોકશાહીની બારાખડીના પહેલા આંકડા પર વેળાસર હાથ જમાવવા માંડીએ.■

## નાનીશી વાત

(અનુસંધાન : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)

"હું કેવી સરસ તૈયાર થઈને આતુરતાથી તારી રાહ જોતી હતી. ને તે આવું કર્યું?"

"શું ધૂળ સરસ!" આ લાલ કપડાંમાં તો તું પોસ્ટ ઓફિસના ડબલા જેવી લાગે છે. પેલો પિન્ક કલરનો ડ્રેસ પહેરી લે, હવે હોટલમાં જમવા જઈશું." રોમેશે કહ્યું.

"હાય! હાય! હું સરસ નથી લાગતી? સાડી સાથે દાગીના પણ મેચિંગ પહેર્યા છે. મારી તો મજા જ જતી રહી." માધુરીએ કહ્યું.

હવે કપડાં ચેઈન્જ કરીશ કે પ્રશ્ન જ પૂછ્યા કરીશ? રોમેશ બોલ્યો.

અને કચવાતા મને માધુરીને જવું પડ્યું. તે મનગમતાં કપડાં પહેરી આનંદથી જઈ ન શકી. રોમેશ પ્રેમપૂર્વક તેનાં વખાણ કરી ન શક્યો. મોડું થવાનું હતું તો ફોન કરવો જોઈએ ને?

પરસ્પર દાંપત્યજીવનમાં મધુરતા જાળવતાં આવડવી જોઈએ. સ્વભાવનું, વિચારોનું મેચિંગ જો સવેળા થાય તો આવી નાનીશી વાત સંબંધોને કુંઠિત ન જ કરે... ■

ચિંતન

# પરમેશ્વરના પરોપકારને પારખો

રણછોડ શાહ

સમગ્ર જીવન ક્યારેય એક સીધી લીટીમાં પસાર થાય તેવું શક્ય નથી. ઉતાર-ચઢાવ જિંદગીનો ક્રમ છે. સુખ કે દુઃખની ઘટમાળ વચ્ચે જીવનસરિતા વહેતી રહે છે. ચલચિત્રમાં દર્શાવાતી ઘટનાઓ કાલ્પનિક લાગે છે. પરંતુ પટકથાના લેખકો લોકજીવનમાં બનેલા પ્રસંગોનું સંકલન કરી તેનો ઘટનાક્રમ બનાવી પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં માહેર હોય છે. ચલચિત્ર જોતી વખતે વ્યક્તિ પટકથા સાથે એટલા માટે પોતપ્રોત થઈ જાય છે કે તેના જીવનમાં પણ આવી પરિસ્થિતિ ક્યારેક ઉત્પન્ન થઈ જ હોય છે. ચલચિત્ર કે નવલકથામાં ચાલતી વાર્તાનો કોઈક વળાંક આવતાં દિલ આંચકો અનુભવે છે. જીવનમાં આવા વળાંકો આવતા હોય ત્યારે વાર્તા સાથે જાણે અજાણે વ્યક્તિ જોડાઈ જાય છે.

જીવનની તમામ બાજુઓ સાથે વિશ્વાસ અને અવિશ્વાસ સંલગ્ન હોય છે. કોઈની ઉપર મૂકેલ વિશ્વાસભંગ થાય ત્યારે આપણે પણ અવિશ્વાસુ બનવું જોઈએ તેવો વિચાર આવવો સ્વભાવિક છે. ક્યારેક કોઈના ઉપર મૂકેલ વિશ્વાસ સફળતાના શિખરે પહોંચાડે ત્યારે "શ્રદ્ધા વિહોણી જિંદગી જગમાં કદી ફળતી નથી." જેવી કાવ્યપંક્તિ યાદ આવે. શ્રદ્ધા અને શંકા સિક્કાની બે બાજુ જેવાં છે.

એક સગર્ભા સ્ત્રી એક વૃક્ષ નીચે આરામ કરી રહી હતી. તેને તરસ લાગી, પરંતુ આજુબાજુમાં ક્યાંય પાણી નજરે પડતું નહોતું. તરસ વધતાં તેનું ગળું સુકાવા લાગ્યું. અચાનક જ તેને ઝાડ ઉપરથી પાણીનાં ટીપાં નીચે પડતાં હોય તેવું દૃશ્ય નજરે પડ્યું. તે ખુશીથી નાચી ઊઠી. તેણે પોતાની પોટલીમાંથી નાનકડો ગ્લાસ કાઢ્યો. જ્યાંથી ટીપાં ટપકતાં હતાં ત્યાં જઈને પાણીનાં ટીપાં ઝીલી લેવાનો પ્રયત્ન કરવા માંડી. લગભગ અડધો ગ્લાસ પાણીથી ભરાઈ ગયો. તેણે પાણીનો ઘૂંટડો ભરવાની શરૂઆત કરી ત્યાં તો અચાનક એક પક્ષીએ આવી તેની પાંખથી ગ્લાસને ધક્કો મારી પાણીને જમીન ઉપર ઢોળી નાખ્યું. સ્ત્રીને પક્ષી ઉપર ખૂબ ગુસ્સો આવ્યો. પરંતુ પક્ષી તો ઊડી ગયું. તેણે ફરીથી પાણીનો ગ્લાસ ભરવા પ્રયત્ન કર્યો. પુનઃ પક્ષીએ આવી પાણી ઢોળી નાખ્યું. આવું ત્રણ-ચાર વાર બનતાં સ્ત્રીએ અત્યંત ક્રોધિત બનીને એક પથ્થર લઈને તે પક્ષી ઉપર જોરથી ફેંક્યો. પક્ષી લોહલુહાણ થઈ ત્યાં જ મૃત્યુને આધીન થયું.

પક્ષીના મરણ બાદ સ્ત્રીએ જોયું કે ઝાડ ઉપરથી એક કાળો લાંબો ઝેરી સાપ નીચે ઊતરી રહ્યો હતો. તે ભયભીત થઈ ગઈ, પરંતુ ધીરજ રાખી તેણે તપાસ કરી તો જાણવા મળ્યું કે જે પાણી સમજીને ગ્લાસમાં ભેગું કરતી હતી તે તો સાપ દ્વારા ઓકાયેલું ઝેર હતું. તેને સમજાયું કે જે પક્ષીને તેણે પથ્થર મારીને મારી નાંખ્યું તે તો તેનો જીવ બચાવવાના પ્રયત્નો કરતું. હવે તે પોતાની જાતને દોષિત માની ખૂબ પસ્તાવો કરવા લાગી. તેને પોતાની જાત તરફ ધૃણા થવા લાગી. તેના પસ્તાવાનો પાર ન રહ્યો.

ક્યારેક પ્રભુ પક્ષીરૂપે જીવનમાં આવી આપણો પ્રાણ બચાવી લે છે. પ્રભુ જીવનમાં આવેલ સમસ્યાનો ઉકેલ લાવી આપણને સદાય મદદરૂપ થાય છે. તેણે જે વિચાર્યું હોય તે આપણા ભલા માટે જ હોય છે. દુઃખને ફંગોળી દો, કારણ કે પ્રભુ વધારે સારું આપવાની રાહ જોઈને ઊભા જ હોય છે. પ્રભુનો હાથ પકડીએ તો તે જે રસ્તે ચલાવે તે રસ્તે ચાલવામાં જ ડહાપણ છે.

★

'ગૂગલ' આજે વ્યાપક રીતે વપરાય છે. તેના સ્થાપક બિલ ગેટ્સને કોઈકે પૂછ્યું, "આ દુનિયામાં બિલ ગેટ્સ કરતાં વધુ સંપત્તિવાન કોણ છે?" બિલ ગેટ્સે જવાબ આપ્યો કે હા એક વ્યક્તિ છે જે મારાથી પણ ધનવાન છે. પ્રશ્નકર્તાએ પૂછ્યું, "કોણ?"

બિલે જણાવ્યું, "ઘણાં વર્ષો પહેલાં મને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો ત્યારે હું ન્યૂયોર્કના એરપોર્ટ ઉપર ગયો હતો. ત્યાં હું છાપાનાં શીર્ષકો વાંચતો હતો. મને તેમાંથી એક છાપું ગમી ગયું. હું તે ખરીદવા ઈચ્છતો હતો, પરંતુ મારી પાસે પૈસા નહોતા. હું મારી રીતે ફર્યા કરતો હતો ત્યાં તો એક અશ્વેત છોકરાએ મને બોલાવ્યો અને કહ્યું કે આ છાપું આપના માટે છે. મેં તે છોકરાને જણાવ્યું કે મારી પાસે પૈસા નથી. તેણે જણાવ્યું, "કોઈ વાંધો નહીં, હું આપને મફત આપું છું."

ત્રણ માસ બાદ ફરીથી બિલ ત્યાં ગયા. આકસ્મિક રીતે ફરીથી પણ તેમ જ બન્યું. પુનઃ તે જ છોકરાએ સમાચાર પત્ર મફત આપ્યું. બિલે તેને જણાવ્યું, 'તે આ રીતે ન સ્વીકારી શકે.' છોકરાએ કહ્યું, 'હું તમને મારા નફામાંથી આપું છું.'

૧૯ વર્ષ બાદ બિલ અત્યંત શ્રીમંત બની ગયા. તેઓએ તે છોકરાને શોધી કાઢવાનું નક્કી કર્યું. દોઢ મહિનાની સખત મહેનત બાદ બિલને તેને શોધવામાં સફળતા પ્રાપ્ત થઈ. બિલે

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)

મંથન

# રાષ્ટ્રવાદ : દુનિયાનું દોજખ

મનુભાઈ પંચોળી 'દર્શક'

આપણા અભ્યાસમાં અત્યાર સુધી આપણે જે મહામના પુરુષોએ રાજનીતિના તત્ત્વજ્ઞાનને ઘડવામાં ફાળો આવ્યો છે તેની જ ચર્ચા કરી છે. પણ ૨૦મી સદીમાં વિશ્વયુદ્ધોએ જે રાજનીતિના વ્યવહારનાં પરિણામો આજની દુનિયાને દર્શાવ્યાં અને તત્ત્વજ્ઞાનને જે અનુભવજન્ય નોંધ લેવરાવી છે તેની વાત સમજવાની છે.

મૂડીવાદે દુનિયાને બે વિશ્વયુદ્ધો આપ્યાં. કહેવાય છે કે ભૂખ ભૂંડી છે, માનવી ભૂંડો નથી એટલે કે ભૂખ માનવીને ભૂંડો બનાવે છે. બે વિશ્વયુદ્ધ વચ્ચેના ગાળામાં અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દુનિયાએ, આ ભૂંડી ભૂખના માનવીએ જે નગ્ન નાચ કર્યો છે તે કદી વિસારવા જેવો નથી. નરકને પણ ભુલાવે તેવા હેવાનિયતભર્યા વ્યવહારો રાષ્ટ્રવાદની પાલખીમાં બેસીને ત્યારના જર્મની અને ઈટાલીના પ્રજાના દ્વેષને ભડકાવી થયેલા નેતાઓએ કર્યા છે તે સમગ્ર માનવજાતને કલંકિત કરનારું કાળું પ્રકરણ છે.

પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની હારેલું. હારનારે હાર્યાની નામોશી, હતાશા ઉપરાંત જીતનારની ચૂસી લેનારી તાબેદારી સ્વીકારવી પડે છે. તેવું અહીં પણ થયેલું. તેમાંથી જન્મ્યો ક્રોધ, આક્રોશ. જેણે રાષ્ટ્રવાદને જગાડ્યો. તેનો આગેવાન થયો હિટલર.

ઈટાલી મિત્ર રાજ્યો સાથે હતું. જીત્યું હતું. પણ તેને જીતનાં કોઈ ફળ મળ્યાં નહીં. યુદ્ધ હારેલ કે જીતેલ સહુને ખોખરા તો કરે જ. તેના આક્રોશમાંથી ફાંસીવાદ જન્મ્યો. તેનો નેતા હતો મુસોલિની.

આ બંને નેતાઓએ પોતાનાં રાષ્ટ્રોને બેઠાં તો કરવાં હતાં, પણ પ્રસ્થાપિત કરવાં હતાં. અને તે માટે તેમને વિશ્વને, પોતાના શૌર્ય દ્વારા સૌને મહાત કરવાની તાકાત દેખાડી આપવાનું જરૂરી લાગ્યું - ઘેલું લાગ્યું એટલે તેમણે સળગાવ્યું બીજું વિશ્વયુદ્ધ.

આ બીજું વિશ્વયુદ્ધ સળગાવતાં પહેલાં તે બંને નેતઓએ સામ-દામ-દંડ-ભેદનો દુષ્ટતાથી ઉપયોગ કરી નેતાપદ હાંસલ કર્યું. પોતાના વિરોધીઓને દબાવી દીધા અને બહારની દુનિયા સામે પોતાને થયેલા નુકસાનની કાગારોળ કરી. તે ભરપાઈ કરવા માટે દેશ ખાતર કંઈ પણ કરવાની તૈયારી શરૂ કરી. દેશને લશ્કરી માનસ અને સામગ્રીથી તૈયાર કર્યો. અહીં સુધી તો સહ્ય હતું, પરંતુ હિટલરે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની હાર્યું તેના દોષનો ટોપલો જર્મનીમાં વસતી આવેલી યહૂદી પ્રજા પર ઢોળ્યો. અને જર્મન પ્રજાને આ યહૂદીઓને પૂરો પાઠ ભણાવવા ઉશ્કેરી - યહૂદીઓનું જડાબીટ કાઢવાનો જ હીનાતહીન પ્રયાસ કર્યો તે પણ માનવ ઈતિહાસનું કાળું પ્રકરણ છે.

હિટલરે બીજા વિશ્વયુદ્ધમાં પહેલાં જર્મનીમાંથી અને યુદ્ધ સળગાવ્યા પછી જે દેશો તે જીત્યો તેમાંથી કહે છે કે ૭૦ લાખ જેટલાં યહૂદી આબાલવૃદ્ધોને તેના કોન્સનટ્રેશન કેમ્પમાં ઘેટાંની જેમ પૂર્યા. તેમના પર વર્ણવ્યો ન જાય તેવો વિકૃત મનોવૃત્તિને બહેકાવીને ત્રાસ આપી તેમાંથી ૬૫ લાખને ગેસ ચેમ્બરમાં ફેંકી ભસ્મીભૂત કર્યા. મુસોલિનીએ પણ તેની સત્તાનો તેના બ્લેક કમાન્ડો દ્વારા વિરોધીઓને નામશેષ કરવા પૂરો પ્રયત્ન કરેલો. પણ હિટલરનાં જઘન્ય કાર્યો તો પૃથ્વી પરનાં જીવનનો નાશ કરનારાં - અકથ્ય છે.

એક બાજુથી આ બંને નેતાઓએ પોતાના રાષ્ટ્રને થયેલા - માનેલા અન્યાયો માટે પ્રજાને બદલો લેવા એક કરી અને પછી રાષ્ટ્રના અન્યાયનો બદલો લેવા કંઈ પણ કરવું તે ફરજ છે, દેશભક્તિ છે તેવો ખ્યાલ ફેલાવી - જે લડાઈના મોરચે ન હતા તેવા હથિયાર વિનાના - નિર્દોષ જીવન જીવ રહ્યા છે તેવાં બાળકો - સ્ત્રીઓ - વૃદ્ધો સર્વનું નિકંદન કાઢ્યું.

આ અનુભવે દુનિયાનાં ડાહ્યા માણસોએ બે વાત તારવી છે. (૧) કોઈ પણ પ્રજાને થયેલા કે તેણે માની લીધેલા અન્યાય વિજ્ઞાને સાંકડી કરેલ આ દુનિયામાં માત્ર તેને જ નહીં આખી દુનિયાને સ્પર્શે છે. એટલે દુનિયાએ એકજૂટ થઈ સહુના હિતની ચિંતા કરવી તે આ દુનિયાને સુખશાંતિપૂર્વક જીવવા માટે અનિવાર્ય છે. હવે જયહિંદ-જયચીન નહીં જયજગતની વાત કરવી, વિચારવી અનિવાર્ય જરૂરિયાત છે. નહિતર આપણાં ખડકેલાં શસ્ત્રો આપણને ભરખી જશે. એટલે દુનિયામાં ન્યાય થાય, પ્રવર્તે માટેની વ્યવસ્થા - સમજ ઊભાં કરવાનો આપણે સહુએ પ્રયાસ કરવાનો છે. (૨) આ દુનિયામાં કોઈ પણ નિમિત્તે કે જરૂરિયાતોના સંદર્ભમાં થયેલા લોકપ્રિય નેતાઓ - સરમુખત્યારોના પ્રજાએ અંધઅનુયાયી થવું અને તેમને સર્વસત્તા સમર્પિત કરવી તે આત્મઘાતક છે. સત્તા હંમેશાં નશો ચડાવે છે અને લોર્ડ એક્ટને ધ્યાન દોર્યું છે તેમ નિરંકુશ સત્તા નિરંકુશ નશો ચડાવે છે અને પછી મનુષ્ય સર્વ ભાન ભૂલી જાય છે. જર્મનો પણ માણસ જ હતાં. તેમને સંતાનો-પરિવાર હતાં છતાં તેમની અંધ દેશભક્તિના ખ્યાલે નેતાઓના પ્રભાવે સાવ જડ પશુથી પણ હીણાં બનાવ્યાં. એટલે માનવજાતે કોઈ પણની અંધભક્તિ કરવી ન જોઈએ અને હંમેશાં વિવેકનો દીવો પ્રજ્વલિત રાખવો ઘટે.

આ બે વાત આ અનુભવે રાજનીતિના તત્વજ્ઞાનમાં પાયાના પથ્થર જેમ કોતરાઈ છે એટલે આપણે પણ એ વાત સ્મરી - સમજી આપણાં ચિત્તમાં સંઘરવાની - સંકલ્પવાની છે.

*(સોક્રેટિસથી માર્ક્સ, લે. મનુભાઈ પંચોળી,*
*વિતરક : રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ-૯. રૂા. ૧૩૦/-)*

સંશોધન

# કચ્છની ધરતીની કરોડો વર્ષની ડાયરી

ડૉ. સુશ્રુત પટેલ

વાત છે ૨૦૧૭ વર્ષના જાન્યુઆરીની. કચ્છની ભૂમિ. ભુજ તાલુકો અને તેમાં આવેલું લોડાય ગામ અને ગામની નજીક આવેલો કાસ ડુંગર. ભારતમાં જીવાશ્મવિજ્ઞાન (palaeontology) ના ક્ષેત્રે એક બહુ મોટી ઘટના અહીં બની. એકાદ વર્ષના ગાળામાં તો દુનિયા આખીમાં ભુજ પાસેનું આ સ્થળ જાણીતું થઈ જવાનું હતું. આ શોધ ભારત અને જર્મનીના ભૂસ્તરવિદોના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. આ ટીમે કાસ ડુંગર પરથી જુરાસિક યુગના ખડકમાં ધરબાયેલા વિશાળ કદના નામશેષ થઈ ગયેલા પ્રાણીના જીવાશ્મ એટલે કે જીવાવશેષ (ફૉસિલ્સ) શોધી કાઢ્યા. ભૂસ્તરીય કાલક્રમ મુજબ જુરાસિક કાળ એટલે આજથી લગભગ ૨૦ કરોડ વર્ષ પહેલાંનો સમયગાળો. ફ્રાન્સ અને સ્વિટ્ઝરલેન્ડની વચ્ચે આવેલા જ્યુરા પર્વત ઉપરથી ઍલેક્ઝાન્ડર હમ્બોલ્ટે ૧૭૯૯માં આ યુગનું નામ પાડ્યું હતું. અલબત્ત, આવા જીવાશ્મો મળે કે પછી હડપ્પન સંસ્કૃતિની વસાહતો મળે તે કચ્છ માટે કોઈ નવી વાત નથી. અને કહે છે કે કાસ ડુંગર તો આખો જીવાશ્મોથી ભર્યો પડ્યો છે. પણ આ વખતે વાત જરા જુદી હતી. થોડી માંડીને વાત કરીએ.

આ શોધમાં કચ્છ યુનિવર્સિટીના જિયૉલૉજી (ભૂસ્તરશાસ્ત્ર) વિભાગના વડા ડૉ. મહેશ જી. ઠક્કર અને તેમના સાથી આસિસ્ટન્ટ પ્રો. ગૌરવ ડી. ચૌહાણ તથા તેમના વિદ્યાર્થીઓનો મોટો ફાળો છે. શરૂઆતમાં તો લાગ્યું કે આ જીવાશ્મ પુરાતનકાળના કોઈ ડાયનોસોરના હશે. આમ માનવું સ્વાભાવિક પણ હતું કારણ કે આ અગાઉ કચ્છમાં અંજાર, દયાપર, પચ્છમ ટાપુ, માતાનો મઢ, થારોદ વગેરે સ્થળોએથી ડાયનોસૉરના જીવાશ્મ મળી આવ્યા છે. પરંતુ આ અંગે વધુ તપાસ જરૂરી હતી. એટલે તેમણે દિલ્હી યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ગન્તુપલ્લી વી. આર. પ્રસાદની તથા રાજસ્થાન યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રી ધીરેન્દ્ર કુમાર પાંડેની મદદ લીધી. આ ઉપરાંત જર્મની ખાતેની એક યુનિવર્સિટીના બે જીવાશ્મ વિજ્ઞાનીઓની પણ મદદ લીધી. એકાદ વર્ષથી વધુ સમયના અભ્યાસ બાદ, આ સંશોધકોએ શોધી કાઢ્યું કે આ જીવાશ્મ કોઈ ડાયનોસોરના નહીં, પણ તેમના લગભગ સમકાલીન એવા મહાકાય ઈક્વિથયોસોર નામે ઓળખાતા સમુદ્રી પ્રાણીના છે. આ પ્રાણીઓ પણ ડાયનોસૅરની જેમ ક્રિટેશિયસકાળના અંત વખતે નાશ પામી ગયાં હતાં. હાલમાં ૫.૫ મીટર (૧૮ ફૂટથી સહેજ) લાંબા ઇક્થિયોસૉરનું આ કંકાલ કચ્છ યુનિવર્સિટીના મ્યુઝિયમમાં મુકાયું છે. આ શોધની જાહેરાત કરતી વખતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ ટીમ સાથે જોડાયેલા જર્મનીના ડૉ. ફ્યુરિશે કહ્યું કે ૧૬૦૦ કરોડ વર્ષમાં કચ્છ બેઝિન વારંવાર સમુદ્ર સ્તરથી ઉપર-નીચે થતું રહ્યું છે. જેને કારણે જમીન પર વિચરતા ડાયનોસોરની સાથે સાથે કાલગ્રસ્ત થઈ ગયેલા સમુદ્રી જીવનો આ જીવાશ્મ અહીંથી મળ્યો છે. ડૉ. ફ્યુરિશ કહે છે કે આ કારણે જ કચ્છના જીવાશ્મો, ચીન તથા યુરોપ વગેરેમાંથી મળતા જીવાશ્મો કરતાં જુદા અને અજોડ છે. આ છ સંશોધકોએ શોધનું વિસ્તૃત બયાન 'PLOS ONE' નામના વિજ્ઞાનના સામાયિકમાં તેના ૨૫ ઓક્ટોબરના અંકમાં પ્રસિદ્ધ કર્યું છે. આ સામયિક અમેરિકાની Public Library of Science (PLOS) નું મુખપત્ર છે.

કોઈને થાય કે કચ્છમાં એક કાળે સમુદ્રી સરીસૃપ ઇક્થિયોસૉર હોવાની સાબિતી મળી તે વાતનું મહત્ત્વ શું?

તે માટે પહેલાં તો આપણે આજથી લગભગ ૨૨.૫ કરોડથી ૬.૫ કરોડ વર્ષના પૃથ્વીના ભૂસ્તરીય કાળક્રમમાં ડૂબકી લગાવવી પડશે. ભૂસ્તરશાસ્ત્રીઓએ આ સમયગાળાને મધ્ય જીવયુગ (Mesozoic Era) નામ આપ્યું છે. આ યુગને વળી પાછા ટ્રાયાસિક (અવધિ : ૨૨.૫ કરોડથી ૧૯.૫ કરોડ વર્ષ), જુરાસિક (અવધિ : ૧૯.૫ કરોડથી ૧૩.૫ કરોડ વર્ષ) અને ક્રિટેશિયસ (અવધિ : ૧૩.૫ કરોડથી ૬.૫ કરોડ વર્ષ) એવા વયની દૃષ્ટિએ ઊતરતા ક્રમમાં ગોઠવીને ત્રણ કાળ (Period) માં વહેંચી નાખ્યા છે. ટ્રાયાસિક પહેલાં પર્મિયન અને ક્રિટેશિયસ પછી પેલિયોસીન કાળ આવે છે. કાલખંડના આ ગાળામાં પૃથ્વી પર ભારે ઉત્પાત મચ્યો હતો. તે સમયે, એટલે કે વર્તમાન સમયથી આશરે ૧૮ કરોડ વર્ષ પહેલાં, માત્ર પેન્જિયા નામનો એક જ ભૂમિખંડ હતો, જેની ચોપાસ પેન્થાલસા નામનો વિશાળ મહાસાગર વીંટળાયેલો હતો. તે પછી પેન્જિયાના બે ભાગ પડ્યા, જેમાંથી એક ભૂમિખંડ ઉત્તર તરફ અને બીજો દક્ષિણ તરફ સરકતો ગયો. ઉત્તરના ભૂમિખંડને લૉરેશિયા અને દક્ષિણના ભૂમિખંડને ગોંડવાના નામ આપવામાં આવ્યાં છે. આ બે ભૂમિખંડો વચ્ચે ટેથીઝ નામનો સાગર આવેલો હતો. કાળે કરી લૉરેશિયામાંથી યુરેશિયા (એટલે યુરોપ અને ભારતીય દ્વીપકલ્પ સિવાયનો એશિયાનો ભૂમિભાગ), ગ્રીનલેન્ડ અને ઉ. અમેરિકા; જ્યારે ગોંડવાના ભૂમિસમૂહમાંથી આફ્રિકા ખંડ, માડાગસ્કર, એન્ટાર્કટિકા, દ. અમેરિકા અને ભારત અલગ પડ્યા. આજથી લગભગ ૬ કરોડ વર્ષ અગાઉ પ્રત્યેક ખંડ સરકતા જઈને આજની સ્થિતિએ આવેલા છે.

મધ્ય જીવયુગમાં ભૂમિ પર તેમજ સમુદ્રમાં મહાકાય સરીસૃપો

વસતા હતા. ભૂમિ પરનાં આ સરીસૃપ પ્રાણીઓને સમૂહમાં 'ડાયનોસૉર' અને સમુદ્રને ડહોળતા સરીસૃપોને 'દરિયાઈ દૈત્યો' કે 'સમુદ્રી રાક્ષસો' (Sea Monsters) કહેવાય છે. આના પરથી સમયના આ કાલખંડને ઘણી વાર 'Age of Dinosaurus', 'Age of sea Monsters' કે પછી 'Age of Marine Reptiles' જેવા નામો પણ આપવામાં આવ્યાં છે. સમુદ્રમાં વસતા આ સરીસૃપોમાં ઈક્થિયોસૉરસ, પ્લીઝિયોસૉરસ, સમુદ્રી કૂર્મ (કાચબા) અને મોઝેસૉરસ મુખ્ય હતા, જે પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધીને વિશાળકાય બન્યા હતા. ઘણા માને છે તેમ, બધા ડાયનોસૉર વિશાળકાય ન હતા, કેટલાક તો મરઘી જેટલા કદના પણ હતા! તે રીતે તેમના વિશાળ કદને કારણે કોઈ એમ માને કે આ સમુદ્રી પ્રાણીઓ ડાયનોસોર હશે, પણ ના; તે ડાયનોસોર ન હતાં. વળી તેમને માછલી સાથે પણ કોઈ નિસબત ન હતી. તેમનું શ્વસનતંત્ર માછલીઓ જેવું (ચૂઈ ધરાવતું) ન હતું તેથી ફેફસાંમાં હવા ભરવા તેમને સમુદ્રમાંથી વારે વારે સપાટી પર આવવું પડતું હતું. આ કારણે મોટે ભાગે તે સમુદ્રની સપાટીની નજદીક રહેતાં હતાં. આ ઈક્થિયોસૉરસના પૂર્વજોએ સમુદ્રમાં જવાની પહેલ કરી હતી. આપણે જે ઈક્થિયોસૉરસનો ઉલ્લેખ કર્યો, તે વંશ કે ગોત્ર (જીનસ) છે, જેમાં એકથી વધુ પ્રકારની ઈક્થિયોસૉરની જાતિઓ જોવા મળતી હતી. તેમનો દેખાવ શાર્ક, કીલર વ્હેલ અને પૉરપોરિસ નામના ડોલ્ફીનને મળતા આવતાં સમુદ્રી સસ્તન જેવો હોવાથી તેમને 'મત્સ્ય-ગરોળી' (fish-lizards) પણ કહેવાય છે. તેમની પીઠ ઉપર પાંખ (dorsal fin) હતી, આજના કાચબા જેવાં તરવાનાં હલેસાં જેવાં ચાર અંગો (flippers) હતાં; અને મોટી, લાંબી, અર્ધચંદ્રાકાર પુચ્છ હતી અને પંખીની ચાંચ જેવું લાંબું જડબું હતું, જેમાં તીક્ષ્ણ દાંત હતા. આંખોનું કદ મધ્યમ, તો કેટલાકની મોટી હતી. મોટા કદના (૨૫ ફૂટના) ઈક્થિયોસૉરસની આંખો મનુષ્યના માથા જેટલી હતી! કાનના અસ્થિ મોટા અને નસકોરાં આંખોની પાસે અને ખોપરીમાં ઉપરની તરફ આવેલાં હતાં. આ સરીસૃપો આજના સરીસૃપોની જેમ, ઈંડા દ્વારા નહીં, પણ સસ્તનોની જેમ, બાળકને સીધો જન્મ આપતા હતા. ટ્રાયાસિક અને જુરાસિક યુગમાં ઈક્થિયોસૉરસનું સામ્રાજ્ય હતું અને જુરાસિક યુગમાં લગભગ વિશ્વવ્યાપી બની ચૂક્યા હતાં. તેમનામાં ઘણી વિવિધતા જોવા મળતી હતી. પરંતુ, ક્રિટેશિયસ યુગનો અંત થાય તે પહેલાં તે બધા નાશ પામી ચૂક્યા હતા.

એક રસપ્રદ વાત એ છે કે ૧૮૨૪ માં એક જીવાશ્મ શોધાયો ત્યારે તે કયા પ્રાણીનો છે તેની કોઈને ખબર ન હતી. ૧૮૪૨ માં સર રીચાર્ડ ઓવન (૧૮૦૪-૧૮૯૨) નામના બ્રિટનના જીવાશ્મવિજ્ઞાનીએ તેને 'ડાયનોસૉર' નામ આપ્યું. આજે તો આ નામ અત્યંત પ્રચલિત બની ગયું છે. પરંતુ ડાયનોસોરના જીવાશ્મ મળ્યા તે પહેલાં, અથવા કહો કે તેના નામકરણથી પણ પહેલાં, ઈક્થિયોસૉરસનો પહેલો જીવાશ્મ ૧૮૧૧ માં દક્ષિણ ઈંગ્લેન્ડના લાઈમ રીજીસ નામે ગામના સમુદ્રીકાંઠા પરના ઊભા ખડકોમાંથી મળી આવેલો. જોસેફ એનિંગ નામના એક અંગ્રેજ બાળકે પહેલાં તેની ૪ ફૂટની ખોપરી શોધી અને તે પછી બાર વર્ષની તેની બહેન મેરી એનિંગે (૧૭૯૯-૧૮૪૭) બાકીનું કંકાલ શોધ્યું. પાછળથી મેરી એનિંગે પ્લિઝીયોસૉર નામના જળવાસી મહાકાય સમુદ્રી સરીસૃપનું જીવાશ્મ પણ શોધ્યું. ત્યાર પછી તો જર્મની, રશિયા, નૉર્વે અને ઉત્તર અમેરિકામાંથી પણ ઈક્થિયોસૉરના જીવાશ્મો મળ્યા. આપણે આગળ જોયું તેમ, આજના આ બધા દેશો ભૂતકાળમાં જુરાસિક કાળમાં લૉરેશિયા ભૂમિખંડમાંથી ઉદ્‌ભવ્યા છે. આ ઉપરાંત જૂજ માત્રામાં ઈક્થિયોસૉરના જીવાશ્મો દ. અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને માડાગાસ્કરમાંથી પણ મળ્યા છે. આ બધા દેશો ગોંડવાના ભૂમિખંડમાંથી બન્યા છે. બીજી રીતે કહીએ તો, અત્યાર સુધી પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાંથી ઈક્થિયોસૉરના જીવાશ્મો વધુ પ્રમાણમાં મળ્યા છે. એટલે ગોંડવાના લેન્ડ સાથે સંકળાયેલા કચ્છમાંથી મળેલો જુરાસિક કાળના ઈક્થિયોસૉરનો આ જીવાશ્મ બહુ અગત્યનો બની જાય છે. કચ્છનો આ જીવાશ્મ દ. અમેરિકા, માડાગાસ્કર વગેરેમાંથી મળી આવેલા ઈક્થિયોસોરના જીવાશ્મ સાથે કેટલુંક સામ્ય ધરાવે છે. જે આ ભૂમિખંડો એક કાળે જોડાયેલા હોવાની વાતનું સબળ સમર્થન કરે છે. વળી ભારતમાંથી મળી આવેલું ઈક્થિયોસોરનું આ પહેલું કંકાલ છે કે જે લગભગ આખે આખું અને સારી હાલતમાં મળ્યું છે. અગાઉ દક્ષિણ ભારતના કાવેરી બેઝિનમાંથી તેના જે જીવાશ્મો મળ્યા તે બધા તૂટક તૂટક હતા. ક્યાંકથી દાંત તો ક્યાંકથી કમરના મણકા. પરિણામે કચ્છમાંથી પ્રાપ્ત ઈક્થિયોસોરનો અભ્યાસ વધુ સારી રીતે થઈ શકશે જે તેની જાતિનિર્ધારણમાં અને ઉત્ક્રાંતિમાં થયેલા ફેરફારોના અભ્યાસમાં ખૂટતી કેટલીક કડીઓ પૂરી પાડવામાં પણ મદદરૂપ થશે. ઈક્થિયોસૉરના આ જીવાશ્મનું કુળ (Family) 'ઑફથૅલ્મૉસૉરિડી' છે, પરંતુ આ તબક્કે તેનો વંશ (Genus) કયો છે તે નિર્ધારિત કરવાનું મુશ્કેલ છે. ક્યાંતો 'ઑફથૅલ્મૉસૉરસ' હોય, Arthropterygius હોય કે પછી Aegirosaurus પણ હોય. આપણે આંખના ડોક્ટરને 'ઑફથૅલ્મૉલૉજિસ્ટ' કહીએ છીએ. તે મતલબનો અર્થ ધરાવતો આ શબ્દ 'Ophthalmosauridae' છે, જેનો અર્થ થાય 'જેની આંખો અત્યંત મોટી છે તેવા કુળનું પ્રાણી.' હકીકતે, કોઈ પણ પૃષ્ઠવંશી પ્રાણી કરતાં તેમની આંખો મોટી હતી! આવી આંખોને કારણે આ જળરાક્ષસો શિકાર માટે ટેથીઝ સમુદ્રના ઊંડા પાણીમાં ડૂબકી મારીને જોઈ શકતા હતા. લાંબા સમય સુધી સમુદ્રમાં ટકી શકવાનું આ પણ એક કારણ હતું. તેના દાંત સારી રીતે સચવાયા છે, અને દાંતના તથા તેની આસપાસથી મળી આવેલા મેષશૃંગીઓ (Ammonites), શલ્યાસ્થિ (belemnites/બેલેમ્નાઈટીઝ) વગેરે જેવા કઠણ જીવાશ્મોના અભ્યાસ પરથી તેમના ખોરાક અંગે પણ માહિતી મળી છે. આ અભ્યાસ સૂચવે છે કે ઈક્થિયોસોર પરભક્ષી (બીજાને મારીને જીવનારા) હતા. કચ્છની ધરતીમાં કરોડો વર્ષની ડાયરીનાં આવાં તો કેટલાંય પાનાં સચવાયેલાં છે. એક અંદાજ મુજબ અહીં આવી ૧૫૦ જેટલી સાઈટ છે. યુગોની વિરાસત સમા આવા વિસ્તારોની જાળવણી કરીને ત્યાં 'જીઓ પાર્ક' નિર્માણ કરવાનો આ યોગ્ય સમય છે.

વિજ્ઞાન

# મેમલ્સ દિનચર ક્યારે થયા?

વિહારી છાયા

પ્રાણીઓના વર્ગીકરણમાં સૌથી છેલ્લા વર્ગમાં મેમલ્સ આવે છે. તેને સસ્તન વર્ગના અથવા આંચળવાળાં પ્રાણીઓનાં વર્ગનાં પ્રાણીઓ કહે છે. ૩.૮ અબજ વર્ષો પહેલાં પૃથ્વી પર સજીવો અવતર્યા. તે પહેલાં પણ સજીવો પેદા થતા હતા પણ પૃથ્વી પર ઉલ્કાઓનો મારો એટલો બધો હતો કે ટકી શક્યા ન હતા. પરંતુ તે મારો ઓછો થયો હતો એટલે ધીમે ધીમે સજીવો સ્થિર થયા. કુદરતી પરિસ્થિતિ અને પર્યાવરણમાં પરિવર્તન આવતાં ગયાં તેમ તેમ જીવોની ઉત્ક્રાંતિ થતી ગઈ. સૂક્ષ્મજીવોથી માંડીને મહાકાય પ્રાણીઓ ઉત્ક્રાંતિથી પેદા થતાં ગયાં. જે પૃથ્વી પર સૂક્ષ્મજીવો જ હતા ત્યાં મહાકાય પ્રાણી આવ્યાં. તેમાં ડાયનોસૉર પણ આવ્યાં અને માનવી પણ આવ્યા. માનવીના વર્ગને મેમલ્સ તરીકે ઓળખ્યા.

શરૂશરૂમાં મેમલ્સનું એક દિવસનું ચક્ર એવી રીતે ગોઠવાયું કે તેઓ રાત્રે જાગતા હતા અને દિવસે ઊંઘ લેતા હતા. આજે આપણે રાત્રે ઊંઘ લઈએ છીએ અને દિવસે જાગીએ છીએ. અહીં પલટો ક્યારે આવ્યો અને શા માટે આવ્યો?

શરૂઆતમાં મેમલ્સ સાથે ડાયનોસૉર વગેરે તે યુગમાં હતા. કેટલાક ડાયનોસૉર માંસાહારી હતાં. તે મેમલ્સને પોતાનું ભોજન બનાવી દેતાં હતાં. તેથી મેમલ્સે અંધારામાં રહેવાનું પસંદ કર્યું. તે મેમલ્સનો અંધારયુગ હતો.

પરંતુ દિવસમાં જીવન જીવતાં ડાયનોસોર લુપ્ત થઈ ગયાં. આ સંશોધન કહે છે કે શા માટે કેટલાક જીવોએ દિવસ દરમિયાન સક્રિય રહેવાની અને રાત અને દિવસ બંને જીવનશૈલી અપનાવી? આજે કેટલાક મેમલ્સને હજુ અગાઉ જેવી આંખો અને કાન છે જેના કારણે તેઓ રાત્રે કાર્યરત રહે છે.

આજે મોટા ભાગના મેમલ્સ રાત્રિકાલીન છે અને તેમાં અંધકારભર્યા પર્યાવરણમાં અનુકૂલન સાધવાની ક્ષમતા ધરાવે છે. વાંદરાઓ અને એપ જેમાં માનવી પણ આવ્યા છે. માત્ર જે દિનચર હોય છે જેવી રીતે પક્ષીઓ અને સરીસૃપ દિનચર છે. બીજા મેમલ્સે દિનચર મેમલ્સમાં આટલું મોટું અનુકૂલન સાધેલ નથી.

લાંબા વખતથી ચાલ્યા આવતા સિદ્ધાંત મુજબ લાખો વર્ષો સુધી ડાયનોસોરથી દૂર રહેવાને કારણે દિનચર્યામાં એક પ્રકારની રુકાવટ ગરમ લોહીના મેમલ્સની ઉત્ક્રાંતિમાં ઊભી થઈ છે. ખાસ કરીને દૂધ ઉત્પન્ન કરતાં પ્રાણીઓમાં, જેમાં આપણી પ્રજાતિ પણ આવી જાય છે.

તેનું કારણ એ છે કે લાંબાગાળા સુધી મેમલ્સ છુપાયેલા રહે છે. શક્યતા એ છે કે ખોરાક માટે, નિવાસ માટે અથવા તો ડાયનોસૉર દ્વારા સ્પર્ધાથી દૂર રહેવા ઇચ્છે છે. આજે મેમલ્સ માછલી, સરીસૃપો અને પક્ષીઓ જે દિવસે દૃષ્ટિ ધરાવે છે તેવી દૃષ્ટિ મેમલ્સ ધરાવતા નથી.

---

## પરમેશ્વરના પરોપકારને ઓળખો

(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)

છોકરાને પૂછ્યું, 'તું મને ઓળખે છે?''

છોકરાએ જવાબ આપ્યો, ''હા, તમે પ્રખ્યાત બિલ ગેટ્સ છો.''

બિલે તેને જણાવ્યું, 'તેં મને ઘણાં વર્ષો પહેલાં બે વખત સમાચારપત્રો મફત આપ્યા હતા. હવે મારે તેનો બદલો વાળવો છે. તારે જે જોઈએ તે આપવા માટે હું તૈયાર છું.'

છોકરાએ બહુ સૂચક અને માર્મિક જવાબ આપ્યો. તેણે જણાવ્યું, 'ભાઈ, મેં તમને જ્યારે છાપાં મફત આપ્યાં ત્યારે તમારી આર્થિક સ્થિતિ સારી નહોતી. તમે મને પૈસા ચૂકવવા માંગો છો ત્યારે તમે શ્રીમંત છો તો તમે મને કેવી રીતે બદલો ચૂકવી શકશો?'

બિલ ગેટ્સ નોંધે છે કે, ''તે અશ્વેત બાળક મારા કરતાં અત્યંત તવંગર છે. તમારે કોઈને કંઈ પણ આપવું હોય તો ધનિક થતાં સુધી રાહ જોવાની સહેજ પણ જરૂર નથી. દાન કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ હોય તો રસ્તા અચૂક મળી જ રહે છે.''

અદમ્ય ઇચ્છા હોય તો સારું કાર્ય થઈ જ શકે છે. કોઈ પણ સારું કાર્ય ધનના અભાવે અટકતું નથી, પરંતુ ઈશ્વરમાં શ્રદ્ધા હોય અને નિઃસ્વાર્થભાવે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે તો તે સફળતાને વરે જ છે.

જે વ્યક્તિ સમાજ માટે કંઈક કરી છૂટવા મથે છે તેને જરૂરી સહાય પ્રાપ્ત થાય છે. અલબત્ત, કાર્ય સમાજોત્થાન માટેનું હોવું જોઈએ. આજે પણ સમાજમાં દાનવીરોનો તોટો નથી, પરંતુ સત્કાર્ય કરનાર વ્યક્તિઓનો અભાવ જરૂર છે. આજે પણ બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ અનેકક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છે. આ કારણે તો સમાજમાં સુખ, શાંતિ અને આનંદનો અનુભવ સતત નજરે પડતો જ રહે છે.

*૬૩, ભૃગુપુર સોસાયટી,*
*ભરૂચ. (મો.) ૯૯૭૯૮૬૧૬૩૧*

સ્વાસ્થ્ય

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૪)

## કિશોરાવસ્થામાં હતાશાની બીમારી - સારવાર – (૨)

## (Adolescence Depressive Disorder : Treatment - 2)

ડૉ. મણિલાલ ગડા,
ડૉ. દિપ્તી શાહ (ગડા)

આગળના ત્રણ લેખોમાં આપણે કિશોરાવસ્થામાં હતાશાની બીમારીના લક્ષણો તથા સારવાર વિશે જાણકારી મેળવી. કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે : (૧) ભણતરને લગતા, (૨) શારીરિક લક્ષણો, (૩) ઊંઘમાં ખલેલ, (૪) વર્તણૂંકને લગતા, (૫) મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

સારવારમાં (૧) હતાશા પ્રતિરોધક દવાઓ તથા (૨) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ (અ) શારીરિક કસરત, (બ) નિયમિત સપ્રમાણ ઊંઘ, (ક) પૌષ્ટિક આહાર, (ડ) રમતગમત તથા અન્ય શોખ કેળવવા વિશે માહિતી મેળવી.

આ લેખમાં અન્ય સારવાર પદ્ધતિઓ વિશે જાણકારી મેળવીએ.

### ૩. કાઉન્સેલિંગ :

કાઉન્સેલિંગ એક વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે જેમાં હતાશાની બીમારી તરફ ધકેલનાર ખામીયુક્ત માનસિક અને સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળોની કિશોર જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. કાઉન્સેલિંગની આ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કિશોરને આ પરિબળો સમજાય છે. જેથી કિશોરના સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં જરૂરી પરિવર્તન કિશોર જાતે સક્રિય રીતે લાવે છે તથા વર્તણૂંકમાં પણ સક્રિય ફેરફારો થાય છે. આ સક્રિય પરિવર્તનોને લીધે હતાશાની બીમારી તરફ ધકેલનારા માનસિક તથા સામાજિક પરિબળોનો સામનો કરવા માટેનો યોગ્ય મનોબળ કેળવે છે. (Mental and Emotional Immunity)

કાઉન્સેલિંગની પદ્ધતિમાં ડૉક્ટર - દર્દી (કિશોર)નો સંબંધ મહત્ત્વનું પાસું છે. આ પદ્ધતિ ફક્ત વાતચીત કરવાની કે સલાહ આપવાની નથી. કાઉન્સેલર અલગ અલગ પદ્ધતિઓ દ્વારા કિશોરને (દર્દીને) પોતાનું મન મોકળું કરવા પ્રેરે છે. કાઉન્સેલર ખુલ્લા મનથી કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર કિશોરને સક્રિય રીતે સાંભળે છે. કિશોર મનમાં દબાવી રાખેલી દુઃખભરી, નકારાત્મક લાગણીઓ તથા પ્રસંગોને વ્યક્ત કરવા માટેનું વાતાવરણ ઊભું કરે છે. કાઉન્સેલર કિશોરને સદ્ભાવપૂર્વક (Empathy) મિત્રની જેમ સમજવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે કિશોરનો માનસિક ઉછેર, સ્વભાવ, ઘરનું માનસિક વાતાવરણ, પરિવારજનોના પરસ્પરનાં સંબંધો પણ તટસ્થપણે સમજવાની કોશિશ કરે છે.

કાઉન્સેલિંગના નિયમો છે તથા એની મર્યાદાઓ પણ છે. કાઉન્સેલરને વ્યવસાયિક તાલીમ મળેલી હોય છે. એ પોતે તટસ્થ રહે છે. પોતાની લાગણીઓ, પોતાના અભિપ્રાયો, ગમો અણગમો, કાઉન્સેલિંગની પ્રક્રિયામાં વચ્ચે ન આવે એની તકેદારી રાખવામાં આવે છે.

કાઉન્સેલર કિશોર (દર્દી) માટે થઈ કોઈ નિર્ણયો કરતા નથી. કિશોર જાતે સમજીને નિર્ણયો કરે છે તથા એ નિર્ણયોને અમલમાં મૂકવા પ્રયત્નો કરે છે.

બનેલા પ્રસંગો તથા કિશોરની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું પૃથક્કરણ કરવામાં આવે છે. નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર હકીકતનો સ્વીકાર કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબધો, અપેક્ષાઓ, લાગણીઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાઓ હલ અલગ અલગ પદ્ધતિથી કેવી રીતે તઈ શકે તથા તત્કાલીન સંજોગો અને પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવામાં (Proper decision making) કાઉન્સેલર કિશોરને મદદ કરે છે. નિર્ણયો લીધા બાદ એમને અમલમાં મૂકવા (Positive action) મૂકવા માટેની પદ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવે છે. ફક્ત વાતો નહીં પરંતુ યોગ્ય ફેરફાર લાવવો તથા એ પ્રમાણે લાગણી (Feelings, emotions), દૃષ્ટિકોણ (Attitudes), વર્તન (Behaviour)માં ફેરફાર કરવો એ મહત્ત્વનું છે. સાચા-ખોટાના તોલમાપ વગર વ્યવહારુક (practical aspect) બનવું જરૂરી છે, એ સિદ્ધાંતને નિર્ણય લેવામાં મહત્ત્વ આપવામાં આવે છે.

### ૪. માતા-પિતા તથા વડીલોનો સાથ સહકાર :

*"બાળક કિશોરાવસ્થામાં આવે ત્યારે એને તમારો મિત્ર બનાવો. કિશોરો તથા યુવાનોને તમારા જીગરી દોસ્ત બનાવો."*

***– ચાણક્ય, ઇ.સ. પૂર્વ ૩૫૦થી ૨૭૫***

અઢી હજાર વર્ષો પૂર્વે ચાણક્યે ઉપરોક્ત સિદ્ધાંત આપેલ છે. આજે પણ આધુનિક ડિજિટલ ૨૧મી સદીમાં પણ આ સિદ્ધાંત યોગ્ય છે. માતા-પિતા તથા વડીલો આ સિદ્ધાંતનો સમજણપૂર્વક, મનથી અમલ કરશે, પોતાના તરફથી પહેલ કરશે તો કિશોરોની માનસિક સમસ્યાઓ દૂર થશે.

માતા-પિતા તથા વડીલો પોતાનામાં નીચે પ્રમાણેના ફેરફારો

કરશે તો કિશોરો અને માતા-પિતા વચ્ચેના સંબંધો સુમેળભર્યા, હૂંફાળા બનશે.

૧. **કિશોરોને જવાબદારી સોંપો :** ભણવા સિવાયની પણ જવાબદારીઓ કિશોરોને સોંપવી અગત્યનું છે. મનોચિકિત્સકના સૂચનો કિશોર પોતાની જાતે અમલમાં મૂકે, દવાઓ જાતે લઈ આવે, જાતે લઈ લે વગેરે. માતા-પિતા ધ્યાન રાખે કે કિશોર એ પ્રમાણે કરે છે કે નહીં.

એને બહારના કામ કરવા માટે વિનંતી કરો. પોતાની મરજીથી કિશોર કરે છે એમ એને લાગવું જોઈએ. કરેલા કામની યોગ્ય કદર કરો.

૨. **સલાહ સૂચનો ન આપો :** મોટાભાગના માતા-પિતા દૃઢપણે માને છે કે બાળકને તથા કિશોરને સલાહ આપવી, સૂચનો આપવા એ તેમની ફરજ છે. પરંતુ સૂચનો ક્યારે આપવા, કેવી રીતે આપવા, એ વખતે કિશોરનો મુડ કેવો છે, એ સૂચનો કિશોર કેટલું સમજ્યો છે, કિશોરને એ સૂચનો વિનંતી લાગે છે કે ઑર્ડર વગેરે મહત્ત્વના મુદ્દાઓ છે. જેના પર માતા-પિતાએ ધ્યાન આપવું જરૂરી છે.

માતા-પિતાના મનમાં શું છે એના કરતાં કિશોર માતા-પિતાની વર્તણૂંક, વાણી, સૂચનોનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે.

સલાહ સૂચનો બાબત મિત્રની જેમ ચર્ચા કરો, કિશોરને આ સૂચનોનું મહત્ત્વ એની ભાષામાં એની રીતે સમજાવો. જો કિશોર એ સમજશે તો સૂચનો અમલમાં મૂકશે. "અમે એના સારા માટે કરીએ છીએ." "અમે એનું નુકસાન નહીં કરીએ." વગેરે અર્થઘટન માતા-પિતાનું છે, કિશોરનું નથી. કિશોરને આ સૂચનો યોગ્ય નહીં લાગે, તો એ સૂચનો અમલમાં નહીં લાવે તથા ગેરસમજ વધી જશે.

૩. **વિનંતી કરો, ઑર્ડર નહીં :** "મારા માટે આ કામ કરી આપીશ?" એ પ્રમાણેની વિનંતી માતા-પિતા કરશે તો કિશોર રાજીખુશીથી કામ કરી આપશે. "મારા માટે પાણી ભરી આવીશ?" કહેવું વધારે મહત્ત્વનું છે, નહીં કે "પાણી ભરી આવ."

વિનંતી કર્યા બાદ કિશોર કામ કરી આપે તો યોગ્ય કદર કરવી જોઈએ. "આભાર" "થેંક યુ" વગેરે શબ્દો કિશોરને કામ કરવા માટે પ્રેરે છે.

૪. કિશોરને ધ્યાનથી સાંભળો.

૫. **કિશોરને એના મંતવ્યો રજૂ કરવા દો :** એના અભિપ્રાયોને મહત્ત્વ આપો. "તું નાનો છે, તને કાંઈ ખબર ન પડે. મને વધારે અનુભવ છે" વગેરે શબ્દો તથા વલણ કિશોરમાં નકારાત્મક ભાવના ઉત્પન્ન કરશે. જેથી હતાશાની બીમારીમાં વધારો થશે.

૬. બીજા જોડે એની સરખામણી ન કરો.

૭. **ગુણવત્તાભર્યો સમય ગાળો :** આ સમયમાં એને સમજવાનો પ્રયત્ન કરો. મિત્રની જેમ સંવાદ કરો. મિત્રની જેમ ચર્ચા કરો. એને અપમાન લાગે એવી વાણી કે વર્તણૂંક ન કરો.

૮. નિર્ણયો કરવા આપો.

૯. લીધેલા નિર્ણયો અમલમાં મૂકવા આપો.

૧૦. **પરિણામની ચર્ચા કરો :** કોઈ વખત જો નિર્ણય યોગ્ય ન લેવાયો હોય તથા ધારેલું પરિણામ ન મળે તો કિશોરને દોષિત ન માનો પરંતુ એક અનુભવ મળ્યો જેમાંથી શીખવા મળે છે.

ઉપરોક્ત વર્તણૂંકથી કિશોરમાં આત્મવિશ્વાસનો સંચાર થશે, જે સારવાર માટે ઉપયોગી છે.

● **સારાંશ :**

કિશોરાવસ્થામાં હતાશાની બીમારીનું પ્રમાણ વધતું જાય છે. યોગ્ય સમયે, યોગ્ય નિદાન કરી યોગ્ય સારવાર કરવાથી બીમારીને લીધે થતી ભણતર, વ્યક્તિત્વના વિકાસ તથા પરસ્પરના સંબંધો પરની નકારાત્મક અસરો ઘટાડી શકાય છે. ■


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાંનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors ● Erection Job
Owners & Suppliers
Crane ● Top Lifter ● Forklift ● Trailor ● Truck ● Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

આરોગ્ય

# કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવા આ વસ્તુઓનું સેવન કરો

હાર્ટ એટેક આવવા માટે સૌથી વધુ જવાબદાર જો કોઈ ચીજ હોય તો તે કોલેસ્ટ્રોલનું વધતું જતું પ્રમાણ છે. આજકાલ વૃદ્ધો તો ઠીક યુવાનોમાં પણ કોલેસ્ટ્રોલની સમસ્યા વધતી જાય છે. આ માટે તમારે કેટલીક ચીજવસ્તુઓનું નિયમિત સેવન કરવાની આદત પાડવી પડશે. રોજિંદા ખોરાકમાં રાખવામાં આવતી આ સામાન્ય સાવધાની તમને કોલેસ્ટ્રોલ વધવા જેવી જીવલેણ સમસ્યાઓમાંથી મુક્ત રાખી શકે છે. તો આવો,. જોઈએ કઈ ચીજો ખાવાથી કોલેસ્ટ્રોલને ઘટાડી શકાય છે...

૧. **આમળાં** : આમળાં શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર નિયંત્રિત કરવા માટે ખૂબ જ ઉપયોગી ખોરાક છે. આમળામાં ફાઈબર, પ્રોટીન અને શુગર મળી આવે છે, જેમાં વધારે માત્રામાં ફાઈબર મળી આવે છે, જે શરીરમાં કોલેસ્ટ્રોલના પ્રમાણને નિયંત્રિત કરે છે.

૨. **રાજમા** : રાજમા ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. સાથે જ તેમાંથી વિપુલ માત્રામાં ફાઈબર મળી આવે છે, જે કોલેસ્ટ્રોલના પ્રમાણને નિયંત્રિત કરે છે. જેથી ભોજનમાં રાજમાને સામેલ કરશો તો ચોક્કસ લાભ થશે.

૩. **અડદની દાળ** : અડદની દાળનું સેવન કરવાથી શરીરને ચોક્કસ લાભ થાય છે. અડદની દાળમાંથી મળી આવતું ફાઈબર કોલેસ્ટ્રોલને કાબૂમાં રાખી તમને હાર્ટએટેકથી

૪. **માછલી** : માછલીમાંથી ફેટી એસિડ મળી આવે છે. આ ફેટી એસિડ એક ઉત્તમ રોગપ્રતિકારક તત્ત્વ હોવા ઉપરાંત લોહીમાં બીટા-એમિલોઈડ પ્રોટીનનું સ્તર પણ વધારે છે, જે તમને કોલેસ્ટ્રોલથી બચાવે છે.

૫. **અખરોટ** : એક મુઠ્ઠી અખરોટ ખાવાથી માત્ર ચાર-પાંચ કલાકમાં જ તેના ફાયદા દેખાવા લાગે છે. અખરોટથી માત્ર કોલેસ્ટ્રોલ જ કંટ્રોલ નથી થતો, તે શરીરની નસોને પણ વધારે મુલાયમ બનાવે છે, જેથી લોહીનું પરિભ્રમણ સરળ બનાવી હાર્ટએટેકને અટકાવે છે.

૬. **બદામ** : બદામનું સેવન શરીર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. બદામના સેવનથી લોહીનું પરિભ્રમણ સરળ બને છે, જેથી હૃદય પર વધારે બોજ પડતો નથી.

૭. **બીટ** : કોલેસ્ટ્રોલથી લડવામાં સૌથી વધારે ઉપયોગી કોઈ ચીજ હોય તો તે બીટ છે. બીટ માત્ર કોલેસ્ટ્રોલને જ કાબૂમાં નથી રાખતું, તેનાથી શરીરને એક નવી ઊર્જા પણ મળે છે.

૮. **લીલાં શાકભાજી** : ખોરાકમાં લીલાં શાકભાજીનું વધુ પ્રમાણમાં સેવન કરવાથી કોલેસ્ટ્રોલ વધવાની સમસ્યા તમારાથી કાયમ માટે દૂર રહે છે. લીલાં શાકભાજીમાંથી વિટામિન અને ફાઈબર મળી આવે છે, જે શરીરમાં લોહીનું પરિભ્રમણ સરળ બનાવે છે. ■

## ગુરુકુળની યાદ અપાવે તેવું વિદ્યાસંકુલ

(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)

પ્રવૃત્તિઓથી હરીભરી આ શાળા તેના વિશાળ સંકુલ સાથે એક આદર્શ શાળા ગણાય છે. ઉપરાંત સમયની માંગને પારખીને અંગ્રેજી માધ્યમ પણ શરૂ કર્યું છે.

પ્રધાનપદ કે સમાજસેવા ઉપરાંત ઈન્દુમતીબહેનનું તેમનું ખૂબ જ મહત્ત્વનું સ્થાયી પ્રદાન પિતાના નામે સ્થાપેલું શિક્ષણસંકુલ 'સી.એન. વિદ્યાવિહાર' (ચીમનલાલ નગીનદાસ) છે. તેની વિશાળ જમીનમાં અનેક શાખાઓનાં વિદ્યાસંકુલો છે. અમદાવાદમાં જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂરતી મોકળાશ મળે તેવું કદાચ આ એકમાત્ર સંકુલ હશે. નિસર્ગમઢ્યા કુદરતમાં લીલાંછમ વૃક્ષોથી સભર, પક્ષીઓના કલરવ વચ્ચે અભ્યાસ કરવો એ તેના વિદ્યાર્થી માટે લહાવો છે.

એક સમયે ગુજરાત કૉલેજના વિદ્યાર્થી હોવાનું જેમ ગૌરવ લેખાતું તેમ શાળા કક્ષાએ સી.એન.ના વિદ્યાર્થી હોવાનું પણ ગૌરવ ગણાય છે. આજના અનેક સુપ્રસિદ્ધ સાહિત્યકારો, ડૉક્ટરો, એન્જિનિયરો, વિજ્ઞાનીઓ અને ઉદ્યોગપતિઓ સી.એન. માં ભણ્યા હોવાનું ગૌરવ માને છે. પિતાના અવસાન બાદ ઈન્દુમતીબહેને સી.એન. વિદ્યા સંકુલમાં રસ લીધો અને તેને મોટે પાયે વિકસાવ્યું. સુપ્રસિદ્ધ કવિ શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) જેવા સાહિત્યકાર અને શિક્ષણવિદ્‌નો સાથ મળવાથી આ સંસ્થા સંસ્કાર પ્રવૃત્તિઓમાં અલગ તરી આવી. શ્રી રસિકલાલ પરીખ જેવા ઉચ્ચ કોટિના કલાકારે, આ સંસ્થામાં સેવા આપી અનેક તેજસ્વી કલાકાર વિદ્યાર્થીઓ આપ્યા. ભાઈલાલભાઈ જેવા સંગીતજ્ઞ, વિદ્વાંસભાઈઓ જેવા નિષ્ઠાવાન શિક્ષકો આ સંસ્થાને મળ્યા. ભારત સરકારે ઈ.સ. ૧૯૭૦ માં ઈન્દુમતીબહેનને 'પદ્મશ્રી' ખિતાબથી નવાજ્યાં હતાં.

***ગુરુકુળની યાદ અપાવે તેવું વિદ્યાસંકુલ અમદાવાદનું ગૌરવ છે.***

# ગાંધીજીની દૃષ્ટિએ વ્યક્તિ અને સમાજ

ગાંધી ચેતના

યશવંત શુક્લ

'ગાંધીજીની આત્મકથા' દુનિયાભરમાં વંચાવું જોઈએ એવું પુસ્તક હોવા છતાં બલિહારી છે કે ઘણા ઓછા વિદ્યાર્થીઓએ એ વાંચ્યું છે. જગતભરમાં જો કોઈ એક જ વ્યક્તિ પર સૌથી વધુ પુસ્તકો લખાયાં હોય તો તે ગાંધીજી પર છે. પોતાનો સમાજ એમને ભૂલતો જાય છે. વિચારશીલ વ્યક્તિઓએ અકળાવા માટેનું એ કારણ છે. ગાંધીજીનો એક પણ વિચાર તત્વમાં વાસી થયો નથી. તેમના વિચારોના હાર્દમાં જે તત્ત્વ છે, તેનો કોઈથી પડકાર કરી શકાય એમ નથી. વિગતો ભલે ફરે, તત્ત્વ એ જ રહેવાનું.

આજે ગાંધીજીની ઉપેક્ષા થઈ રહી છે, તે કરડે છે. મને તો ભય છે કે ગાંધીજી આપણી વચ્ચે થઈ ગયા હતા કે કેમ એ વિશે આવતી પેઢીને શંકા જાગશે. તેઓ કોણ હતા? શું કરી ગયા? કયા પ્રયોજનોએ એમને અનેકવિધ પ્રવૃત્તિઓ માટે પ્રેર્યા? એમની પ્રવૃત્તિનાં કયાં મૂલ્યાંકનો હતાં? એ બધાં સંશોધનના વિષય બની જાય તો આશ્ચર્ય નહિ. પણ પૂ. રાષ્ટ્રપિતાની જરૂર આપણને પડવાની છે.

જ્યારે જ્યારે સમાજ મૂંઝવણમાં પડે ત્યારે મૂળ વિચારોમાં પાછા જવું જોઈએ. તેમાંથી રસ્તા પર આવી શકાય. રાષ્ટ્રના આજના પ્રશ્નો ઉકેલવા આ રીતની તલાસ કરવાનો સમય પાકી ગયો છે. હજી સદ્ભાવના અને નિષ્ઠાની મૂડી જમા છે ત્યાં સુધી સારું છે.

ગાંધીજી જ ગાંધીજીના મોટા વિરોધી હતા. તેઓ એમણે જે છેલ્લો વિચાર આપ્યો હોય તેને પ્રમાણભૂત માનવા જણાવતા. ગાંધીજી વાસ્તવિકતાથી જરાપણ વેગળા ન હતા. એમની સાથે મતભેદ હોય તો ગભરાવાની જરૂર નથી, પણ એમની ઉપેક્ષા ઠીક નથી. ગાંધીજીએ એવું નહિ ઇચ્છેલું કે 'હું કહી જાઉં તે વ્યવહાર બની જાય.' જીવનના અનેક વ્યવહારો, પ્રવૃત્તિ અને સારી માનવજાત, તેનાથી આગળ વધીને માનવેતર સૃષ્ટિ તરફ સહાનુકંપા ધરાવનાર એ વ્યક્તિ હતા. એમના વિચારોના કેન્દ્રમાં, તત્ત્વમાં આપણે જઈએ એ જરૂરી છે.

મૌલિકતાનો એમનો દાવો નથી. એમનું મોટામાં મોટું અર્પણ એ છે કે વિચારને વ્યવહારમાં સિદ્ધ કેમ કરવો તે બતાવી આપ્યું. આચાર એ વિચારની કસોટી છે. વ્યવહારમાં ટકી ન શકે તેવા વિચારોની એમને મન કિંમત ન હતી. તેઓ ચાર ડગલાં આગળ જોઈ શકનાર હતા. જેટલા ખપના હોય તેટલા વિચારો તેઓ સંઘરતા. જીવન પરત્વે ટકી શકે તેવા સંગીન વિચારો એમના જીવનની પ્રયોગશાળામાં ચકાસાયા પછી આપણને મળ્યા. આ રીતે તેઓ સમાજના વ્યવહાર મૂલ્યમાં પણ પરિવર્તન શક્ય છે તે બતાવી શક્યા. અહિંસા અને સત્યમાં પણ પરિવર્તન સાધવાની ગુંજાઈશ છે એમ તેમણે બતાવ્યું. વ્યવહારના કયા અંગો વિશે એમણે વિચાર્યું નથી? ગાંધીજીના જીવનને ટૂંકમાં સમજવું હોય તો શ્રી મશરૂવાળાનું 'વિચારદોહન' અને શ્રી કૃપાલીનું 'ગાંધીના પાયારૂપ વિચારો' વાંચવા જેવાં સંકલનો છે.

'ગાંધીવાદ' શબ્દ ગાંધીજીને પણ ગમતો ન હતો. પરંતુ ગાંધીવિચારમાં જે સત્ત્વ છે તેનો આપણે વિચાર કરવો જ રહ્યો. એ વિચારોમાં આજના જીવનને ઘટતો આકાર આપવા પૂરતી સામગ્રી અને શક્તિ છે.

ગાંધીજી અંતિમ અર્થમાં વ્યક્તિવાદી હતા. એમના રાજ્ય વિશેના વિચારોમાં સોક્રેટિસના વિચારોની અસર હતી. બહારના શાસનની જરૂર ન રહે અને વ્યક્તિ જ નિર્ભય, અશાસિત, સંયમી કે અલ્પશાસિત રાજ્ય ઉપસાવે એમ તેઓ માનતા. 'ઓછામાં ઓછું શાસન કરે તે સરકાર ઉત્તમ. તેમનું સ્વપ્ન હતું કે કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિ પર શાસન કરે જ નહિ. 'મારે એક ડગલું બસ થાય' એ એમનું જીવનસૂત્ર હતું. અલ્પશાસિત સમાજમાં જ વ્યક્તિને વધુમાં વધુ પ્રાગટ્ય મળે.

આજે તો નાનાં જૂથો જે કરી શકે એવાં કાર્યો રાજ્યે ગોઠવી દીધાં છે. ટેકનોલોજીના પ્રતાપે સાધન ચલાવીને બીજાનું કામ લૂંટી લેવાની દોટ ચાલી છે. માણસનું કામ યંત્રોએ લઈ લીધું છે. રાજ્યે પણ એવાં સાધનો વિકસાવ્યાં છે કે જે નિર્ભય રીતે

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

વ્યક્તિ પર શાસન લાદી શકે. પ્રજાએ વિચાર કયો કરવો તે પણ સાધનો દ્વારા રાજ્ય સૂચવે એવી પરિસ્થિતિ સર્વત્ર છે. આવા સમાજમાં ગાંધીજી માનતા ન હતા. તેઓ થોડાં ઓછાં સાધનોથી જીવન ચલાવી લેવું બહેતર છે એમ માનતા. પરંતુ 'મારું હૈયું તો મને જ આધીન રહે, બહારનું શાસન જરૂર કરતાં તલભર પણ વધુ ન લદાય' એનું એમને મહત્ત્વ હતું. તેથી જ 'એકલો જાન રે...' એમને પ્રિય હતું. વ્યક્તિવાદી જ આ વાત કહી શકે. 'મારા અંતરમાં મને જે સૂઝ્યું છે ત્યાં હું એકલો જઈશ. ટોળામાં ખોવાઈ નહિ જાઉં' એ એમનું સૂત્ર હતું. એઓ અંતઃકરણના સાદને કાયમ સાંભળતા કારણ કે અંતઃકરણનો સાદ ભલે ક્ષીણ હોય પણ અશક્ત નથી હોતો. 'અંતરનો અવાજ' સંભળાયો એમ જ્યારે તેઓ કહેતા ત્યારે કેટલાક એમની હાંસી ઉડાવતા પણ એ જીવનભરની સાધના અને મથામણને અંતે પ્રાપ્ત થયેલ સમસ્યાઓના અચાનક ઉકેલો હતા. તેને તેઓ 'અંતઃકરણનો અવાજ' કહેતા. આ સત્ય ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે ચારિત્ર્ય નિર્મળ હોય, ભાવના કલ્યાણગામી હોય, બુદ્ધિ શુદ્ધ અને નિઃસ્પૃહી હોય. સત્યના પ્રાગટ્ય માટે તેઓ હંમેશ તત્પર રહેતા. એકાદ કણ પણ મળે તો એમને એનું મહત્ત્વ હતું. ગાંધીજી આ સત્યના ઉપાસક હતા. તેમને મન સત્ય એ જ ઈશ્વર.

'હું' નાં અનેક સ્વરૂપો છે. સત્ય 'હું' નો પરિચય આપવા મથે છે. પરંતુ પોતાને જે શોધી ન શકે, તે બીજામાંથી શું લે? સત્ય એવું તત્ત્વ છે જે સમાજની વ્યક્તિમાં છૂટું છૂટું રહેલું બળ છે. એ બળની સાધના કરવી જોઈએ. સત્ય સાંધનારું બળ છે. અસત્યના બળ પર સમાજને સંગઠિત ન કરી શકાય. અસત્ય માણસને છૂટા પાડે છે. સત્ય સમાજને સાંધે છે. અસત્ય સમાજને વિચ્છિન્ન કરે છે. અસત્યને પોતાની શક્તિ નથી, અસત્ય પર થોડો સમય સત્યનો ઢોળ ચઢાવી કોઈને છેતરી ભલે શકાય, પરંતુ ભૂમિકા તો સત્યની જ છે. સત્યનિષ્ઠાનું જ્યાં બળ હોય ત્યાં બહોળો સમાજ ટેકો આપે છે. આપણામાં પ્રગટ થયેલ સત્યને સાંભળીએ અને એમાં બીજાને જોડાવા પ્રયાસ કરીએ તો સામાજિક સંગઠન શક્ય બને. પરંતુ સત્ય માટે કશુંક ગુમાવવું પડે છે. જાન જવાની તૈયારીએ પણ સત્યને વળગી રહેવાની ધીરજ જોઈએ. અને પોતાના હૃદયમાં સત્ય સ્પષ્ટ થયું હોવું જોઈએ. ત્યાં સુધી આગળ વધવું નહિ. તેઓ કહેતા કે મારો માર્ગ ટૂંકામાં ટૂંકો છે. ૧૦૦૦ વર્ષ લાગશે. આટલી ધીરજ કોની હોઈ શકે? તેઓ સત્ય વિશે ખૂબ સ્પષ્ટ હતા. મને આટલું દેખાય છે, આટલું દેખાતું નથી. આગની જ્વાળાઓ વચ્ચે હું ઘેરાયેલો છું એમ તેઓ કહેતા.

આજના સમાજમાં સૌથી વધુ શું ન ગમ્યું ત્યારે ગાંધીજીનો જવાબ હતો : 'ભણેલા માણસની નિષ્ઠુરતા.' આજે પણ એ વિચારવા જેવું છે. આપણને કોઈની ફિકર છે ખરી? આજે પણ ભણેલા અને અભણ વચ્ચેનું અંતર ઘટ્યું નથી. ભણતરનો જરાક સ્પર્શ થતાં આજે સૌ પોતાના સમાજથી અલગ થવાનો વિચાર કરે છે. ગરીબ-અમીર, ઊંચ-નીચ, સ્પૃશ્ય - અસ્પૃશ્ય જેવા ભેદ ટળે એ ગાંધીજીનો હેતુ હતો. આજે પણ એ બર આવ્યો નથી.

ગાંધીજીને મન સ્વરાજ્ય સાધન હતું, ધ્યેય સત્યપ્રાપ્તિ અથવા ઈશ્વરપ્રાપ્તિ. આ ધ્યેય વ્યક્તિ તરીકે સમાજમાં રહીને પણ પ્રાપ્ત કરી શકાય, સમાજથી અલગ પડવાની જરૂર નથી. છતાં સમાજમાં ખોવાઈ જઈ વ્યક્તિત્વનો નાશ કરવો એ પણ નિરર્થક છે. વ્યક્તિને પ્રગતિકારક વિચાર સૂઝે છે અને તે સત્યનું રૂપ ધારણ કરીને આવે છે. ધીમે ધીમે એ સમાજનું સત્ય બને છે. સત્ય તો સમાજ વ્યાપી છે. એ સમાજને સાંધે છે. સમાજને આઘાત આપવાની શરતે પણ વિચાર આપીને સમાજને રસ્તો શોધવા પ્રેરે છે. સમાજ તો રૂઢ હોય છે. સમાજની પ્રગતિ વ્યક્તિઓએ સિદ્ધ કરી છે. ક્યારેક ફેરફાર અને ક્રાંતિકારી આઘાત પણ જરૂરી છે.

વ્યક્તિ નિર્ભય રીતે વિચાર કરી શકે તેવો સમાજ હોય તો જ વિકાસ શક્ય બને. વ્યક્તિના વ્યક્તિત્વનો સમાજ સાથે વિકાસ થાય એમ ગાંધીજી ઇચ્છતા. સામો માણસ આપણા વડે - આપણા પૂરતો નિર્ભય હોય તો વ્યક્તિત્વ ખીલે એ માટે પ્રેમ અને બીજાને માટે ખપવાની વૃત્તિ પણ જરૂરની છે. પ્રેમ પૂર્વે અહિંસા અને પછી સત્ય લાધે. પ્રેમ પણ સાધનાનો પ્રકાર છે. વ્રત, સંયમ, સુવિચારો દ્વારા વ્યક્તિત્વને સંગઠિત બનાવી સાધના કરીએ તો સત્ય પામી શકાય. એમના કેળવણીના વિચારના હાર્દમાં પરિશ્રમ, અનુકંપા અને અનાસક્તિ હતાં. કેળવણી દ્વારા વ્યક્તિ સ્વનિયમન કરી શકે તો ઘણું. વ્યક્તિ સત્યનો સાધક અને શોધક હોવો જોઈએ. આવા સમાજમાં કલ્યાણ જ હોય.

મહાપુરુષો પ્રેમ અને સત્યનિષ્ઠા વડે સમાજને સંગઠિત રાખે છે. સમાજ વ્યાપી કાર્યક્રમ આપીને સમાજનો ઉત્કર્ષ કરે છે. જગતના ઈતિહાસમાં એવો એકેય દાખલો નથી કે એક જ વ્યક્તિના પ્રભાવ પડે અનેક ગુણોનો ઉત્કર્ષ થયો હોય. ગાંધીજીએ એ કરી બતાવ્યું એ ઈતિહાસમાં સોનેરી પ્રકરણ બની રહેશે. ગાંધીજીએ પોતાનો નમૂનો ધરી અંતરનું ચૈતન્ય બહાર કાઢી બતાવ્યું. ■

"ROLEX" Brand

**Rushabh**
**STEEL CENTRE**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

ગાંધી વિશેષ

# 'મારા પતિના કારણે તો હું જગતમાં પૂજાઉં છું'

દેવેન્દ્ર પટેલ

ગાંધીજી અને કસ્તુરબાના દાંપત્યજીવનની કેટલીક અંતરંગ વાતો ખુદ બાપુએ જ આ શબ્દોમાં વર્ણવી છે :

"કસ્તુરબાઈને રક્તસ્રાવ મટે તે માટે શસ્ત્રક્રિયા પછી પણ સારું ના થયું અને એ રોગે ઊથલો માર્યો. એ પછી બીજા ઉપચારો પણ વ્યર્થ જતાં મેં તેને મીઠું અને કઠોળ છોડવા વિનંતી કરી, પરંતુ તે મારી વાત માનવા તૈયાર નહોતી. મેં બહુ આગ્રહ કર્યો એટલે તેણે મને કહ્યું : "તમને કોઈ મીઠું અને કઠોળ છોડવાનું કહે તો તમે પણ નહીં છોડો."

કસ્તુરબાઈની આ વાત સાંભળી મને દુઃખ પણ થયું અને હર્ષ પણ થયો. મારો પ્રેમ ઠાલવવાનો મને પ્રસંગ મળ્યો. તે હર્ષમાં મેં તેને કહ્યું : "તારી માન્યતા ભૂલ કરેલી છે. મને કોઈ દર્દ હોય અને વૈદ્ય આવીને કહે કે, ફલાણી વસ્તુ છોડો તો હું છોડી દઉં. પણ જા, આજથી મેં મીઠું અને કઠોળ એક વર્ષ માટે છોડ્યાં. તું છોડે કે ના છોડે એ નોખી વાત છે."

પત્નીને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠી : "મને માફ કરો. તમારો સ્વભાવ જાણવા છતાં કહેવાઈ ગયું. હું પણ આજથી કઠોળ અને મીઠું નહીં ખાઉં, પણ તમે તમારાં વેણ પાછાં લો. આ તો તમે મને બહુ સજા કરી કહેવાય."

મેં કહ્યું : "તું કઠોળ અને મીઠું છોડે તો બહુ સારું. મને ખાતરી છે કે તને ફાયદો જ થશે. મને તો લાભ થવાનો. ગમે તે નિમિત્તે માણસ સંયમ પાળે તો તેને ફાયદો જ થવાનો એટલે તું મને મારો નિર્ણય બદલવા આગ્રહ કરીશ નહીં. વળી, મને પણ મારી પરીક્ષા કરવા દે અને તેં જે બે વસ્તુ છોડવા નિર્ણય કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળી રહેશે."

મારી આ વાત સાંભળ્યા પછી તેણે મને મનાવવાનું ચાલું જ રાખ્યું : "તમે તો બહુ હઠીલા છો. કોઈનું માનવું જ નહીં." એટલું બોલી ખોબો આંસુ ઢાળી એ શાંત રહી.

આને હું સત્યાગ્રહના નામે ઓળખાવવા માગું છું અને આ ઘટનાને મારી જિંદગીનાં મીઠાં સંસ્મરણોમાંનું એક માનું છું. એ પછી કસ્તુરબાઈની તબિયત ખૂબ વળી. આમાં કઠોળ અને મીઠાનો ત્યાગ પણ કેટલેક અંશે કારણભૂત હતો તેમ હું માનું છું.

બીજો એક પ્રસંગ દક્ષિણ આફ્રિકામાં નાતાલનો છે. નાતાલના હિંદુઓએ મને ખૂબ પ્રેમ આપ્યો. ઠેકઠેકાણે મને માનપત્રો આપવાની સભાઓ થઈ. દરેક ઠેકાણેથી કિંમતી ભેટો આવી. વળી, આ ભેટોમાં પચાસ ગીનીનો એક હાર કસ્તુરબાઈ માટે પણ હતો, પણ એને મળેલી વસ્તુ મારી સેવાના કારણે હતી તેથી તેને નોખી તારવી ના શકાય. જે સાંજે મને મુખ્ય ભેટો મળી હતી તે રાતે હું ઊંઘી ના શક્યો. આખી રાત મેં ઓરડામાં આંટા માર્યા. મને એ ભેટોનો ભાર લાગતો હતો. હું તે જતી કરવા માંગતો હતો, પરંતુ સેંકડોની ભેટો જતી કરવી એ પણ ભારે પડતું હતું. હું વિચાર કરવા લાગ્યો કે, એ ભેટો હું કદાચ જીરવી શકું, પરંતુ મારાં બાળકોનું શું? સ્ત્રીનું શું? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. બાળકોને હું શીખવતો હતો કે, સેવાના દામ લેવાય નહીં. ઘરમાં કિંમતી દાગીના હું રાખતો નહોતો. સાદાઈ વધતી જતી હતી. આવી સ્થિતિમાં મને મળેલી સોનાની ઘડિયાળો કોણે વાપરવી? સોનાના અછોડા અને હીરાની વીંટીઓ કોણે પહેરવાં? બીજાઓને ઘરેણાંનો મોહ ત્યજવા હું કહેતો હતો અને મારા જ ઘરમાં ભેટરૂપે આવેલા દાગીના ઝવેરાતનું મારે શું કરવું તે એક મોટી દ્વિધા હતી.

મારાથી આ વસ્તુઓ ના જ રખાય તેવા નિર્ણય પર આવ્યો. પારસી રૂસ્તમજી વગેરેને આ દાગીનાઓના મેં ટ્રસ્ટી નીમી એક ટ્રસ્ટ બનાવવા નિર્ણય કર્યો. સવારે પત્ની તથા બાળકોને આ નિર્ણયની જાણ કરી મારો ભાર હળવો કરવા મેં નક્કી કર્યું.

આ બાબતમાં ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ થઈ પડશે એ વાત હું જાણતો હતો. બાળકોને સમજાવવામાં મુશ્કેલી નહીં પડે તે વાત હું જાણતો હતો. બાળકો તો તરત સમજી ગયાં : "અમારે એ દાગીનાઓનું કામ નથી. આપણે તે બધું પાછું જ આપવું રહ્યું અને આપણને એવી કોઈ વસ્તુ જોઈતી હોય તો જાતે ક્યાં ખરીદી કરી શકતા નથી?"

બાળકોની વાત સાંભળી હું રાજી થયો. મેં તેમને કહ્યું : "ત્યારે આ વાત તમે બાને પણ સમજાવશો ને?"

"જરૂર જરૂર, એ અમારું કામ. બાને ક્યાં દાગીના પહેરવાના છે? બહુ બહુ તો એ અમારે સારુ રાખવા ઇચ્છે, પણ અમારે ક્યાં જોઈએ છે?"

પણ કામ ધાર્યા કરતાં વસમું નીકળ્યું. દાગીના પાછા આપી દેવાની વાત સાંભળી કસ્તુરબાઈએ કહ્યું : "દાગીનાની તમને અને તમારા છોકરાઓને ભલે ખપ ના હોય, પણ મારી વહુઓનું શું? બાળકોને તો તમે જેમ ચડાવો તેમ ચડે. તે ભલે ના પહેરે

અને ભલે મને પણ ના પહેરવા દે, પરંતુ આવનારી વહુઓનું શું? કોણ જાણે કાલે શું થશે? આપનારે કેટલા હેતથી વસ્તુઓ આપી હશે. એને પાછી ના દેવાય.'' બોલતાં બોલતાં એ રડવા લાગ્યાં.

પણ બાળકો મક્કમ રહ્યાં.

મારે તો ડગવાપણું હતું જ નહીં.

મેં ધીમેથી કહ્યું : ''છોકરાઓ પરણે તો ખરા? આપણે ક્યાં બાળવયે પરણાવવા છે? મોટા થાય તે પછી તેમને જેમ કરવું હોય તેમ કરે. વળી, આપણે ક્યાં ઘરેણાંની શોખીન વહુઓ ગોતવી છે? છતાંયે કાંઈ કરાવવું પડે તો હું ક્યાં નથી બેઠો?''

કસ્તુરબાઈ બોલ્યાં : ''જાણ્યા તમને? મારાં ઘરેણાં લઈ લીધાં એ જ તમે છો ને? મને જ આખી જિંદગી સુખેથી પહેરવા દીધું નથી ને વહુઓને શું લઈ આપવાના? એ દાગીના પાછા નહીં અપાય અને મારા પર તમારો શું હક્ક?''

મેં કહ્યું : ''પણ એ હાર તારી સેવાના કારણે કે મારી સેવાના કારણે મળ્યો છે?''

''ભલે ને, તમારી સેવા એ મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી એ સેવામાં નહીં ગણાતું હોય? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યાં ને તે બધાં મહેમાનોની ચાકરી કરાવી તેનું શું?''

આ બધાં બાણ મારા માટે અણિયાળાં હતાં. એમાંનાં કેટલાંક વાગતાં હતાં, પણ ઘરેણાં તો મારે પાછાં આપવાં જ હતાં. ઘણી વાતોમાં હું જેવી તેવી સંમતિ લઈ શક્યો. ઈ.સ. ૧૮૯૬ માં અને ઈ.સ. ૧૯૦૧ માં મળેલી ભેટો મેં પાછી આપી દીધી. તેનું ટ્રસ્ટ બન્યું અને તેનો જાહેર કામ માટે ઉપયોગ થાય તેવું ઠરાવવામાં આવ્યું અને એ બધી ભેટો બેન્કમાં મૂકવામાં આવી.

એ પછી આફ્રિકામાં સત્યાગ્રહના દિવસો શરૂ થયા. પ્રથમ સત્યાગ્રહના દિવસોમાં કસ્તુરબાએ મને કહ્યું : ''મને તમારા સત્યાગ્રહો વિશે કશું જણાવતાં નથી તેથી દુઃખ થાય છે. મારામાં એવી કઈ ખામી છે કે, તમે મને આમાં જોતરતાં નથી? શું હું સત્યાગ્રહ કરી જેલમાં જવા માટે યોગ્ય નથી? તમે બીજાઓને જે માર્ગે જવા કહી રહ્યા છો તે માર્ગે હું પણ જવા માગું છું.''

મેં કહ્યું : ''તું જાણે છે કે, તને હું કોઈ કાળે દુઃખી નહીં થવા દઉં. તારામાં અવિશ્વાસનો સવાલ જ નથી. તું જેલમાં જાય તેથી મને જ વિશેષ આનંદ થશે, પરંતુ મારા કહેવાથી તેં આમ કર્યું તેમ બિલકુલ લાગવું ના જોઈએ. મારી માગણી સંતોષવા તું જેલમાં જાય, જેલમાં ત્રાસી જાય, અદાલતમાં ધ્રૂજી જાય અને તું મને દોષ ના દઈ શકે...તો મારા માટે કેવી પરિસ્થિતિ સર્જાય?''

કસ્તુરબાએ કહ્યું : ''જેલમાં મને ત્રાસ પડે અને એ પછી માફી માંગી હું સત્યાગ્રહથી છુટકારો મેળવું તો તમે મારી સાથે કોઈ સંબંધ જ ના રાખતા બસ! તમે અને મારા દીકરાઓ મુસીબતો વેઠી શકતા હોય તો હું કેમ નહીં? હું તો લડતમાં જોડાવાની જ.''

એ પછી મારી પત્ની પહેલાં આફ્રિકામાં અને પાછળથી રાજકોટની લડતમાં જોડાઈ. દક્ષિણ આફ્રિકામાં કે ભારતમાં તેણે પોતાની અંતઃપ્રેરણાથી લડતમાં ઝંપલાવ્યું હતું. વળી, એ રાજકોટની દીકરી હતી. રાજ્યનાં સ્ત્રી-પુરુષોના સ્વાતંત્ર્ય માટે રાજકોટની દીકરીઓ કષ્ટ સહન કરી રહી હોય ત્યારે તેનાથી શાંત કેવી રીતે બેસી રહેવાય? દરેક હિન્દુ સ્ત્રીમાં જે ગુણ હોય છે તે મહાન ગુણ તેનામાં પણ હતા. તે પહેલેથી જ દઢ સંકલ્પવાળી સ્ત્રી હતી. શરૂઆતમાં તેના સ્વભાવને હું જિદ માની બેસતો, પણ એના દઢ સંકલ્પે મારા અહિંસક અને અસહકારના પ્રયોગમાં અજાણતાં જ એને મેં મારી ગુરુ બનાવી. એણે અનેક વાર કારાવાસ વેઠ્યો. ધીમેધીમે તેનું શરીર ઘસાતું ગયું. જીવતી વેદનામાંથી મુક્તિપદ એના મૃત્યુને મેં એની ખાતર વધાવી લીધું. એની ખોટ મને સાલવી જોઈએ તે કરતાં વધુ સાલે છે. અમે સામાન્ય કરતાં અનોખા જ દંપતી હતા. અમારું જીવન એ સુખ, સંતોષ અને પ્રગતિનું જીવન હતું.

આવું ગાંધીજીએ જાતે કસ્તુરબા માટે લખ્યું છે.

પરંતુ કસ્તુરબાએ તો એક જ વાત જાહેરમાં કહી અને લખી પણ નાખ્યું હતું : ''મારા પતિ જેવો પતિ તો દુનિયામાં કોઈનોય નહીં હોય...મારા પતિને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું.''

કેવાં અનોખા દંપતી! ■

## માદામ ભિખાઇજી કામા

(અનુસંધાન : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)

'આવાબાઈ પટીટ અનાથાશ્રમ' માં દાનમાં આપી દીધું.

ભારતની સ્વતંત્રતા માટે પોતાનું સંપૂર્ણ જીવન અર્પી દેનાર માદામ ભિખાઈજી કામાને દેશની આઝાદી જોવાનું નસીબ પ્રાપ્ત ન થયું પણ તેમને સન્માન આપવા ૨૬ જાન્યુઆરી, ૧૯૬૨ માં ભારતના અગિયારમાં ગણતંત્ર દિવસે ભારતના ટપાલ અને ટેલિગ્રાફ વિભાગે તેમની ટિકિટ બહાર પાડી. આ ઉપરાંત ભારતનાં કેટલાંક શહેરોએ પણ માદામ ભિખાઈજી કામાના નામ પરથી રસ્તાઓનાં નામ રાખ્યાં છે.

વાત એટલી જ કે આજે આપણે આ નિર્ભય, સાહસિક અને રાષ્ટ્રવાદી મહિલાને માત્ર ત્રિરંગો બનાવી ફરકાવનાર તરીકે જ ઓળખીએ છીએ. પણ યુવાનીના આરંભથી દેશની આઝાદી માટે તમામ કુરબાન કરનાર ભિખાઈજી કામાના જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્રની મુક્તિને કાજે અર્પણ થઈ હતી અને અનેકવિધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ દ્વારા આઝાદીના આતશને જલતો રાખવા પ્રયત્ન કર્યો. ■

વિભૂતિ વંદના

# માદામ ભિખાઇજી કામા

## પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક શ્વાસ રાષ્ટ્રમુક્તિ કાજે

રાજશ્રી મહાદેવિયા

૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ ના દિવસે લાહોર શહેરમાં 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ' દ્વારા ભારતનો રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) લહેરાવવામાં આવ્યો હતો, પરંતુ ત્રિરંગો લહેરાવવાની ગૌરવભરી પ્રથમ ઘટના એ પૂર્વે બાવીસ વર્ષ અગાઉ વિદેશમાં થઈ હતી. જર્મનીના સ્ટુર્ટગાર્ટના 'લાડેન હૉલ' (Laden Hall) માં ૧૯૦૭ની બાવીસમી ઓગસ્ટે બીજી આંતરરાષ્ટ્રીય સોશિયાલિસ્ટ કોંગ્રેસમાં હાજરી આપવા ગયેલાં ભારતીય મહિલા માદામ ભિખાઈજી કામાએ પોતાના વક્તવ્યમાં અંગ્રેજો દ્વારા ભારતીયો પર ગુજારવામાં આવતા અત્યાચારોની નિર્ભિક રજૂઆત કરી. તેમણે કહ્યું કે, 'ભારતમાં બ્રિટિશ શાસન જારી રહે તે માનવતાના નામ પર કલંક છે. એક મહાન દેશ ભારતનાં હિતો પર તેનાથી ભારી ક્ષતિ પહોંચી રહી છે.' અને પછી તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ ત્રિરંગાને લહેરાવ્યો.

આ ત્રિરંગામાં ભારતના વિભિન્ન ધર્મોની ભાવનાઓ અને સંસ્કૃતિને આવરી લેવાની કોશિશ હતી. તેમાં ઇસ્લામ, હિંદુ અને બૌદ્ધ ધર્મના મતને પ્રદર્શિત કરતા લીલા, સોનેરી અને લાલ રંગના પટ્ટા હતા. સૌથી ઉપરના લીલા રંગના પટ્ટામાં આઠ કમળો ચીતરવામાં આવેલાં, જે બ્રિટિશ ઇન્ડિયાના તે સમયના આઠ પ્રોવિન્સનું પ્રતિનિધિત્વ કરતાં હતાં. વચ્ચે સોનેરી રંગના પટ્ટામાં દેવનાગરી લિપિમાં 'વંદે માતરમ્' લખવામાં આવ્યું હતું અને સૌથી નીચે લાલ રંગના પટ્ટામાં એક બાજુ સૂર્ય અને એક બાજુ ચંદ્રની કળા દર્શાવવામાં આવ્યાં હતાં. આમ નાત-જાત, ધર્મ કે વર્ણના ભેદભાવ વગર અખંડ ભારતની પરિકલ્પના આ ત્રિરંગા દ્વારા દર્શાવવામાં આવી. એ પછી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક દ્વારા આ ધ્વજ છૂપી રીતે ભારતમાં લાવવામાં આવ્યો હતો અને હાલ પુણેની 'કેસરી મરાઠા લાઈબ્રેરી' માં સંગ્રહિત કરવામાં આવ્યો છે.

આ ઘટનાનું સ્મરણ કરીએ તો આપણા ત્રિરંગાને આ વર્ષે એટલે કે ૨૦૧૭ની સાલમાં ૧૧૦ વર્ષ પૂરાં થયાં. ત્રિરંગો લહેરાવનારાં આ માદામ કામાએ જર્મનીમાં ભારતની સ્વતંત્રતા માટે ઉદ્‌ઘોષ કરીને અંગ્રેજોની ઊંઘ ઉડાડી દીધી. એટલે જ તેઓએ સિત્તેર વર્ષની ઉંમર વટાવી દીધી હોવા છતાં આ વીરાંગનાથી બ્રિટિશ સામ્રાજ્ય ડરતું હતું. અશક્ત અને રોગગ્રસ્ત માદામ કામા ૧૯૩૫ સુધી યુરોપમાં દેશવટો ભોગવી રહ્યાં. માદરે વતન પાછાં આવવાના તેમના તમામ પ્રયત્નો અંગ્રેજ સરકારે નાકામયાબ કર્યા.

ભિખાઈજી કામા એ મહારાણી લક્ષ્મીબાઈ પછી બ્રિટીશરો સામે લડનારી બીજી વીરાંગના હોવાથી એમને 'રાણી લક્ષ્મીબાઈના અવતાર' તરીકે ઓળખવામાં આવ્યાં હતાં અને કહેવાતું કે રાણી લક્ષ્મીબાઈનું બ્રિટિશરોને પરાજિત કરવાનું કામ સિદ્ધ કરવા માટે એમણે પુનઃઅવતાર લીધો હતો. બ્રિટિશ ગુપ્તચર વિભાગ તેમને 'સૌથી વધુ ભયાનક ભારતીય મહિલા' ગણાવતો હતો.

આ ભિખાઈજી કામાનો જન્મ મુંબઈના અતિસંપન્ન પારસી કુટુંબમાં ૨૪ ડિસેમ્બર, ૧૮૬૧ના રોજ થયો હતો. પિતાનું નામ સોરાબજી ફરામજી પટેલ અને માતાનું નામ જીજીબાઈ. એલક્ઝાંડ્રા પારસી ગર્લ્સ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ ઘેર શિક્ષક રાખીને અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન ભાષાઓનો અભ્યાસ કર્યો. સંપન્ન પરિવારમાં જન્મ્યા હોવા છતાં તેઓ લોકસેવા અને સમાજસેવાની પ્રવૃત્તિમાં રસ ધરાવતાં. ૧૮૮૫ માં મુંબઈમાં મળેલા કોંગ્રેસના અધિવેશન બાદ હિંદુસ્તાનની રાજકીય પ્રવૃત્તિમાં એમનો રસ વધ્યો. આ અધિવેશનમાં રાષ્ટ્રવાદી નેતાઓનાં જોશીલાં પ્રવચનોમાંથી પ્રેરણા પામીને માદામ કામા ભૌતિક સુવિધાઓ અને એશઆરામભરી જિંદગી અપનાવવાને બદલે દેશસેવાના કાર્યમાં જોડાઈ ગયાં. તેમનાં કુટુંબીજનો અને તે સમયનો સમાજ, સ્ત્રીઓ જાહેરજીવનમાં સક્રિય કાર્ય કરે તે સ્વીકારવા સહેજે તૈયાર ન હતો. આથી ત્રીજી ઓગસ્ટ, ૧૮૮૫ ના રોજ એમના પિતાએ ભિખાઈજીનાં લગ્ન શ્રી રૂસ્તમ કામા સાથે કરાવ્યાં પણ ભિખાઈજી કાંઈ જુદી જ માટીનાં ઘડાયેલાં મહિલા હતાં. આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમનો જુસ્સો અને દેશપ્રેમ સહેજે ઓસર્યો નહીં. ૧૮૯૬ માં મુંબઈમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે જનસામાન્યની સેવા કરતા કરતાં ૧૯૦૨ માં ભિખાઈજી સ્વયં ગંભીર રીતે બીમારીમાં પટકાયાં. સારવારને નામે એમના પતિ રૂસ્તમજી કામાએ ભિખાઈજીને લંડન મોકલ્યાં. જેથી એમનું દેશસેવાનું પ્રબળ ઝનૂન ઓછું થાય. વિદેશમાં ગયા પછી પણ એમણે સ્વસ્થતા પ્રાપ્ત થતાં જ પોતાના રાષ્ટ્રની સ્વતંત્રતાની લડતના પુનઃ શ્રીગણેશ કર્યા.

૧૯૦૫ માં શ્યામજી કૃષ્ણવર્માએ 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કરી, તેમાં ભિખાઈજી જોડાયાં અને શ્યામજી કૃષ્ણવર્મા તથા સરદારસિંહ રાણા જેવા ક્રાંતિકારીઓ

સાથે મળીને કામ કરવા માંડ્યું. તેમણે 'ધ ઇન્ડિયન સોશિયાલિસ્ટ' સમાચાર-પત્ર પ્રકાશિત કરીને ભારતની પરાધીનતા તરફ વિદેશમાં સહુનું ધ્યાન ખેંચ્યું. લંડનમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે 'ઇન્ડિયા હાઉસ' છાત્રાલય સ્થાપ્યું. ભિખાઈજી આ વિદ્યાર્થીઓને દેશભક્તિના પાઠ ભણાવી રાષ્ટ્રમુક્તિ માટેની ભાવના જગાવી વિદ્રોહ માટે પ્રેરિત કરવા લાગ્યાં અને તેઓ ભારતીય વિદ્રોહીઓની જનેતા તરીકે ઓળખાવા લાગ્યાં. ભારતમાં પણ ગુપ્ત રીતે આ વિષયનાં કેટલાંક પુસ્તકો અને ચોપાનિયાંઓ મોકલતાં, જેથી ભારતમાં સશસ્ત્ર લડત ચલાવનારા ક્રાંતિકારીઓને એ સામગ્રી સહાયભૂત થાય. તેઓ ગુપ્ત રીતે બંદૂક, દારૂગોળો અને બૉમ્બ બનાવવાની માહિતી પણ મોકલતાં.

આ ઉપરાંત લંડનના મુક્ત લોકાભિવ્યક્તિ માટે પ્રસિદ્ધ હાઈડ-પાર્કમાં તેજાબી ભાષણો આપતાં અને તેમની અદ્‌ભુત વાક્છટાથી શ્રોતાઓ પર છવાઈ જતાં હતાં. પરિણામે અંગ્રેજ સરકાર ખળભળી ઊઠી અને ભિખાઈજીને એમની આવી વિરોધી કાર્યવાહી બંધ કરવા અનેક ચેતવણીઓ આપી. તેમ છતાં ભિખાઈજી પોતાની લડતમાં અડગ અને અણનમ રહ્યાં.

૧૯૦૭માં જર્મનીના સ્ટુર્ટગાર્ટ શહેરમાં 'બીજી આંતરરાષ્ટ્રીય સોશિયાલિસ્ટ કોંગ્રેસ' નું અધિવેશન ભરાવાનું હતું. તેમાં માદામ કામા અને સરદારસિંહ રાણાએ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું નક્કી કર્યું. તેમને અધિવેશનમાં ભાગ લેતાં રોકવા માટે ભારતની અંગ્રેજ સરકારે ઘણા પ્રયત્નો કર્યા, પણ એમાં તે ફાવી નહિ. આગળ જણાવ્યું તેમ માદામ કામાએ ભારતમાં અંગ્રેજો દ્વારા થતાં શોષણ, દમન અને ગુલામીનું વર્ણન કર્યું ને ભારતનો ધ્વજ ફરકાવી કહ્યું, 'આ છે ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ! જુઓ, એણે જન્મ ધરી લીધો છે! (અથવા એ અવતરી ચૂક્યો છે) શહીદ ભારતીય યુવાનોના રુધિરથી તે અંકિત છે! સજ્જનો! હું તમને પોકાર કરું છું કે ઊભા થાવ અને ભારતની આઝાદીના ધ્વજને સલામ કરો. આ ધ્વજને નામે આઝાદીને ચાહનારાઓને અપીલ કરું છું કે આ ધ્વજને ફરકાવી માનવજાતિના પાંચમા ભાગને મુક્ત કરવામાં સહકાર આપજો.'

તે પછી માદામ કામા આ ધ્વજની એક નકલ હંમેશાં પોતાની સાથે રાખતાં અને જ્યારે પણ ભાષણ આપવા જતાં ત્યારે પહેલાં ટેબલ પર ધ્વજ મૂકી ફરકાવતાં. તેમણે શરૂ કરેલા 'તલવાર' નામના સામયિકના પૂંઠા પર પણ આ ધ્વજનું ચિત્ર તેઓ છાપતાં. જર્મનીના અધિવેશન બાદ થોડા સમાજવાદીઓના આમંત્રણથી તેઓ અમેરિકા ગયાં અને ત્યાં પણ ઠેર ઠેર ભારતની આઝાદીની તરફેણમાં ભાષણો આપી તે અંગે જનમત જાગૃત કર્યો. લંડન પાછાં આવી તેમણે પોતાનાં ભાષણોનું સંકલન કરી પત્રિકા રૂપે છાપ્યાં, જે તે સમયે વિદેશમાં વસતા ભારતીય ક્રાંતિકારીઓ માટે ઘોષણાપત્ર જેવાં બની રહ્યાં. અંતે અંગ્રેજ સરકાર એમના પર કોઈ જલદ અને આકરાં પગલાં ભરવા તૈયાર થઈ રહી હતી તેનો અંદેશો આવતાં તાત્કાલિક લંડન છોડી તેઓ ઇંગ્લિશ ચેનલના રસ્તે ફ્રાન્સ જતાં રહ્યાં.

અહીં પેરિસમાં પણ માદામ કામાએ પોતાની ચળવળ ચાલુ રાખી. તેઓ ક્રાંતિકારીઓને પોતાના ઘરમાં આશ્રય આપતાં અને બૉમ્બ બનાવવાની તાલીમ આપતાં. તેઓ માનતાં કે, 'સાચી દેશભક્તિ એટલે સફળતાપૂર્વકનો વિદ્રોહ.' તેમણે પેરિસમાં 'પેરિસ ઇન્ડિયન સોસાયટી' ની સ્થાપના કરી. વળી તેઓ 'વંદે માતરમ્' નામના સામયિકમાં લેખો લખતાં અને દર સપ્તાહે તેનું પ્રકાશન કરતાં. આ સામયિકો તેઓ પોંડિચેરી (હાલ પુદુચેરી) નામના ફ્રેંચકોલોની દ્વારા ભારતમાં મોકલતાં હતાં. માદામ કામાએ વીર સાવરકરનું પુસ્તક 'ધ ઇન્ડિયન વૉર ઑફ ઇન્ડિપેન્ડન્સ ૧૮૫૭' ને ગુપ્ત રીતે આર્થિક સહાય કરી તેને જુદી જુદી ભાષાઓમાં પ્રકાશિત કરવામાં સાથ આપ્યો હતો. તેમણે સાવરકરને અંગ્રેજોની જેલમાંથી મુક્ત કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એટલું જ નહીં પણ તેમનો કેસ હેગમાં 'ધ ઇન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ' માં લઈ ગયાં, પણ દુર્ભાગ્યવશ અંગ્રેજ સરકાર સામે હારી ગયાં. માદામ કામાની આ પ્રવૃત્તિઓનો અંગ્રેજ સરકારને ખ્યાલ આવ્યો, ત્યારે ૧૯૧૦ માં ફ્રાન્સની સરકારને માદામ કામાની સોંપણી કરવા રજૂઆત કરી. શરૂઆતમાં તો ફ્રાન્સની સરકાર તે માટે સહમત ન થઈ, પણ ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં જર્મનીની સામે ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ એકજૂથ થયાં. આથી ફ્રાન્સની સરકારે માદામ કામાની ધરપકડ કરી પેરિસથી દૂર એક કિલ્લામાં તેમને નજરકેદ કર્યા. વિશ્વયુદ્ધ પૂરું થતાં માદામ કામા નજરકેદમાંથી મુક્ત થયાં પણ તેઓ પેરિસમાં જ રહ્યાં.

વર્ષોના અવિરત શ્રમને લીધે તથા વૃદ્ધત્વને લીધે શરીર અશક્ત થઈ ગયું હતું. વળી બીમારીએ પણ માદામ કામાનું શરીર ક્ષીણ કરી નાખ્યું હતું. આવકનું કશું સાધન હવે રહ્યું ન હતું, તેથી સેવા-શુશ્રૂષા કરનાર પણ કોઈ ન હતું. આથી માદામ કામાનું મન ભારત પાછા આવવા ઝંખતું હતું, પણ અંગ્રેજ સરકારને હજુ પણ આ વીરાંગનાનો ભય સતાવતો હતો. તેથી તેમને ભારત આવવાની મંજૂરી આપતી ન હતી. પાંત્રીસ પાંત્રીસ વર્ષથી દેશવટો ભોગવ્યા બાદ અનેક વિદેશી મિત્રોની અરજીઓ અને સ્વયં માદામ કામાની લેખિત બાંયધરી કે 'તેઓ કોઈ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહી લે' પછી જ તેમને સ્વદેશ પાછાં ફરવાની અનુમતિ આપી.

અંતે ૧૯૩૫ ની સાલમાં ૭૪ વર્ષની ઉંમરે આ મહાન રાષ્ટ્રપ્રેમી મહિલા સ્વદેશ પાછાં આવી શક્યાં. પણ તેમની ગંભીર બીમાર પરિસ્થિતિને લીધે મુંબઈની 'બી.ડી.પટીટ પારસી જનરલ હોસ્પિટલ' માં દાખલ કરવામાં આવ્યાં જ્યાં ૧૩મી ઓગસ્ટ, ૧૯૩૬ ના દિવસે તેમણે અંતિમ શ્વાસ લીધો. તેમણે પિતા સોરાબજી તરફથી જે કાંઈ વારસામાં મળેલું તે કન્યાઓ માટેના

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)**

# સનાતન છતાં નિત્યનૂતન : વિનોબાજી

**વિભૂતિ વંદના**

**વસંતભાઈ ગઢવી**

બે જૂના મિત્રો વાતચીત કરે છે અને બાર વર્ષના નારાયણ દેસાઈ ધ્યાનથી સાંભળે છે. સંવાદ કરનાર વ્યક્તિઓ ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતા (ભાવનગર) છે. વૈકુંઠભાઈ ઉત્સુકતાથી મિત્ર મહાદેવને પૂછે છે :

“મહાદેવ, બાપુ જવાહરને પોતાના વારસ કહે છે તેમાં હું એટલું સમજું છું કે જવાહર બાપુના રાજનૈતિક વારસ છે. પણ બાપુનું જીવન એ કંઈ એકલું રાજકારણ નથી. બાપુનું અધ્યાત્મક્ષેત્રમાં પણ મોટું પ્રદાન છે. બાપુના આધ્યાત્મિક વારસ કોણ?”

મહાદેવભાઈ મિત્રની ઉત્સુકતા સંતોષવા માટે તત્ક્ષણ જવાબ આપે છે. જવાબ કાન માંડીને સાંભળવા જેવો છે.

મહાદેવભાઈ કહે છે : “કોઈ મને ઊંઘમાંથી ઉઠાડીને પણ આ પ્રશ્ન પૂછે તો હું ખચકાયા વિના જવાબ આપું : વિનોબા.”

વિચારપૂર્વકના પ્રશ્નનો અર્થસભર જવાબ. વિરાટ વ્યક્તિત્વના સ્વામી વિનોબાએ ગાંધીવિચારને અનુસરીને ગાંધીનાં કેટલાંયે અપૂર્ણ રહેલાં કાર્યોને તેના અંતિમ ધ્યેય તરફ ગતિ આપી. સ્વતંત્ર ભારત દેશની ચૂંટાયેલી સરકાર દિલ્હીની ભવ્ય મહેલાતોમાં બેસતી હતી, પરંતુ ‘ગાંધીવિચારોની સરકાર’ વિનોબાજીના સ્વરૂપે દેહ ધારણ કરીને દેશના ખૂણે ખૂણે પરિભ્રમણ કરતી હતી. ગાંધીવિચાર અને વિનોબાની આવી ઐતિહાસિક પદયાત્રાઓને પ્રચંડ જનપ્રતિસાદ મળતો હતો. જયપ્રકાશ નારાયણ અને દાદા ધર્માધિકારી જેવા વિચારશીલ લોકો આ સિવાય વિનોબાના કાફલામાં જોડાયા ન હોત. દેશના અનેક લોકોનાં હૃદય પર વિનોબાજીનું પ્રેમાળ વ્યક્તિત્વ શાસન કરતું હતું. બાબા કહેતા હતા : “મારી જિંદગીનાં બધાં કામ દિલોને જોડવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરિત છે.” બાબાનો સંદેશ તથા ભૂદાનયજ્ઞનું ઠોસ કામ સમાજની સમરસતા ઊભી કરવામાં કારણભૂત બન્યું હતું. બદલાતા સમયમાં માનવમૂલ્યોના જતન માટેની બાબાની આ પહેલ હતી.

*થંભી જાઓ તલવારીઆ!*
*કાં તલવાર સજાવો?*
*તેગ તોપને ખાંડો ખાંડણીએ*
*દાતરડાં નિપજાવો ...*
*અલેકીઓ માગવા આવ્યો રે*
*આ તો દેશ દખણનો બાવો*
*નથી ભાળ્યો કદી આવો!*

કવિ કાગ કહે છે કે આ વિનોબા જેવા “બાવા” અમે અગાઉ જોયા નથી. એક વ્યક્તિના પુરુષાર્થની આ ગંગોત્રીએ વિશાળ સરિતા સ્વરૂપે ફેલાઈને માનવકલ્યાણનાં શ્રેષ્ઠ કાર્યો અનાસક્ત ભાવે તથા વ્યાપક સ્વરૂપે કર્યા છે. વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૫ ના રોજ થયો હતો.

ગાંધીજીની વિદાય પછી તેમના વિચારો અનુસાર અનેક કાર્યો વિનોબાજીએ કપરા સંજોગોમાં પણ કર્યા તે જાણીતો ઇતિહાસ છે. ૧૯૫૧થી ભૂમિહીનો માટે ભૂમિદાન માંગવું શરૂ કર્યું. ભૂમિદાનના આ વિચારમાં જ નકસલવાદ જેવી પ્રવૃત્તિને ઊભી થતાં પહેલાં જ રોકવાની શક્તિ હતી. લગભગ ૧૩ વર્ષ સુધી સતત પગપાળા ભ્રમણ કરીને લાખો એકર ભૂમિ દાનમાં મેળવીને ભૂમિહીનોને આપી. જેમની પાસે જમીન નથી તેમને જમીન તથા પરિશ્રમ સાથે જોડીને તેમણે માન્યામાં ન આવે તેવું અસાધારણ યજ્ઞકાર્ય કર્યું. વિનોબાજીના આ યજ્ઞમાં ગુજરાતે પણ ગણનાપાત્ર આહૂતિ આપી. “ઘસાઈને ઊજળા થવામાં” માનનારા રવિશંકર મહારાજના તેમ જ અન્ય ભૂદાન કાર્યકરોની નિષ્ઠા તથા મહેનતનું પરિણામ વાસ્તવિક રૂપે જોવા મળ્યું. ભૂદાનયજ્ઞમાં ગુજરાતનું યોગદાન એ પણ એક ગૌરવભેર લખી શકાય તેવો ઇતિહાસ છે.

વિનોબાજીનાં અનેક અવિસ્મરણિય કાર્યોમાં તેમના ભગવદગીતા પરનાં પ્રવચનો અગ્રસ્થાને છે. વિનોબાજી ધુળિયા જેલમાં ૧૯૩૨ માં હતા ત્યારે ગીતાના દરેક અધ્યાયને આવરી લઈને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યા. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યા. ભગવદ્ગીતાનું મૌલિક વિચારવિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમનાં બા રોજ કથા સાંભળવાં જતાં. એક વાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહ્યું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોઈ તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યું : “તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો? તું આ કામ કરી શકે તેમ છે.” માતાની ચિરવિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના

કરી. ગીતાઈ એટલે શ્રીમદ્ ભગવદ્ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતાઈ = ગીતા + આઈ. માતાને મરાઠીમાં આઈ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઈ' શબ્દ જાણીતો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્યસ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલાં સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો-સાંભળવો ગમે તેવો છે.

*ગીતાઈ મારી મા*
*તેનો હું બાળ અબોધ*
*પડું છું, રડું છું ઊંચકીને તે*
*ખોળામાં લઈ લે છે.*

ભગવદ્ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનું અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબાજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનું ઊજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું. ચાર સાડાચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા નથી. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઈડ્રોજન તથા ઑક્સિજન હોય છે તેમ જ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બંનેનું સરખું જ મહત્ત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્ત્વની તથા દિશાસૂચક લાગે છે! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે. આચાર્ય તરફથી દિશાદર્શન થયેલું છે તે માર્ગે ડગલાં માંડવાની ફરજ આપણી છે.

## લઘુકથા : એનાકોન્ડા

**– *આરતીબા ગોહિલ 'શ્રી'***

'બન્ટી, ઊઠી જા દોસ્ત' આઠ-દસ બાળકો હોસ્પિટલના બિછાને સૂતેલા મિત્રને ઘેરી વળ્યાં. આંખો મીંચી સૂતેલો બન્ટી, કશું સાંભળતો ન હતો.

વેકેશનમાં બાળકોએ 'જંગલબૂક' ફિલ્મ જોઈ. કેટલાકે ટી.વી. પર ફરી જોઈ. પછી તો પૂછવું જ શું...? જંગલબૂકનો વિસ્તાર શેરી, સોસાયટી અને નજીકના પબ્લિક ગાર્ડન સુધી વિસ્તર્યો.

બન્ટી તેમનો આગેવાન, એ મોગલી...જાડો લડાકુ મિજાજ સુમન, તે 'શેરખાન.' બધા કરતાં નાનો, ચપળ, ચાલાક સજલ બન્યો 'બગીરા.' ઝૂંપડપટ્ટીમાંથી રમવા આવતી રમીલા, ભોળી, શાણી છોકરી લીલાનું પાત્ર ભજવે.

જુદા - જુદા એપિસોડ રજૂ થાય. કદીક શેરખાનની શરણાગતિ, ક્યારેક બગીરા અને ભાલુ વચ્ચે ખૂંખાર લડાઈ જામે. ભોળા સસલાને બચાવવા, મોગલી મગરમચ્છ સાથે લડી પડે.

જંગલબૂકનાં આ જીવંત પાત્રો જમવા અને રાત્રે સૂવા પૂરતાં જ ઘેર જતાં. બાકી આખો દિવસ ધમાલ અને જંગલપટ્ટી...

એક સાંજે મોગલી ટીંબા પર જઈ ઊભો. નજરથી પોતાના સામ્રાજ્યને માપી રહ્યો. બાજુમાં શેરખાન ઊંઘરેટી આંખે ચુપચાપ સૂતો હતો. એકાએક ચક્કર આવતાં તે નીચે પટકાયો. જંગલમાં ખળભળાટ...! મિત્રો તેડીને બન્ટીને ઘેર લઈ આવ્યા.

મા-બાપ ચિંતાભર્યા, હોસ્પિટલ લઈ ગયાં. બેભાન થવાનું કારણ કોઈ બતાવી શક્યું નહીં. ડોક્ટરી તપાસ, કેટકેટલા રિપોર્ટ. ઘેરો સન્નાટો ફરી વળ્યો, ઘર અને જંગલમાં.

બન્ટીએ પલંગમાં બેઠા થવા પ્રયાસ ખર્યો, પણ તે આંખોનાં પોપચાં સુદ્ધાં ઊંચકી ના શક્યો. તેના મગજમાં જંગલબૂક, હોસ્પિટલ, મિત્રો, બગીરા, ડૉક્ટર, શેરખાન બધું ભેળસેળ થઈ જતું.

ડૉક્ટર તેના પપ્પાને કંઈક સમજાવી રહ્યા હતા. 'તમારા બંટીને લ્યુકેમિયાએ ભરડો લીધો છે.'

આ સાંભળી બંટી થરથરી ગયો. હરણના બચ્ચાને ગળી જવા ધમપછાડા કરતો અજગર મનમાં ઊપસી આવ્યો.

તેના હોઠ ફફડ્યા. 'એનાકોન્ડા.'

પણ, કોઈ તે સમજી શકે તેમ ક્યાં હતું? એણે ફરીથી આંખો બંધ કરી દીધી એનાકોન્ડાથી બચવા. ■

## દ્રાક્ષ ખાટી છે...

એક હતું શિયાળ. તે ભૂખ્યું થયું એટલે ખોરાકની શોધમાં આમ તેમ ભટકવા લાગ્યું. એવામાં તેની નજર દ્રાક્ષના બગીચા તરફ પડી. તે બગીચામાં દાખલ થયું. તેણે જોયું તો દ્રાક્ષના વેલાની ઉપર સરસ મજાની દ્રાક્ષનાં ઝૂમખાં લટકતાં હતાં. શિયાળના મોંમાં પાણી આવી ગયું. દ્રાક્ષ ખાવા તેણે કૂદકો માર્યો પણ દ્રાક્ષ હાથમાં આવી નહીં. ફરીથી જોર કરીને કૂદકો માર્યો પણ દ્રાક્ષ હાથવેંત છેટી રહી. તેણે વારંવાર કૂદકા માર્યા પણ તે ફાવ્યું નહીં. તે પરસેવે રેબઝેબ થઈ ગયું.

નિરાશ થઈને તે નીચે બેસી ગયું અને મનોમન કહેવા લાગ્યું, 'અરે, હું પણ કેવું મૂર્ખ છું. આ ખાટી દ્રાક્ષ મેળવવા માટે આટલી બધી મહેનત કરું છું. જવા દે...આવી ખાટી દ્રાક્ષ ખાઈને મારે મારું મોં નથી બગાડવું.'

આમ કહીને તે દ્રાક્ષને નફરતની નજરે જોઈને ત્યાંથી ચાલવા લાગ્યું. ■

પ્રેરણા

# સમર્પણનું સ્નેહતીર્થ

જસુભાઈ કવિ

ગુજરાતની સીમા અને સરહદની પડખે શરૂ થતા રાજસ્થાનના એક અંતરિયાળ ગામમાં રહેતા એક બ્રાહ્મણ પરિવારને ઘેર જન્મેલા પ્રથમ દીકરાનું બાળપણ બેઠું થાય એ પહેલાં જ જોઈ શકતા એ બાળકની આંખોની રોશની જોતજોતામાં ઝાંખી પડવા લાગી. શરૂ શરૂમાં તો એ જમાનાની ગ્રામ્ય સંસ્કૃતિમાં તો સહજ ગણાય તેવી ભૂત-ભૂવા, બાધા આખડી અને જાતભાતના ટુચકાઓ પછી પણ નાનકડા બાળકની ઝાંખી થતી જતી દૃષ્ટિમાં કોઈ ફરક ન પડતાં ગામના અને આજુબાજુના લોકોએ એકના એક દીકરાને અમદાવાદના કોઈ નિષ્ણાત તબીબની પાસે સારવાર માટે લઈ જવાની સલાહ આપી. આર્થિક રીતે અછતો અને અભાવોમાં જીવતાં આ યુવાન બ્રાહ્મણ માતા-પિતા હવે શું કરવું તેની મૂંઝવણમાં મુકાઈ ગયાં. ખોળાનો ખૂંદનાર એકના એક દીકરાની આંખોની રોશની પાછી લાવવા માટેના એક ગરીબ છતાં પ્રેમાળ પિતાના સંકલ્પમાં એમની અભણ છતાં આત્મસૂઝથી છલોછલ પત્નીનો પૂરેપૂરો સાથ અને સહકાર મળતાં તેઓ બાળકને લઈને અમદાવાદ પહોંચ્યાં. એ જમાનાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા આંખના તબીબે બાળકની તપાસ કરી નિદાન કર્યું કે, 'બાળકની આંખોની રોશની માટેની અંદરની નસો સુકાઈ ગઈ હોવાથી બાળક જોઈ શકશે નહિ.' નિષ્ણાત તબીબે પોતાનાથી બનતું બધું જ કર્યા પછી નિદાન સાથે માતા-પિતાને સલાહ આપી કે, હવે તમે એને અંધજનો માટેની કોઈ શાળામાં શિક્ષણ માટે દાખલ કરો - હવે એ જોઈ શકશે નહિ માટે હિંમતપૂર્વક અંધ દીકરાના અંધત્વનો સ્વીકાર કરો.

પ્રજ્ઞાચક્ષુ સંતાનના વિકાસમાં જેમ તેમના માટેની શૈક્ષણિક સંસ્થાઓનો બહુ મોટો ફાળો રહ્યો છે, એનાથીયે વધારે ફાળો અને યોગદાન પ્રજ્ઞાચક્ષુ બાળકનાં માતા-પિતાનાં રહેલાં છે. આપણી આ વાતને મજબૂત સમર્થન આપે અને એક ઉદાહરણરૂપ માતા-પિતાની પોતાનાં સંતાનો માટેની સંવેદના, સમજ, સ્વીકાર અને સમર્પણના આ હાજરાહજૂર ઉદાહરણને આપણે જેટલો આવકાર આપીએ તેટલો ઓછો છે.

દીકરાને ભણાવવા માટે અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં એક નાનકડી ઓરડી ભાડે રાખીને માતા-પિતાએ અગવડો વચ્ચે પણ હસતાં હસતાં આ પડકાર ઉપાડી લીધો. શાળા શરૂ થવાના સમયે દીકરાને સ્કૂલમાં મૂકવા જવું, સાંજે સમયસર એને પાછો લઈ આવવો અને એના શૈક્ષણિક વિકાસ માટે પોતાનાથી જે કંઈ થઈ શકે તે બધું જ કરવા માટે માતા પિતાએ પોતાનાં બધાં જ અંગત સુખ અને સગવડોને દાવ પર લગાવી દીધાં.

...પણ વિધિનું નિર્માણ ગણો કે પછી કુદરતની કરામત જે ગણો તે, આ માતા-પિતાના ઘેર દીકરા રૂપે જન્મેલું બીજું સંતાન પણ જન્મ પછીના થોડાક જ મહિનાઓમાં પ્રથમ સંતાનની જેમ જ, નિષ્ણાત તબીબોની સારવાર પછી પણ જોવાની શક્તિ ગુમાવી બેઠું. હવે માતા-પિતાની જવાબદારી ઘણી વધી ગઈ હતી. તેઓ બ્રાહ્મણ હોવાથી નાની-મોટી સેવા-પૂજા કરીને ગુજરાન ચલાવતાં આ માતા-પિતાની બે બે અંધ બાળકોને ઉછેરવાની જવાબદારી અને ખાસ તો તેમને ઉત્તમ શિક્ષણ આપીને પગભર કરવાની તેમની ઇચ્છાને પૂરી કરવામાં નાનકડું બળ પૂરી પાડનારી એક ઘટના બની. અમદાવાદના મેમનગર વિસ્તારના એક માતાજીના જર્જરિત મંદિરની સેવા-પૂજા કરવાનું કામ મળી જતાં હવે બંને અંધ સંતાનોને લઈને તેઓ જર્જરિત મંદિરના પરિસરના ખૂણે ઊભેલી એક તૂટીફૂટી ઓરડીને પોતાનું નિવાસસ્થાન ગણી, પોતાની સમર્પણ અને સંકલ્પની યાત્રાને આગળ વધારતાં ગયાં. મંદિરના પરિસરને ભક્તિભાવથી ચોખ્ખુંચણક કર્યું. આજુબાજુના લોકોના સહકારથી મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો ને સમાંતર બંને અંધ દીકરાઓને સારામાં સારું શિક્ષણ અને ઉત્તમ સંસ્કારો મળે તે માટેનું પોતાનું તપ આગળ વધાર્યું. પણ કુદરતની કસોટી કદાચ હજુ પણ બાકી હતી. આ બ્રાહ્મણને ઘેર ત્રીજા સંતાન રૂપે અવતરેલી દીકરી પણ જન્મ પછી જોતજોતામાં આંખોની રોશની ગુમાવી બેઠી. ઈશ્વર કે કુદરત મજબૂત ખભાઓ ઉપર જ મોટા પડકારો મૂકતો હશે. એવું સમજનારાં અને સ્વીકારનારાં આ માતાપિતાએ ફૂલ જેવી અંધ દીકરીના ઉછેરમાં શિક્ષણ અને સંસ્કારના ઘડતરમાં પોતાને જોતરી દીધી.

અને આ રીતે અમદાવાદના આંગણે લગભગ છેલ્લા અઢી દશકાથી ત્રણ ત્રણ પ્રજ્ઞાચક્ષુ સંતાનોમાં શ્રેષ્ઠ જીવન-ઘડતર સાથે શિક્ષણ અને સંસ્કાર-સિંચન કરી અભણ અને ગરીબ છતાં આત્મસૂઝ અને આત્મબળથી છલોછલ આ બ્રાહ્મણે માતા-પિતાની ફરજનો એક ઊજળો ઇતિહાસ રચ્યો છે.

ત્રણ ત્રણ અંધ બાળકોની મા કંચનબહેન છેલ્લા ચાર ચાર દાયકાથી પોતાનાં અંધ સંતાનોના શિક્ષણને જીવનનું મિશન ગણીને પોતાના બધા જ અંગત અભરખાઓને અભરાઈએ ચડાવીને હસતાં હસતાં પોતાનાં સંતાનોનાં જીવનને અજવાળી રહ્યાં છે અને એ જ રીતે બાવન વર્ષના ભગવતીપ્રસાદ વ્રજલાલ ચૌબીસા પણ એક પિતા તરીકે આજે પણ પોતાની ખખડધજ સાઈકલ ઉપર

અંધ દીકરી દિવ્યાને રોજ કોલેજમાં લેવા-મૂકવા તથા તેના જીવન-વિકાસની અન્ય પ્રવૃત્તિઓમાં તેને સામેલ રાખવા પ્રેમપૂર્વક પુરુષાર્થ કરી રહ્યા છે. અને આ તેઓની તપસ્યાનું ફળ કહો કે પછી તેની જાગૃતિ અને જતનનું, આસ્થા અને ઉછેરનું પરિણામ ગણો, આજે સૌથી મોટો દીકરો મહેશ અંગ્રેજી લિટરેચરમાં ઉજ્જવળ પરિણામો સાથે એમ.એ., બી.એડ્. સુધીનું શિક્ષણ સંપન્ન કરીને હાઈસ્કૂલના એક લોકપ્રિય અને સફળ શિક્ષણ તરીકે પગભર થયો છે. જ્યારે બીજો દીકરો હિતેશ પણ ઇંગ્લિશ લિટરેચર સાથે બી.એ કરીને પોતાની માતૃસંસ્થા નવરંગપુરાની અંધશાળામાં કમ્પ્યૂટર-શિક્ષક તરીકે જોડાયો છે અને સાથે સાથે બેંકની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવી તાજેતરમાં જ સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયામાં પ્રોબેશન ઓફિસર તરીકે પસંદગી પામ્યો છે.

દીકરી દિવ્યા જે અત્યારે શહેરની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં ઇંગ્લિશ લિટરેચર સાથે બી.એ. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે; તે સારું ગાય છે, કુશળ વક્તા બની છે અને વાર્તા તથા કવિતાના માધ્યમથી શબ્દની અભિવ્યક્તિમાં પણ માહેર બની છે. અત્યંત તેજસ્વી દિવ્યા આગળ જતાં આઈ.એ.એસ. થવાનું સ્વપ્ન લઈને ચાલે છે.

ભગવતીપ્રસાદ અને કંચનબહેન, મા-બાપ તરીકેની તપસ્યા પછી આજે એક સુખદ અલ્પવિરામે ઊભાં છે. ત્યારે હજુ તો ત્રણેય સંતાનોને પગભર કરવાનાં, તેમના માટે યોગ્ય પાત્ર શોધીને તેમને પરણાવવાનાં અને ત્રણેય સંતાનો જીવનમાં ખુમારી અને ખુદ્દારી તથા સ્વમાન અને સંવેદના સાથે પોતાની આગવી નામના ઊભી કરે તેવું સ્વપ્ન લઈને આગળ વધી રહ્યાં છે.

ભણેલાં નહિ પણ ગણેલાં - અભણ છતાં આત્મસૂઝ સાથે સંતાનોને ઈશ્વરનો પ્રસાદ ગણી તેમના જીવન-વિકાસ માટે આજીવન મથનારાં આ માતા-પિતાને વધાવીએ તથા આવતીકાલની ઊર્જા અને આશાનું પ્રતીક બની રહેલાં ત્રણેય દિવ્યાંગ ભાઈ-બહેન મહેશ, હિતેશ તથા દિવ્યાને શુભકામના અને આશીર્વાદ પાઠવીએ. ■

*નરસિંહ પછી બીજા કોઈએ મહાન ઊર્મિકવિતા આપી હોય તો તે ન્હાનાલાલે અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં ઊર્જિતતા (**Sublimity**) નું મનભર દર્શન તો માત્ર આ બે કવિઓમાં જ મળે છે. 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો.' 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ ભવ્યચિત્રમાળા ફરી ન્હાનાલાલ મોટા પાયા ઉપર આગળ ચલાવી શકે છે : 'વિરાટનો હિંડોળો ઝાકમજોર; કે આભને મોભે બાંધ્યા દોર,' 'બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજ સમ ઊડું, ત્યાં એકલો ઊડું'... દૃષ્ટાંતો શોધવાં પડે એમ નથી. ભવ્યતા ન્હાનાલાલની કલ્પનાની હડફેટમાં આવ્યા જ કરે છે.*

**– ઉમાશંકર જોશી**

# ગુરુભક્ત આંબેડકર

ડૉ. આંબેડકરનો બાહ્ય દેખાવ કઠોર હતો એ વાત સાચી. એમનું વ્યક્તિત્વ આકર્ષક અને આક્રમક હતું. તે છતાંય તેમના નિકટના માણસો સાથે તેમનો વ્યવહાર અત્યંત પ્રેમાળ રહેતો હતો. સન ૧૯૨૪નો એક પ્રેરણા પ્રસંગ છે.

ડૉ. આંબેડકર પોતાના કાર્યાલયમાં કોઈ એક વિષય ઉપર ચર્ચા કરી રહ્યા હતા. અન્ય લોકો શાંતિથી ચર્ચા સાંભળી રહ્યા હતા. એ સમયે જ એક વયોવૃદ્ધ સદ્‌ગૃહસ્થ લાકડીને સહારે એમના કાર્યાલયના દરવાજે આવીને ઊભા રહ્યા. ડૉ. સાહેબ તો એમને જોતાવેંત ખુરશીમાંથી ઊભા થઈ ગયા અને સીધા જ જઈને વૃદ્ધ પુરુષના ચરણોમાં પડ્યા. બીજા લોકોને તો ખૂબ નવાઈ લાગી.

પેલા આગંતુકે આશીર્વાદ આપતાં કહ્યું, 'ચિરંજીવી હો!' ડૉ. સાહેબ આદર સહિત એમને કાર્યાલયમાં દોરી લાવ્યા. બધા વૃદ્ધજનની ઓળખાણ ઇચ્છતા હતા. એટલે ડૉક્ટર સાહેબે કહ્યું, 'મિત્રો, આ મારા ગુરુજી છે. એમના હાથ નીચે મેં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે. તમે જાણો છો કે હું તો આંબાવડેકર હતો પણ મને 'આંબેડકર' અટક આપનાર આ ગુરુજી છે. એમના પાવન પગલાં કાર્યાલયમાં પડ્યાં એથી હું આજે ધન્યતાનો અનુભવ કરું છું.''

એક જમાનો હતો જ્યારે આ બાળકને કોઈ ઓળખતું ન હતું, તે આજે આંબેડકર બની ગયો હતો. મહાન વિદ્વાન હોવા છતાંય એની નમ્રતા કે ગુરુભક્તિમાં ક્યાંય ઓટ ન આવી હતી. ગુરુજી તો માન-પાન પામી ભાવવિભોર થઈ ગયા હતા. ખેસથી આંખો લૂછતા તેઓ બોલ્યા : 'ભીમા! તેં તારા કુળનું નામ તો દીપાવ્યું જ છે, પણ તારા લીધે તો મનેય યશ મળ્યો છે. તું અમર થવાો છે. કદાચ તારી સાથે મને પણ અમરત્વ મળે.' ગુરુજી હવે જવાની તૈયારીમાં જ હતા, ત્યાં જ આંબેડકર બોલ્યા, 'સાહેબ! મેં હજુ કમાણી કરી નથી, છતાંય તમારી ઇચ્છા એવી છે કે હું આપને ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપના ચરણોમાં સમર્પિત કરી ગુરુદક્ષિણા ચૂકવું અને ગુરુઋણમાંથી મુક્તિ મેળવું.' આ સાંભળી ગુરુજી તો અનિમેષ નયને ભીમાને નિહાળતા જ રહ્યા. 'તેં જે અફાટ વિદ્યા સંપાદન કરી એ જ મારી ગુરુદક્ષિણા છે. એનાથી વિશેષની મને કામના નથી.'

ભીમ બોલ્યો, ના ગુરુજી, મારી ફરજ છે કે હું તમને ગુરુદક્ષિણા આપું. જો આપ કહો તો આપને ત્યાં આવું. ગુરુજી બોલ્યા, ના ના! જોજે એવું કરતાં. અમારા લોકો કેટલા રૂઢિચુસ્ત છે એની તો તને જાણ છે જ. એના કરતાં તારી ઇચ્છા હોય તો હું જ અહીં આવી જઈશ. તારું કોઈ અપમાન કરે એ મારાથી સહન નહિ થાય તેથી હું જ અહીં આવીશ.

તા. ૨૬-૬-૧૯૨૪ ને ગુરુવારના દિવસે ગુરુજી સવારમાં પુનઃ પધાર્યા. ડૉ. સાહેબ પાંચ પાન, પાંચ સોપારી, સવા રૂપિયો અને નવી ધોતી ગુરુજીના ચરણોમાં ગુરુદક્ષિણા મૂકી. આમ તેમણે ગુરુદક્ષિણા ચૂકવી. ગુરુજી ઘરે પહોંચ્યા ત્યાં સુધી એમની આંખના હર્ષના આંસુ સૂકાયાં નહોતાં. આવા વિનમ્ર હતા ડૉ. આંબેડકર અને વિરલ હતી અજોડ ગુરુભક્તિ.

***જયેન્દ્ર ત્રિપાઠી, - અમદાવાદ (મો. ૮૦૦૦૮ ૨૮૫૩૫)***

# આચમન

વિવિધ લેખકો

## બાજીરાવ પેશવાની મહાનતા

*– રોહિત શાહ*

ગોદાવરી નદીના તીરે ભયાનક યુદ્ધ મંડાયું હતું. એક તરફ મહારાષ્ટ્રના બાજીરાવ પેશવાનું સૈન્ય હતું તો બીજી તરફ નિઝામ-ઉલ-મુલ્કની સેના હતી.

યુદ્ધ હોય ત્યાં વિનાશ સિવાય બીજું તો શું હોય?

બન્ને પક્ષે યુદ્ધમાં સૈનિકોની ખુવારી થતી હતી. ક્યારેક પેશવાના સૈન્યને વિજય દેખાય તો ક્યારેક નિઝામનો વિજય દેખાય! દિવસો વીતતા જ રહ્યા. વિનાશ વધતો જ રહ્યો. પરંતુ બન્નેમાંથી કોઈ ઝૂકવા તૈયાર નહોતું! યુદ્ધનું કારણ જે હોય તે, પરિણામ તો સદાય માઠું જ આવે છે.

યુદ્ધ ધાર્યા કરતાં લાંબુ ચાલ્યું એટલે નિઝામ ઉલ મુલ્કની સેના પાસે અનાજનો ભંડાર ખૂટી પડ્યો. હવે કરવું શું? ભૂખ્યા પેટે લડાઈ કેવી રીતે લડાય? વળી, પોતાના રાજ્યમાં તો હવે અનાજની અછત ઊભી થઈ હતી, એટલે અનાજ લાવવું ક્યાંથી? અને શી રીતે મેદાન ઉપર પહોંચાડવું? ભારે વિમાસણ પેદા થઈ.

નિઝામના સેનાપતિ અને મંત્રી સાથે કેટલાક સલાહકારોએ મળીને ઉકેલ શોધવા પ્રયત્ન કર્યો. છેવટે સૌ કોઈએ નક્કી કરીને પોતાના એક ખાસ દૂત દ્વારા પેશવા બાજીરાવને કહેણ પાઠવતાં જણાવ્યું કે : "અમારી પાસે અનાજનો પુરવઠો ખૂટી પડ્યો છે. આપ અમારા સૈનિકો માટે થોડા અનાજની વ્યવસ્થા કરો તેવી આપને નમ્ર વિનંતિ છે."

દૂત તો સંદેશ લઈને પેશવાને મળ્યો.

બાજીરાવ પેશવા ઘડીભર વિચારમાં પડી ગયા. શું કરવું! દુશ્મન સૈન્યને અનાજ આપવું જોઈએ કે નહિ? પેશવાએ તરત જ પોતાના સલાહકારોને પાસે બોલાવીને મંત્રણાઓ શરૂ કરી દીધી. સૌ કોઈએ કહ્યું, "નામવર! દુશ્મનને હરાવવાની આ તો મોટી તક કહેવાય. એમના અડધા સિપાઈઓ તો ભૂખને કારણે આપોઆપ મૃત્યુ પામશે!" બાજીરાવે સૌનો અભિપ્રાય જાણી લીધા પછી પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું : 'ભાઈઓ! જેવી રીતે નિઃશસ્ત્ર શત્રુ ઉપર હુમલો કરવો યોગ્ય નથી, જેવી રીતે ઊંઘતા શત્રુને હણવો ઉચિત નથી, એ જ રીતે ભૂખ્યા સૈનિકો ઉપર આક્રમણ કરવું એ પણ મને વાજબી લાગતું નથી!" "તો શું કરવું જોઈએ?"

"નિઝામે માગેલા જથ્થા કરતાં વધુ અનાજ મોકલીને આપણે તેમનું સન્માન કરવું જોઈએ! એમાં જ આપણી નિષ્ઠા છે, એમાં જ આપણું ગૌરવ છે."

સૌએ વાત વધાવી લીધી. પેશવાએ અનાજ મોકલ્યું. નિઝામે પ્રસન્ન થઈને તરત જ સંધિ કરી અને મૈત્રી સ્વીકારી લીધી!

★

## "આપણે વાસી ખાઈને ઉપવાસી રહીએ છીએ?"

પહેલાના સમયમાં એક બહેન. લગ્ન થયા. સાસરે ગયા. થોડા દિવસ પછી એક સંબંધી તેના ગામમાં આવ્યા મળ્યા. જતી વખતે પૂછે છે કે પિયરમાં કંઈ કહેવું છે?

બહેન કહે કે ઘરે કહેજો કે "દિકરી મજામાં છે. વાસી ખાય છે ને ઉપવાસી રહે છે." પેલા ભાઈ કહે - સારું, તેમના ગયા પછી સાસુ પુછે છે કે "વહુ, તમને અહીં આવ્યા પછી ક્યારે વાસી ખવડાવ્યું? ક્યારે ઉપવાસ કરવો પડ્યો?" વહુ કહે-હું અહીં આવી ત્યારથી જોઉં છું કે બધા ખાઈ-પીને મજા કરે છે. પણ કોઈ ભગવાનને યાદ કરતું નથી કે સત્કર્મ કરતું નથી. ગયા જન્મે કંઈ સારા કર્મો કર્યા હશે તેથી આ જન્મમાં ભગવાને ઘણી સંપત્તિ આપી છે. તેથી એવું કહ્યું. સાસુ કહે-બેટા, સમજાવો કેવી રીતે?

વહુ કહે-બા, આ જન્મમાં જે પણ સુખ ભોગવીએ છીએ તે ગયા જન્મના સત્કર્મનું પરિણામ છે તે અર્થમાં આપણે વાસી (ગયા જન્મનું) ખાઈએ છીએ. અને (આવતા જન્મને માટે) આ જન્મમાં કંઈ સત્કર્મ કરીને જમા કરાવવા નથી તે અર્થમાં ઉપવાસી રહીએ છીએ. એટલે કહ્યું કે "વાસી ખાઈએ છીએ અને ઉપવાસી રહીએ છીએ."

આપણું પણ કંઈ તેવું તો નથીને?

આંતર અવલોકન કરીએ અને સત્ (પ્રભુ) ને ગમે, તેની નજીક જવાય તેવા થોડાઘણા પણ સત્કર્મ કરીને આ જન્મ તથા આવતો જન્મ સફળ બનાવીએ. અસ્તુ.

*(ઇન્ટરનેટ પરથી) પ્રેષક : શાંતિલાલ ગડા*

★

## અમેરિકા

અમેરિકા દુનિયાનો સૌથી ધનાઢ્ય દેશ છે પરંતુ અમેરિકન શાળાઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પુસ્તકો આપે છે અને પરીક્ષા પૂરી થયા બાદ વિદ્યાર્થીઓ એ પુસ્તકો શાળાને પાછા સોંપે છે, જેથી કરીને બીજા વિદ્યાર્થીઓને પછીના વર્ષમાં તેનો લાભ મળે. પરંતુ ભારત જેવા ગરીબ દેશમાં, ગરીબ વિદ્યાર્થીઓને દર વર્ષે પુસ્તકો પાછળ સારી એવી રકમ-મજબૂરીમાં ખર્ચવી પડે છે અને વર્ષને અંતે, તેઓ આ પુસ્તકો પસ્તીમાં વેચી દે છે. હજારો વૃક્ષો કપાય છે અને કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ ફાયદો થાય ફક્ત થોડાક વચેટિયાઓને. આ પ્રણાલીને આપણે બદલવી જ રહી.

*(ઇન્ટરનેટ પરથી) પ્રેષક : શાંતિલાલ ગડા*

★

## કચરાને કંચનમાં ફેરવવાની કળા

'સ્વચ્છતા અભિયાન' વાસ્તવમાં બહુ જ ટૂંકી દૃષ્ટિથી ઘડવામાં આવેલું અભિયાન છે. શેરીઓ અને રસ્તાઓ પર સાવરણા ફેરવી, સોશિયલ મીડિયામાં ઝાડું સાથેના ફોટા અપલોડ કરીને, પ્રેસનોટ વહેતી કરીને એમ માનવામાં આવે છે કે સ્વચ્છતા થઈ ગઈ. સફાઈવાળો ઘરે-ઘરેથી કચરો કલેક્ટ કરી જાય એ છેલ્લું નહીં, પહેલું પગથિયું છે. એ પછી જ સાચી શરૂઆત થાય છે. કચરાને એકઠો કરી, અલગ-અલગ ભાગમાં વિભાજિત કરી તેનું યોગ્ય વિધિવિધાન કરવું પડે છે. ઈ-વેસ્ટ અલગ કરવો, પ્લાસ્ટિકનો કચરો અલગ રાખવો, ઘન કચરો અને પ્રવાહી કચરો અલગ રાખવો, ખાદ્ય પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલો અને અખાદ્યમાંથી પેદા થયેલો કચરો અલગ રાખવો એ બધું વિભાજન ખૂબજ આવશ્યક છે. ત્યારબાદ દરેકની જુદી-જુદી પ્રોસેસ કરીને તેને રીસાઈકલ અથવા વિઘટિત કરવાનો હોય છે, પરંતુ આપણે ત્યાં આ કંઈ થતું જ નથી.

રસ્તા પર કચરો ન ફેંકવો, આંગણું સાફ રાખવું એ જવાબદારી જનતાની છે, પરંતુ કચરાની યોગ્ય ટ્રીટમેન્ટ કરી તેનો નિકાલ કરવો એ સરકારની જવાબદારી છે.

ભારતમાં દર વર્ષે ૬૨૦ લાખ ટન કચરો પેદા થાય છે. તેમાંથી ૮૦ ટકા ગાર્બેજ કલેક્શન થાય છે અને ૨૮ ટકાની જ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. બાકી બધું રામ ભરોસે છોડી દેવામાં આવે છે. આપણા દેશનું વેસ્ટ મેનેજમેન્ટ જ કચરા જેવું છે.

કચરાને કંચનમાં ફેરવવાની કળા આપણે દક્ષિણ કોરિયા પાસેથી શીખવી જોઈએ. રાજધાની સોલમાં હાન નદીની વચ્ચોવચ્ચ આવેલો નાનજિડો ટાપુ એક જમાનામાં તેના કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત હતો. વિકાસ પાછળની વિઘ્ન દોડે વખત જતા દ્વીપનું સૌંદર્ય નષ્ટ કરી નાખ્યું. ૭૦ના દશકમાં તે કચરાના ઢગમાં ફેરવાઈ ગયો. તેની ઊંચાઈ વધતા-વધતા છેક ૯૮ મીટર સુધી પહોંચી. તેમાંથી નીકળતા દુર્ગંધ, ઝેરી પાણી અને મિથેન ગેસ લોકોનું જીવવાનું દુષ્કર બનાવી રહ્યાં હતાં. આસપાસના વિસ્તારોમાં મિલકતના ભાવ ધરાશાયી થવા લાગ્યા. લોકો મકાન ખાલી કરીને આઘે રહેવા જવા લાગ્યા. મુંબઈના દેવનાર ખાતે જે સમસ્યા છે તેના કરતા પણ વિકટ સમસ્યા નાનજિડોમાં હતી. દક્ષિણ કોરિયાના ડાહ્યા શાસકોએ આનો રામબાણ ઈલાજ શોધી કાઢ્યો. 'નાનાજીડો લેન્ડફીલ રિકવરી પ્રોજેક્ટ.' દુર્ગંધને ડામવા માટે સૌપ્રથમ તો તેમણે કચરાના ઢગલા પર માટીની ચાદર પાથરી દીધી. ઝેરી પાણી નીકળતું રોકવા માટે ફરતે બેરિયર લગાવવામાં આવ્યા. ઝેરી કદડાને કૂવામાં એકઠો કરી ટ્રીટમેન્ટ કરી તેમાંથી છુટુ પાડેલું ચોખ્ખુ જળ હાન નદીમાં વહાવી દેવાયું. માટીના થર પર જાળ પાથરી દેવામાં આવી જેથી વરસાદનું પાણી તેમાં ભળીને વધુ ઝેરી રસાયણો ઉત્પન્ન ન કરે. મિથેન વાયુને નજીકના વિસ્તારોમાં રહેતા લોકોને બળતણ તરીકે આપવામાં આવે છે. અહીં બળતણની કિંમત સોલના અન્ય વિસ્તારો કરતા ૬૦ ટકા છે. રિસામણે જતી રહેલી કુદરત અહીં પાછી ફરી છે. જ્યાં એક સમયે કચરાનો ડુંગરો હતો ત્યાં અત્યારે પાંચ વિશાળ પાર્ક બનેલા છે. એક સમયનો હાઈરાઈઝ ઉકરડો આજે પિકનિક સ્પોટમાં પરિવર્તિત થઈ ગયો છે. દર વર્ષે એક કરોડ સહેલાણીઓ ત્યાં ફરવા જાય છે.

શહેરમાં પ્લાસ્ટિકની કોથળીઓ પર પ્રતિબંધ મૂકવા જેવું સામાન્ય કામ પણ અઘરી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને આવેલા અધિકારીઓથી થતું નથી. ગાયના પેટમાંથી મણ-મણ પ્લાસ્ટિક નીકળે તેનું ગોરક્ષકોને જરા પણ દુઃખ થતું નથી. રવાન્ડા અને કેન્યા જેવા પછાત દેશોમાં પ્લાસ્ટિક વપરાશ પર જડબેસલાક પ્રતિબંધ લાદી શકાયો છે, પણ ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં તે સંભવ બની શક્યું નથી. રાષ્ટ્રવાદીઓના શાસનમાં પણ નહી!

દેશમાં ઉત્પન્ન થતો ૫૦ ટકા કચરો ઓર્ગેનિક હોય છે. તેનું વિઘટન આપમેળે થાય છે અને તેમાંથી સેન્દ્રીય ખાતર તથા બાયોગેસ મળી શકે છે. આજના શહેરો ઊર્જાની રાક્ષસી ભૂખ ધરાવે છે ત્યારે બાયોગેસ તેમની ભૂખ ભાંગવા માટેનો સૌથી ઉત્તમ ઉપાય બની શકે છે. દરેક શહેર બાયોગેસ પર નિર્ભર બને તો આપણે પેટ્રોલ ડીઝલના આયાત બિલ પણ હળવા કરી શકીએ. ઈ-વેસ્ટ અને પ્લાસ્ટિક વેસ્ટ રીસાઈકલ કરી શકાય, જે પ્લાસ્ટિક વેસ્ટ પુનઃવપરાશમાં લઈ શકાય એમ નથી તેને પ્લાસ્ટિક આરોગી જતી ઈયળ ગેલેરિયા મેલોનેલાના હવાલે કરી દેવું જોઈએ. આ બધું કરવામાં આવે તો હિમાલય જેવી કચરા સમસ્યા થોડા જ વર્ષોમાં લીલાછમ સમથળ મેદાનમાં પલટાઈ જાય.

શું કચરો એક જગ્યાએથી ઉસેડીને બીજી જગ્યાએ ઠાલવી દેવામાં આવે તેને સ્વચ્છતા કહેવાય? ૨૦૩૦ સુધીમાં દેશમાં દર વર્ષે ૧૬૫૦ લાખ ટન કચરો ઉત્પન્ન થવા લાગશે. જો પ્રશાસકો અત્યારથી કામે નહીં લાગે તો આખો દેશ કચરા ટોપલીમાં ફેરવાઈ જશે. ■

યાદગાર પત્ર

# લેટર ટુ માય ફાધર

ડૉ. રંજના હરીશ

[વિશ્વ વિખ્યાત જર્મન લેખક ફ્રેન્જ કાફકા (૧૮૮૩ થી ૧૯૨૪) ને લગ્ન ફોબિયા હતો. પોતાની ૧૮ વર્ષની ઉંમરથી તે સતત સ્ત્રીઓના પ્રેમમાં પડતો, હરતો ફરતો, તેમને ઉત્કટપણે ચાહતો, પરંતુ સંબંધમાં સ્થિરતા લાવવાના અણસાર હોય કે તરત તે બેચેન બની જતો અને છેવટે સંબંધ ફોક કરીને ભાગી છૂટતો. તેણે ત્રણ ત્રણ વાર સગપણ કરેલાં અને તોડેલાં. એક વાર તો એક જ સ્ત્રી (ફેલિસ) સાથે તેણે ત્રણ વાર સગપણ કરેલાં.

ત્રીજી વારનું સગપણ તોડતાં પહેલાં કાફકાને ટી.બી. છે તેવું ડોક્ટરી નિદાન થતાં તેણે એ સંબંધને રોગના બહાના તળે તોડી નાખેલું. ફેલિસ સાથે અંતિમ વારનું સગપણ તોડવાનો કાફકાનો નિર્ણય તેની પ્રેમિકા માટે અત્યંત દુઃખદ હતો અને તેથી તેણે પોતાની બહેનપણી ગ્રેટી બ્લોચને પોતાના પ્રેમીને સમજાવવા તે જ્યાં વસતો હતો ત્યાં પ્રાગ મોકલી. ગ્રેટી સાથેની કાફકાની મુલાકાતોનું પરિણામ વિચિત્ર હતું. તેને સમજાવવા માટે ગયેલી ગ્રેટી તેના પ્રેમમાં પડી ગઈ અને થોડા મહિના કાફકા સાથે રોકાઈ ગઈ. સુખદ સ્વપ્નની જેમ કાફકા તેને જીવનભર સ્મરતો રહ્યો.

ઉપરોક્ત પ્રસંગ બાદ કાફકાના જીવનમાં એક નાનકડા રેસ્ટોરન્ટમાં વેઇટ્રેસનું કામ કરતી લગભગ અશિક્ષિત જેવી જુલી વ્હોરીજેક પ્રવેશી. કાફકાને ઉતાવળ હતી. ઘડિયાં લગ્ન લેવા માટે તેણે દોડાદોડ કરવા માંડી, પરંતુ આ વખતે કાફકાના પિતાએ આ સંબંધનો જોરદાર વિરોધ કર્યો. પરિણામે જીવનભર કોઈ પણ સ્ત્રીની જવાબદારી લેવાના વિચારમાત્રથી ગભરાઈ જતો ભાગેડુ કાફકા પિતા તથા સમગ્ર પરિવારથી વિરુદ્ધ થઈ ગયો. વિખવાદના આ ગાળામાં તેણે પોતાના પિતાને સંબોધીને જર્મન ભાષામાં ૮૬ પૃષ્ઠનો એક દીર્ઘપત્ર લખ્યો (લેટર ટુ માય ફાધર-૧૯૧૯). આ પત્ર કદાચ વિશ્વનો એકમાત્ર પત્ર હશે જેમાં પિતા-પુત્રના નકારાત્મક સંબંધોની તલસ્પર્શી છણાવટ થઈ છે. પિતાના દબદબાપૂર્ણ, આતતાયી વ્યક્તિત્વને આ પત્રમાં કાફકાએ પોતાના એબનોર્મલ જીવન માટે જવાબદાર લેખ્યું.

પોતાના કૃતિત્વ દ્વારા સાહિત્યવિશ્વમાં પોતાની અમીટ છાપ છોડી જનાર ફ્રેન્ઝ કાફકાના ઉપરોક્ત દીર્ઘ પત્રના અંશો પ્રસ્તુત છે.]

*પ્રિય પિતાજી,*

*થોડા વખત પહેલાં તમે મને પૂછેલું કે, હું તમારાથી આટલો બધો કેમ ગભરાઉ છું? આવો વિચિત્ર કેમ થઈ ગયો છું? તેનો જવાબ તે વખતે મારી પાસે નહોતો. કદાચ એ જવાબ શોધવા માટે મારે મારા જીવનની જૂની સ્મૃતિઓ અને વિગતોમાં જવું પડે તેમ હતું...વળી જવાબ આપું તો આપણા સંબંધો વધુ વણસે તેવી શક્યતા પણ ખરી...પણ હવે ઘણું વિચારતાં હું શોધી શક્યો છું કે, તમારી ધાક અને મારી તમારા પ્રત્યેની બીકનાં મૂળ, મારી સમજણ તથા સ્મરણશક્તિથી પણ ઊંડાં છે...*

*તમારે મન આખા કુટુંબમાં તમે એકમાત્ર સાચા હતા, સફળ હતા, પરિશ્રમી હતા અને તેથી તમને મારા જેવા નબળા બાળકને દબડાવતા રહેવાનો પૂરો અધિકાર હતો. તમારો દીકરો હોવા છતાં હું તમારાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનો હતો. તમે ઉગ્ર તો હું શાંત, તમે બળવાન તો હું નિર્માલ્ય, તમે સાક્ષાત્ સ્વાસ્થ્યનું પ્રતીક તો હું અસ્વસ્થતાનો નમૂનો. ટૂંકમાં આપણો કોઈ મેળ જ નહોતો. તેમાં વળી તમારું હૃદયપુષ્ટ શરીર જોઈને મને બીક લાગતી...નાનપણમાં ડાઈનિંગ ટેબલ પર પરિવારના બધા સભ્યો હરફેય બોલતા નહીં. તમે જે વાનગીને અડો તેને સ્પર્શવાની હિંમત સુધ્ધા તેઓ કરતાં નહીં...મને તો એમ જ થયા કરતું કે, આ રાક્ષસી પુરુષ મારા જેવા મગતરાને ક્યાંય કચડી નાખશે...હાશ, એવું કંઈ ન બન્યું પણ જે બન્યું તે તમારા પગ તળે કચડાવા કરતાં પણ વધુ ખરાબ હતું. તમારા ભારે અહંકારે મારો 'હું' મિટાવી દીધો!*

*મને યાદ છે, હું નાનકડો ત્રણ વર્ષનો હોઈશ. રાત્રે મને પુષ્કળ તરસ લાગી અને મેં રડવા માંડ્યું. મારો રડવાનો અવાજ સાંભળીને તમે આવ્યા. મને માના ખોળિયામાંથી ઉપાડીને શિયાળાની કડકડતી ઠંડી રાતમાં તમે મને ભોંય પર મૂકીને દરવાજો બંધ કરી દીધો. તમારા આવા વર્તને મને આજ્ઞાંકિત બનાવી દીધો. તમે જીતી ગયા. હવે હું પાણી માગતો નહોતો, રડતો નહોતો. મને તમારી એવી તો બીક લાગતી કે હું ભગવાનને પ્રાર્થના કરતો કે આ રાક્ષસી પડછંદ માણસ, જે મારો પિતા છે તેને મારા રૂમમાં ન મોકલીશ. તે મને બારીમાંથી બહાર ફેંકી દેશે.*

*તમારા પ્રત્યેની મારી આવી ભાવના વર્ષો સાથે ઉત્તરોત્તર વધતી ગઈ અને હું સાવ બીકણ, અશક્ત, દબ્બુ અને એબ્નોર્મલ બનતો ગયો. મને જરૂર હતી એક થોડા અમથા પ્રેમની, સહાનુભૂતિની, ધીરજની, મૈત્રીની પરંતુ મારું સારું ઇચ્છવાના બહાના હેઠળ તમે મને તદ્દન વિપરીત દિશામાં ધકેલતા ગયા...પોતાનાથી દૂર, દૂર, દૂર...મારા શરીરની સાથોસાથ મારા મન અને બુદ્ધિ પર પણ તમારો જાપ્તો હતો.*

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)

સંસ્થા વિશેષ

# ગુરુકુળની યાદ આવે તેવું વિદ્યાસંકુલ

રજની વ્યાસ

અમદાવાદના સ્ટેશને ઊતરી, રિક્ષામાં બેસી કહો કે - 'સી એન.' એટલે રિક્ષાવાળો તમને લઈ જશે. સડસડાટ આંબાવાડી વિસ્તારમાં સી.એન. વિદ્યાલય.

અમદાવાદના આ લાડકા નામમાં શું છે કે નાનકડું નામ અમદાવાદમાં જાણીતું છે. આજે તો આ સી.એન. અમદાવાદનું એક મહાવિદ્યાલય - સંકુલ છે. કોઈ ભાવનાશાળી વ્યક્તિ વહેલી સવારે તેના વૃક્ષો ને ફૂલોખચિત પરિસરમાં આંટા મારે તો તે એક તપોભૂમિમાં વિહરતી હોય તેવો અહેસાસ થાય. ઘેઘૂર વૃક્ષ પર પક્ષીઓના કલરવ અને અહીં-તહીં મોરલા ટહુકતા હોય ને પાછળ હળવે હળવે ઢેલ દોડતી હોય. આજે અલબત્ત તેમાં પરિવર્તન થયું છે. આમ છતાં મૂલ્યોની આ એક તપોભૂમિ છે. એ જાણવા અતીતમાં થોડું ડોકિયું કરવું પડ્યું.

તમે જો રાયપુર ચકલામાંથી પસાર થતા હો તો લાકડામાં કોતરણી કરેલી એક સુંદર ભવ્ય હવેલી અચૂક નજરે પડે. આ હવેલી એટલે મગનકાકાની હવેલી. તે સમયના કુબેર ભંડારી સમા મગનલાલ કરમચંદ શેઠની હવેલી.

★

અમદાવાદના ગરવા શ્રીમંત અને ધીમંત શેઠ મગનલાલના ઘેર એક શુભ પ્રસંગ હતો.

ગણી ગણાય નહિ એટલી મબલખ ધનદોલતના એ સ્વામી હતા. પણ એ દંપતીનો ખોળો કુદરતે પુત્રવિહીન રાખ્યો હતો. નિયતિના નિર્ણયને માથે ચડાવી પોતાની દીકરીના દીકરા-નામે સારાભાઈને તે આજે દત્તક લઈ રહ્યા હતા. વિધિ સંપૂર્ણ થઈ. ચોપડે શુભ નામ લખાયું. ગઈ કાલ સુધી સારાભાઈ નગીનદાસ તરીકે ઓળખાતા સારાભાઈ આજથી હવે સારાભાઈ મગનલાલ થયા.

કુદરતે કરવટ બદલી અને ભાગ્ય આડેનું દ્વાર ખૂલી ગયું. લગભગ અંધકારસમો ઓરડો તેજોમય પ્રકાશથી ઝળાંહળાં થઈ રહ્યો. સામાન્ય સુખી કુટુંબના સારાભાઈ કરોડપતિ શેઠ બની ગયા! છપ્પર ફાડીને આ ધનવર્ષા થઈ ત્યારે સારાભાઈ હજી તો માંડ યુવાનીમાં પ્રવેશેલા. પણ એ વારસો ભોગવવાનું તેમના ભાગ્યમાં ન હોય તેમ સારાભાઈનું ૨૮મા વર્ષે અકાળે અવસાન થયું. ત્યારે તેમના પુત્ર અંબાલાલની ઉંમર પાંચ વર્ષની અને તેની મોટી બહેન અનસૂયા ચાર વર્ષ મોટાં અને એક નાની બહેન પણ હતી.

કરોડોનો વારસો તો મળ્યો. પણ એનો વહીવટ કરનાર નથી કારણ કે અંબાલાલ તો પાંચ વર્ષના જ હતા. મિલકત વેડફાઈ જાય એવી પરિસ્થિતિ હતી. પણ અંબાલાલ નસીબવંતા હતા. તેમની મિલકત સાચવી રાખે તેવા પ્રામાણિક કાકા હતા. નામ ચીમનલાલ નગીનદાસ. આટલો પૈસો જોઈને અને તેનો વહીવટ કરવાની તક મળે તો સામાન્ય રીતે ભલભલાનું મન ચળી જાય! પરંતુ ચીમનલાલે અણિશુદ્ધ પ્રામાણિકતાથી યોગ્ય સમય આવ્યો ત્યાં સુધી તે વારસો જાળવી રાખ્યો. આપણે અંબાલાલ સારાભાઈ અને તેમના પરિવારની લાંબી વાતો કરવાની છે. એ પહેલાં તેમના કાકા ચીમનલાલ અને તેમનાં પુત્રી ઈન્દુમતીબહેનની વાત કરી લઈએ. ચીમનકાકાને પણ પુત્ર ન હતો. બીજી વારનાં પત્નીથી બે દીકરીઓ હતી. એક વસુમતી અને બીજાં ઈન્દુમતી. શાળાકીય અભ્યાસ કરી ઈન્દુમતીબહેન ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયાં. વિદ્યાપીઠમાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી સ્નાતક થયાં. આઝાદી પહેલાં ઈ.સ. ૧૯૪૬ માં મુંબઈ ઈલાકાની વિધાનસભામાં તેઓ ચૂંટાઈ આવ્યાં અને બાળાસાહેબ ખેરના મંત્રીમંડળમાં નાયબ શિક્ષણપ્રધાન બન્યાં. અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ઈ.સ. ૧૯૬૨ માં જીવરાજ મહેતાના પ્રધાનમંડળમાં શિક્ષણપ્રધાન બન્યાં.

ઈ.સ. ૧૯૧૨માં તેમના પિતા ચીમનલાલ શેઠે વિદ્યાર્થીઓને અમદાવાદમાં રહેવા માટે સગવડ થાય તે માટે સી.એન. છાત્રાલયની સ્થાપના કરી હતી. ત્યારબાદ ઈ.સ. ૧૯૨૬ માં સી.એન. વિદ્યાલય - શાળાની સ્થાપના કરી. સાવ નાના પાયે આદરેલી આ વિદ્યાકીય પ્રવૃત્તિ આજે તો હાઈસ્કૂલ, વ્યાયામ વિદ્યાલય, ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, કમ્પ્યૂટર સેન્ટર અને કલા મહાવિદ્યાલય સુધી વિસ્તરી છે. અનેક

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૩ ઉપર)**

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

બાળ વાર્તા

# બાળ વાર્તાઓ

## કીડીબાઈએ નાત જમાડી!

– *ચંદ્રકાંત શેઠ*

એક કીડીબાઈ. બહુ કામઢાં. આખો દિવસ કંઈ ને કંઈ કામ કરતાં જ હોય. થાકનું નામ નહીં. આડીઅવળી વાતોમાં સમય વેડફે નહીં. હંમેશાં ભવિષ્યનો વિચાર કરીને જ વરતે. વરસાદ આવવાનો હોય અષાઢમાં, પરંતુ તેની સામે સાવચેતીનાં પગલાં લેવાનું શરૂ કરે ચૈતરથી. ચૈતર બેસે કે ચોમાસા માટેનો ખોરાકનો પુરવઠો જમા કરવા માંડે.

કીડીબાઈનો જીવ ભારે ઝીણો. કંઈ પણ કામ કરતાં તેનાં હજાર ગણિત માંડે. સગાંવહાલાંય તેમની ચીપાશ ને ચીકાશથી કંટાળી જતાં. કોઈ કહેતુંય ખરું : 'આ કીડીબાઈનો જીવ કેવો છે! ગમે તેટલું મળે પણ મૂઈનું મન જ એવું છે કે એનાથી જરાયે ભોગવાશે નહીં. નર્યો અજંપાનો જ અવતાર છે એનો.' આવી વાતો કીડીબાઈના કાને નહોતી આવતી એમ નહીં, પણ એ સાંભળી - ન - સાંભળી કરીને, થોડો બડબડાટ કરીને મૂંગાં રહી જતાં.

એમ કરતાં કીડીબાઈની ઉંમર થઈ. હવે પહેલાં જેવું કામ ખેંચાતું નહોતું. એમને થયું, 'મેં આજ સુધી ઘણો ઢસરડો કર્યો, હવે જીવનનો છેડો હાથવેંતમાં છે, ત્યારે થોડું કાયાનું કલ્યાણ થાય એવું કરું.' એમને પોતાની બહેનપણીઓ - સહીપણીઓમાં આ વિચાર મૂકી જોયો. સારા વિચારમાં કોણ સાથ ન આપે? સૌએ કહ્યું, 'વાત સાચી છે. તમારી ઉંમર થઈ છે. હવે તમારે કંઈ દાન-પુણ્યનાં કામ કરવાં જોઈએ.' ને આ દાન-પુણ્યની વાત આવતાં આપણા દેશની કીડીને તો જાત્રાની કે જમણવારની જ વાત સૂઝે! કીડીબાઈને થયું, 'પહેલાં હું નાત જમાડું ને પછી સાકરિયા મહાદેવની જાત્રાએ જઈશ.' આ સાકરિયા મહાદેવ કીડીબાઈના ઘેરથી થોડા દૂર હતા; પણ ત્યાં ઘણી કીડીઓ જતી. ત્યાંના મહાદેવને સાકરનું પાણી ચડાવાતું ને કીડીઓ ત્યાં પવિત્ર પાણી પ્રસાદી રૂપે લેવા ખાસ જતી.

કીડીબાઈએ નાત જમાડવાનો વિચાર કરતાં, પાછું ગણિત ગણવા માંડ્યું. એમની પાસે જે પુરવઠો જમા હતો, તેમાંથી એક લાડુ તો થાય જ ને એક લાડુમાંથી હજારેક કીડીઓને તો જમાડાય જ ને તોય થોડો લાડુ તો વધવાનો. કીડીબાઈને થયું, 'કીડીઓ ભેગું કોઈ પવિત્ર પ્રાણીનેય જમાડું તો ખોટું નહીં. નાત જમાડતાંય થોડો લાડુ તો વધવાનો જ છે.' કીડીબાઈએ પવિત્ર પ્રાણીઓને યાદ કરવા માંડ્યાં. દેખીતી રીતે ગાય પહેલી યાદ આવી, પણ એક ગાયે જ પોતાના વડવાઓને કચડી નાખેલા એ વાત કીડીબાઈથી ભુલાઈ નહોતી. તેમણે ગાયનો વિચાર જતો કર્યો. ત્યાં એક ટીખળી કીડીએ કહ્યું, 'તમે પેલા ગોસાંઈબાવાના મદનિયાને બોલાવો. મદનિયાનું તો મોઢુંય ગણપતિનું. ગણપતિને જમાડ્યા જેટલું પુણ્ય લાગશે.' ને કીડીબાઈ તો આ વાત એકદમ ગમી ગઈ. મદનિયાને જમાડાય તો કીડીઓની આખી નાતમાં વટ રહી જાય. તેમણે લાડુ થોડો વધારે વરે તો ભલે પણ જમાડવો તો મદનિયાને જ એમ નક્કી કર્યું. એક-બે શાણી કીડીઓએ આ બાબતે શાંતિથી વિચારવાની સલાહ આપી જોઈ, પણ આપણાં કીડીબાઈ કંઈ માને? ઊલટું, એમણે પેલી સલાહ આપનાર કીડીઓનો ઊધડો જ લઈ નાખ્યો.

કીડીબાઈએ તો નાત જમાડવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી. આમ જાય ને તેમ જાય. કોઈને આ વાત કહે, કોઈને બીજી વાત કહે. પૂરું ખાય નહીં કે પૂરું ઊંઘેય નહીં. કોઈએ તો કહ્યું પણ ખરું, 'આ ડોશલી નાત જમાડતાં-જમાડતામાં જ અધમૂઈ થઈ ન જાય તો સારું.' કીડીબાઈએ નાતની અંદર સૌને પૂનમના દિવસે જમવાનું નોતરું ફેરવાવ્યું. એ પછી બે કીડીઓની સંગાથે ગોસાંઈબાવાના અખાડે મદનિયાને નોતરું આપવા ઊપડ્યાં. મદનિયો ત્યારે વડના ઝાડ તળે ઊભો-ઊભો ડાળાંપાંખડાં ભાંગીભાંગીને મોઢામાં ઓરતો હતો. કીડીબાઈ તો તેનું ગુફા જેવું મોઢું જોઈને જ હેબતાઈ ગયાં. ક્ષણવાર તો એમ થયું કે 'હું ક્યાં આને નોતરું દેવા આવી?' પણ પાછી મનમાં હિંમત એકઠી કરીને જોરથી ખોંખારો ખાધો. પણ આ તો કીડીબાઈનો ખોંખારો! મદનિયાના સૂપડા જેવા કાન સુધી શેનો પહોંચે? કીડીબાઈ તો ખોંખારા ખાઈખાઈને થાક્યાં. છેવટે કીડીબાઈએ ગોસાંઈબાવાની એક બકરી બાજુમાં બાંધેલી એને વાત કરી. બકરી કીડીબાઈની વહારે ધાઈ. એણે બેં-બેં કરતાં - કરતાં મદનિયાને કીડીબાઈનો નોતરાની વાત કરી. મદનિયાને સાંભળતાં તો હસવું જ આવ્યું. પરંતુ કૃપાભાવથી કીડીબાઈને કહ્યું કે, 'હું જરૂર આવીશ.'

કીડીબાઈએ ઘેર જઈ આજુબાજુથી અનેક કીડીઓને બોલાવી. ઘઉંનો લોટ કાઢ્યો. ખાંડ કાઢી. ટીપે-ટીપે ઘી પણ જમા કર્યું ને મજાનો લાડુ તૈયાર કરી દીધો. સેંકડો કીડીઓ ખાવાની લાલચે લાડુની આસપાસ આંટા મારતી જાય ને લાડુને વખાણતી જાય. કેવો રૂપાળો લાડુ હતો! સાકર-ઘીનો પહાડ જ આ કીડીઓની નજરે તો. તેમણે લાડુની આસપાસ નાચગાનની બરોબર મહેફિલ જમાવી. સૌને

કકડીને ભૂખ લાગેલી; પરંતુ મુખ્ય મહેમાન જમ્યા પહેલાં કંઈ પોતાથી જમાય? સૌ આતુરતાથી મુખ્ય મહેમાનની રાહ જોતાં હતાં ત્યાં પીઠ પર બે બાજુ લટકતા ઘંટના ટકોરા ખખડાવતો મદનિયો આવી લાગ્યો. કીડીબાઈની છાતી તો ફૂલી સમાતી નહોતી. કીડીને ઘેર કુંજર! આવું પહેલાં કદી બન્યું નહોતું ને ભવિષ્યમાં કદાચ બનશે પણ નહીં. મદનિયો તો બકરીબાઈનો દોર્યો ઘરઆંગણે આવી લાગ્યો. બકરીબાઈ કહે : 'કીડીબાઈ, મહેમાન આવી ગયા છે, રસોઈ તૈયાર હોય તો પીરસો.' કીડીબાઈ કહે : 'બધું તૈયાર છે. અબઘડી પીરસું.' ને સેંકડો કીડીઓની મદદથી પેલો તૈયાર કરેલો લાડુ મદનિયા પાસે લાવવાના પ્રયત્નો આરંભાયા. મદનિયાને તો કીડીઓનો આ પ્રયત્ન જોતાં જ ભારે હસવું આવ્યું. એણે તો સૂંઢ હલાવીને એના એક સપાટે લાડુને કેટલીક કીડીઓસોતો ઉપાડીને મોમાં ગોઠવી દીધો, કોઈ દવાની ટીકડી મોમાં મૂકે એમસ્તો. ને આ થતાં આખી કીડીઓની નાતમાં હાહાકાર થઈ ગયો. કીડીઓ માટે ખાવાનું કંઈ બચેલું નહીં. પચીસ-પચાસ કીડી તો લાડવાસોતી મદનિયાના મોઢામાં ગઈ ને કેટલીક કચરાઈ ગઈ. કોઈના પગ ભાંગ્યા તો કોઈની કેડ. આપણાં કીડીબાઈ તો હેબતાઈ જ ગયાં ને ભાન આવતાં જ ભાગીને બાજુમાંના ઝાડના થડની એક તિરાડમાં ભરાઈ ગયાં. મદનિયાના ગુસ્સાનો પાર નહોતો. એક તો જમવા બોલાવ્યો ને એક લાડુથી વધારે કશું હતું નહીં. એણે તો ગુસ્સાથી કીડીની આખી વસાહતને થાંભલા જેવા પગથી ઘમરોળી નાખી. બકરી પણ મદનિયાનો આ ગુસ્સો જોઈ થરથર ધ્રૂજતી હતી, પણ વળી મદનિયાને આખી પરિસ્થિતિ સમજાઈ એટલે ગુસ્સો કાબૂમાં રાખ્યો ને ત્યાંથી તે સૂંઢ વીંઝતો, આજુબાજુનાં ઝાડનાં ડાળ-પાંદડાં તોડીને મોમાં નાખતો બકરી સાથે પાછો વળી ગયો.

પેલા ઝાડના થડની તિરાડમાં લપાઈ ગયેલાં કીડીબાઈ તો ત્રણ-ચાર દહાડા બહાર જ નહીં નીકળ્યાં. જમવાનું તો રહ્યું, પણ સેંકડો કીડીઓનો ખુરદો વળી ગયો હતો. કીડીબાઈ તો જે પસ્તાય, જે પસ્તાય...તેમણે જે કીડીઓ બચેલી એ સૌની માફી માગી અને નક્કી કર્યું કે હવે જેટલું આયખું બચ્યું છે, તેટલું એ કીડીઓની સેવામાં જ આપવું.

## ખટપટી ખિસકોલી

*– ચંદ્રકાંત પટેલ 'સરલ'*

એક ઘનઘોર જંગલ હતું. આ જંગલમાં વસતાં તમામ પ્રાણી-પંખીઓ સંપીને રહેતાં હતાં. અહીં ન કોઈ રાજા હતો કે ન કોઈ પ્રજા હતી. સહુ કોઈ ભાઈચારાની ભાવના સાથે ઊંચ-નીચના ભેદભાવ રાખ્યા વગર સાથે મળીને આનંદથી જીવન વિતાવી રહ્યાં હતાં. આ જંગલમાં થોડા સમયથી એક ખટપટી ખિસકોલી આવી ચડી હતી. તે આખો દિવસ એક ઝાડથી બીજા ઝાડ માથે ચઢી ખિલ-ખિલ કર્યા કરતી અને જંગલમાં રહેતાં પ્રાણી-પંખીઓના મગજમાં ખટપટનું ઝેર રેડી એકબીજાને અંદરોઅંદર લડાવ્યા કરતી અને પોતે તેની મજા માણ્યા કરતી.

જ્યારથી આ જંગલમાં ખટપટી ખિસકોલી આવી છે ત્યારથી જંગલનાં જાનવરો-પંખીઓની વચ્ચે લડાઈ-ઝઘડા શરૂ થયા છે ને ભાઈચારાની ભાવનાની જગ્યા વેરઝેરે લીધી છે. એવી વાત જંગલમાં રહીને તપ-સાધના કરી રહેલા ગરુડ નામના એક સંત મહાત્માને કાને આવી.

સંત મહાત્માએ જંગલની શાંતિ કાયમ રહે તે માટે આ ખિસકોલીને પોતાની ઝૂંપડીએ બોલાવી અને ધર્મ, કર્મ વગેરેનો ઉપદેશ આપ્યો અને સૌની સાથે હળીમળીને રહેવાની શિખામણ આપી. પછી તો સંત મહાત્મા ગરુડજી તેને રોજ બોલાવતા ને નવા નવા ઉપદેશો આપતા હતા. પણ શેઠની શિખામણ ઝાંપા સુધીએ એ કહેવત પ્રમાણે ખિસકોલીનો સ્વભાવ ન જ બદલાયો. બધું ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થયું હતું. તો પણ જંગલમાં શાંતિ લાવવા માટે ગમે તે ભોગે ખિસકોલીનો ખટરાગી સ્વભાવ સુધારવા સંતે મનમાં ગાંઠ વાળી લીધી હતી.

આ ખિસકોલીને બે બચ્ચાં હતાં. તેને સારું શિક્ષણ મળે તે માટે જંગલી શાળાને બદલે ખિસકોલીએ બન્નેને જંગલની બહાર આવેલી એક અંગ્રેજી શાળામાં ભણવા સારું બેસાડ્યાં હતાં. તેથી તેનામાં ભારતીય સંસ્કારોનું રોપણ થયું ન હતું. વિદેશી ભાષાએ ભારતીય માતૃભાષા પર તરાપ મારી હતી. બન્ને બાળકો અભ્યાસ પૂરો કરી જંગલમાં આવ્યાં. આ સમયે ખિસકોલી વૃદ્ધ થઈ હતી. તેનાથી ચાલી શકાતું પણ ન હતું. બન્ને છોકરા પોતપોતાની રીતે સ્વતંત્ર જીવન જીવવા અલગ અલગ ઘર વસાવી રહેવા લાગ્યા. પોતાના દીકરા અલગ થઈ જવાને કારણે ઘરડી ખિસકોલી ભારે મુસીબતમાં આવી પડી. તેણે બેય દીકરાઓને બોલાવી પૂછ્યું : 'બેટા! તમને સારું શિક્ષણ મળે તે માટે તમને જંગલની શાળાને બદલે આધુનિક શાળામાં મોકલ્યા હતા. મારી ઊતરતી અવસ્થામાં તમે મારા જીવનની લાકડી બનો એવી આશા મેં રાખી હતી. આજે હું ઘરડી થઈ છું, મારાથી ચાલી શકાતું નથી. ઊતરતી અવસ્થામાં મા-બાપની સેવા-ચાકરી કરવાનું તમને નથી ભણાવ્યું? શું ત્યાં તમને પરિવારથી અલગ રહેવાનું શિક્ષણ શીખવાડાયું છે? એ જે હોય તે, હવે જાગ્યા ત્યાંથી સવાર ગણી મારી સાથે રહેવા આવી જાવ.'

માની વાત સાંભળી બન્ને દીકરા બોલ્યા : 'મા! અમને જુદાં રહેવાનું કોઈ શિક્ષકે નથી ભણાવ્યું. પણ અમે જ્યારે આ જંગલમાં આવ્યા ત્યારે જોયું કે અહીં સૌ જનાવરો પોતપોતાના પરિવારોથી અલગ અલગ સ્વતંત્ર ઘર વસાવીને રહે છે. મા-બાપથી દીકરો જુદો રહે છે. પતિથી પત્ની અલગ રહે છે. ભાઈથી ભાઈ નોખો રહે છે. સાસુથી વહુ અલગ રહે છે. અમે ક્યાંય એવું નથી જોયું કે જ્યાં આખો પરિવાર એકસંપથી એક જ ઘરમાં રહેતો હોય! જો અમે તારી સાથે રહીએ તો અમે બધાથી જુદા તરી આવીએ. સહુ અમારી હાંસી ઉડાવે. અમારે તો અમારા નાતભાઈઓ જે રીતે રહે છે તે રીતે જ અલગ થઈને રહેવું છે. તારે જેમ કરવું હોય તેમ કર. અમે તારી સાથે રહીને જુદા તરી આવવા માગતા નથી.'

દીકરાઓની વાત સાંભળી ખિસકોલીને પોતાના પગ તળેથી જમીન સરકતી લાગી. પોતે જ એકસંપથી રહેતાં જનાવરોની વચ્ચે ખટરાગ ઊભો કરાવીને સૌને અલગ પડાવ્યાં હતાં. જો પોતે બે લાકડાં લડાવી જંગલનાં જનાવરોને ઝઘડાવ્યાં ન હોત તો સૌ એક સંપથી રહેતાં હોત અને તેનું અનુકરણ પોતાના બન્ને દીકરાઓએ કર્યું હોત. પોતે જ ખાડો ખોદ્યો હતો ને પોતે જ તેમાં પડી પડી રડી રહી હતી.

## વરુ અને સારસ

એક હતું જંગલ. તેમાં એક વરુ રહે. તેણે એક પ્રાણીનો શિકાર કર્યો. શિકારને ખાવામાં તે એટલું મશગૂલ થઈ ગયું કે હાડકાંનો એક ટુકડો તેના ગળામાં ફસાઈ ગયો. તેણે ખૂબ પ્રયત્ન કર્યો, પણ હાડકાંનો ટુકડો બહાર નીકળ્યો નહીં. તેને અસહ્ય દર્દ થવા લાગ્યું. દર્દનું માર્યું તે જંગલમાં આમ તેમ ભટકવા લાગ્યું. જે પણ જાનવર તેને સામે મળે તેને ઊભું રાખીને તે કહેતું, 'ભાઈ, મારા ગળામાં ફસાયેલા હાડકાંનો ટુકડો કાઢી આપ. હું તને મોટું ઈનામ આપીશ.'

પરંતુ કોઈ પણ જાનવરની તેના મોઢામાંથી હાડકાનો ટુકડો કાઢવાની હિંમત ચાલી નહીં.

એવામાં રસ્તામાં તેને એક લાંબી ડોકવાળું સારસ પંખી મળ્યું. તેને ઊભું રાખીને વરુએ હાડકાનો ટુકડો બહાર કાઢવા વિનંતી કરી અને સાથે મોટું ઈનામ આપવાની પણ વાત કરી.

સારસને વરુ પર દયા આવી અને સાથે ઈનામ મેળવવાની પણ લાલચ લાગી. તેણે વરુને કહ્યું, તારું મોં પહોળું કર, હું હાલ જ ગળામાં ફસાયેલો ટુકડો બહાર કાઢી દઉં છું.

વરુએ પોતાનું મોં પહોળું કર્યું. સારસે પોતાની લાંબી ચાંચ વરુના ગળામાં નાખીને હાડકાનો ફસાયેલો ટુકડો બહાર કાઢી દીધો. હવે વરુના જીવમાં જીવ આવ્યો. તેણે હાશકારો લીધો.

સારસે કહ્યું, 'મેં તારી મુસીબત દૂર કરી છે. હવે મને મારું ઈનામ આપ.' વરુએ પોતાના સ્વભાવ મુજબ સારસ સામે જોઈને કહ્યું : 'અરે મૂર્ખ, તેં મારા મોંઢામાં તારી ગરદન નાખીને સહીસલામત બહાર કાઢી લીધી તે ઈનામ શું ઓછું છે? હવે તું બીજા કયા ઈનામની આશા રાખે છે? તને જો તારો જીવ વહાલો હોય તો ચૂપચાપ અહીંથી ચાલ્યું જા. નહીંતર તારી ડોક મરડીને બધું ઈનામ આપી દઈશ.'

આ સાંભળી સારસ નિરાશ થઈને ચૂપચાપ ત્યાંથી ચાલ્યું ગયું. તે મનોમન બોલવા લાગ્યું, 'દુષ્ટ માણસના વચન પર ક્યારેય વિશ્વાસ કરવો નહીં.' ■

## લેટર ટુ માય ફાધર

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

*તમે જાણે મારા સમગ્ર જીવનના એકચક્રી રાજા હતા અને હું તમારી નજરમાં તદ્દન પાંગળો, મૂર્ખ અને ગાંડો હતો...જીવનભર કોઈ પણ બાબતે તમારી સાથે અસંમત થવાનું તો મારું ગજું જ ક્યાંથી હોય? અરે હું તો તમારી હાજરીમાં સરખું બોલી શકતોય નહીં. મારી જીભ થોથવાતી. વખત જતાં બોલવાનું લગભગ બંધ જ થઈ ગયું. મને તમારાથી દૂર ભાગી જવાનું મન થતું. જ્યારે તમે તમારા આવા વર્તનને પૈતૃક લાગણીમાં ખપાવતા. મારા જેવો માણસ શું પરણવાનો હતો તેમ તમે માનતા...મેં પસંદ કરેલ બંને કન્યાઓ ખૂબ સારી હતી, પરંતુ તમારા ભય તળે વિકસેલા મારા વિચિત્ર વ્યક્તિત્વને લીધે મેં તે બંનેને નિરાશ કરી. હવે ત્રીજી માટે તમે ના પાડો છો. મારે શું કરવાનું?*

*હું કેમ ન પરણ્યો? ઘણા મને પૂછે છે. ન પરણવાનાં ઘણાં કારણ હતાં. પણ મુખ્ય કારણ હતું તમારી ધાક તળે કચડાઈ ગયેલ મારા વ્યક્તિત્વનું. હું સમજતો હતો કે લગ્ન એટલે એક એવી જેલ કે જે તોડીને માણસ સતત ભાગવા પ્રયત્ન કરતો હોય છે. સાથોસાથ હું એ પણ જાણતો હતો કે જો સફળ થાય તો લગ્ન એટલે એવો આવાસ જેમાં વસી જઈને કારાવાસ પણ આનંદમહેલમાં પરિવર્તિત થઈ શકે...પરંતુ તમારી સાથેના મારા દુ:ખદ સંબંધોએ મને ભાગેડુ બનાવી દીધો છે. હું જાણું છું આ પણ એક ગાંડપણ જ છે...આ પત્રનો મુખ્ય હેતુ આપણા, પિતા-પુત્ર વચ્ચેના, સંબંધોનું પૃથક્કરણ અને તેનો મારા જીવન પર પડેલો ખોટો પ્રભાવ જ છે.*

***લિ. તમારો પુત્ર ફ્રેન્ઝ કાફકા***

પોતાના જીવન પૃથક્કરણ સાથે લખાયેલ આ દીર્ઘ પત્રે કાફકાનો ઘણો સમય લીધો, પરંતુ તેણે આ પત્ર પિતાને પહોંચતો જ ન કર્યો! હિંમત હોય તો ને? તેને તો એટલીય શ્રદ્ધા નહોતી કે તેણે સર્જેલ અમર કૃતિઓ પ્રકાશિત થવાને લાયક હતી! કેવું દુર્ભાગ્ય કે કાફકાની કૃતિઓ તેના મૃત્યુ બાદ પ્રકાશિત થઈ! અને આ કૃતિઓએ લેખકને અમર બનાવી દીધો. આ બધી કૃતિઓની જેમ ૧૯૧૯ માં લખાયેલ ઉપરોક્ત પત્ર કાફકાના મૃત્યુ બાદ એક પુસ્તિકારૂપે પ્રગટ થયો. ■

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચે જે ફ્લેટમેં ગગુબાપા રેંતા તેંજે ઘરે હેવર ત્રે-ચાર ડીં થી હકડો ભિખારી અચેતો ને ગગુબાપા જે પુત્તરજી નોં અન ભિખારીકે વધેલી મડે રસોઇ ભીખમેં ડેલાયતી. પણ અજ ભિખારી ભીખ મંગેલા આવ્યો તડેં અનજે હથમેં હકડી ચોપડી વી સે ગગુબાપાજે પુત્તરજી નોં કે ડેને ને પોય હલ્યો વ્યો ને ગગુબાપાજે પુત્તરજી નોં પણ તોબરો ચડાયને ભભડાટ કઇંધી ઘરમે હલઈ વઇ. સે જરા તપાસ ત કર, એડી કઈ ચોપડી ડેને આય?

બચુડો : (તપાસ કે ને ચેં) અધા, ભિખારી જોકો ચોપડી ડેને આય અન મથે લખ્યો વો "રસોઇ બનાવતા શીખો."

## ખિલજા મ ભલા

પતિ : તારા કહ્યા પ્રમાણે હું બહુ જ ખરાબ સ્વભાવનો છું તો પણ તું આવતા જન્મે મને જ શું કામ માંગે છે?

પત્ની : આ ભવે અમસ્તી જ આટલી મહેનત નથી કરી... ત્યારે માંડમાંડ લાઇન પર આવ્યા છો. તો આવો તૈયાર માલ બીજી કોઈને શું કામ આપું?

☺ ☺ ☺ ☺ ☺

લેડી ઑપરેટર : હલ્લો સર, અમારું સીમ લેવા બદલ આપનો આભાર... શું હું જાણી શકું કે તમારું સીમ બરાબર છે ને?

ગ્રાહક : સીમ તો બરાબર છે પણ ગામમાં ઘણું આઘુપાછું થઈ ગયું છે. ઘણા ગોટાળા થઈ ગયા છે. એવું કાંઈક સરખું થાય એમ કરો તો તમને મારા અંતરના આશિર્વાદ મળશે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : ક્યારનો ઘરે આવી ગયો છું. ક્યાં ગાયબ હતી ચાર કલાકથી?

પત્ની : મોલમાં ગઈ હતી. સેલની જોરદાર જાહેરાત હતી એટલે.

પતિ : મોલમાંથી શું લીધું?

પત્ની : એક ડાયમંડવાળી હેરપીન અને ૯૯ સેલ્ફી.

☺ ☺ ☺ ☺ ☺

પોલીસ : તમારી ધરપકડ કરવામાં આવે છે.

જશવંત : કેમ, મેં શું ગુનો કર્યો છે?

પોલીસ : કેટલાક વખતથી ચૂપ છો. મનમોહનસિંઘની મિમિક્રી કરવા બદલ તમારી ધરપકડ કરવામાં આવે છે.

☺ ☺ ☺ ☺ ☺

દુકાનદાર : હદ થઈ ગઈ બહેન હવે તો કાંઈ પસંદ કરો... દુકાનમાં રહેલા બધા ચંપલ અને સેન્ડલ તમને બતાવી દીધા. હવે કાંઈ બાકી રહેતું નથી.

ગ્રાહક બહેન : હજી પેલું એક બોક્ષ બાકી રહી ગયું છે. એ તમે બતાડ્યું નથી.

દુકાનદાર : જાણીજોઈને બતાવ્યું નથી. એમાં ચંપલ કે સેન્ડલ નથી, એ મારું લંચ બોક્સ છે.

☺ ☺ ☺ ☺ ☺

શરાબી : જો મારા હાથમાં સરકારનો દોર હોય તો હું આખા દેશનું ભાવિ બદલી નાખું.

પત્ની : રહેવા દે, બહુ ડંફાસ ના માર. પહેલા તારો લેંઘો તો બદલ. સવારથી મારી સલવાર પહેરીને ફરી રહ્યો છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : હું બહુ કંટાળી ગયો છું. મારે હવે Spaec જોઈએ છે.

પત્ની : NASA જોઇન્ટ કરી લે...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આપણા વડીલો ખરેખર સન્માનને પાત્ર છે.

વિદ્યાર્થી : કેમ?

શિક્ષક : ગૂગલ વાપર્યા વગર તેમણે સ્કૂલની પરીક્ષાઓ પસાર કરી છે.

☺ ☺ ☺ ☺ ☺

ગોટુ : તારા પપ્પા શું કરે છે?

મોટુ : એ તો મારી મમ્મી કહે એમ જ કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

ટીવી સમાચાર : અશોક સીંગલ અબ નહીં રહે...

આલિયા : અચ્છા, ઉનકી ભી શાદી હો ગઈ? ન જાને મેરી શાદી કબ હોગી....

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જે મનુષ્ય પોતાના માટે જીવે છે તેનું એક દિવસ મૃત્યુ થાય છે. પરંતુ જે મનુષ્ય બીજા માટે જીવે છે તેનું સ્મરણ હંમેશાં થતું રહે છે.*

# અન્ય સંસ્થાના સમાચાર

## ડૉ. કેશુભાઈ દેસાઇને 'સાહિત્યરત્ન સુવર્ણ ચંદ્રક' એનાયત

જાણીતા સાહિત્યકાર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના સલાહકાર ડૉ. કેશુભાઈ દેસાઇને એમની વિશિષ્ટ અને પ્રશિષ્ટ સાહિત્યસેવા બદલ કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહિત્ય રત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ના શ્રેષ્ઠ સાહિત્યકાર તરીકે "સાહિત્યરત્ન સુવર્ણ ચંદ્રક" એનાયત કરાયો હતો. તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૮ના દિવસે વડોદરા ખાતે આયોજિત ભવ્ય સમારંભમાં પોતાના આ બહુમાનનો પ્રતિભાવ આપતાં ડૉ. કેશુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સર્જક તો સીધું જ પરમ ચેતના સાથે અનુસંધાન ધરાવતો હોય છે. એ લખે છે ત્યારે એને આવા માન-અકરામ કે પારિતોષિકની સહેજ પણ અપેક્ષા નથી હોતી. જો કે સમાજ જ્યારે એની કદર કરે છે ત્યારે એને પોતાના પરિશ્રમની સાર્થકતાનો અહેસાસ જરૂર થાય છે. આ સન્માન સમારંભનું અધ્યક્ષ સ્થાન ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ પંડ્યાએ સંભાળ્યું હતું અને અતિથિ વિશેષ તરીકે પ્રવીણ પ્રકાશન, રાજકોટના શ્રી ગોપાલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## 'સમાજરત્ન' એવોર્ડ

કચ્છ માંડવીના વાડીલાલ દોશીની સમાજસેવા પ્રવૃત્તિઓ અંગે મુંબઇના જૈન ગૂર્જર સમાજ - માટુંગા દ્વારા તેમની "સમાજરત્ન" એવોર્ડ અંગે પસંદગી થઈ છે. આ ઍવોર્ડ તેમને તા. ૨૮ જાન્યુઆરીના રોજ એનાયત થયેલ.

કચ્છી જૈન ગૂર્જર સમાજ માટુંગા (પાખાડી) મુંબઈ દ્વારા દર વર્ષે સમગ્ર ભારતભરમાંથી માત્ર બે કચ્છી જૈન સેવાભાવી વ્યક્તિઓની સમાજરત્ન ઍવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે. શ્રી દોશી છેલ્લા ૨૦ વર્ષથી માંડવી ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખપદના હોદ્દા પર રહી અનેકવિધ જીવદયા પ્રવૃત્તિઓ તથા વૈયાવચ્ચ સેવા પ્રવૃત્તિમાં કાર્યરત રહેલ છે. છેલ્લા ૪ વર્ષથી માંડવી ચેમ્બર ઓફ કોમર્સના માધ્યમથી માંડવી તાલુકાના ૨૫ જેટલા ગામોમાં રૂપિયા દોઢ કરોડ જેટલી માતબર રકમનો લીલોચારો પશુધન માટે નીરણ કરી જીવદયાનું શ્રેષ્ઠ કાર્ય કરેલ છે. માંડવી શહેરને ભાગે આ આઠમો ઍવોર્ડ છે. અગાઉ માંડવીની સાત વ્યક્તિઓને આ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

# આંજો કાગર

તબીબી સારવાર અંગે લગભગ ૨૦ દિવસ જેટલો સમય અમદાવાદ ખાતે વિતાવવાનો હતો તે દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના અતિથિ ગૃહમાં ઉતારો લીધેલ હતો. ખરેખર સેવા અને સમર્પણનું તીર્થ એટલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ. ૨૦ દિવસથી ઘરથી દૂર થયાનો જરાક પણ અનુભવ શ્રી કચ્છી જૈન ભવનમાં થયો ન હતો. સંસ્થાની કામગીરી તથા સર્વે કર્મચારીઓનો સહકાર અને સેવા પ્રાપ્ત થયેલ, જે ખરેખર અનુમોદનીય છે. અતિથિ ભવનની રૂમોની વ્યવસ્થા, સફાઈ અવ્વલ રહેવા પામેલ. મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ પણ ખૂબ જ સરાહનીય હતું. તથા સંસ્થાની કેન્ટીન વ્યવસ્થા પણ ખૂબ જ સારી છે. શુધ્ધ અને જૈન (સાત્ત્વિક) જમણનું આયોજન છે તથા કેન્ટીનનો સ્ટાફ પણ ગમે તે સમયે સેવા પૂરી પાડતું. સાથે સાથે સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી અશોકભાઈ મહેતા તમામનો સહકાર ખૂબ જ સારો મળી રહેલ. કચ્છ, મુંબઈ તથા દેશના અન્ય વિસ્તારોથી આવતા કચ્છી પરિવારો માટે રહેવા તથા જમવાની ઉત્તમ વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવે છે. દિવસ હોય કે રાતના, ગમે તે સમયે ઉતારાની વ્યવસ્થા વિશ્વાસપૂર્વક આપવામાં આવે છે. કોઈ પણ મુસાફર, રૂમનો ઉતારો ન મળ્યો હોય તેવી નિરાશાથી પરત ફરતો નથી. આવી સુંદર વ્યવસ્થા મુંબઈમાં પણ હોવી જરૂરી છે. મુંબઈમાં આવી વ્યવસ્થા ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જેથી મુંબઈ ખાતે આવતા દેશના કોઈ પણ કચ્છી પરિવારને મુશ્કેલીનો અનુભવ ના કરવો પડે.

***મુક્તાબેન વલ્લભજી નાનજી સાવલા (સમાઘોઘા - માટુંગા)***

★

'મંગલ મંદિર' વિ.સં. ૨૦૭૪નો નવા વર્ષનો દીપોત્સવી અંક મળ્યો. સુરોચક સાહિત્ય સામગ્રી સુંદર છાપકામ અને લેખો, વાર્તાઓ, નિબંધોથી સમૃધ્ધ બનેલું મંગલ મંદિર, વાંચવાની લિજ્જત બંધાણ જેવી બની ગઈ છે. નોકરિયાત કર્મચારી જેમ પહેલી તારીખે પગારની રાહ જોતો હોય તે રીતે સાહિત્યપ્રેમી જનતા ૧લી તારીખે મંગલ મંદિરની રાહ જોતી થાય એવું સુંદર આયોજન મંગલ મંદિરનું છે.

દિવાળી અંકમાં કચ્છના જુદા જુદા વિષયના તજજ્ઞો - પ્રતિભાવોની ઓળખ જુદા જુદા લેખકોએ સુપેરે આપેલ છે. જેમાંથી ઘણું જાણવાનું મળે છે.

દરેક વસ્તુમાં પરિવર્તન, પ્રયોગ અને પ્રગતિ મુળભૂત પ્રક્રિયા છે તે ન્યાયે અંક માટેની કૃતિઓમાં વિવિધતા અને વાસ્તવિકતા પ્રત્યેક અંકમાં નજરે પડે છે.

એકંદરે મંગલ મંદિર પ્રગતિના પથ પર દિન-બદિન આગળ વધી રહેલ છે, જે આનંદની વાત છે. માતબર માસિકોમાં મંગલ મંદિર અગ્ર હરોળમાં સ્થાન પ્રાપ્ત કરે તેવી શુભકામના સાથે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩***

## NanoNine® શબ્દ રમત-૧૩૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ■ | ૭ | ૮ |
| | ■ | ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | | |
| ૧૩ | | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ■ | ૧૬ | | ■ |
| | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | ૩૦ | | ■ | ■ |
| ૩૧ | | ૩૨ | | ■ | ૩૩ | ૩૪ | ■ | ૩૫ | | ૩૬ | ૩૭ |
| ૩૮ | ■ | | ■ | ૩૯ | | | | | ■ | ૪૦ | |
| ૪૧ | ૪૨ | | ૪૩ | ■ | ૪૪ | | ■ | ■ | ૪૫ | ■ | |
| ■ | ૪૬ | | | | ■ | ■ | ૪૭ | ■ | ૪૮ | | ■ |
| ૪૯ | | ■ | | ■ | ૫૦ | ■ | ૫૧ | | | ■ | ૫૨ |
| ૫૩ | | ■ | ■ | ■ | ૫૪ | | | ■ | ૫૫ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૮-૨-૨૦૧૮)*

### આડી ચાવીઓ

૧. રામાવત સંપ્રદાયના સ્થાપક, એક મહાન ફિલ્મ નિર્માતા જેમણે 'રામાયણ' જેવી સિરિયલ બનાવી હતી _______ સાગર (૪)
૨. દીકરો (૨)
૪. ચાલાકી કરનાર, યુક્તિ કરનાર, ચાલબાજી કરનાર (૪)
૫. એક શિકારી પક્ષી, શકરો (૨)
૭. પ્રામાણિક, સાચું, નીતિમાન, ગરદન (ઈ) (૨)
૯. દરવાજો સાચવનારો, દ્વારપાળ (૪)
૧૧. એક જાતનું મોટું માછલું, મત્સ્ય (૫)
૧૩. રશિયાના રાષ્ટ્રપતિ : વ્હાલદિમર _______ (૩)
૧૪. વિશ્વાસ, ભરોસો (૩)
૧૬. મુસાફરખાનું, પથિકાશ્રમ, મોસમ (૨)
૧૭. કોઠાર, ગોદામ (૩)
૧૯. રાજાનું નિવાસ સ્થાન (૩)
૨૧. જાપાનની કુસ્તીનો પ્રકાર, ઝુડો (૨)
૨૩. વન, જંગલ, બાગ-બગીચો (૩)
૨૪. પારસીઓ દૂધમાં _______ની જેમ ભારતમાં ભળી ગયા (૩)
૨૫. વાળની લટ, અલેક, અહાલેક (૩)
૨૬. નસીબ (ઈ.) (૨)
૨૭. _______ પર્વત પર દેલવાડાના જૈન મંદિર પ્રખ્યાત છે (૨)
૨૮. વીજળી, સૌદામિની (૩)
૨૯. પ્યાસ, તૃષા, દયા, કરુણા (૩)
૩૧. પાણી પીવું તે (૪)
૩૨. પાંદડું, પર્ણ, તાંબુલ (૨)
૩૩. પૃથ્વી, ભૂમિ, ધરતી (૨)
૩૫. મરામત, જીર્ણોધ્ધાર, સમારકામ (૪)
૩૯. ઉપાડી જવું તે, પૈસા માટે નાના છોકરાના _______ના બનાવ બને છે (૫)
૪૦. _______બત્તી અંધારામાં કામ આવે (૨)
૪૧. સૌથી નાનું (૪)
૪૪. ચૂંટણી આવે છે, _______ આપવા જરૂર જજો (૨)
૪૬. ઘર ધણિયાણી, પત્ની (૪)
૪૮. સૂર્ય (૨)
૪૯. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૫૧. આસોથી કારતક માસ સુધીની ઋતુ : _______ પૂનમ (૩)
૫૩. જવું, ગતિ કરવી (૩)
૫૪. તાપ, સૂર્યનો ગરમ પ્રકાશ (૩)
૫૫. નાપાસ, ફેઈલ (૩)

### ઊભી ચાવીઓ

૧. કેરીની એક જાત (૪)
૨. ઈન્દ્રનું ઉપવન (૫)
૩. કીડીનું ઘર (૨)
૪. નાનો રોટલો કે ભાખરી (૩)
૫. દુઃખાવો મટાડવા ચોપડાતો મલમ (૨)
૬. જગત, દુનિયા, વિશ્વ, કુંજો (૨)
૭. જૈન ધર્મના ૨૨મા તીર્થંકર અને વાગ્દત્તાની વાર્તા _______ જાણીતી છે (૫)
૮. ગુજરાતનો સૌથી મોટો જિલ્લો (૨)
૧૦. ઈલેક્ટ્રિકનો તાર (ઈ.) વાળો, ધાતુનો તાર (૩)
૧૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૧૫. મીઠું, લવણ (૩)
૧૭. જંગલ, અરણ્ય (૨)
૧૮. સારા ઘરનું, કુળવાન, પ્રતિષ્ઠિત કુટુંબ (૪)
૨૦. નવાઈ, અચરજ, આશ્ચર્ય (૩)
૨૨. ગળું, કોટ, ગરદન (૨)
૨૩. અફઘાનિસ્તાનનું પાટનગર (૩)
૨૪. સાત સૂરોમાં પાંચ અવરોહ (ઉલટા) સૂર (૫)
૨૫. પ્રભાવ, છાપ (૩)
૨૭. આજ અને કાલનો દિવસ (૪)
૨૮. સખાવત, આપવું તે (૨)
૩૦. કાન્ત, પતિ, ઘેલછા (૩)
૩૨. લગ્ન વખતે કન્યા પહેરે (૪)
૩૪. દુઃખમાં દિલસોજી, મદદ, આરામ (૩)
૩૫. વીસ શેર વજનનું માપ (૨)
૩૬. મા, માતા (ઈ.) (૨)
૩૭. ચિનગારી, અંગારો (૩)
૩૮. કાળ, વખત (૨)
૪૨. ઘુઘવાટ કરવો, ગર્જના કરવી (૪)
૪૩. કંગાળ, ભિખારી, ગુંડો (૩)
૪૫. ડોકી, ગળચી, બોચી (૪)
૪૭. દસ વરસનો સમય (૩)
૪૯. છુટ્ટી, પરવાનગી (૨)
૫૦. પિતા, બાપ (૨)
૫૨. ખાટલાના પાયાને જોડતું લાકડું (૨)

## NanoNine® શબ્દ રમત-૧૩૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લું | ચ | ન | | બા | બા | ગા | ડી | | કા | પો | |
| બિ | ર | બ | લ | | મ | ગ | | આ | બો | હ | વા |
| ની | | ળું | | હા | લા | ર | | વ | | | ળુ |
| | ગં | | મ | લા | ઇ | | ખં | ડ | ક | થા | |
| સ | ગા | ઇ | | કી | | પં | ડિ | ત | | ન | ગ |
| રો | જ | | ક | | સં | ગ | ત | | ચા | ક | રી |
| જ | ળ | પ્ર | પા | ત | | ત | | નિ | | | બ |
| | | વા | સ | | હ | | | શા | ર | દા | |
| દિ | વ | સ | | સુ | વા | સ | | લ | | ઉ | મા |
| ના | ર | | ભ | | | લા | લ | | આ | દ | ત |
| ના | સ | ભા | ગ | | ત | ટ | | ખા | | ખા | |
| થ | | ત | ત | કા | લ | | | ક | મ | ની | ય |

*માસ ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૩૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. દમયંતી દંડ - અમદાવાદ
૩. નવલ શાહ - અમદાવાદ
૪. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૫. અર્ચના વોરા - અમદાવાદ
૬. રંજન શાહ - અમદાવાદ
૭. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૮. મહેન્દ્ર પૂજ - અમદાવાદ
૯. નીના ગોરજી - અમદાવાદ
૧૦. સ્મિતા શાહ - અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૨. વર્ષા પારેખ - અમદાવાદ
૧૩. પ્રવીણ છેડા - અમદાવાદ
૧૪. મૃદુલા ચોક્સી - અમદાવાદ
૧૫. ચંદુભાઇ કુબડિયા - અમદાવાદ
૧૬. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૭. મુકેશ ચૌધરી - અમદાવાદ
૧૮. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૯. નિખિલ પરીખ - અમદાવાદ
૨૦. સંજય શાહ - અમદાવાદ
૨૧. વિનોદ મહેતા - અમદાવાદ
૨૨. જયેશ મહેતા - અમદાવાદ
૨૩. રીટા ગાંધી - અમદાવાદ
૨૪. ઇન્દુબેન પટેલ - અમદાવાદ
૨૫. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૨૬. ચેતના વોરા - અમદાવાદ
૨૭. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૨૮. પ્રભા શેઠિયા - વલસાડ
૨૯. હસમુખ દેઢિયા - અડાલજ
૩૦. ત્રિશા પારેખ - સિકંદ્રાબાદ
૩૧. ઉષા સંઘવી - રાઉરકેલા
૩૨. મુકુંદ મહેતા - આદિપુર
૩૩. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૩૪. સરોજ શાહ - અગાસ
૩૫. તારાબેન શાહ - નાગપુર
૩૬. રિશ્ચા મહેતા - ગાંધીધામ
૩૭. સરોજ ચંદુરા - સુરત
૩૮. લક્ષ્મી ખત્રી - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. અર્ચના નિકુલ વોરા – અમદાવાદ
૨. સાવિત્રી શશીકાંત જેસરાણી – મુંબઈ
૩. મુકુંદ કે. મહેતા – આદિપુર

## NanoNine *Sudoku*

*ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૯૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. પ્રભા શેઠિયા - વલસાડ
૨. હેમલતા દેઢિયા - અડાલજ
૩. યશ પારેખ - સિકંદ્રાબાદ
૪. ઉષા સંઘવી - રાઉરકેલા
૫. ચંદનબેન શાહ - અગાસ
૬. સોનલ શાહ - નાગપુર
૭. દિવ્યા કુબડિયા - ગાંધીધામ
૮. સરોજ ચંદુરા - સુરત
૯. અવંતી દંડ - અમદાવાદ
૧૦. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૧. કૃણાલ શાહ - અમદાવાદ
૧૨. બીનોય ગોગરી - અમદાવાદ
૧૩. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૧૪. નીના ગોરજી - અમદાવાદ
૧૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૬. સ્મિતા શાહ - અમદાવાદ
૧૭. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૮. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૯. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૨૦. પ્રવીણા છેડા - અમદાવાદ
૨૧. ઈંદુબેન પટેલ - અમદાવાદ
૨૨. મૃદુલા ચોક્સી - અમદાવાદ
૨૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૨૪. સંજય શાહ - અમદાવાદ
૨૫. નિખિલ પરીખ - અમદાવાદ
૨૬. વિનોદ મહેતા - અમદાવાદ
૨૭. જયેશ મહેતા - અમદાવાદ
૨૮. રીટા ગાંધી - અમદાવાદ
૨૯. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. પ્રવીણા પ્રવીણ છેડા – અમદાવાદ
૨. દિયા કુબડિયા – ગાંધીધામ
૩. પ્રિયંકા ઉમેશ શાહ – અમદાવાદ

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૯૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૬૪**

*ત્રણ પ્રકારનાં બિંદુ પવિત્ર છે :*

ઝાકળબિંદુ, અશ્રુબિંદુ પ્રસ્વેદબિંદુ

સવારે ભોંય પર ખરી પડેલાં પારિજાતનાં પુષ્પોની પાંદડી સાથે વળગેલાં ઝાકળબિંદુ સુવાસને ભીનાશની દીક્ષા આપતા હોય છે. એ ઝાકળભીનાં પારિજાત પ્રિયજનની હથેળીમાં મૂકતી વખતે **I Love You** બોલવાની જરૂર નથી.

'મળેલા જીવ' વચ્ચે રચાતાં અશ્રુજળનાં મેઘધનુષ સ્વજનોની નજરે પડતાં નથી. અશ્રુજળ ટપકી પડે એ ઘટના વાદળ વરસી પડે તેના જેવી પવિત્ર છે. સ્ત્રીઓની દુઃખ વેઠવાની ક્ષમતા પ્રમાણમાં વધારે છે કારણ કે તેમનાં અશ્રુજળ સહજપણે વહી શકે છે.

દિવસમાં એકવાર શરીરે પરસેવો વહે તેવું કરવું તંદુરસ્તી માટેના વીમાનું પ્રિમિયમ છે. આપ-કમાઈનો પરસેવો આપણા આરોગ્યની ગેરંટી અને વૉરંટી છે.

ઝાકળબિંદુ જીવનની જ્ઞાનયુક્ત સ્વચ્છતાનું પ્રતીક છે. અશ્રુબિંદુ મનુષ્યમાં રહેલી ભાવયુક્ત ભક્તિનું પ્રતીક છે, પ્રસ્વેદબિંદુ મનુષ્યની કર્મનિષ્ઠાનું તીર્થસલિલ છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૯૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૨-૨૦૧૮સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૯૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 6 | 1 | | | 8 |
| | 3 | | | | | 7 | 4 | |
| 7 | 5 | | | 3 | | | | 9 |
| 2 | | 7 | 9 | | | | | 3 |
| | 6 | 5 | 8 | 2 | | 1 | | |
| | | | | | 6 | 9 | 8 | |
| | 7 | 4 | | | 5 | | 9 | |
| 5 | | 6 | 3 | | | | 1 | 7 |
| | | | 6 | 9 | | 4 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 4 | | | | | 2 | 3 |
| | | | 2 | 9 | | 1 | 5 | |
| 6 | | 5 | | 3 | 1 | | | |
| | | 2 | | | 3 | | 9 | 5 |
| 3 | | 7 | | | 9 | 2 | | |
| | 5 | | 4 | | | | | 7 |
| | 4 | | | 1 | | 9 | | 2 |
| | 9 | 1 | | 4 | 2 | | | |
| 2 | 3 | | | | | 4 | | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | 4 | | 7 | 9 |
| 7 | 4 | 3 | | | 1 | | | |
| | | | | 8 | 2 | | 4 | |
| 1 | | 2 | 4 | 5 | | 9 | 8 | |
| | 9 | | | | 8 | | 6 | |
| | | 7 | | 1 | 6 | 4 | | 2 |
| | 2 | 1 | 8 | 4 | | 7 | | |
| | 3 | | | | | 2 | | 8 |
| 8 | 7 | | 3 | | 9 | | | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | 3 | 7 | | 8 | | |
| | 3 | 9 | | | 2 | | 7 | |
| | 7 | | | 9 | | 6 | | 4 |
| 1 | | 7 | 6 | | | | | 8 |
| | | 6 | 4 | | 8 | 7 | | |
| | | 8 | | 1 | 7 | 9 | | |
| 5 | | | | 2 | | | 8 | 9 |
| | 2 | | 5 | | 3 | | 6 | |
| 7 | | | 9 | | 6 | | 2 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૯૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 3 | 6 | 2 | 5 | 4 | 7 | 1 |
| 2 | 4 | 1 | 8 | 7 | 3 | 6 | 9 | 5 |
| 6 | 7 | 5 | 9 | 4 | 1 | 2 | 8 | 3 |
| 8 | 1 | 6 | 3 | 5 | 9 | 7 | 2 | 4 |
| 3 | 2 | 7 | 1 | 8 | 4 | 5 | 6 | 9 |
| 5 | 9 | 4 | 7 | 6 | 2 | 3 | 1 | 8 |
| 4 | 6 | 9 | 5 | 1 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 4 | 9 | 8 | 1 | 5 | 6 |
| 1 | 5 | 8 | 2 | 3 | 6 | 9 | 4 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 9 | 6 | 2 | 7 | 1 | 8 | 4 |
| 1 | 6 | 4 | 8 | 3 | 9 | 5 | 7 | 2 |
| 2 | 8 | 7 | 1 | 4 | 5 | 6 | 9 | 3 |
| 9 | 1 | 8 | 5 | 6 | 4 | 2 | 3 | 7 |
| 4 | 2 | 6 | 7 | 1 | 3 | 8 | 5 | 9 |
| 5 | 7 | 3 | 9 | 8 | 2 | 4 | 1 | 6 |
| 7 | 9 | 2 | 4 | 5 | 1 | 3 | 6 | 8 |
| 6 | 3 | 5 | 2 | 9 | 8 | 7 | 4 | 1 |
| 8 | 4 | 1 | 3 | 7 | 6 | 9 | 2 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 1 | 7 | 4 | 9 | 2 | 6 | 3 |
| 6 | 9 | 4 | 2 | 3 | 5 | 1 | 8 | 7 |
| 2 | 7 | 3 | 6 | 1 | 8 | 4 | 9 | 5 |
| 5 | 2 | 8 | 9 | 7 | 4 | 3 | 1 | 6 |
| 9 | 3 | 7 | 8 | 6 | 1 | 5 | 2 | 4 |
| 4 | 1 | 6 | 3 | 5 | 2 | 9 | 7 | 8 |
| 3 | 8 | 5 | 1 | 9 | 7 | 6 | 4 | 2 |
| 7 | 4 | 9 | 5 | 2 | 6 | 8 | 3 | 1 |
| 1 | 6 | 2 | 4 | 8 | 3 | 7 | 5 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 7 | 4 | 6 | 9 | 1 | 3 | 8 |
| 9 | 4 | 3 | 1 | 2 | 8 | 7 | 6 | 5 |
| 1 | 6 | 8 | 5 | 3 | 7 | 2 | 4 | 9 |
| 5 | 9 | 6 | 2 | 4 | 3 | 8 | 7 | 1 |
| 8 | 3 | 2 | 9 | 7 | 1 | 6 | 5 | 4 |
| 4 | 7 | 1 | 8 | 5 | 6 | 3 | 9 | 2 |
| 7 | 2 | 9 | 6 | 8 | 5 | 4 | 1 | 3 |
| 3 | 8 | 5 | 7 | 1 | 4 | 9 | 2 | 6 |
| 6 | 1 | 4 | 3 | 9 | 2 | 5 | 8 | 7 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

આપણા ઘરમાં આપણી દરેક તકલીફ અને બીમારી માટે ઔષધિઓનો ખજાનો રહેલો છે. બસ જરૂર છે તો તેને જાણીને તેનો યોગ્ય રીતે જરૂર પડે ત્યારે ઉપયોગ કરવાની. પરંતુ આજકાલ લોકો નાની-નાની સમસ્યાઓ માટે પણ ડૉક્ટર પાસે દોડી જતાં હોય છે. જોકે વધારે પ્રમાણમાં એલોપથી દવાઓનો સહારો લેવો સ્વાસ્થ્ય માટે અત્યંત નુકસાનકારક હોય છે. કેટલીક સમસ્યાઓનો સરળ અને ઝડપી ઈલાજ આપણા ઘરમાં રહેલી વસ્તુઓમાં છુપાયેલો છે, જે ઘરમાં જ કરી શકાય છે. પરંતુ લોકો તેના માટે તસ્દી લેતા નથી. જેથી આજે ઘરેલુ નુસખાઓ તમારા માટે લઈને આવ્યા છીએ. જે સસ્તા અને સરળ છે અને તમારી તકલીફોનું ફટાફટ નિવારણ કરશે.

૧. બે ગ્રામ મેથીનું ચૂર્ણ દહીં સાથે ત્રણ દિવસ લેવાથી પેટમાં ચૂંક આવતી હોય તો ફાયદો થાય છે.
૨. ખજૂરનું શરબત પીવાથી પેટમાં થતી બળતરા ઓછી થઈ જાય છે.
૩. દરરોજ રાત્રે નવશેકા પાણીમાં ચપટી મીઠું નાખીને પીવાથી આંખમાંથી નીકળતું પાણી બંધ થઈ જશે.
૪. જાંબુના પાન ચાવવાથી મોંમાંથી આવતી દુર્ગંધ દૂર થાય છે.
૫. અરડુસીના પાન ખૂબ ચાવીને તેનો રસ ગળે ઉતારવાથી મોંમાં પડેલા ચાંદા મટી જશે.
૬. પેઢા નબળી પડી ગયા હોય તો ફટકડીનો પાવડર ઘસવાથી પેઢા મજબૂત બને છે.
૭. સતત હેડકી બંધ કરવા એક ગ્લાસ નવસેકુ પાણી પીઓ.
૮. ઊંઘ બરાબર ના આવતી હોય તો રાત્રે સૂતા પહેલાં હાથ-પગના તળિયે ઘી લગાવો. ઊંઘ સારી આવશે.
૯. શરદી થઈ હોય તો ખજૂર ખાઈ ઉપર પાંચ ઘુંટડા ગરમ પાણી પીવાથી રાહત થાય છે.
૧૦. ખીચડી વધારે ખવાઈ ગઈ હોય તો બે ચપટી સીંધાલૂણ ખાવાથી જલ્દી પચી જશે.
૧૧. અવાજ બેસી ગયો હોય તો જમ્યા પછી મરીનો પાવડર ઘી સાથે ચાટવાથી અવાજ ખૂલી જશે.
૧૨. કફની ખાંસી થઈ હોય તો હૂંફાળા પાણી સાથે અજમો ખાવાથી ફાયદો થશે.
૧૩. તુવેરના પાન બાળી તેની રાખ દહીંમાં મેળવી ચોપડવાથી ખસ, ખરજવું અને દાદર મટે છે.
૧૪. વધારે ઉધરસ થઈ હોય તો મીઠાનો આખો ગાંગડો મોંમા રાખીએ તો ઉધરસ બિલકુલ બેસી જશે.
૧૫. કેરીની સુકાયેલી ગોટલીનું બારીક ચૂર્ણ કરી, તેને શરીરે ચોળીને માટલાના ઠંડા પાણીથી સવાર-સાંજ સ્નાન કરવાથી અળાઈ અને ગુમડા મટે છે.
૧૬. દાડમના દાણાના એક કપ જેટલા રસમાં અડધી ચમચી મસુરનો શેકેલો લોટ મીક્ષ કરી પીવાથી ઉલટી મટે છે.
૧૭. કારેલાનો રસ સવાર-સાંજ પીવાથી તાવ અને કૃમિ બંને દૂર થાય છે.
૧૮. નાગરવેલના પાનમાં બે લવિંગ મૂકીને ખૂબ ચાવીને ખાવાથી શ્વાસનળીનો સોજો ઉતરે છે.
૧૯. સફરજનના રસમાં ખડી સાકર ભેળવીને પીવાથી સૂકી ઉધરસ મટી જાય છે.
૨૦. રાઈના તેલમાં ડુંગળીનો રસ ભેળવી માલીશ કરવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.
૨૧. અજમાનું ચૂર્ણ અને સંચળ ખાવાથી કબજિયાત મટી જાય છે.
૨૨. નવશેકું પાણી દર ત્રણ કલાકે પીવાથી અપચાના રોગમાં ઘણો ફાયદો થાય છે.
૨૩. બે ચમચી કોથમીર પાણીમાં નાખી, ઉકાળી લઈ એ પાણી પીવાથી મરડામાં થતા પેટના દુઃખાવામાં તરત જ લાભ થાય છે.
૨૪. મરીનું ચૂર્ણ ઘી અને સાકરમાં લેવાથી ચક્કર આવતા બંધ થાય છે.
૨૫. પીપરીમૂળના ગંઠોડા અને ગોળ મેળવીને ખાવાથી ઊંઘ સારી આવે છે.
૨૬. નિયમિત કારેલાનો રસ છાશ સાથે પીવાથી પથરી ઓગળીને નીકળી જાય છે.
૨૭. મીઠા લીમડાના પાનને પાણી સાથે પીસી, ગાળી, પીવાથી હરસ-મસા મટે છે.
૨૮. ફ્લુના તાવમાં ૩ ગ્લાસ પાણી સાથે ૧ લીંબુનો રસ દિવસમાં ચાર-પાંચ વાર પીવાથી ફ્લુનો તાવ ઉતરે છે.
૨૯. કોઈ પણ જીવડું કરડી ગયું હોય તો ત્યાં હળદર ગરમ કરી ચોપડવાથી દુઃખાવો મટી જાય છે.
૩૦. સરસિયાના તેલની માલીશ કરી આખા શરીરે ચોપડવાથી શરીર પર આવતી ચળ મટી જાય છે.
૩૧. લીંબુનો રસ અને મીઠું મેળવીને પીવાથી પાચન ક્રિયા બળવાન બને છે.
૩૨. એક ગ્લાસ પાણીમાં લીંબુનો રસ અને થોડી સાકર ઓગાળીને પીવાથી પિત્ત દૂર થાય છે.
૩૩. મીઠું અને ખાવાનો સોડા મીક્ષ કરીને ઘસવાથી પીળા દાંત સફેદ થશે.
૩૪. ગરમ પાણીથી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ ભભરાવવાથી રાહત થાય છે.
૩૫. દિવસ દરમ્યાન ચાપ-પાંચ ટમેટા ખાવાથી કે ટમેટાનો એક ગ્લાસ રસ વહેલી સવારે પીવાથી પંદર દિવસમાં હાથ-પગ અને સાંધાનો દુઃખાવો મટી જાય છે.
૩૬. શેરડી ચૂસવાથી કે શેરડીનો તાજો રસ પીવાથી કમળાના દર્દીને રાહત મળે છે.
૩૭. તાવ હોય ત્યારે પરસેવો વધારે થતો હોય, હાથ-પગ ઠંડા લાગતા હોય તો સુંઠના ચૂર્ણને હળવે હાથે હાથ-પગના તળિયે લગાવવાથી રાહત મળે છે. ■

સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **ભુજ - બરેલી ટ્રેનની અનિયમિતતા તથા અન્ય સુવિધાની ચર્ચા :** કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ભારત સરકારના રેલવે મંત્રી પીયૂષ ગોયલ સાથે રૂબરૂ મળી છેલ્લા કેટલાય મહિના થયા દિલ્હી જવા માટેની ભુજ - બરેલી ટ્રેનની અનિયમિતતાથી યાત્રિકો પરેશાનીમાં મૂકાયેલા છે. આ ટ્રેન ૧૫-૧૭ કલાક મોડેથી દોડી રહી છે. તેને નિયમિત કરવા અંગે રૂબરૂમાં તથા લેખિતમાં માંગણી સાંસદે કરી છે.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ રેલવે મંત્રી સાથેની ચર્ચામાં ભુજ - ગાંધીધામ - દિલ્હી સુપરફાસ્ટ ટ્રેન તથા ગાંધીધામ - જોધપુર ટ્રેનને જોધપુરથી વારાણસી ટ્રેન સાથે એક્સ્ટેન્શન તેમજ દક્ષિણ તરફ જવા માટે ગાંધીધામ - કોઈમ્બતુર વાયા કોંકણ રૂટ પર નવી ટ્રેન શરૂ કરવા, ટ્રેન નં. ૧૬૩૩૫/૩૬ ગાંધીધઆમ - નાગરકોઈલ ટ્રેન સપ્તાહમાં ૨ દિવસ ચલાવવા તેમજ ટ્રાયલ બેઝ ઉપર દોડાવેલ ગાંધીધઆમ - જલંધર ટ્રેન ચાલુ કરવી. આંધ્રપ્રદેશ તેલંગાણા, હૈદ્રાબાદ માટેની ટ્રેન સેવા ચાલુ કરવી, તેમજ ભુજ - બાંદ્રા એ.સી. ટ્રેન જે સપ્તાહમાં ત્રણ દિવસ ચાલે છે તેને દૈનિક કરવા ભારપૂર્વક રજૂઆત કરી હતી. રજૂ કરેલ દરખાસ્તોને જો ધ્યાનપૂર્વક લેવાય તો કચ્છના વેપાર ઉદ્યોગમાં તથા પ્રવાસન વિભાગમાં પણ તેજી આવે અને લોકોની સુવિધામાં પણ વધારો થાય.

★ **ઊંટડીના દૂધની ચોકલેટ :** કચ્છની ઊંટડીઓનું દૂધ, કચ્છ ઉછેર માલધારી સંગઠન, સહજીવન સંસ્થા - ભુજ, પશુપાલન વિભાગ - ગુજરાત સરકાર, અમૂલ અને સરહદ ડેરીના સંયુક્ત પ્રયાસોથી ૩૦,૦૦૦ લિટર જેટલું દૂધ એકઠું કરી ‘અમૂલ’ને મોકલવામાં આવે છે. જેમાંથી અમૂલ બ્રાન્ડની ‘કેમલ મિલ્ક ચોકલેટ’ બ્રાન્ડથી વેચાણમાં મૂકવામાં આવેલ છે. જે ભારતના વિવિધ શહેરોનાં અમૂલ પાર્લરોમાં ઉપલબ્ધ થઈ રહી છે. કચ્છની બજારોમાં પણ તે ચોકલેટ મળી રહી છે. ઊંટડીનું દૂધ અનેક ઔષધિય તત્ત્વો ધરાવતું હોવાથી અનેક બીમારીઓ માટે અક્સીર ઇલાજ ગણાય છે.

★ **સમાઘોઘા - રાષ્ટ્રીય દસ્તાવેજી ફિલ્મનું ગૌરવ :** પંચાયતી રાજ મંત્રાલય - ભારત સરકાર દ્વારા દેશભરના તમામ રાજ્યોમાંથી ૧-૧ ગામની ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ડિજિટલ વિલેજની પસંદગીમાં કચ્છ મુંદ્રા તાલુકાના સમાઘોઘા ગામની પસંદગી કરવામાં આવી છે. આ યોજનાના અનુસંધાને નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સમાઘોઘા ગામની ડિજિટલ વિલેજની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવી છે. ગામમાં કેશલેસ વ્યવહારોથી માંડી લોકસેવાને કચકડે કંડારી છે.

★ **સમાજરત્ન એવૉર્ડ :** શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - માટુંગા (પાખાડી) મુંબઈ દ્વારા દર વર્ષે સમગ્ર ભારતમાંથી માત્ર બે કચ્છી જૈન સેવાભાવી વ્યક્તિઓની ‘સમાજરત્ન’ ઍવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે. આ વર્ષે ભુજના મહિલા શિક્ષણવિદ્ તથા માતૃછાયા સંસ્થાના માજી પ્રિન્સિપાલ કુ. નલિનીબેન શાહ તથા માંડવીના વાડીલાલ દોશીને ‘સમાજરત્ન’ ઍવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ ઍવોર્ડ તેઓને મુંબઈ ખાતે તા. ૨૮મી જાન્યુઆરીના રોજ એનાયત કરવામાં આવશે.

★ **કચ્છની રોગન કલા શ્રેષ્ઠતમ છે :** સફેદ રણ અને રણોત્સવની મજા માણવા આવેલ ભારતની વડી અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ અભય મનોહર સાપરે તથા મહારાષ્ટ્રના પોલીસ ખાતાના આઈ.જી. (એડમિન) અભયકુમાર સિંહા પોતાની પત્ની સાથે રોગન કલા નિહાળી કચ્છની લોક સંસ્કૃતિને શ્રેષ્ઠ ગણાવેલ. વધુમાં કચ્છના એક મુસ્લિમ (ખત્રી) પરિવારમાં સચવાયેલી આ રોગન કલાને બિનહરીફ ગણાવેલ હતી.

★ **શિક્ષણ :** શિક્ષણ નગરી આદિપુરની ગાંધીધામ કોલેજિયેટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કૉલેજ ખાતે કંપની સેક્રેટરીના ગુજરાતના ત્રીજા સ્ટડી સેન્ટરનો તા. ૫-૧ શુક્રવારથી આરંભ થયો હતો. જેથી કચ્છના વિદ્યાર્થીઓને આ કોર્સ માટે કચ્છ બહાર જવું નહીં પડે.

★ **કચ્છના ધાણેટીમાં હડપ્પનથી જૂની સાઇટનું ઉત્ખનન :** ધોળાવીરાની હડપ્પન સહિત કચ્છમાં ૧૦૦ જેટલી સાઈટો મળી આવી છે. આ સંસ્કૃતિના ૫૦૦ વર્ષ પુરાણી એટલે કે અર્લી હડપ્પન તરીકે ઓળખાતી ૪ સાઇટો ઓળખી કાઢવામાં આવી છે. જે પૈકી ભુજ તાલુકાના ધાણેટી પાસે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના રિસર્ચર્સ દ્વારા તેનું ઉત્ખનન પુનઃ શરૂ કરાયું છે. એક વર્ષ અગાઉ અહીંથી ૧ પોટ બરિયલમાં ૩૩ માટલા અને બીજા પોટમાં ૧૪૦ માટલા મળ્યા હતા.

★ **ટેનિસ - કચ્છી બાળ ખેલાડીને સુવર્ણ ચંદ્રક :** ભારતીય શાળા રમત મહાસંઘ દ્વારા હૈદ્રાબાદ લોન ટેનિસ ફેડરેશનના

ઉપક્રમે બોયઝ અન્ડર-૧૪ યોજાયેલ ટુર્નામેન્ટમાં અમદાવાદ અભ્યાસ કરતો કચ્છી બાળ ટેનિસ ખેલાડી આર્યન પ્રશાંત શાહે ફાઈનલ રાઉન્ડમાં ગુજરાત તરફથી મહારાષ્ટ્રની ટીમ સાથેના મુકાબલામાં આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા જીતી લઈ ગુજરાતને સુવર્ણ ચંદ્રક અપાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ખેલ મહાકુંભમાં પણ તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આમ તેણે ભુજ ઉપરાંત ગુજરાતનું પણ ગૌરવ વધાર્યું છે.

★ **ખારેક સંશોધન કેન્દ્ર :** આમ તો કચ્છને વરસાદ સાથે ઓછો મનમેળ છે, તેમ છતાં કચ્છની ધરતીના મહેનતકશ માડુ આવા પડકારોને ઝીલી ખારેક જેવા અનેક પાક દ્વારા આર્થિક કલેવરને બદલવાની તાકાત ધરાવે છે. ઈઝરાયેલ સરકારના સહયોગથી કુકમા નજીક રૂા. ૪.૫૦ કરોડના ખર્ચે નિર્માણાધીન દેશનું સર્વપ્રથમ ખારેક સંશોધન કેન્દ્ર તૈયાર થયું છે. જેમાં ઈઝરાયેલની ટેકનોલોજીનો લાભ મળશે. આ કેન્દ્રમાં અદ્યતન સ્વયં સંચાલિત હવામાન સ્ટેશન બનાવવામાં આવ્યું છે. આ કેન્દ્ર થકી ખારેકનું ઉત્પાદન વધારવા, ગુણવત્તા વધારવા અને ખેડૂતોને સારા ભાવ મેળવવાના પ્રયાસો કરવામાં આવશે. તદુપરાંત સૂકી ખારેક કેમ બનાવવી તેનું પણ માર્ગદર્શન મળશે. આ અદ્યતન ખારેક કેન્દ્રના પરિસરમાં ટ્રેનિંગ હોલ, પેડ હાઉસ, પોલન ટેસ્ટિંગ લેબ, ડાઇનિંગ હોલ વગેરે સુવિધા ઊભી કરવામાં આવી છે. ■

# અખબારી આરસી

★ ધુમ્મસનું પ્રમાણ ખતરાને પાર કરી ગયું. પ્રદૂષણનો સૂચનાંક ખતરનાક ૪૬૩ ની સપાટીએ, દિલ્હી પ્રદૂષણનાં ભરડામાં, શાળઓ બંધ, જાહેર પરિવહન વધારવા પાર્કિંગ ચાર્જને ચારગણો કરવા સુપ્રિમ કોર્ટની સમિતિનું સૂચન. *૯-૧૧-૧૭, સંદેશ*

★ વર્લ્ડ એર ક્વોલિટી ઇન્ડેક્ષની વેબસાઈટ અને સફર પોર્ટલ મુજબ શહેરમાં હવા પ્રદૂષણ વધી રહ્યું છે, અમદાવાદ દિલ્હી સાથે સ્પર્ધા કરશે? પીરાણા, બોપલ, મણિનગર...વગેરે વિસ્તારોની હવા શ્વાસમાં લેવા જેવી નથી. *૧૧-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ GLSના પ્રથમ પદવીદાન સમારોહમાં નોબેલ લોરીએટનું પ્રવચન : પર્યાવરણ નહિ બચે તો ૨૦૫૦ સુધીમાં મોટું સંકટ - આદમ ફેનેક *૧૧-૧૧-૧૭, સંદેશ*

★ દિલ્હીમાં રોગચાળો વકરવાની શક્યતા. પ્રદૂષણ ભયનજક સપાટીએ. પર્યટકોની સંખ્યા ૩૦ ટકા ઘટી. શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાથી ફેફસાં અને હૃદયની બીમારીઓ વધવાની શક્યતા. *૧૨-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ પ્રદૂષણ સામે કેન્દ્ર-રાજયની સરકારો અને એજન્સીઓ પણ લાચાર. દિલ્હીમાં પ્રદૂષણે ભયજનક સપાટી વટાવી. હવે માત્ર વરસાદથી જ રાહતની શક્યતા. એર ક્વોલિટી ઇન્ડેક્ષ ૪૦૩ થી વધીને ૪૬૦ સુધી પહોંચી ગયો. *૧૩-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ વિશ્વમાં સૌથી વધુ વાયુ પ્રદૂષણ ધરાવતા ૧૫ શહેરોમાં સાત ભારતના *૧૩-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ PM 2.5 નું લેવલ ૬૨૫ પોઈન્ટના ખતરનાક સ્તરે પહોંચ્યું, દિલ્હી ગેસ ચેમ્બર, ૧૨ કલાકમાં એર પોલ્યુશનમાં બે ગણો વધારો *૧૩-૧૧-૧૭, સંદેશ*

★ દિલ્હીમાં પ્રદૂષણ : સુપ્રિમ કોર્ટે કેન્દ્ર અને રાજયો પાસેથી જવાબ માગ્યો, વાયુ પ્રદૂષણથી ઉત્તરાખંડ અને હિમાલય પણ પ્રભાવિત. *૧૪-૧૧-૧૭, સંદેશ*

★ ગુજરાતમાં દિલ્હીવાળી ઘટનાના પુનરાવર્તનની શક્યતા, અમદાવાદમાં ભયજનક પ્રદૂષણ, બાળકો અશક્તોને ઘરમાં રહેવા તાકીદ. પીરાણા, રખિયાલ, ગોમતીપુર, નવરંગપુરા, બોપલમાં જોખમી પ્રદૂષણનો આંક ૩૦૦ને પાર કરી જાય તેવી ભીતિ વચ્ચે મ્યુનિસિપાલિટીએ ચેતવણી જાહેર કરી. પ્રદૂષણ માટે બાંધકામ, વાહનો, ઉદ્યોગોનો ધુમાડો જવાબદાર, ઔદ્યોગિક વિકાસની લ્હાયમાં પર્યાવરણનો દાટ વળ્યો, અમદાવાદની હવાની સ્થિતિ પીરાણા-૩૭૩ (સૌથી જોખમી), બોપલ - ૩૧૭, રખિયાલ - ૩૦૪, નવરંગપુરા - ૩૦૩, ચાંદખેડા - ૨૫૨, સેટેલાઈટ-૨૩૯, એરપોર્ટ-૯૨ *૧૬-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ લોકો પ્રદૂષણથી ત્રસ્ત અને સરકાર-ટ્રિબ્યુનલ વિવાદોમાં વ્યસ્ત. વધુ પ્રદૂષિત વિસ્તારોમાં કૃત્રિમ વરસાદ કરવાની એનજીટીની દિલ્હી સરકારને સલાહ *૧૬-૧૧-૧૭, ગુજરાત સમાચાર*

★ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ૫૦૦ કિલો જથ્થો જપ્ત. બી યુનિટ સીલ કરાયા, ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈના પ્લાસ્ટિક વિરુદ્ધ હેલ્થ વિભાગની ઝુંબેશ. *૧૬-૧૧-૧૭, દિવ્ય ભાસ્કર*

*જવાહરલાલજી સાચા અર્થમાં ધર્મ જીવનારા હતા, ધર્મની આળપંપાળ કે ટીલાંટપકાંથી એ દૂર ભાગતા, પણ સૌ ધર્મોની પ્રાણભૂત અને સૌ ધર્મોથી પર એવી ધાર્મિકતા એમના જીવન દ્વારા ફોરતી. 'સમૂળી ક્રાન્તિ' માં યોગ્ય રીતે જ સદ્‌ગત કિશોરલાલભાઈએ જવાહરલાલજીને આધ્યાત્મિક પુરુષ તરીકે ઓળખાવ્યા છે. — ઉમાશંકર જોશી*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૨૦,૦૦૦/- અનોખી મનીષભાઇ ગાંધી - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- સ્વ. અમિતાબેન ભોગીલાલ મહેતા - અદમદાવાદ

રૂા. ૧,૦૦૦/- સ્વ. ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ (પુણ્યતિથિ નિમિત્તે)

રૂા. ૫૦૦/- શ્રી અનિલ લખમશી દેઢિયા - મુંબઈ

રૂા. ૫૦૦/- શ્રી વીરેન્દ્રભાઈ મોતા - હૈદ્રાબાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી મુક્તાબેન વલ્લભજી નાનજી સાવલા - માટુંગા, મુંબઈ

રૂા. ૫,૦૦૦/- સ્વ. અમિતાબેન ભોગીલાલ મહેતા - અમદાવાદ

રૂા ૫,૦૦૦/- શ્રીમતી કુસુમબેન વાડીલાલ મહેતા - અમદાવાદ

રૂા. ૨,૧૦૦/- શ્રી ચંદ્રકાંત એ. પટેલ - અમદાવાદ

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી જય ભરતભાઈ ભેદા - અમદાવાદ

રૂા. ૧,૫૦૦/- સ્વ. ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ (પુણ્યતિથિ નિમિત્તે)

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- સ્વ. ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ (પુણ્યતિથિ નિમિત્તે)

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૧૫,૦૦૦/- સીતાબેન ડાહ્યાભાઇ ફડિયા ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ - અમદાવાદ (૩૧મી ડિસેમ્બર, ૨૦૧૭ના કાર્યક્રમ નિમિત્તે)

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી દિનેશ લખમશી શાહ (મૈશેરી) - અમદાવાદ (પુત્ર ચિ. જયદીપને ત્યાં પુત્રના જન્મ નિમિત્તે)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ૬૯મો પ્રજાસત્તાક દિવસ ઉલ્લાસભેર ઉજવાઇ ગયો. સવારે ૯.૩૦ કલાકે પાલડી વોર્ડના કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે સભ્યોને સંબોધતા જણાવ્યું હતું કે આપણે આજે ત્રણ સંકલ્પ લેવાના છે : (૧) સ્વચ્છતા, (૨) ટ્રાફિકના નિયમોનું પાલન અને (૩) પ્રામાણિકતાથી ટેક્ષની ચૂકવણી.

તેમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને આ પ્રવૃત્તિના ફલકને વિસ્તારવા માટે તન-મન-ધનથી ફાળો આપવાનું વચન આપ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ શ્રી આશિષ ધીરુભાઈ શાહની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તથા તેઓ પોતાના પિતાશ્રીના પગલે રાજકારણમાં આગળ વધે અને સમાજ તથા દેશની સારી રીતે સેવા કરે તે બદલ શુભેચ્છા પાઠવી હતી. તે ઉપરાંત સમાજના પૂર્વપ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ પણ આશિષભાઈની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા તેઓ આજે અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશનના પાલડી વોર્ડના કોર્પોરેટર છે તેથી મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શૈક્ષણિક કે મેડિકલ સેવાના હેતુ માટેનો કોઈ પ્લોટ સંસ્થાને રાહત દરે અપાવે તેવી આશા વ્યક્ત કરી હતી.

વયસ્ક સમિતિ તરફથી એક અદ્‌ભુત કાર્યક્રમ દેશ ભક્તિના ગીતો, ડાયલોગો, ભારતની પ્રગતિની રૂપરેખા, ૨૬મી જાન્યુઆરીની પરેડ વગેરેની વીડિયો ક્લિપો દર્શાવવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમને લોકોએ ખૂબ જ આનંદથી માણ્યો હતો અને ત્યારબાદ હાઉસીની ગેમ રમાડવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ માટે વયસ્ક સમિતિના સભ્યોને સંસ્થાના પ્રમુખશ્રી તથા ઉપસ્થિત સભ્યોએ અભિનંદન આપેલ હતા.

અંતમાં સમૂહ ભોજનને ન્યાય આપીને સૌ છૂટા પડ્યા હતા.

*જો આપણે ખોટા હોઈએ અને આપણે તે કબૂલીએ તો તેનો મતલબ એ થાય કે આપણે પ્રામાણિક છીએ. જો આપણને સાચા કે ખોટા હોવાની શંકા હોય અને તે કબૂલીએ તો આપણે ડાહ્યા છીએ. પરંતુ જો આપણે સાચા હોઈએ અને તેમ છતાં પણ આપણે કબૂલી લઈએ તો તેનો મતલબ એ થાય કે આપણે સંબંધ જાળવી રાખવાની કિંમત સમજીએ છીએ.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા તા. ૨૦-૦૧-૨૦૧૮ના રોજ ગુજરાતી રંગમંચના જાણીતા કલાકાર અને હાસ્ય સમ્રાટ શ્રી સીરાજભાઈ રંગવાલાના વક્તવ્યમાં “ખોજ, તું મોજને ખોજ” યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. વક્તાશ્રીએ જીવનમાં બનતા ખાટા-કડવા પ્રસંગોને મન પર ન લેતા “વાહ વાહ”નો મંત્ર બોલીને પ્રસંગને હળવો બનાવી, જિંદગીની દરેક ક્ષણ જીવી લેવા માટેની સુંદર મજાની વાત કરી હતી. શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટ હોલમાં લગભગ ૧૨૫ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત થવા પામેલ હતી અને લોકોને શેતરંજી પાથરીને વક્તાશ્રીની બાજુમાં બેસાડવા પડ્યા હતા. બે કલાકના આ કાર્યક્રમમાં દરેક વ્યક્તિ પેટ પકડીને હસી હસીને થાકી ગયા હતા.

દર મહિનાના આ લેક્ચરમાં આપ સૌને પણ લાભ લેવા વિનંતી છે.





## શબ્દોનો મુખવટો અને લાગણીનો દેશવટો

સામાજિક પ્રાણી હોવાના નાતે આપણે સૌએ એક વાતનો ચોક્કસ અનુભવ કર્યો હશે કે ઘણીવાર સંબંધમાં કટુતાનું મુખ્ય કારણ શબ્દો હોય છે. ના બોલાયેલા શબ્દોથી લઈને ના સમજાયેલા શબ્દો અને એથીયે આગળ વધીને ગેરસમજાયેલા શબ્દોના અફાટ સાગરમાં લાગણીઓની નાવ કાયમ હાલક ડોલક થતી હોય છે. આ હાલક ડોલક નાવને જો સ્થિરતા બક્ષવી હોય તો એકમાત્ર લંગર કામ આવે તે છે – લાગણી કળી લેવાની કળા. અફસોસ, કે દરેક માણસ કલાકાર નથી અને માટે આ કળા સહજ પ્રાપ્ય પણ નથી.

ટેલિફોનની શોધ કરનાર ગ્રેહામ બેલ અવાજને તો સામા છેડે પહોંચાડી શક્યો અને ફોટોગ્રાફીની શોધ કરનાર વિલિયમ હેન્રી ચહેરાને તો તસ્વીરમાં કંડારી શક્યો પણ બિચારી લાગણી, ના તો સામા છેડે પહોંચી કે ના તો એને કંડારી શકાઈ!

કાશ, એવું કોઈ મશીન શોધાયું હોત જે લાગણીને સામા છેડે પહોંચાડી શકત અથવા જ્યાં હોય ત્યાંથી એને વાચા આપી શકત તો શક્ય છે કે જગતના અડધા ઉપરાંત પ્રશ્નોનું સમાધાન મળી જાત અને બાકીના અડધા રિસાયેલા સંબંધોમાં સમાધાન થઈ જાત.

આ લાગણીની જાત પણ અળવીતરી છે. લજામણીના છોડથીયે વધારે સંવેદનશીલ પણ હોઈ શકે અને વજ્ર કરતાં વધારે કઠોર પણ હોઈ શકે. ખરેખર એને સમજવી અને સામેવાળાને સમજાવવું એ બંને ઘણીવાર મોનાલિસાના હાસ્યથીયે વધારે રહસ્યમયી ભાસે છે.

આ રહસ્યમયી વણઉકેલ્યા કોયડાને ઉકેલવા, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૮ને શનિવારના રોજ રાતે ૮.૩૦ વાગે પાલડી ભવન ખાતે લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વક્તા તરીકે ૩૫થી વધારે પુસ્તકોના લેખક અને દેશભરમાં ૮૦૦૦થી વધારે વર્કશોપ કરી ચૂકેલા શ્રી સુરેશ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે.

*તારીખ* : શનિવાર, તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૮

*સમય* : રાતે ૮.૩૦ વાગ્યાથી

*સ્થળ* : બેઝમેન્ટ હોલ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

***કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

*સ્થળ* : શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

*ફોન સંપર્ક* : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

*સમય* : સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

### એપ્ટિટ્યૂડ ટેસ્ટ

તા. ૨૧-૧-૨૦૧૮ને રવિવારના રોજ ધોરણ ૮-૯-૧૦ના બાળકો માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટનો પ્રથમ ચરણનો કાર્યક્રમ પાલડી ભવન ખાતે રાખેલ હતો.

સવારે ૯થી ૧૨ની બેચમાં ૨૦ વિદ્યાર્થીઓ તથા બપોરે ૧ થી ૪ની બેચમાં ૧૭ વિદ્યાર્થીઓ આવેલ હતા.

આ ટેસ્ટનું આયોજન મુંબઈની એક પ્રખ્યાત સાઇકોલોજિકલ ટેસ્ટિંગ કરતી કંપની દ્વારા આપણી સમિતિનાં જ મિત્રોએ આયોજન કર્યું હતું. આ કંપની બાળકોની સાઇકોલોજી તથા કરિયર ગાઈડન્સ ક્ષેત્રે કાર્યરત છે.

બીજા ચરણમાં આશરે ૨-૩ અઠવાડિયા પછી માતા-પિતા અને વિદ્યાર્થી સાથે સાઇકોલોજિસ્ટની ટીમ (જે મુંબઈ - પૂણેથી આવશે) કાઉન્સેલિંગ કરશે અને વિદ્યાર્થીઓને કઈ કરિયર લાઇન યોગ્ય થશે તેની ચર્ચા કરશે.

આજના આ સમગ્ર સંચાલનમાં ખાસ નોંધવા લાયક હાઈલાઈટ્સ નીચે મુજબ છે :

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોનાં ૨૬ બાળકો અને બહારના ૧૧ બાળકોએ લાભ લીધેલ છે (કન્સેશન માત્ર શ્રી ક.જૈ.સે.સ.ના બાળકોને જ.)

૨. સમગ્ર એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઓનલાઈન હોવાથી લેપટોપની વ્યવસ્થા ભવન પર કરવામાં આવી હતી. કુલ ૨૮ લેપટોપ શ્રી વીરેન શાંતિલાલ શેઠ તરફથી મોકલી આપવામાં આવેલ હતા. જેનો તેમણે કોઈપણ ચાર્જ લીધેલ નથી.

૩. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિને VISION 360 : BUSINESS SUMMITના કાર્યક્રમ દરમ્યાન ઘણા નવા કાર્યકર મળેલ છે. જેઓ ખભેખભા મિલાવી નવેમ્બર-૨૦૧૭થી આ સમિતિમાં જોડાઇ ગયેલ છે.

એપ્ટિટ્યૂડ ટેસ્ટનું સમગ્ર સંચાલન આ YOUNG BRIGADE દ્વારા કરવામાં આવેલ છે. તો આવો, ઓળખીએ આ મિત્રોને : (૧) દિશા છાડવા, (૨) નમ્રતા શાહ, (૩) ગુંજલ લોડાયા, (૪) નેહા ખોના, (૫) દેવેશ દંડ, (૬) આશિષ દોશી, (૭) મનીષ (બોબી) ખોના.





સમાજના જે બાળકો આવેલ હતા, તેમના માતા-પિતાને ખૂબ આભાર કેમકે તેઓ ઘણા જ જાગૃત છે.

ઘણા વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન કર્યા પછી છેલ્લી ઘડીએ "અમારા ઘરે મહેમાન આવવાના છે" જેવા ક્ષુલ્લક કારણો થકી માતા-પિતાએ બાળકોને આ શ્રેષ્ઠ ટેસ્ટથી વંચિત રાખેલ હતા, તેવા માતા-પિતાને ખૂબ જ વિનંતી કે બાળકોનાં ભવિષ્ય માટે આવા કાર્યક્રમનો અચૂકથી લાભ લે.

*કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ*

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are, but we don't know what we can become!"***

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કરિયર ગાઈડન્સ વર્કશોપ

### કોના માટે? તેમાં શું હોય? આ વર્કશોપ શા માટે?

★ ***કરિયર ગાઈડન્સ વર્કશોપ :*** એપ્રિલ-૨૦૧૮ના પ્રથમ અઠવાડિયાના ૫ દિવસ.

★ ***કોના માટે? :*** આ વર્કશોપ, ખાસ કરીને જે વિદ્યાર્થીઓ આ વર્ષે (૨૦૧૮ માર્ચમાં) કોઈપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે છે.

★ ***આ વર્કશોપમાં શું હોય છે? :***

☞ આ વર્કશોપમાં અલગ અલગ કરિયર અંગે ભણાવતા ફેકલ્ટી આવીને જે તે એરિયામાં કેવી રીતે તેમાં એડમિશન મળે, એન્ટ્રન્સ પરીક્ષા હોય તો એની વાત, તેની તૈયારીની વાત, તેમાં કેવું ભણવાનું આવે, તેની વાત કરે છે. આ જ રીતે વિવિધ વ્યવસાયમાં કામ કરતાં વ્યક્તિઓ પણ પોતાના ક્ષેત્રમાં કેવું કામ કરવાનું આવે અને તેમાં ભવિષ્યમાં કેવી તક છે તેના વિષે આવીને વાત કરે છે.

*ઉદાહરણ તરીકે :* કોમ્પ્યુટર અને આઈ.ટી., એન્જિનિયરિંગ, મેડિકલ, ડિપ્લોમા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, આર્ટસ, મીડિયામાં થતાં અભ્યાસ વગેરે.

☞ બીજા અગત્યના ભાગ તરીકે આ વર્કશોપમાં જુદા જુદા એજ્યુકેશનલ કેમ્પસની વિઝિટ હોય છે. તેમાં જે તે સંસ્થા વિષે વિદ્યાર્થી જાણે છે. તેના ક્લાસરૂમ, લાઈબ્રેરી, ત્યાંની વિશેષ જગ્યાની મુલાકાત લે છે.

*ઉદાહરણ તરીકે :* IIM, NID, MICA, EDI, CEPT, EDI, NIFT, DAIIC (નોંધ : આ બધામાંથી જેમના દ્વારા પરવાનગી મળે તેમાં વિઝિટ ગોઠવાતી હોય છે.)

☞ અને ત્રીજા ભાગમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે જરૂરી આવડતને લગતી ટ્રેનિંગ હોય છે.

*ઉદાહરણ તરીકે :* પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવિટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, આત્મવિશ્વાસ વધારવો વગેરે.

★ ***આ વર્કશોપ શા માટે?***

૧. આ વર્કશોપમાં ભાગ લેવાથી મળતી માહિતી એકસાથે અને યોગ્ય વ્યક્તિ પાસેથી મેળવવી સામાન્ય રીતે ખૂબ મુશ્કેલ છે.

૨. આ વર્કશોપમાં આવ્યા પછી વિદ્યાર્થી પોતાની કરિયર અંગેના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ થઈને જાય છે.

૩. આ વર્કશોપમાં લઈ જવાતી એજ્યુકેશનલ સંસ્થાની મુલાકાત, વ્યક્તિગત રીતે મુશ્કેલ છે અને આ બધી વર્લ્ડ ક્લાસ સંસ્થામાં જવાથી વિદ્યાર્થી મહત્ત્વાકાંક્ષી અને જુદી રીતે વિચારતો બને છે.

આ પ્રકારનો વર્કશોપ આખા ગુજરાતમાં એક જ છે અને તે વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં આ વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓને જ લેવાના છે અને પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે રહેશે.

અગર સમાજના પરિવારમાંથી વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા સમયસર મળશે નહીં તો અન્ય સમાજ પરિવારના વિદ્યાર્થીઓને આ ખૂબ જ મહત્ત્વના વર્કશોપમાં પ્રવેશ આપવામાં આવશે. આ રીતે સૂચિત વર્કશોપ તેનાં નિર્ધારિત સમયે અચૂક યોજવામાં આવશે, જેની નોંધ લેવા અનુરોધ છે.

★ ***ફી***

- શ્રી ક.જૈ.સે.સ. સભ્ય પરિવારના વિદ્યાર્થીઓ માટે : રૂા. ૫૦૦/-
- બહારના વિદ્યાર્થીઓ માટે : રૂા. ૫૦૦૦/-

★ ***રજિસ્ટ્રેશન માટે સંપર્ક***

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.
ફોન : (૦૭૯) ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૮૮૯૨

***કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

# વયસ્ક સમિતિ

## આગામી કાર્યક્રમો

### એક દિવસીય પિકનીક

એક દિવસીય રિસોર્ટની પિકનીક તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ છે.

***પ્રસ્થાન :*** સવારે ૬.૩૦ વાગે પાલડી ભવનથી.

*આવવા ઈચ્છનાર વ્યક્તિએ રૂા. ૫૦૦/- ભરી પોતાના નામ નોંધાવવા.*

### સરદાર સ્મારક ખાતે કાર્યક્રમ

૧૦ માર્ચ, શનિવારના રોજ સરદાર સ્મારક ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. ૧૦ માર્ચના રોજ કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિએ બપોરે ૩.૩૦ વાગે સરદાર સ્મારક પહોંચવાનું રહેશે. ત્યાં મ્યુઝિયમ, ફિલ્મ તથા લાઈટ એન્ડ સાઉન્ડ શો બતાવવામાં આવશે. ચા-નાસ્તો તથા અંતમાં ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તો કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છનારે રૂા. ૧૦૦/- ભરીને પોતાના નામ વહેલાસર નોંધાવવા જરૂરી છે.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# યુવા વિકાસ સમિતિ

## ૩૧મી ડિસેમ્બરના કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત ૩૧મી ડિસેમ્બરના રોજ "Wel Come 2018"નો આ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર, સમાજના આશરે ૨૫૦ સભ્યોએ માણ્યો.

આ કાર્યક્રમમાં ખાસ નોંધપાત્ર અને નવીન આયોજન યુવા વિકાસ સમિતિએ કર્યું હતું. જેમાં (૧) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતકાળના પાયાના કાર્યકરો, વડીલો તથા હાલના ટ્રસ્ટીઓના યુવાનીના સમયની ફોટો ગેલેરીનું આયોજન કર્યું હતું.

સાથે સાથે ૧૦૦ જેટલી આઈટમ સેલ્ફી કોર્નર માટે યુવા વિકાસ સમિતિના અજેશ મુનવર, અમિબેન શાહ, જયદીપ મૈશેરી, આશિષ લોડાયા, રૂચા, એકતા શાહ, પારૂલબેન કુબડિયા, કિંજલ લોડાયા, દેવાંશી કે. શાહ, પ્રિયાંશુ શાહ, દેવાંશી કુબડિયાએ ખૂબ મહેનત કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી રૂા. ૨૫,૦૦૦/-, સમાજના એક સભ્ય પરિવાર તરફથી રૂા. ૫,૦૦૦/- અને બીજા એક પરિવાર તરફથી રૂા. ૨,૦૦૦/- નો આર્થિક સહયોગ મળેલ હતો. યુવા વિકાસ સમિતિ સમાજ તથા પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.





## યુવા વિકાસ સમિતિ : આગામી કાર્યક્રમો

### છ ગાઉ પાલિતાણા યાત્રા

તા. ૨૭-૨-૨૦૧૮ને મંગળવાર (ફાગણ સુદ તેરસ)ના રોજ પાલિતાણા છ ગાઉ યાત્રાનું આયોજન કરેલ છે.

આ યાત્રા પ્રવાસ રવિવાર તા. ૨૫-૨-૨૦૧૮ રાત્રે ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી નીકળી ઘોઘા, સવારની નવકારશી, બપોરનું ભોજન લીધા બાદ તળાજા દર્શન કરી શત્રુંજય ડેમ (દેરાસર) દર્શન તથા સાંજનું ભોજન (ચૌવિહાર) કરી પાલિતાણા પહોંચવાનું આયોજન કરેલ છે. બીજા દિવસે છગાઉ યાત્રા કરી પરત અમદાવાદ તરફ આવતા સોનગઢમાં મંગળવારે સાંજના ભોજન (ચૌવિહાર)નું આયોજન કરેલ છે.

આ ધાર્મિક યાત્રા પ્રવાસ માટે યાત્રિક દીઠ ચાર્જ રૂા. ૪૦૦/- નક્કી કરેલ છે. જેમાં આવવા-જવાનો ખર્ચ, ઘોઘા તથા પાલિતાણામાં રહેવાનો ખર્ચ તથા બે દિવસના જમવાનો ખર્ચ સામેલ છે. બાકીનો ખર્ચ યાત્રિકના સ્વખર્ચે રહેશે.

★ *નામ લખાવવા માટે સંપર્ક :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

★ *બસ ઉપડવાનો સમય :* તા. ૨૫-૨-૨૦૧૮
રાત્રે ૧૦.૦૦ કલાકે
(શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી)

★ *વધુ વિગત માટે સંપર્ક :*
ડૉ. કેતન આઈ. શાહ
૯૮૨૫૬ ૮૭૭૪૧, ૮૭૩૪૦ ૮૮૭૩૯

***આખરી નિર્ણય યુવા વિકાસ સમિતિના કન્વીનરશ્રીનો રહેશે.***

### ધૂળેટીનો કાર્યક્રમ

યુવા વિકાસ સમિતિ દ્વારા ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ દિવસે માત્ર ગુલાલનો ઉપયોગ જ કરવાનો રહેશે. ગુલાલ કે કેમિકલ રંગો ઘરેથી લાવવા નહીં. ગુલાલ યુવા વિકાસ સમિતિ દ્વારા જ આપવામાં આવશે, જેનો ખાસ ખ્યાલ રાખવા વિનંતી.

ધૂળેટીમાં રમવા આવનાર શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો હોવા જરૂરી છે અને આવવા ઇચ્છતા સભ્યોએ શ્રી કચ્છી

જૈન ભવન - પાલડી ઉપર પોતાના નામ તથા ફોન નંબર અચૂક લખાવવાના રહેશે. નામ લખાવવાની છેલ્લી તારીખ ૧-૩-૨૦૧૮ના સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી જ રહેશે. ત્યારબાદ નામ લખાવનાર સભ્યોને આ કાર્યક્રમમાં પ્રવેશ મળી શકશે પરંતુ બપોરના ભોજનનો લાભ નહીં મળી શકે જેની ખાસ નોંધ લેવા વિનંતી (વ્યવસ્થા માટે).

*તારીખ : શુક્રવાર, તા. ૨-૩-૨૦૧૮*

*સમય : સવારે ૧૦.૦૦થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી.*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*વધુ માહિતી માટે સંપર્ક :*

ડૉ. કેતન આઈ શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧

પીયૂષ રવિલાલ પારેખ : ૯૮૨૫૦ ૨૯૬૯૮

*ડૉ. કેતન શાહ*

*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં આવતા**

**સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની ઓ.પી.ડી.નું સમયપત્રક**

| | | | |
|---|---|---|---|
| **યુરોલોજિસ્ટ** | ડૉ. આશિષ પરીખ | સોમવાર | ૦૯.૦૦થી ૧૦.૦૦ |
| | ડૉ. હિમાંશુ શાહ | ગુરુવાર | ૧૦.૦૦થી ૧૧.૦૦ |
| **પ્લાસ્ટિક સર્જન** | ડૉ. પ્રમોદ મેનન | મંગળવાર | ૧૦.૦૦થી ૧૧.૦૦ |
| **નેફ્રોલોજિસ્ટ** | ડૉ. જય શાહ | સોમવાર | ૧૨.૦૦થી ૦૧.૦૦ |
| | ડૉ. જગદીપ શાહ | શુક્રવાર | ૧૧.૦૦થી ૧૨.૦૦ |
| **ન્યુરોફિઝિશિયન** | ડૉ. ભૂમિર ચૌહાણ | સોમવાર | ૦૯.૦૦થી ૧૦.૦૦ |
| | ડૉ. સૂચિત પાંડે | બુધવાર | ૦૯.૦૦થી ૧૦.૦૦ |
| | | શનિવાર | ૧૦.૦૦થી ૧૧.૦૦ |
| **ન્યુરો સર્જન** | ડૉ. વિજય શેઠ | બુધવાર | ૧૦.૦૦થી ૧૧.૦૦ |
| **ગેસ્ટ્રોફિઝિશિયન** | ડૉ. કૈવન શાહ | સોમવાર | ૧૨.૦૦થી ૧.૦૦ |
| | ડૉ. સંદીપ શાહ | ગુરુવાર | ૧૧.૦૦થી ૧૨.૦૦ |
| **કાર્ડિયોલોજિસ્ટ** | ડૉ. સંદર્ભ પટેલ | સોમવાર | ૦૯.૦૦થી ૧૦.૦૦ |
| | | ગુરુવાર | ૦૯.૦૦થી ૧૦.૦૦ |
| | ડૉ. ચિરાયુ વ્યાસ | બુધવાર | ૧૫.૩૦થી ૧૬.૩૦ |
| **પલ્મોનોલોજિસ્ટ** | ડૉ. દિપાલી કામદાર | ગુરુવાર | ૧૫.૩૦થી ૧૬.૩૦ |

*હૃદયથી નમવું જરૂરી છે, ખાલી માથું નમાવવાથી પરિણામ નથી આવતું.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ

**ગર્ભધારણ કરતા પહેલાં ગર્ભસંસ્કાર તાલીમ શીખવતો કાર્યક્રમ**

**PRECONCEPTION GARBHSANSKAR**

***How to plan for healthy & desired child?***

જો તમે માતા બનવાનું પ્લાનિંગ કરી રહ્યા હો...

અને...

**જો તમને તંદુરસ્ત, સંસ્કારી, બુદ્ધિશાળી અને ઈચ્છુક ગુણોવાળું બાળક જોઈતું હોય તો,**

આવો...

**Preconception Seminarમાં જોડાઓ...**

જેમાં....

ગર્ભસંસ્કાર નિષ્ણાત દ્વારા સારા ગુણોનું સિંચન કરવું અને અવગુણોને દૂર રાખવા માટે માતાને ખાસ Physically, Mentally, Emotionally, Scientifically, Spiritually, Socially તૈયાર કરવા માટેની ટેકનિક Power Point Presentation ની મદદથી શીખવવામાં આવશે.

- *કાર્યક્રમ* : ગર્ભધારણ કરતા પહેલાં ગર્ભસંસ્કાર Preconception Garbhsanskar
- *તારીખ-વાર* : શનિવાર, તા. ૨૪-૨-૨૦૧૮
- *સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી
- *રજિસ્ટ્રેશન ફી* : રૂા. ૫૦/- ફક્ત
- *રજિસ્ટ્રેશન કરાવવાનું સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી
- *રજિસ્ટ્રેશન ક્યાં સુધી?* : બેચ ફૂલ થાય ત્યાં સુધી.
- **ખાસ નોંધ :**

૧. ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં.

૨. વડીલ બહેનોએ પોતાની દીકરી-વહુને આ સેમિનારમાં જોડાવવા માટે પ્રેરિત કરવા વિનંતી.

***Planning for Baby....???***

***Please Don't Miss it!!!***

**ગર્ભસંસ્કાર વિના બાળકને જન્મ આપવાનો કોઇનેય અધિકાર નથી.**

*સુલુ જલદીપ શાહ*

*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

## ઊડતી નજરે....

**માસ ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૧,૮૫૩** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૫૩૨** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૯૭** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૨૫** | |
| | ● | સોનોગ્રાફી ........ **૧,૧૮૮** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૨૭** | |
| | ● | બોડી ચેક-અપ ........ **૪૩૪** | |
| | ● | અન્ય ........ **૯,૫૫૦** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૭૯૯** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૪૮૫** | **૩,૨૮૪** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧,૪૬૫** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૪,૨૫૬** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૩૬૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૯૩૫** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૯૬** | **૭,૫૧૨** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૩૬૨** | **૩૬૨** |
| | | માસ ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૨૩,૦૧૧** |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૧૮ : પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમની તસવીરી ઝલક




શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં ધ્વજવંદન કરાવતા પાલડી વોર્ડના કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઈ શાહ




લાક્ષણિક મુદ્રામાં શ્રી આશિષ ધીરુભાઈ શાહ. સાથે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ




ધ્વજને સલામી આપતા સંસ્થાના હોદ્દેદારો તથા કાર્યકરો




ધ્વજવંદન સમયે ઉપસ્થિત મહિલા વૃંદ



હાઉસીની રમત રમાડતા વયસ્ક સમિતિના સભ્યો




## Unique Features

- WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
- BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
- RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
- MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
- MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
- ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
- TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
- WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS

## Our Offerings

- END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
- SPEEDY CLAIM SETTLEMENT
- 24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
- 100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
- ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
- DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
- SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
- NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
- TOTAL PEACE OF MIND

To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

